શુદ્ધાદ્વૈત વેદાંત

PHILOSOPHICAL ASPECTS OF SHUDDHADVAIT-VEDANT

(ભાગ-૩)

મુંબઈ યુનિવર્સિટીના
વલ્લભ વેદાંત - સર્ટિફિકેટ કોર્સ આધારિત સંકલન



સંકલન અને આલેખન :- શ્રી જયેન્દ્ર સોની (શુદ્ધાદ્વૈત વિશારદ)

પ્રસ્તાવના :- પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
કાંદિવલી (વેસ્ટ)
C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
M : 9833272383,
9320787642

શુદ્ધાદ્વૈત વેદાંત

ભાગ-3

PHILOSOPHICAL ASPECTS OF SHUDDHADVAIT-VEDANT - III

સંકલન તથા આલેખન :- જયેન્દ્રભાઈ સોની

એમ.એ. (ફીલોસોફી), શુદ્ધાદ્વૈત વિશારદ
ડીપ્લોમા-વલ્લભવેદાંત (મુંબઈ યુનિવર્સિટી).

પ્રસ્તાવના :- ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી
(કિશનગઢ - મુંબઈ)

PHILOSOPHICAL ASPECTS OF SHUDDHADVAIT-VEDANT PART III

© પ્રકાશક / મુદ્રક :
શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ,
'વ્રજવિહાર' વૈષ્ણવ હવેલી, આશાનગર,
કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧.
ટે. ૨૮૫૪૨૩૦૦

મુદ્રણ : ધનતેરસ, ગુરૂવાર, ૧૫ ઓક્ટોબર,૨૦૦૯

મૂલ્ય : રૂા.૩૦૦/-

પ્રાપ્તિ સ્થાન :
શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ,
'વ્રજવિહાર' વૈષ્ણવ હવેલી, આશાનગર, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧.
ટે. ૨૮૫૪૨૩૦૦

॥ શ્રી વલ્લભ ॥
॥ શ્રી દ્વારકેશોજયતિ ॥

આચાર્ય ચરણ દ્વન્દ્વં ભક્તિજ્ઞાનાબ્જ ભાસ્કરમ્ ।
નમસ્યામિ મન : કર્મ વાગ્ભિરન્તસ્તમોડપહામ્ ॥

'અંતઃકરણના અંધકારને દૂર કરનાર,
ભક્તિથી પ્રાપ્ત થતા ભગવજજ્ઞાનરૂપ કમલને
ખીલવનાર સૂર્યરૂપ,
શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં બે ચરણોને હું મન-કર્મ
અને વાણીથી નમસ્કાર કરું છું.'

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદભુત કર્મણે ।
રૂપનામવિભેદેન જગત કીડતિ યા યતઃ ॥

જે રૂપ અને નામના ભેદ વડે ક્રીડા કરે છે, જે જગદ્રુપ છે, જેનાથી (જગત છે), તે અદ્‌ભુત કર્મવાળા ભગવાન શ્રીકૃષ્ણને નમન હો.'

વાક્‌પતિ જગદ્‌ગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી જેમના દિવ્ય સિદ્ધાંત માનવજીવનના ઉત્કર્ષ માટે સર્વતોધિક ઉપયુક્ત છે, જેના દ્વારા મનુષ્ય આત્મકલ્યાણના માર્ગે પ્રશસ્ત થઈ પરમોચ્ચ લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે, તેમનાં યુગ્મ ચરણકમલોમાં સાદર સમર્પણ.

- જયેન્દ્રભાઈ સોની

ઋણસ્વીકાર

આ પુસ્તકના સંકલનમાં નિમ્ન ગ્રંથ સાહિત્યમાંથી સંદર્ભ લેવામાં આવેલા છે તેમ જ મુંબઈ વિશ્વવિદ્યાલયનાં ફીલોસોફી વિભાગના અધ્યાપકો ડૉ. એસ.જી. નિગલ, પ્રા. પૂર્ણિમાબહેન દવે તેમ જ પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી તથા અન્ય વિઝિટિંગ ફેકલ્ટી દ્વારા વલ્લભવેદાંત- ડિપ્લોમાના અભ્યાસક્રમ દરમિયાન કરવામાં આવેલાં પ્રવચનોનો આધાર લેવામાં આવ્યો છે. તે સર્વનો આ લેખક વિનમ્રભાવે આભાર વ્યક્ત કરે છે.

સંદર્ભ ગ્રંથો

(૧)	Shrimad Vallabhacharya- His Philosophy and Religion	Prof. J.G.Shah
(૨)	The Philosophy of the Vallabh- School of Vedant	K. Narain
(૩)	श्रीमद् वल्लभाचार्य, व्यक्तित्व, सिद्धांत और संदेश	ડૉ. ગજાનન શર્મા
(૪)	શાસ્ત્રાર્થ પ્રકરણમ્	શ્રી વ્રજેશ કુમાર શાસ્ત્રી
(૫)	शास्त्रार्थ प्रकरण की व्रजभाषा टीका	ગો.વા. સાંચોરા શ્રી ગોકુળદાસજી મુખ્યાજી
(૬)	ષોડશ ગ્રંથ પરિચય	ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી
(૭)	कार्यकारणभाव (विद्वत् परिचर्या)	સંકલન
(૮)	ષોડશ ગ્રંથ	શ્રી રમેશભાઈ પરીખ
(૯)	શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ	ગો. વા. શ્રી મગનલાલ શાસ્ત્રી
(૧૦)	श्री वल्लभवेदान्त (अणुभाष्य)	નિમ્બાર્કાચાર્ય લલિત કૃષ્ણ ગોસ્વામી

આશીર્વચન

શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રાયોજિત અને મુંબઈ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત, વલ્લભ વેદાંતના ડીપ્લોમા કોર્સમાં એક વરસ દરમિયાન જે ભણાવવામાં આવ્યું તેની કલાસનોટ્સ, તેમ જ નિર્ધારિત થયેલ કોર્સની વિષયસૂચિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહેલી પુસ્તિકા આગામી વર્ષોમાં આ અભ્યાસક્રમમાં સામેલ થનાર અભ્યાસાર્થીઓને ઉપકારક થશે. એના પ્રકાશન માટે લેખક અને પ્રકાશક બન્નેને મારાં અભિનંદન!

જે કોર્સના અધ્યયન પછી ડિગ્રી મળતાં નોકરીમાં વધારે પગાર મળવાનો નથી કે નથી ધંધામાં વધારે કમાણી થવાની, તેવાં ડિગ્રીકોર્સમાં લોકો આટલી સારી સંખ્યામાં પોતાનાં નામો નોંધાવવા લાગ્યા! આ આજે ચાલી રહેલ ફેશનના પ્રદૂષિત વાયુથી નોખી ભાત પાડતા સ્વસ્થ વાયરા વાવાનાં એંધાણ છે. વિદ્યોપાર્જન ભૌતિક જીવનમાં ફક્ત સુખ-સમૃદ્ધિ પ્રદાન કરનારી કમાણી માટે જ નહીં બલ્કે સદ્‌વાણી, સદ્‌વિચાર અને શાશ્વત મૂલ્યોને જીવનમાં હાંસલ કરવા માટે પણ હોવું જોઈએ!

ઘણાં વર્ષોથી પુષ્ટિમાર્ગમાં ફક્ત નયનોને ગમતી ઝાંખીઓના ધંધાકીય મનોરથોથી બંધાણી વૈષ્ણવ જનતાને બનાવી રાખીને આપણે જોઈ લીધું કે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યને ગમે એવા પુષ્ટિમાર્ગ પર નથી આપણે પોતે આગળ વધી શક્યા કે નથી સર્વસાધારણ જનતામાં પુષ્ટિમાર્ગ માટે સારી છાપ ઊભી કરી શક્યા. હવે સમયની માગણી છે કે એક વખત જનતાને મહાપ્રભુનાં ધર્મ અને દર્શનની સાચી સમજ જે રીતે આપી શકાતી હોય તે રીતે આપીને પોતે મહાપ્રભુને ગમે તેવી દિશા તરફ થોડાક પણ અગ્રસર થવાનો પ્રયાસ આપણે કરી જોઈએ.

ગોસ્વામી શ્યામ મનોહર

૬૩, સ્વસ્તિક સોસાયટી, ૪થો રસ્તો,
જુહુસ્કીમ, પારલે, મુંબઈ-૪૦૦ ૦૫૬.

આમુખ

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો ઉપર આધારિત વિદ્વાનો અને નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલા વલ્લભવેદાંત અને વૈષ્ણવિઝમના સર્ટિફિકેટ તથા અનુસ્નાતક ડિપ્લોમા કોર્સ મુંબઈ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગ અંતર્ગત શરૂ થયા છે અને એમાં વૈષ્ણવસંપ્રદાય અને વિદ્યાર્થીવિશ્વનો ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો છે એથી મહાપ્રભુજીની અસીમ કૃપાની અમને અનુભૂતિ થાય છે.

કોલકતા અને ચેન્નાઈ યુનિવર્સિટીના સકારાત્મક પ્રતિસાદથી અમારો ઉત્સાહ વધ્યો છે અને હવે દેશની અન્ય યુનિવર્સિટીમાં આ અભ્યાસક્રમ તથા અનુસ્નાતક તેમ જ સંશોધન માટેના વિવિધ ઉપક્રમોની યોજના વિચારાધીન છે.

વૈષ્ણવસંપ્રદાય અને અન્યો આ શૈક્ષણિક અભ્યાસક્રમ દ્વારા શ્રીમદ્ મહાપ્રભુજીના સિદ્ધાંતો અને તત્ત્વદર્શનનું અધ્યયન કરી ધર્મ વિષે સમ્યક્ દૃષ્ટિ કેળવી શકશે એવી શ્રદ્ધા છે.

સમગ્ર ગોસ્વામી પરિવારો અને વિશેષતઃ પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજીના અમૂલ્ય માર્ગદર્શન અને દિશાસૂચન બદલ ઋણસ્વીકારની ભાવના વ્યક્ત કરતા અમે કૃતજ્ઞતાની લાગણી અનુભવીએ છીએ.

શ્રી જયેન્દ્રભાઈ સોની દ્વારા અગાઉ 'શુદ્ધાદ્વૈત વેદાંત' ભાગ-૧, ભાગ-૨ સંકલિત કરવામાં આવેલા. તેના અનુસંધાનમાં સંકલિત વલ્લભ વેદાંતના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે ઉપયોગી થઈ શકે એવું આ પુસ્તક 'શુદ્ધાદ્વૈત વેદાંત ભાગ-૩' સર્વને ઉપયોગી થશે એવા વિશ્વાસ સહ-

અવિનાશ બી. પારેખ

પ્રમુખ ટ્રસ્ટી :
શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ

સ્થાપક :
વલ્લભવેદાંત એકેડમી અને રિસર્ચ સેન્ટર
યુનિવર્સિટી ઓફ મુંબઈ / સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પ્રસ્તાવના

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો પટ વિવિધરંગી છે. એમાં અનેક ધર્મપરંપરાઓના રંગ ભળેલા છે, તે પૈકી શ્રમણ પરંપરા અને વૈદિક પરંપરા એ બે મુખ્ય છે. ધર્મપરંપરાનાં આંતર (તત્ત્વજ્ઞાન) અને બાહ્ય (ધર્મ) એ બે પાસાં છે. જેટલું ભારતીય જીવન ભાતીગળ છે એટલું તેનું તત્ત્વજ્ઞાન પણ વૈવિધ્યપૂર્ણ છે. આપણી સંસ્કૃતિમાં ધર્મનો અર્થ ચોક્કસ પૂજાપદ્ધતિ નથી પણ જીવનશૈલી કે આચારસિદ્ધાંત છે. ધર્મ એ તાત્ત્વિક સિદ્ધાંતોની આધારશીલા પર રચાયેલો વૈયક્તિક તેમ જ સામૂહિક જીવનવ્યવહાર છે. તેથી ધર્મને સમજવા માટે તત્ત્વજ્ઞાનના પાયાના સિદ્ધાંતો સમજવા અત્યંત જરૂરી છે.

મુંબઈ વિદ્યાપીઠમાં જૈન અને બૌદ્ધ એ બે શ્રમણ પરંપરાનો અભ્યાસક્રમ ચાલતો હતો. શ્રીજીબાવાની કૃપા, ધર્માચાર્યોની પ્રેરણા અને વલ્લભવેદાંત એકેડમી અને રિસર્ચ સેન્ટરના પ્રણેતા શ્રી અવિનાશભાઈ પારેખ અને સહયોગીઓના ભગીરથ પ્રયાસથી વલ્લભવેદાંત અને વૈષ્ણવ પરંપરાનો અભ્યાસક્રમ ચાર વર્ષ પૂર્વે શરૂ થયો હતો. શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા પ્રતિપાદિત વલ્લભવેદાંતનો વૈદિક પરંપરામાં સમાવેશ છે. ભારત દેશમાં દાર્શનિક આચાર્યોએ જ્ઞાનની ગંગા વહેતી મૂકી અને સંતોએ ભક્તિની ગંગા વહાવી હતી. આચાર્યો અને સંતોએ સમાજને ભક્તિ-ધર્મના તાંતણે બાંધી સુદૃઢ અને એકત્રિત રાખ્યો. પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા અસમર્થ અને સાધનહીન માંટે પરમાનંદનો માર્ગ સુલભ કર્યો. વૈષ્ણવ પરંપરાએ ઉત્તમ સંતકવિઓની ભેટ સમાજના ચરણે ધરી. ભારતના ચારે ખૂણે આ સંતકવિઓએ જાતિ, વર્ણ, રંગ, લિંગ વગેરે ભેદભાવ મિટાવી લોકોને શ્રીકૃષ્ણની ભક્તિમાં નિમગ્ન કર્યા. બિનસાંપ્રદાયિકતાના અધૂરા ખ્યાલોમાં અને ભૌતિક પ્રલોભનોમાં અટવાયેલી આપણી ઊછરતી પેઢીને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની સમજ આપવી જરૂરી છે. તત્ત્વજ્ઞાન, ધર્મ, સાહિત્ય, સંગીત, કલા જેવાં વિવિધ પાસાંને આવરી લેતા આ વલ્લભવેદાંતના અભ્યાસક્રમ દ્વારા મુંબઈ વિદ્યાપીઠમાં જિજ્ઞાસુ વિદ્યાર્થી માટે તુલનાત્મક અભ્યાસ, આંતર્ધર્મ સંવાદ અને એ દિશામાં સંશોધન માટે એક સુંદર પ્લેટફોર્મ તૈયાર થયું છે. આ અભ્યાસક્રમમાં પૂજ્યપાદ ગોસ્વામી શ્રી શ્યામ મનોહર મહારાજના

વિદ્વત્પૂર્ણ વક્તવ્યનો તથા પૂજ્યપાદ શરદ ગોસ્વામીજીના તલસ્પર્શી જ્ઞાનનો પણ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈને જેમને D. Lit. ઉપાધિથી નવાજ્યા છે. એવા પૂજ્યપાદ ગોસ્વામીજી ગોકુલોત્સવ મહારાજના સામવેદ સંગીતે પણ અભ્યાસાર્થીઓને દિવ્યનાદનો આસ્વાદ કરાવ્યો.

આ અભ્યાસક્રમને મૂર્ત સ્વરૂપ આપવામાં જેમણે જહેમત ઉઠાવી એ **પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજી, પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શરદબાવા ગોસ્વામી,** ડૉ. શુભદા જોશી, પૂનાના વિદ્વાન ડૉ. તલઘટ્ટી, સ્પેનની નવેરા યુનિવર્સિટીના રિસર્ચ સ્કોલર પ્રો. મારીઆનો ઈતુર્બે, ડૉ. નિગળ અને પ્રો. પૂર્ણિમા દવેએ વિવિધ વિષયો પર વક્તવ્ય આપ્યાં તેને આ પુસ્તકના સંકલનકાર શ્રી જયેન્દ્રભાઈ સોનીના પ્રયત્નોથી પુસ્તકરૂપે પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ. મુંબઈ વિદ્યાપીઠના ઉપકુલપતિ, તત્ત્વજ્ઞાન વિભાગ અને તત્ત્વજ્ઞાન વિભાગનાં અધ્યક્ષા ડૉ. શુભદા જોશી તથા પૂર્વાધ્યક્ષા ડૉ. કંચના મહાદેવન તથા સહુના સહકારથી આ અભ્યાસક્રમ છેલ્લાં પાંચ વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. અત્રે એ સહુનો આભાર.

ડૉ. એસ. જી. નિગળ
રિટાયર્ડ રીડર, અધ્યક્ષ,
તત્ત્વજ્ઞાન વિભાગ,
બી. એન. એન. કોલેજ, ભિવંડી,
અધ્યાપક, વલ્લભવેદાંત અને
વૈષ્ણવિઝમ કોર્સ યુનિવર્સિટી ઓફ મુંબઈ

પ્રો. પૂર્ણિમા મ. દવે
અધ્યક્ષ, તત્ત્વજ્ઞાન વિભાગ,
સાઠ્યે કોલેજ ઓફ આર્ટ્સ, સાયન્સ
એન્ડ કોમર્સ, વિલે પાર્લા (પૂર્વ)
સંયોજક, વલ્લભવેદાંત અને
વૈષ્ણવિઝમ કોર્સ યુનિવર્સિટી ઓફ મુંબઈ

ડૉ. શુભદા જોશી
અધ્યક્ષ, તત્ત્વજ્ઞાન વિભાગ,
યુનિવર્સિટી ઓફ મુંબઈ

પાક્ કથન્

આચાર્યચરણ મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના અસીમ અનુગ્રહથી પ્રેરિત થઈ પરમ શ્રદ્ધેય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીની પ્રેરણા એવમ્ માર્ગદર્શન હેઠળ પ.ભ.શ્રી અવિનાશ પારેખના અથાગ પરિશ્રમ એવમ્ યોગદાન દ્વારા તેમના 'શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ'ના માધ્યમથી મુંબઈ યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગ અંતર્ગત 'વલ્લભવેદાંત એકેડેમી અને રિસર્ચ સેન્ટર'ની સ્થાપના સને ૨૦૦૫માં તત્કાલીન વિભાગાધ્યક્ષ ડૉ. શુભદા જોષીના પ્રયત્નના પરિપાક સ્વરૂપે કરવામાં આવી અને પ્રથમ વર્ષે 'વલ્લભવેદાંત'નો એક વર્ષીય સર્ટિફિકેટ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો. પ્રથમ વર્ષે જ આ અભૂતપૂર્વ અભ્યાસક્રમમાં લગભગ સવાસો અભ્યાસાર્થીઓ જોડાયા અને સુચારુરૂપે અભ્યાસ પૂર્ણ કર્યો. આ અભ્યાસક્રમે જિજ્ઞાસુ અભ્યાસાર્થીઓની 'વલ્લભવેદાંત'ના વધુ અભ્યાસની ક્ષુધા જાગૃત કરી જેના ફલસ્વરૂપે સને ૨૦૦૬માં મુંબઈ યુનિવર્સિટી દ્વારા વલ્લભવેદાંત-ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવ્યો અને આમ છેલ્લાં ચાર વર્ષથી આ બન્ને અભ્યાસક્રમોમાં સેંકડો અભ્યાસાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વિશિષ્ટ 'શુદ્ધાદ્વૈત વેદાંત'નું જ્ઞાન અર્જીત કરી રહ્યા છે. આ જ પ્રકારના અભ્યાસક્રમ તત્પશ્ચાત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રાજકોટમાં પણ શરૂ કરવામાં આવેલ છે.

સર્ટિફિકેટ કોર્સમાં સામેલ કરવામાં આવેલ અભ્યાસક્રમના વિષયોને આવરી લઈ, જે તે વિષયોનાં વિશિષ્ટ પુસ્તકો તથા ક્લાસરૂમમાં વિદ્વાન અધ્યાપકોએ આપેલાં પ્રવચનોના આધારે **'શુદ્ધાદ્વૈત વેદાંત' ભાગ ૧ અને ભાગ ૨ નું** સંકલન કરવામાં આવેલું. જેનું પ્રકાશન શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થઈ ચૂક્યું છે. આ બન્ને પુસ્તકો જે 'વલ્લભવેદાંત'ના સર્ટિફિકેટ કોર્સને અનુલક્ષીને તૈયાર કરવામાં આવ્યાં છે તે અભ્યાસાર્થીઓને ખૂબ જ ઉપયોગી નીવડ્યાં છે. હવે બીજા વર્ષના વલ્લભવેદાંત- ડિપ્લોમા કોર્સના વિષયોના આધારે અધ્યાપકોનાં પ્રવચનો તેમ જ જે તે વિષયનાં વિશિષ્ટ પુસ્તકોના આધારે **'શુદ્ધાદ્વૈત વેદાંત' ભાગ ૩ અને ભાગ ૪** સંકલિત કરવામાં આવ્યા છે.

તદનુસાર શુદ્ધાદ્વૈત વેદાંત ભાગ ૩ નું પ્રકાશન અત્રે કરવામાં આવી રહ્યું છે. આ પુસ્તકના આલેખનમાં મુંબઈ યુનિવર્સિટીનાં પ્રાધ્યાપકો ડૉ. એસ.જી. નિગલ, પ્રા. પૂર્ણિમાબહેન દવે, ડૉ. શુભદા જોષી એવમ્ તત્ત્વજ્ઞાન વિભાગની તત્કાલીન અધ્યક્ષા ડૉ. કંચના મહાદેવનનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે તથા પાતઃસ્મરણીય પૂ.પા.ગો.૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીની પ્રેરણા એવમ્ માર્ગદર્શન વગર આ સંકલન સંભવ બન્યું ન હોત. તદુપરાંત આ સંકલનમાં પરિશિષ્ટમાં ઉલ્લેખિત પુસ્તકોનો આધાર લેવામાં આવેલો હોઈ તે પુસ્તકોના લેખકોનો એવમ્ ઉપરોક્ત સૌ મહાનુભાવોનો હું ઋણસ્વીકાર કરું છું.

પ્રમાણિત ગ્રંથો એવમ્ અન્ય સાહિત્યના આધારે આ સંકલન કરવા છતાં મારી સ્વયંની મર્યાદાઓને કારણે આ આલેખનમાં ત્રૂટિઓ રહી જવા સંભવ છે, જેને માટે હું વાચકવૃંદનો ક્ષમાપ્રાર્થી છું.

મને પૂર્ણ શ્રદ્ધા છે કે આ પુસ્તકો વલ્લભવેદાંતના જિજ્ઞાસુ અભ્યાસાર્થીને તેમ જ મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોના તત્ત્વદર્શીય દૃષ્ટિકોણને સમજવા ઇચ્છુક વલ્લભીય જનોને ઉપયોગી નીવડશે. અસ્તુ.

પવિત્રા બારસ, તા. ૨-૮-૨૦૦૯ **જયેન્દ્રભાઈ સોની**

શુદ્ધાદ્વૈત વેદાંત - ભાગ-૩

(Philosophical Aspects of Vallabh Vedant and Vaishnavism)

વિષય સૂચિ

૧. શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન અને વૈષ્ણવવાદ ૧૩
(Philosophy of Shri Vallabhacharyaji and Vaishnavism)

૨. વેદાંત દર્શનમાં શ્રી વલ્લભાચાર્યજીનું વિશિષ્ટ યોગદાન ૨૬
(Contribution of Shri Vallabhacharyaji in Vedant Philosophy)

૩. શુદ્ધાદ્વૈત વેદાંતના મહત્ત્વના ગ્રંથ ૩૪
(Important of Suddhadvait Vedant)

૪. ષોડશ ગ્રંથો ૫૮
(Shodash Granthas)

૫. તત્ત્વાર્થદીપ નિબંધ ૧૪૬
(Tattvarthdeep Nibandh)

૬. સદ્વસ્તુ શાસ્ત્ર/ અધ્યાત્મ શાસ્ત્ર ૧૬૪
(Ontology/ Meta Physics)

૭. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ ૧૭૪
(Suddhadvait Brahmvad)

૮. વાલ્લભ મત અને શાંકર મત - તુલનાત્મક સમીક્ષા ૧૯૧
(Doctrines of Vallabhacharya & Sankarachary -
A comparative study)

૯. પરમ સત્તા - પરમોચ્ચ તત્ત્વ ૨૦૨
(Ultimate Reality)

૧૦. બ્રહ્મનું સ્વરૂપ (સગુણ - નિર્ગુણ) ૨૦૮
(Sagun - Nirgun Brahaman)

૧૧. અક્ષરબ્રહ્મ ૨૧૭
(Concept of Akshara)

૧૨. અવતારવાદ ૨૨૦
(Theory of Incarnation)

૧૩. જીવ તત્ત્વ ૨૩૦
(Concept of Jiva)

૧૪. પ્રમાણ ચર્ચા ૨૪૦
(Theory of Knowledge)

૧૫. કાર્ય-કારણ ભાવ - અવિકૃત પરિણામવાદ,
આવિર્ભાવ - તિરોભાવ ૨૪૬
(Theory of Causation - Avikrit Parinamvad, Concept of manifestation & concealment)

૧૬. મુક્તિ મોક્ષ ૨૫૬
(Concept of Liberation - Path of Liberation)

૧

શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન અને વૈષ્ણવવાદ

(Philosophy of Shri Vallabhacharyaji and Vaishnavism)

આપણા અભ્યાસનો મુખ્ય વિષય છે- **શ્રી વલ્લભાચાર્યનું તત્ત્વદર્શન અને વૈષ્ણવવાદ.** શ્રી વલ્લભાચાર્યે પ્રેમ (Love) અને વિવેક (Wisdom)ના તત્ત્વદર્શનનો ઉપદેશ આપ્યો છે. સર્વ પ્રથમ તત્ત્વજ્ઞાન (Philosophy) કોને કહેવાય?, શ્રી વલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈત વેદાંતની પરિભાષા શું છે?, અન્ય આચાર્યોના દૃષ્ટિકોણથી તેમના મતે શું ભેદ રહ્યો છે? ઇત્યાદિ બાબતો સમજવા માટે નિમ્ન પાંચ મુદ્દાઓને જાણવા આવશ્યક છે.

૧. તત્ત્વજ્ઞાન (Philosophy)
૨. દૃષ્ટિકોણ (Outlook)
૩. ભારતીય તત્ત્વદર્શન
    ૩.૧ વૈદિક પ્રણાલી (Vedic System)
    ૩.૨ અ-વૈદિક પ્રણાલી (Non-Vedic System)
૪. વેદાંત - પ્રસ્થાનત્રયી
૫. પાંચ આચાર્યો - પ્રમાણચતુષ્ટય

૧. તત્ત્વજ્ઞાન (Philosophy)

વ્યુત્પત્તિશાસ્ત્ર (etymology)ની દૃષ્ટિએ 'તત્ત્વજ્ઞાન' (Philosophy)નો અર્થ થાય 'વિદ્યા માટેનો પ્રેમ' (Love of learning). તે મનુષ્યમાત્રમાં પોતાને અને જેમાં તે રહે છે અને જેનું તે અંગ છે તેવા જગતને જાણવાની સહજ અને કુદરતી વૃત્તિનો નિર્દેશ કરે છે. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન (Western Philosophy) મહદ્ અંશે આધ્યાત્મિક દૃષ્ટિકોણ અને 'સત્ય'ના સાક્ષાત્કારના પ્રાયોગિક પહેલુને વધુ ઉજાગર કરે છે. આપણે તેને 'તત્ત્વદર્શન' કહીએ છીએ, જેમાં 'દર્શન'ને દૃશ્ય (vision) અને તે દૃશ્યનું માધ્યમ (instrument of vision)

તેવા અર્થમાં લેવામાં આવે છે. તેને 'સત્' અથવા સત્ય (Truth)ની અનુભૂતિ અથવા સાક્ષાત્કારના રૂપે સમજવામાં આવે છે. **'પોતાને જાણો'** (see thyself) એ બધા જ ભારતીય તત્ત્વદર્શનનો મૂલ મંત્ર છે. આમ પારિભાષિક અર્થમાં તત્ત્વજ્ઞાનની વ્યાખ્યા સમગ્રના દૃષ્ટિબિંદુથી વિશ્વ- પ્રકૃતિ- જીવન, અનુભવ- સત્- સત્ય- જ્ઞાન ઇત્યિાદિના સમીક્ષાત્મક મૂલ્યાંકન તરીકે કરી શકાય.

માનવમન હંમેશાં ચિંતનશીલ હોય છે. ચિંતનાત્મક વિચારણા માનવમનનો સહજ સ્વભાવ છે, જેના કારણે **'સત્યની શોધ'** માનવમન માટે અન્વેષણનો વિષય રહેલો છે. તેમાંથી 'તત્ત્વજ્ઞાન' પ્રગટ થાય છે. તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ વિચારની અનેકવિધ એકાકી હિલચાલોની નીપજ છે. ભિન્ન ભિન્ન તત્ત્વજ્ઞાન પ્રત્યેના અભિગમો ભિન્ન ભિન્ન હોય છે. તે 'વાસ્તવવાદી' હોઈ શકે કે 'આદર્શવાદી' પણ હોઈ શકે, તો વળી બીજાનો અભિગમ 'મૂલ્યગામી' પણ હોઈ શકે છે. આમ પ્રત્યેક તત્ત્વજ્ઞનું તત્ત્વજ્ઞાન તેને જોવાના અને મૂલવવાના દૃષ્ટિકોણ ઉપર નિર્ભર કરે છે.

૨. દૃષ્ટિકોણ (Outlook)

દૃષ્ટિકોણ ચાર પ્રકારે વિચારી શકાય.

(૧) તત્ત્વદર્શીય દૃષ્ટિકોણ (Philosophy Outlook)
(૨) ઐતિહાસિક દૃષ્ટિકોણ (Historical Outlook)
(૩) વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ - (Scientific Outlook)
(૪) આધ્યાત્મિક દૃષ્ટિકોણ - (Spiritual Outlook)

૨.૧ તત્ત્વદર્શીય દૃષ્ટિકોણ (Philosophical Outlook)

સર્વપ્રથમ પાયથાગોરસે કહ્યું હતું કે હું 'ફિલોસોફર' (Philosopher) છું કારણ કે હું વિવેક-પ્રજ્ઞા (Wisdom)નો ચાહક છું. ભગવદગીતા કહે છે, 'જ્ઞાનથી પવિત્ર કશું હોઈ શકે નહીં'. જે પ્રજ્ઞાવાન હોય તે 'તત્ત્વજ્ઞ' બની શકે. જ્ઞાનનો આધાર ભક્તિ છે. આપણે જાણીએ છીએ કે બધા જ આચાર્યો કોઈ ને કોઈ પ્રકારે ભક્ત હતા- ચાહે તે શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય કે વલ્લભાચાર્ય હોય- તે સર્વેએ કોઈ ને કોઈ પ્રકારે ભક્તિનું અનુકરણ અને ઉપદેશ કરેલો છે.

ઉપર કહ્યું તેમ ભારતમાં તત્ત્વજ્ઞાનને 'દર્શન' કહેવામાં આવે છે અને તેનું

આલેખન તે **'દર્શનશાસ્ત્ર'** કહેવાય છે. માટે જ પ્રત્યેક આચાર્યની વિચારધારા તેમના દર્શન તરીકે ઓળખાય છે, જેમ 'નિમ્બાર્ક દર્શન', 'મધ્વ દર્શન', 'રામાનુજ દર્શન', 'વલ્લભ દર્શન' વગેરે. દર્શનનો અર્થ થાય 'દષ્ટિકોણ' (Outlook). જીવન પ્રત્યેનો દષ્ટિકોણ શું? જગત પ્રત્યેનો દષ્ટિકોણ શું? આમ દષ્ટિકોણ (Outlook)નેજ 'તત્ત્વજ્ઞાન' (Philosophy) કહેવાય.

દષ્ટિકોણ અનેક પ્રકારના હોઈ શકે.

ભારતીય દર્શનોને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે. (૧) વૈદિક દર્શનો, (૨) અવૈદિક દર્શનો.

(૧) વૈદિક દર્શનો - વેદનું પ્રામાણ્ય સ્વીકારનાર દર્શનોને 'વૈદિક' અથવા 'આસ્તિક' દર્શનો કહેવાય છે, જે નીચે મુજબ છે.

(i) ન્યાય, (ii) વૈશેષિક, (iii) સાંખ્ય, (iv) યોગ, (v) પૂર્વમીમાંસા, (vi) ઉત્તરમીમાંસા અથવા વેદાંત

(૨) અવૈદિક દર્શનો - વેદના પ્રામાણ્યનો અસ્વીકાર કરનારાં દર્શનોને અવૈદિક અથવા નાસ્તિક દર્શન કહેવાય છે, જે નીચે મુજબ છે.

(i) ચાર્વાક દર્શન, (ii) બૌદ્ધ દર્શન, (iii) જૈન દર્શન

૨.૨ ઐતિહાસિક દૃષ્ટિકોણ (Historical Outlook)

ઉપર કહ્યું તેમ તત્ત્વદર્શીય દષ્ટિકોણ હોય તેમ તત્ત્વજ્ઞાનનો ઐતિહાસિક દષ્ટિકોણ (Historical outlook) પણ હોઈ શકે છે. શ્રી વલ્લભાચાર્ય રચિત કૃષ્ણાશ્રયસ્તોત્રમાં ઐતિહાસિક ભૂમિકા રહેલી છે. તત્કાલીન જે પ્રકારે દેશકાલની પરિસ્થિતિ પ્રવર્તતી હતી તેનું વર્ણન તેમણે આ ગ્રંથમાં કર્યું છે. તેઓ સમજાવે છે કે તે પ્રકારની પરિસ્થિતિમાં 'કૃષ્ણનું શરણ'- 'કૃષ્ણસેવા' જ એકમાત્ર ઉપાય છે. અહીં તેમણે કૃષ્ણ કેન્દ્રિત એકાત્મવાદ ('Krishna-centered Monotheism') બતાવ્યો છે. 'કૃષ્ણ' માત્ર જ એક ભગવાન જે શરણાગતનો આશ્રય બની શકે છે એ એમની વિચારધારા હતી. તેવી જ રીતે ઈસ્લામ ધર્મ પણ એક ઈશ્વરવાદ- (Exclusive Monotheism) માં માને છે. 'અલ્લાહ' માત્ર એક જ ઈશ્વર છે તેવો તેમનો મત છે. હિન્દુ ધર્મમાં તેત્રીસ કરોડ દેવતાઓની માન્યતા છે જેમાં ઘણા ઈશ્વર છે તેવી કલ્પના હોય તેને 'Polytheism' કહેવાય. શ્રી વલ્લભાચાર્યનો જમાનો મુસ્લિમ રાજ્યકર્તાઓનો

જમાનો હતો. તેઓ કેવળ 'અલ્લાહ' માત્ર એક ઈશ્વર છે તેવો પ્રચાર કરતા. આપણે તો કૃષ્ણનાં પણ અનેક સ્વરૂપોનો સ્વીકાર કરીએ છીએ. કૃષ્ણ મુરલીધર પણ હોઈ શકે, બાળકૃષ્ણ પણ હોઈ શકે, યોગેશ્વર પણ હોઈ શકે કે રાસરાસેશ્વર પણ હોઈ શકે.

આપણા ઈશ્વરની કલ્પનાનો આધાર 'વેદો' છે. જે પ્રાગ ઐતિહાસિક છે, અનાદિ છે- અપૌરુષેય (Authorless- Impersonal) છે. આમ વિવિધ દર્શનો ઐતિહાસિક દૃષ્ટિકોણથી વિકાસ પામ્યાં હોય છે.

૨.૩ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ (Scientific Outlook)

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ આપણને ધીરજ (Patient), ખંત (Perseverance), ધીમી ગતિ (slowless to assert) ઈત્યાદિ શિખવાડે છે. કોઈ બાબતને સમજવા માટે આપણે બહુ ઉતાવળા થવું ન જોઈએ. પ્રત્યેક વાતની ખાતરી કરવા ધીરજથી કાર્ય કરવું જોઈએ તેમ જ કોઈ પણ બાબતની યોગ્ય રીતે ખાતરી કરવા તત્પર રહેવું જોઈએ. આ એક વૈજ્ઞાનિક અભિગમ છે. વૈજ્ઞાનિક પરીક્ષણમાં આ પદ્ધતિ અપનાવવી આવશ્યક હોય છે. તે જ પ્રમાણે તત્ત્વજ્ઞાન માટે પણ ધૈર્ય, ખંત અને ચોક્કસતા અતિ આવશ્યક છે, જેથી સત્યની શોધમાં આપણે ખાતરીપૂર્વક આગળ વધી શકીએ અને કોઈ ચોક્કસ નિષ્કર્ષ કાઢી શકીએ.

૨.૪ આધ્યાત્મિક દૃષ્ટિકોણ (Spiritual Outlook)

'વૈષ્ણવિઝમ' એટલે શું? વૈષ્ણવ કોને કહેવાય? આ પ્રશ્નોને યથાર્થરૂપે સમજવા જોઈએ. આ શબ્દોની વ્યાખ્યા અનેક રીતે કરી શકાય, પરંતુ સામાન્ય રીતે આધ્યાત્મિક દૃષ્ટિકોણથી જેમાં મૂર્તિપૂજા અથવા મૂર્તિનું ધ્યાન ધરવાની પ્રણાલી છે તે રૂપમાં 'વૈષ્ણવિઝમ' સમજવું જોઈએ. આમાં 'ધ્યાન' ધરવું આવશ્યક છે. મૂર્તિમાં ધ્યાન ધરવું અર્થાત્ તેમાં એકાગ્ર થઈ જવું તે જરૂરી ગણાય. ધ્યાનની પ્રક્રિયાના બે પક્ષ છેઃ એક સિદ્ધાંત પક્ષ અને બીજું પ્રાયોગિક પક્ષ. પ્રાયોગિક તે કેવળ એક યંત્રવત્ કાર્ય નથી. વાસ્તવમાં પ્રાયોગિક અથવા વાસ્તવિક કાર્ય સાથે નિપુણતા, (Perfectness) અને એકાગ્રતા (Concentration) જોડાયેલી હોવી આવશ્યક છે. ક્રિયાત્મક કાર્ય સાથે સિદ્ધાંત પણ જોડાયેલ હોવો જરૂરી છે. કેવળ ક્રિયા જ ફલદાયી ન બની શકે. સિદ્ધાંત અને

ક્રિયા (Theory and Practice) બન્ને એકબીજાનાં પૂરક છે. વાસ્તવમાં મૂર્તિપૂજામાં સેવાનો સિદ્ધાંત છે. જો સિદ્ધાંત ભૂલી જઈએ અથવા તે વિશે વિચાર ન કરીએ અને કેવળ ક્રિયા જ કરીએ તો તે લાભદાયી બની શકે નહીં. આપણે સામાન્યતઃ કેવળ ક્રિયા કરતા હોઈએ છીએ પરંતુ તે ક્રિયાના હેતુ ઉપર ધ્યાન આપતા નથી. આજે વૈષ્ણવો સેવા કરતા હોય પરંતુ તેમાં તેઓ તેમનું મન પરોવતા હોતા નથી, તેમાં ઓતપ્રોત થતા નથી, પરંતુ ક્રિયાત્મક રૂપે તે એક કાર્ય પતાવતા હોય છે. ક્રિયા અને સિદ્ધાંત અર્થાત્ તે ક્રિયાનો આશય બન્ને સાથે ચાલવાં જોઈએ. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી પણ આમ જ કહેવાયું છે. સિદ્ધાંતને ક્રિયાત્મક રૂપે ઉપયોગી બનાવવો જરૂરી છે. અને ક્રિયાના મૂળમાં સિદ્ધાંત હોવો જરૂરી છે. ક્રિયા વગર સિદ્ધાંત વાંઝણી ગણાય અને સિદ્ધાંત વગરની ક્રિયા એ આંધળી ગણાય (Theory without practice is barren and Practice without Theory is blind).

આપણે જ્ઞાન મેળવવું હોય છે અને તેથી આપણે આમતેમ ભટકતાં હોઈએ છીએ, વિવિધ મંદિરોએ ચક્કર લગાવતાં હોઈએ છીએ. કોઈ મંદિરે કેવળ દર્શન કરવાં તે ભક્તિ હોઈ અથવા થઈ શકે નહીં, કારણ ત્યાં મનની એકાગ્રતા હોતી નથી. માટે જ શ્રી વલ્લભાચાર્યે ઘરમાં સેવા કરવાનો આદેશ આપ્યો છે - ગૃહસેવાનું મહત્ત્વ સમજાવ્યું છે. તેઓના મતે ઘરને મંદિર બનાવવું જોઈએ. કારણ કે સેવાના સિદ્ધાંત મુજબનું આચરણ ન હોય તો તે પ્રકારની ક્રિયા ફળ આપી શકે નહીં.

કોઈ ધર્મના આચરણની પ્રક્રિયાને સંપ્રદાયના રૂપમાં ગણવામાં આવે છે. વાસ્તવમાં સંપ્રદાય એટલે **'સમ્યક પ્રદાનમ્'**, જે સારી રીતે- યોગ્ય રીતે આપવામાં આવે તે **'સંપ્રદાય'**. સંપ્રદાયને સાચા સંદર્ભમાં સમજવો જોઈએ. શ્રી વલ્લભાચાર્યે સેવાને એક યાંત્રિક પ્રક્રિયા બતાવી નથી, પરંતુ તે સિદ્ધાંતને સમજીને ધ્યાનપૂર્વક આચરવાની બાબત છે અને તે રૂપમાં તે સંપ્રદાયને સમજવો જરૂરી ગણાય.

સામાન્ય રૂપે આપણે પહેલાં બહાર જોતા હોઈએ છીએ, પછી ઉપર અને ત્યાર પછી અંદર જોઈએ છીએ. આમાં તત્ત્વદર્શીય દૃષ્ટિકોણ રહેલો છે. અથવા આધ્યાત્મિક વિચાર છે. બહાર જોવું એટલે વિશ્વ (Cosmos)ને જોવું, સૃષ્ટિના

સર્જન વિશે વિચાર કરવો. ત્યાર પછી ઉપર જોવું અર્થાત્ સૃષ્ટિના સર્જક તરફ- ઈશ્વર તરફ દૃષ્ટિ કરવી અને પછી ભીતર ઝાંકવું એટલે આત્માને ઓળખવો. 'સ્વને- પોતાને ઓળખવો એ ખૂબ મહત્ત્વની વાત છે. પાશ્ચાત્ય તત્ત્વવેત્તા શોપેન હોવર એક વખતે એક બગીચામાં ગયો. ત્યાં કોઈકે પૂછ્યું- 'ત્યાં કોણ છે?' શોપેન હોવરે જવાબ આપ્યો- 'તે જ તો હું શોધી રહ્યો છું'. પોતે કોણ છે- 'હું (I) એટલે કોણ?' એ મહત્ત્વનો પ્રશ્ન છે અને તેની સાચી ઓળખ જરૂરી છે. આ આધ્યાત્મિક દૃષ્ટિકોણ છે.

રામકૃષ્ણ પરમહંસનો એક પ્રસંગ છે. એક ધનિક માણસને તેમણે કહ્યું કે 'તારું સરનામું આપ.' તેણે પોતાના ઘરનું સરનામું આપ્યું. પરમહંસ કહે, 'આ તો તારા ખોળિયાનું- જેને તું તારા નામથી ઓળખે છે તેનું સરનામું છે, તારું પોતાનું- તારા આત્માનું સરનામું કયું?' દેહ અને આત્મા બે અલગ તત્ત્વ છે. આત્મા દેહધારી બન્યો છે. આપણે ઓળખ આપીએ છીએ તે તો દેહધારીની આપીએ છીએ. આત્માની સાચી ઓળખ એ વાસ્તવમાં આપણી ઓળખ છે. માટે જ કહ્યું છે - કો ઽ હમ! - 'ના હં દેહ' - 'સો ઽ હમ'. હું કોણ? હું દેહ નથી. હું તે છું- અર્થાત્ આત્મા છું. શરીર બે પ્રકારનાં હોય છે- એક બાહ્ય શરીર, જે પંચમહાભૂતનું બનેલું છે તે અને બીજું સૂક્ષ્મ શરીર અથવા કારણ શરીર. જ્યારે આપણે આપણી અંદર ઝાંકીએ ત્યારે આપણી આધ્યાત્મિક દૃષ્ટિ ખૂલે - આપણો આધ્યાત્મિક દૃષ્ટિકોણ- (Spiritual stand) પ્રગટ થાય.

(ઉપરોક્ત ૩, ૪ અને ૫ એ મુદ્દાઓની છણાવટ શુદ્ધાદ્વૈત વેદાંત ભાગ-૧માં કરવામાં આવેલ છે, તેથી અહીં વિસ્તાર કર્યો નથી.)

ઉપરોક્ત મુદ્દાઓના સંદર્ભમાં કેટલાક તત્ત્વદર્શીય વિષયો અને તેને સ્પર્શતા પ્રશ્નો ઉદ્ભવે છે જેના વિશેની સમજ મહત્ત્વની છે. તત્ત્વજ્ઞાનને સમજવા આ પૂરક માહિતી ઉપયોગી બની રહેશે.

૧ સૃષ્ટિનું શાસ્ત્ર (Cosmology)

'કોસ્મોસ' (cosmos) એટલે સૃષ્ટિ (universe) અને 'લોજી' (logy) એટલે વ્યવસ્થિત અભ્યાસ (systematic study). સૃષ્ટિ વિશેનો વ્યવસ્થિત અભ્યાસ એટલે કોસ્મોલોજી (cosmology). 'cosmos' શબ્દ 'Chaos'

શબ્દનો વિરુદ્ધનો શબ્દ છે. Chaos એટલે અસ્તવ્યસ્ત-ગડબડ અને Cosmos ને 'ઋત' પણ કહેવાય અર્થાત્ સુવ્યવસ્થિત. ઋત શબ્દ ઋગવેદમાં આવેલો છે. સૃષ્ટિમાં એક ચોક્કસ પ્રકારની સુવ્યવસ્થા ગોઠવાયેલી છે. (There is definite system or order in the universe). પ્રાચીન લોકો ઘણા દેવતાઓ (Gods)માં માનતા. તેને 'Polytheism' કહેવાય છે. આમાં કેટલાક દેવતાઓ સારા હતા - કેટલાક ખરાબ (curupt) હતા. તેઓ આપસમાં ઝઘડતા રહેતા જેના કારણે સર્વત્ર જગતમાં અશાંતિ (Chaotic condition or loss of order) ફેલાયેલ રહેતી. આપણા ઋષિમુનિઓએ શોધી કાઢ્યું કે સૃષ્ટિમાં 'ઋત' પ્રવર્તે છે અર્થાત્ બધું જ કાર્ય એક ચોક્કસ પ્રણાલિકા (order)થી ચાલે છે, જેના કારણે સૃષ્ટિનું સંચાલન સુવ્યવસ્થિત છે. સૃષ્ટિના આ સુવ્યવસ્થિત સંચાલનના અભ્યાસને સૃષ્ટિનું શાસ્ત્ર (cosmology) કહેવાય છે.

સૃષ્ટિ વિષયક પ્રશ્નો (Cosmological Problems)

અહીં આપણે બે પ્રકારના પ્રશ્નોનો અનુભવ કરીએ છીએ.

(૧) આ દૃશ્યમાન જગત વિશેના પ્રશ્નો જેવા કે આ જગત કેવી રીતે બન્યું!, કોણે બનાવ્યું, શેમાંથી બન્યું ઈત્યાદિ.

(૨) જાગતિક પ્રશ્નો અર્થાત્ જગતની વસ્તુઓ વિશેના પ્રશ્નો, જેને લૌકિક પ્રશ્નો કહી શકાય.

જગતના નિર્માણ વિશે અથવા તેના અસ્તિત્વ વિશે અલગ અલગ પ્રકારની વિચારધારાઓ પ્રવર્તે છે. ઘણા વિચારતા હોય છે કે જગત આકસ્મિક રીતે અસ્તિત્ત્વમાં આવ્યું છે. ખ્રિસ્તી ધર્મનું આવું મંતવ્ય છે. પરંતુ આપણે જાણીએ છીએ કે અકસ્માતનાં પણ કાંઈક કારણ હોય છે. તે એમ જ ઘટતા હોતા નથી. તદનુસાર જગતના અસ્તિત્વ અથવા નિર્માણ પાછળ પણ કોઈ કારણ હોવું જરૂરી છે. પ્રસંગોપાત્ત આપણે ઈશ્વર- જીવ- જગત ઈત્યાદિ વિષયો વિશે વિચારતા હોઈએ છીએ પરંતુ જ્યારે આપણા રોજિંદા જીવન વિશેના પ્રશ્નો- લૌકિક પ્રશ્નો (wordly problem) ઉદ્ભવે છે ત્યારે તે મૂળભૂત પ્રશ્નો ભુલાઈ જતા હોય છે, અર્થાત્ પૃષ્ટભૂમિમાં જતા રહે છે. પરંતુ સૃષ્ટિની ઉત્પત્તિ વિશેનું હાર્દ સમજવું આવશ્યક ગણાય.

૨. અસ્તિત્વશાસ્ત્ર (Ontology)

‘Ontos’ એટલે Being or Existence. ‘હોવું’ અથવા ‘અસ્તિત્વ’. આને અસ્તિત્વશાસ્ત્ર કહેવાય છે. ‘હોવા’નો અર્થ થાય દેખાવું- (‘To be’ means to be perceived.) સત્તરમી સદીમાં થઈ ગયેલા તત્ત્વજ્ઞાની જી. બર્કલે (G.Berkelay) જે એક બિશપ હતો, તેણે કહ્યું કે ‘To be’નો અર્થ છે ‘To be percieved’ અર્થાત્ ‘અસ્તિત્વ હોવું, જેને જોઈ શકાય’. જો કોઈ ચંદ્રની બીજી બાજુ હોય તો તેને આપણે જોઈ શકતા નથી. આપણે માટે ત્યાં જઈને જોવું એ સંભવ નથી. તો ચંદ્રની બીજી બાજુ કાંઈ છે તે પુરવાર કરી શકાય નહીં. તો કોઈ એવું ‘અસ્તિત્વ’ હોવું જોઈએ જે ચોવીસ કલાક ચોતરફ જોઈ શકે. એવું કોઈક શાશ્વત જોનાર (Eternal Perceiver) હોય. અને જો એવું કોઈ હોય તો તે ઈશ્વર (God) જ હોઈ શકે. એવું તત્ત્વ સર્વજ્ઞ હોય. (He must be Omniscient, There must be all knowing perciever) આ રીતે બર્કલેએ ઈશ્વરના અસ્તિત્વનો ખુલાસો આપ્યો છે. આને જ અધ્યાત્મની વાત કહેવામાં આવે છે. અસ્તિત્વનું શાસ્ત્ર એટલે જ અધ્યાત્મની વાત. ‘Ontology’ એટલે ‘Metaphysics’ ભૌતિકશાસ્ત્ર (Physics) એ પદાર્થવિજ્ઞાન છે. ગ્રીસમાં એરિસ્ટોટલે કહ્યુંઃ ‘Physics’ પૂરું થાય ત્યાંથી ‘Metaphysics’ની શરૂઆત થાય.’ અધ્યાત્મશાસ્ત્ર ‘Metaphysics’ એ પરમોચ્ચ તત્ત્વ (Ultimate Reality)નો વ્યવસ્થિત અભ્યાસ છે. બર્કલે પછી બીજા વિશ્વવિખ્યાત ભૌતિકશાસ્ત્રીઓ- વૈજ્ઞાનિકો- આઇન્સ્ટાઇન- હૈસન બર્ગ- નેઇલ બોહર (Einstein, Heisnberg, Neil Bohr) જેવાઓએ પણ ‘Physics’ ઉપરાંતના પ્રશ્નો ઉઠાવ્યા છે.

એક રાજાને દીકરો હતો. રાજાને થયું તેને ભણાવવો જોઈએ. રાજાએ તેને એક શિક્ષક પાસે ભણવા મૂક્યો. શિક્ષકને કહે કે છોકરામાં અક્કલ-બુદ્ધિ નથી. તે જમાનામાં લોકો બુદ્ધિના વિકાસ માટે ભણતા-ભણાવતા. શિક્ષકે તેની બુદ્ધિની ટ્રેનિંગ માટે ગણિતના સિદ્ધાંત (Theorem) શિખવાડ્યા. શિક્ષકે છોકરાને કહ્યું કે આ સિદ્ધાંત (Theorem) સાચો છે તે તું પુરવાર કર. છોકરો કહે, જો સિદ્ધાંત સાચો હોય તો તેને પુરવાર કરવાની આવશ્યકતા જ રહેતી નથી. ‘સત્ય’ને પુરવાર કરવાની જરૂરત ન હોય. આમ, બુદ્ધિ સત્ય શોધવાની કોશિશ કરે

છે. અહીં આવશ્યકતા જવાબની નહીં, પરંતુ પ્રશ્નને સમજવાની છે. પ્રશ્ન બરાબર સમજાય તો જ જવાબ મળી રહે. અધ્યાત્મશાસ્ત્ર (Metaphysics) પરમ સત્ય (Ultimate Reality)ને જાણવાનો પ્રયત્ન કરે છે.

આ જગત પરિવર્તનશીલ છે. તે બદલાતું રહે છે. તે 'ગતિ' કરે છે માટે જ તેને 'જગત' કહેવાય છે. **'ગચ્છતિ ઈતિ જગત્'**- જગત બદલાતું અને ક્ષણિક છે. તે સ્થાયી નથી. તો પ્રશ્ન થાય કે સૃષ્ટિમાં સ્થાયી (Stable or permanent) અથવા શાશ્વત (eternal) શું છે? તેમાં સ્થિર- ન બદલાય તેવું શું છે? અંતિમ સત્ય (Ultimate Truth) શું? આપણને તે અંતિમ સત્ય (Ultimate Reality)નો પરિચય નથી. આપણે તેને જાણતા નથી. તો કેવી રીતે તેનો પરિચય મેળવી શકાય? આપણે 'પિતા'ને જાણીએ છીએ. આપણા અનુભવના આધારે 'પિતા' વિશેની જાણકારી આપણને હોય છે તો ઈશ્વર (God) વિશે કહી શકાય કે તે વિશ્વનો પિતા છે. કારણ કે વિશ્વને તેણે પેદા કર્યું છે, સર્જન કર્યું છે. જો પિતા હોય તો માતા પણ હોવી જ જોઈએ. સર્જનમાં માતા-પિતા બન્નેનું યોગદાન હોય છે. ભારતીય સંસ્કૃતિ તો ભગવાનને માતા-પિતા બન્ને માને છે - એટલું જ નહીં 'ગુરુ' પણ માને છે. માટે જ શ્લોક છે- **'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ'**. આ કારણે અમેરિકામાં 'God' માટે કેવલ 'Father' શબ્દને બદલે 'Being' એટલે કે 'અસ્તિત્વ'નો ઉપયોગ કરાવા માંડ્યો છે. આ બાબતનો હેતુ છે- અપરિચિતનો પરિચિત દ્વારા પરિચય પામવાનો- (To know unfamiliar with the help of the familiar one). માટે આપણા ઋષિઓએ કહ્યું છે- ઈશ્વર-સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. અહીં સત્-અસ્તિત્વ અથવા 'હોવું' તેનું વિશેષ મહત્ત્વ છે. ભાગવતમાં પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયના પ્રથમ શ્લોકમાં કહ્યું છે **'સત્યં પરં ધીમહી'**. સત્ય જ 'પરમ તત્ત્વ નારાયણ' છે. સૌપ્રથમ પ્રહ્લાદે બતાવ્યું છે કે નારાયણ જ સત્ય છે. તેને 'સત્ય'ને નારાયણના સ્વરૂપમાં બતાવ્યું છે. 'નારાયણ' એ જ 'પુરુષોત્તમ'.

અધ્યાત્મ વિષયક પ્રશ્નો (Ontological Problems)

આપણો બીજો મૂળભૂત પ્રશ્ન છે તે આપણા અસ્તિત્વનો છે. આને અધ્યાત્મ વિષયક પ્રશ્ન (Ontological Problem) કહેવાય. અધ્યાત્મશાસ્ત્ર આપણા અસ્તિત્વ વિશે વિચારે છે. 'અસ્તિત્વ' એટલે શું? વાસ્તવમાં આપણું અસ્તિત્વ

છે કે નથી? જેમ તલમાં તેલ હોય પરંતુ તે દેખાતું નથી ત્યારે પ્રશ્ન ઉદ્ભવે કે શું તલમાં તેલ છે કે નથી? દેખીતી રીતે તેલ દેખાતું નથી માટે આપણું perception એમ કહે કે તેલ નથી, પરંતુ જ્યારે તલ પીલવામાં આવે ત્યારે તેલ નીકળે છે અને ત્યારે પ્રતીતિ થાય છે કે તલમાં તેલનું અસ્તિત્વ છે, કારણ કે જો તેલનું અસ્તિત્વ જ ન હોય તો તેલ નીકળે જ કેવી રીતે? આ રીતે જોઈએ તો 'બાહ્ય સમજ'થી 'અસ્તિત્વ'ની ખાત્રી થઈ શકતી નથી. (Perception is not the same as existence) 'Perception' અને 'Existence' આ બન્ને પ્રક્રિયાઓ અલગ અલગ છે.

આ વાતને બીજી રીતે જોઈએ તો 'ન દેખાય છતાં છે' એ એક વાસ્તવિકતા છે. દેખાતું નથી માટે તે નથી તેમ માની લેવું ખોટું છે. ઉપનિષદ પણ દૂધ અને માખણના ઉદાહરણથી આ વાત સમજાવે છે. દૂધમાં માખણ હોવા છતાં તે દેખાતું નથી. અમૂક પ્રક્રિયાઓને અંતે દૂધમાંથી માખણ પ્રગટ થાય છે. તે જ પ્રમાણે પ્રત્યેક શરીરમાં ઈશ્વર અંતર્યામી સ્વરૂપે રહેલો છે. પરંતુ તે દેખાતો નથી. માટે તેનું અસ્તિત્વ નથી તેમ માની લેવું ભૂલભરેલું છે. જે પ્રમાણે દૂધમાંથી દહીં, છાશ અને માખણ ઈત્યાદિ પ્રક્રિયા આવશ્યક છે તે જ પ્રમાણે શરીરમાં રહેલ ઈશ્વરના અસ્તિત્વને જાણવા સેવા-પૂજા વગેરે પ્રક્રિયા જરૂરી છે. જેમ દૂધમાંથી દહીં જમાવ્યા પછી તેની છાશ બનાવી વલોવવામાં સમય વીતે છે અને અંતમાં માખણ પ્રગટ થાય છે તેમ જ આપણા શરીરમાં રહેલ આત્માને ઓળખવામાં, તેને પ્રાપ્ત કરવામાં સમય લાગવો સ્વાભાવિક છે. તે માટે અનેક જન્મો પણ લેવા પડે, સાધના કરવી પડે અને ત્યારે જ અંતે તેને પ્રાપ્ત કરી શકાય. આમ 'અસ્તિત્વ'ને અથવા સત્ ને નકારી ન શકાય પરંતુ તેની ખોજના અંતે, તેને માટે આવશ્યક પ્રક્રિયાના અંતે તેનો અહેસાસ સંભવ બની શકે. 'સત્'ની ખોજ થાય પછી જ ચિત્ (awareness) અને આનંદ (Bliss) પ્રગટે છે.

૩. પ્રમાણશાસ્ત્ર (જ્ઞાન મીમાંસા) (Epistemology)

તત્ત્વજ્ઞાનમાં કશું જ સીધેસીધું સ્વીકારવામાં આવતું નથી. પ્રત્યેક બાબતની સમીક્ષાત્મક રીતે વિચારણા કરવામાં આવે છે. તેમાં અમુક વિષયને લગતું જ્ઞાન મેળવતાં પહેલાં જ્ઞાનના પોતાના સ્વરૂપ અંગે વિચારવામાં આવે છે.

યથાર્થ જ્ઞાન એટલે શું? યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધન અથવા પ્રમાણ કયાં, ઇત્યાદિ બાબતોનો ગહેરાઈપૂર્વક વિચાર કરવો આવશ્યક બને છે અને તેના દ્વારા જ સત્યના મૂળ સુધી પહોંચી શકાય છે.

શ્રી વલ્લભાચાર્યે 'સત્ય'ને સમજવા-સમજાવવા માટે **'પ્રમાણચતુષ્ટય'**નો આધાર લીધો છે. પ્રમાણના મુખ્ય ત્રણ પ્રકાર ન્યાયશાસ્ત્રમાં બતાવવામાં આવ્યા છે:

(૧) **પ્રત્યક્ષ** (Perception) : આ એવું પ્રમાણ છે જેનો ઇન્દ્રિયો દ્વારા અનુભવ કરી શકાય. યથાર્થ જ્ઞાન મેળવવાનું આ સીધું સાધન (Direct source) છે. પરંતુ તેની પોતાની મર્યાદાઓ છે. ઈશ્વર જેવા અલૌકિક તત્ત્વ ઇન્દ્રિયાતીત હોઈ, તે વિષયક જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણથી સંભવે નહીં. (God is not an object of perception, so neither it is perceptible nor visible not tangible.) તે અનુભવાતીત છે.

(૨) **અનુમાન** (Inference) : આ બુદ્ધિનો વિષય છે. બીજા પ્રત્યક્ષ પ્રમાણના આધારે બુદ્ધિથી અંદાજ દ્વારા તેનો અનુભવ કરી શકાય તેવું આ પ્રમાણ છે. આગળના થયેલા અનુભવના આધારે અનુમાન દ્વારા જે પ્રમાણ મળે તે અનુમાન પ્રમાણ છે. આ પરોક્ષ પ્રમાણ છે, જે ઈશ્વર વિષયક બાબતોના યથાર્થ જ્ઞાન માટે ઉપયુક્ત ન બની શકે.

(૩) **શબ્દપ્રમાણ** : વિદ્વાનો, આપ્તજનોના અનુભવના, જ્ઞાનના આધારે જે જ્ઞાન પ્રાપ્ત થાય તેને 'શબ્દપ્રમાણ' કહેવાય છે. શ્રી વલ્લભાચાર્યે શબ્દપ્રમાણને વિશેષ મહત્ત્વ આપ્યું છે, કારણ કે પરમ તત્ત્વ (Ultimate Reality)ને જાણવા માટે પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણ ઉપયોગી બની શકે નહીં. માટે તેઓ પ્રમાણ ચતુષ્ટયી એટલે કે વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવત એ ચાર પ્રમાણોના આધારે પોતાનો સિદ્ધાંત પ્રતિપાદિત કરે છે. શ્રીમધ્વાચાર્ય શ્રુતિ, સ્મૃતિ, સૂત્ર, પુરાણ અને તંત્ર આમ પાંચ પ્રસ્થાન સ્વીકારે છે. પ્રસ્થાનત્રયી પર ભાષ્ય લખનાર શ્રી શંકરાચાર્ય અને શ્રી રામાનુજાચાર્ય બેઉ પુરાણોને પણ ગણે જ છે. પ્રસ્થાનત્રયી- (૧) શ્રુતિ પ્રસ્થાન અર્થાત્ વેદ, (૨) સ્મૃતિ પ્રસ્થાન એટલે ગીતા અને (૩) ન્યાય પ્રસ્થાન- બ્રહ્મસૂત્રને સ્વીકારે છે. આ ત્રણ પ્રમાણો માટે બધા જ આચાર્યો એકમત છે. વેદ સ્વયં ભગવાનની નિશ્વાસરૂપ વાણી

છે. બ્રહ્મસૂત્ર એ ઉપનિષદોનું 'ભાષ્ય' છે. ઉપનિષદને સમજાવવા બાદરાયણ વ્યાસે બ્રહ્મસૂત્રના રૂપમાં ચાર અધ્યાયોમાં સૂત્રાત્મક ભાષ્ય રચ્યું છે, જેમાં ૫૫૫ સૂત્રો છે. ભગવાન શ્રી કૃષ્ણે સ્વયં કહેલી 'ગીતા' એ સ્મૃતિ પ્રસ્થાન છે. વ્યાસજીએ વેદોને સંકલિત કર્યા છે, જ્યારે બ્રહ્મસૂત્રો અને ભાગવતના રચનાકાર પણ તેઓ જ છે. 'ભાગવત'ને ગીતાનું ભાષ્ય કહી શકાય. આ ચારેય ગ્રંથોની એકસૂત્રતાને શ્રી વલ્લભાચાર્ય પ્રમાણરૂપ ગણે છે.

જ્ઞાન વિષયક - પ્રમાણ વિષયક પ્રશ્નો (Epistomological Problems)

તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં પ્રમા (યથાર્થ જ્ઞાન) તથા પ્રમાણ વિષયક પ્રશ્નો મહત્ત્વના બની રહે છે. જ્ઞાન એટલે શું? યથાર્થ જ્ઞાન કોને કહેવાય? જ્ઞાનપ્રાપ્તિના સાધન કયાં? 'પ્રમાતા' 'પ્રમેય' કોને કહેવાય? સાચું જ્ઞાન અથવા યથાર્થ જ્ઞાનની કસોટી શું, કઈ રીતે તેને જાણી શકાય? આવા બધા પ્રશ્નોના ખુલાસા પ્રમાણશાસ્ત્ર (Theory of Knowledge)માંથી મળી આવે છે જેનો સંક્ષિપ્તમાં ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તત્ત્વદર્શીય વિચારોના દોહન માટે પ્રમાણ વિષયક જ્ઞાન મહત્ત્વનું છે.

૪. કર્તવ્ય - પ્રાપ્તવ્ય શાસ્ત્ર (Axiology)

કર્તવ્ય - પ્રાપ્તવ્યશાસ્ત્ર (Axiology) એ મૂલ્યોના સિદ્ધાંત (Theory of Value)નું શાસ્ત્ર છે. મનુષ્ય જીવનમાં નૈતિક, આધ્યાત્મિક, સામાજિક વગેરે મૂલ્યોનું અતિ મહત્ત્વ છે. આપણું 'પ્રાપ્તવ્ય' શું છે અર્થાત્ પ્રાપ્ત કરવા યોગ્ય શું છે, આપણું ધ્યેય અથવા સાધ્ય શું હોવું જોઈએ? આપણે જ્યારે પ્રાપ્તવ્યનો વિચાર કરીએ ત્યારે આપણા કર્તવ્યનો પણ ખ્યાલ આવે. આપણી ફરજો અને કાર્ય વિશે આપણે વિચાર કરવો પડે.

આ કર્તવ્યના રૂપમાં જ શાસ્ત્રોએ મનુષ્ય માત્ર માટે ચાર પુરુષાર્થો બતાવ્યા છે, જે છે- (૧) ધર્મ, (૨) અર્થ, (૩) કામ અને (૪) મોક્ષ. સુવ્યવસ્થિત જીવન જીવવા માટે આ ચાર પુરુષાર્થો આવશ્યક ગણાય. પુરુષાર્થનો અર્થ થાય જીવનનું ધ્યેય. કર્મ (Activity) એ મનુષ્ય જીવનનું આવશ્યક અંગ છે. પણ કર્મ હેતુપૂર્ણ હોવું જોઈએ, જીવનમાં કોઈ ચોક્કસ ધ્યેયની પૂર્તિ માટે હોવું જોઈએ. ધર્મ

પુરુષાર્થ મનુષ્ય જીવનનો મુખ્ય પુરુષાર્થ છે જેના દ્વારા મનુષ્યની સામાજિક, આર્થિક અને અધ્યાત્મિક ઉન્નતિ સંભવી શકે છે. અર્થ અને કામ પુરુષાર્થ પણ ધર્મયુક્ત હોવા આવશ્યક છે અને તો જ અંતિમ ધ્યેય તરીકે મોક્ષ પુરુષાર્થ સિદ્ધ થઈ શકે છે. માટે જ કર્તવ્ય-પ્રાપ્તવ્ય વિષયક પ્રશ્નો (Axiological Problems) ગંભીરતાપૂર્વક સમજવા આવશ્યક છે. શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના ‘ચતુ:શ્લોકી’ ગ્રંથમાં આ ચારે પુરુષાર્થો સમજાવ્યા છે. વ્રજાધિપ શ્રીકૃષ્ણની સેવા એ જ પુષ્ટિમાર્ગીઓનો ધર્મ, તેમને મેળવવા ઇચ્છવું તે ‘કામ’ તે સ્વયં જ ‘અર્થ’ અને સતત એમનું સ્મરણ- ભજન પ્રાપ્ત થાય તે ‘મોક્ષ’ તેઓ ‘ભક્તિ’ને પણ પંચમ પુરુષાર્થ ગણાવે છે. શ્રી વલ્લભાચાર્યજીનો આ Axiological દૃષ્ટિકોણ છે.

◆

૨

વેદાંત તત્ત્વદર્શનમાં શ્રી વલ્લભાચાર્યજીનું વિશિષ્ટ યોગદાન

(Contribution of Shri Vallabhacharyaji in Vedant Philosophy)

સત્યની ખોજ એ ભારતીય સંસ્કૃતિનું પ્રમુખ ધ્યેય રહેલું છે. આને માટે ભારતીય નીતિઓએ જે માધ્યમોનો આધાર લીધો છે તે છે- ધર્મ અને દર્શન. તેમણે દર્શનના માધ્યમથી જીવનનાં રહસ્યોને ઉજાગર કર્યાં છે, તેના અર્થ સ્પષ્ટ કર્યા છે તો ધર્મના માધ્યમથી તેના અર્થની અનુભૂતિ કરવાનો પ્રયત્ન કર્યો છે. માનવની સ્થૂળ ચેતના તેને સાંસારિક તેમ જ દૈહિક અનુભૂતિઓ સાથે બાંધી રાખે છે, જ્યારે આધ્યાત્મિક ચેતના તેને શારીરિક સ્તરથી ઉપર ઉઠાવી અનુભૂતિના સત્ય સ્ફૂરિત સ્તર પર લઈ જવાની કોશિશ કરે છે. ધર્મ મનુષ્ય સમક્ષ એક આદર્શ પ્રસ્તુત કરે છે, જ્યારે દર્શન ધર્મની માફક આદર્શો અને ભાવનાઓનો સહારો ન લેતાં તે તથ્યોનું મૂલ્યાંકન બૌદ્ધિક સ્તર પર કરે છે. તેનો નિષ્કર્ષ તથ્યોના નિરપેક્ષ વિશ્લેષણ પર આધારિત હોય છે. સત્યની વૈચારિક ખોજ વ્યક્તિની બૌદ્ધિક ક્ષમતાઓનો વિકાસ નિશ્ચિત રૂપે કરે છે, પરંતુ તેની સમસ્ત વૃત્તિઓમાં એ સંસ્કાર પ્રેરિત નથી કરી શકતું જે ધર્મના ભાવ- સંવેદનાથી થાય છે. આમ જોઈએ તો વસ્તુતઃ ધર્મ અને દર્શન એ ચિંતનના બે પક્ષ છે. તેમાં પ્રથમ ભાવપ્રવણ છે, જ્યારે બીજું બુદ્ધિપ્રવણ છે. માટે જ ભારતીય વિચારધારામાં ધર્મ અને દર્શનને એકબીજાનાં પૂરક અને સંશોધક માનવામાં આવ્યાં છે. દર્શનનો અર્થ છે સત્ય અથવા સત્યના સ્વરૂપને ઊંડાણપૂર્વક જોવું અને ઓળખવું, જ્યારે તે સત્યને આત્મસાત કરી તેને વ્યવહારમાં, આચરણમાં મૂકવામાં આવે ત્યારે દર્શન સ્વયં ધર્મનું રૂપ લઈ લે છે. દર્શન વ્યક્તિના મનમાં સત્ય પ્રત્યે શ્રદ્ધા અને આસ્થા જગાડે છે અને જ્યારે વ્યક્તિના જીવનમાં તે પ્રગટ થાય છે ત્યારે તેને ધર્મ કહેવામાં આવે છે.

ભારતીય દર્શનમાં મનુષ્ય જીવનના ઉત્કર્ષ માટે અનેક સિદ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવ્યા છે અને તદનુસાર વિવિધ સાધના પ્રણાલીઓ અસ્તિત્વમાં આવી છે, જેથી પ્રત્યેક પોતાની રુચિ અને ક્ષમતા મુજબ વ્યક્તિ પોતાની આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે. આવી વિવિધ પ્રણાલીઓમાં ભક્તિમાર્ગીય પ્રણાલી ભારતીય દર્શનમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. મધ્યયુગકાલીન ભક્તિ આંદોલન એ ભારતીય ચિંતનના ઇતિહાસમાં એક યુગાન્તકારી ઘટના છે. એક સામાન્ય મનુષ્યની સૌથી મોટી સમસ્યા એ હોય છે કે તે આધ્યાત્મિક ચેતનાના એટલા સ્થૂળ સ્તર પર સ્થિત હોય છે કે સત્યનો સાક્ષાત્કાર કરવો તેને માટે અતિ કઠિન હોય છે. આને માટે તેને કોઈ માધ્યમની જરૂરત હોય છે, જે તેને પરમતત્ત્વના સગુણ રૂપમાં પ્રાપ્ત થાય છે. આવું સ્વરૂપ માનવીય ન હોવા છતાં તે માનવીય સંવેદનાઓ અને તેની વ્યાખ્યાઓના દાયરામાં રહી માનવીય ચેતના અને પરા-ચેતનાને જોડનારા સેતુનું કાર્ય કરે છે. ઈશ્વરનું આવું રૂપ તે પરમ તત્ત્વ નિર્ગુણ સર્વાતીત અને સર્વ નિરપેક્ષ સમજ નહીં પરંતુ સર્વશક્તિમાન ભગવાન સ્વરૂપે પ્રગટ થાય છે, જે પોતાની સૃષ્ટિ પરત્વે સ્નેહશીલ હોય છે, કારુણિક હોય છે. તે પોતે અસીમ હોવા છતાં જીવની સીમિત ક્ષમતાઓની તુલનામાં સીમિત બની પોતાની સહજ સ્નેહ અને કરુણાથી જીવમાત્રનો ઉદ્ધાર કરવા તત્પર રહે છે. ઈશ્વરના આવા સહજ સ્વભાવને કારણે 'ભક્તિ'ની સંકલ્પના પ્રસ્તુત થઈ છે. ભક્તિ એ આત્મસમર્પિત પ્રેમનું વિજ્ઞાન છે, જે જીવનું બ્રહ્મ સાથે, ખંડનું પૂર્ણ સાથે અનુરાગપૂર્વક જોડાણ સ્થાપિત કરે છે. મધ્યયુગકાલીન દર્શનમાં ભક્તિનું સ્થાન અને તેની મહત્તા સર્વોચ્ચ છે અને આ ભક્તિનો આશ્રય છે ભગવાન 'શ્રીકૃષ્ણ'. વૈષ્ણવ દર્શનમાં ભક્તિને તત્ત્વના સાક્ષાત્કાર માટે પ્રમુખતમ સાધનના રૂપમાં સ્વીકારવામાં આવી છે. વૈષ્ણવ દાર્શનિકો અનુસાર ભક્તિ સાધનાવસ્થામાં પણ બીજાં સાધનો અને લૌકિક તથા અલૌકિક ભોગોમાં સર્વશ્રેષ્ઠ માનવામાં આવી છે. પરિપક્વ થતાં ભક્તિ સ્વયં સાધ્યસ્વરૂપા થઈ જાય છે અર્થાત્ પરમ તત્ત્વને પામવાના સર્વોચ્ચ શિખરને તે પ્રાપ્ત કરે છે.

શ્રી વલ્લભાચાર્યજી આવાં ભક્તિદર્શનના સક્ષમ આચાર્ય છે. વૈષ્ણવ દર્શનની પરંપરામાં ચાર દાર્શનિક મતવાદ પ્રમુખ છે. રામાનુજાચાર્યનો 'વિશિષ્ટાદ્વૈત', મધ્વાચાર્યનો 'દ્વૈત', નિમ્બાર્કાચાર્યનો 'દ્વૈતાદ્વૈત' અને શ્રી વલ્લભાચાર્યનો 'શુદ્ધાદ્વૈત.'

આ ચારેય મતવાદી દાર્શનિકો પરમ તત્ત્વનો સાકાર અને સવિશેષ રૂપે સ્વીકાર કરે છે અને ભક્તિને તેની પ્રાપ્તિ માટે સર્વાધિક સમર્થ સાધન માને છે. પ્રથમ બે આચાર્યો નારાયણ વિષ્ણુને આરાધ્ય ગણે છે, જ્યારે અન્ય બે આચાર્યોના આરાધ્ય પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે અને તેને જ વિશ્વના મૂળ સત્ય રૂપે સ્વીકારે છે. વસ્તુતઃ કૃષ્ણ ભક્તિપરક દર્શનોમાં કેટલાક મૌલિક ભેદ હોવા છતાં તેમની પ્રવૃત્તિઓ અને વિશેષતા સમાન છે. વૈષ્ણવ વેદાન્તના કૃષ્ણ ભક્તિ પરક દાર્શનિક મતવાદી અને તેમના દ્વારા પ્રતિપાદિત સંપ્રદાયો પર શ્રીમદ્ ભાગવતનો તે ભક્તિમૂલક હોઈ વિશેષ પ્રભાવ રહ્યો છે.

શ્રી વલ્લભાચાર્ય આ વૈષ્ણવ દાર્શનિક પરંપરાના અંતિમ આચાર્ય છે, જેમણે બ્રહ્મસૂત્રો પર ભાષ્યની રચના કરી ‘શુદ્ધાદ્વૈત’ સિદ્ધાંતને પ્રતિપાદિત કર્યો છે અને તેના આચાર પક્ષના રૂપમાં ‘પુષ્ટિ ભક્તિમાર્ગ’ની સંસ્થાપના કરી છે. શ્રી વલ્લભાચાર્યે પોતાના સિદ્ધાંતોનું પ્રતિપાદન ખૂબ જ સુસંબદ્ધ અને શાસ્ત્રીય શૈલીમાં કર્યું છે. તેમણે પોતાના કર્તવ્યસંબંધી સિદ્ધાંતો પ્રતિપાદિત કરવા સોળ લઘુગ્રંથો રચ્યા છે જે ‘ષોડશગ્રંથ’ના નામથી પ્રસિદ્ધ છે. સુબોધિની નામે શ્રી ભાગવતજીના ભાષ્ય ઉપરાંત પોતાનો સ્વતંત્ર ચિંતનગ્રંથ ‘તત્ત્વાર્થદીપનિબંધ’માં શ્રી વલ્લભાચાર્યજીનું ચિંતન પોતાના દ્વારા સ્વીકૃત પ્રમાણોના આધારે અભિવ્યક્ત થયું છે.

શુદ્ધાદ્વૈત વેદાંતમાં ચાર ભિન્ન તબક્કા શ્રી વલ્લભાચાર્યે ચાર ગ્રંથોને શબ્દ પ્રમાણરૂપે સ્વીકાર્યા છે. તે છે- (૧) વેદ, (૨) ગીતા, (૩) બ્રહ્મસૂત્ર અને (૪) ભાગવત. આ ચાર પ્રમાણગ્રંથોની એકસૂત્રતાના આધારે તેમણે પોતાના તત્ત્વદર્શનની ઈમારત ચણી છે. સામાન્યતઃ આ ચારેય ગ્રંથોને બે વિભાગમાં વિભાજિત કરી શકાય. (૧) વેદ અને બ્રહ્મસૂત્ર, (૨) ગીતા અને ભાગવત. બ્રહ્મસૂત્ર એ બાદરાયણ વ્યાસ દ્વારા વેદ-ઉપનિષદની વાણીને સ્પષ્ટ કરવા કરેલું સૂત્રાત્મક ભાષ્ય છે, જ્યારે ભાગવત એ ગીતાનું વ્યાસજીએ રચેલું સવિસ્તાર ભાષ્ય કહી શકાય. આમ ઉપનિષદોનું રહસ્ય સમજવા માટે બ્રહ્મસૂત્ર અને ગીતાનું રહસ્ય સમજવા માટે ભાગવત કેટલા મહત્ત્વના છે તે સમજી શકાય. માટે જ બ્રહ્મસૂત્ર અને ભાગવતનું યથાર્થ તાત્પર્ય સમજવાની આવશ્યકતા રહે છે અને તે કારણે જ શ્રી વલ્લભાચાર્યે આ બન્ને ગ્રંથોમાં રહેલ ગૂઢ રહસ્યને પ્રગટ કરવા

ભાષ્યની રચના કરી પોતાની વિચારસરણી જગત આગળ પ્રસ્તુત કરી છે.

શ્રી વલ્લભાચાર્યને ભારતના ઉચ્ચતમ તત્ત્વજ્ઞ અને વિચારકના રૂપે સ્વીકારી શકાય જેમણે અદ્વૈતવાદને વિલક્ષણ રૂપે પ્રસ્તુત કર્યો છે. તેમણે માયાના કોઈ પણ પ્રકારના પાસ અથવા દખલ વિનાના શુદ્ધ અદ્વૈતના સિદ્ધાંતને પ્રતિપાદિત કરેલો હોઈ તે 'શુદ્ધાદ્વૈત મત' તરીકે પ્રસિદ્ધ થયો છે. તે દિવ્ય ગુણો યુક્ત સગુણ બ્રહ્મના પુરસ્કર્તા હોઈ ઉપનિષદોમાં વર્ણિત અદ્વૈત એવા એકેશ્વરવાદના સ્વીકાર સાથે ભગવાનના અનુગ્રહ આધારિત પુષ્ટિમાર્ગને પ્રગટ કર્યો છે.

ઉપર કહ્યું તેમ શ્રી વલ્લભાચાર્યનું વેદાંત વિષયક રચનાત્મક યોગદાન છે. તેમનો તત્ત્વદર્શીય દૃષ્ટિકોણ વેદાદિ પ્રાચીન ગ્રંથો પર આધારિત છે. માટે જ તેમણે બ્રહ્મસૂત્રો ઉપર ભાષ્યની રચના કરી છે. તેમના નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં 'ગીતા'ના દૃષ્ટિબિંદુને ઉજાગર કર્યો છે, ભાગવતાર્થ પ્રકરણ અને 'સુબોધિની'માં ભાગવતજીના ગૂઢ અર્થને પ્રકટ કર્યા છે. સામાન્યતઃ કોઈ ગ્રંથ ઉપર ભાષ્ય લખવું સહેલું નથી. કેવળ કોઈ ગ્રંથનો અનુવાદ કરવો તે પણ ઘણું અઘરું કાર્ય હોય છે, અને ભાષ્ય લખવું તે તેનાથી પણ વધુ કઠિન છે. અન્વયાર્થશાસ્ત્ર, જેને 'Hermeneutics' કહેવામાં આવે છે, તેમાં કોઈ પુસ્તકનો અન્વયાર્થ (Interprete) કઈ રીતે કરવો તે બતાવવામાં આવે છે. તેને વિવરણશાસ્ત્ર- (Interpretors) પણ કહેવાય છે અથવા 'મીમાંસા' પણ કહી શકાય. અનુવાદ કરવાની આ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે, જેમાં છ પ્રકાર બતાવવામાં આવ્યા છે.

આપણા આચાર્યો કેવળ ધર્મવિજ્ઞાની (Thelogist) ન હોતા પરંતુ તેમની ધાર્મિક માન્યતાઓ સાથે તેમનામાં તેનું આચરણ પણ હતું. માટે જ કહ્યું છેઃ **'આચારયતિ ઈતિ આચાર્ય.'** કેવળ ધર્મવિજ્ઞાની એક પદ્ધતિસરનો વિચાર અને તેની યોગ્યતા વિશે જ વિચારે. પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓ આપણા આચાર્યોને 'Theologist' કહેતા, જે સાચું નથી. આપણા આચાર્યોએ વિચાર સાથે તેના પ્રણાલીકરણને સમર્થન આપ્યું છે, જે આપણા આચાર્યોની વિશેષતા રહેલી છે. શ્રી વલ્લભાચાર્યજી આવા જ એક આચાર્ય હતા જેમણે પોતાના સિદ્ધાંતોને એક પ્રણાલીમાં ઢાળી તદનુસાર જીવન જીવી બતાવ્યું છે અને તેનો ઉપદેશ આપ્યો છે.

શ્રી વલ્લભાચાર્યજીના વેદાંત વિષયક વિચારોમાં તેમના યોગદાનની

વિશિષ્ટતા સંક્ષિપ્તમાં નીચે મુજબ છેઃ

(૧) તેમણે શુદ્ધ - સાતત્યપૂર્ણ અદ્વૈતનો સિદ્ધાંત (Doctrine of pure realistic Adwait) આપ્યો છે. શંકરાચાર્યના અદ્વૈતવાદમાં બ્રહ્મ, જીવ અને જગતના અદ્વૈતરૂપે રહેલ અસ્તિત્વ (Non Dualistic Existance)ને નકારવામાં આવ્યું છે, જ્યારે શ્રી વલ્લભાચાર્યજીની 'શુદ્ધાદ્વૈત' વિચારધારા જીવ-જગત-ઈશ્વરના અદ્વૈતનો સંપૂર્ણપણે સ્વીકાર કરે છે.

(૨) તેઓ ઈશ્વરના માધુર્ય અને આનંદ તત્ત્વ - (Concept of God being full of sweetness and joy)નો સ્વીકાર કરે છે. ઉપનિષદમાં બ્રહ્મ વિશે કહેવાયું છેઃ **'રસો વૈ સઃ'** - અર્થાત્ બ્રહ્મ 'રસ' અને 'આનંદ'નો સમૂહ છે, તે રસાત્મક છે. અન્ય ધર્મો, વિચારધારાઓ ઈશ્વરને એક જુલ્મી સુલતાનરૂપે કલ્પે છે.

(૩) તેઓ બ્રહ્મને **'વિરુદ્ધધર્માશ્રયી'** કહે છે. અર્થાત્ બ્રહ્મમાં એકબીજાથી વિરોધાભાસી લક્ષણો અસ્તિત્વ ધરાવી શકે છે, (Contradictory qualities co-exist in God). તે દયાળુ હોવાની સાથે ન્યાયી પણ છે. ઈશાવાસ્યોપનિષદમાં કહ્યું છે તેમ તે નજીક છે તેમ જ દૂર પણ છે. તેને હાથ નથી છતાં તે પકડે છે, પગ નથી છતાં તે દોડે છે. શ્રી વલ્લભાચાર્યજીએ આમ બધાં જ વિરુદ્ધ લક્ષણો વર્ણવતી શ્રુતિઓનો સ્વીકાર કરીને બ્રહ્મને 'વિરુદ્ધ-ધર્માશ્રયી' બતાવ્યા છે, કારણ કે તે સર્વ સમર્થ છે.

(૪) તેમણે 'અક્ષર બ્રહ્મ'ની સંકલ્પના આપી છે જે બ્રહ્મનું નિવાસસ્થાન છે, તે બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે. 'પુરુષોત્તમ' એ 'ક્ષર' અને 'અક્ષર'થી પર છે. તેમણે 'અક્ષર'ના સ્વરૂપને સમજાવવા મુંડકોપનિષદ, બૃહદારણ્યકોપનિષદ અને ભગવદ્ગીતાનો આધાર લીધો છે. ગીતામાં 'અક્ષર' અને પુરુષોત્તમનો પ્રભેદ અને પુરુષોત્તમની 'અક્ષર'થી શ્રેષ્ઠતા પ્રતિપાદિત કરવામાં આવી છે. પાશ્ચાત્ય તત્ત્વવેત્તા પ્લોટીનસના 'શ્રાવ'ના સિદ્ધાંત (Theory of Emmison) મુજબ 'પુરુષોત્તમ'નું પ્રગટવું અને સર્જનના સિદ્ધાંત (Theory of Creationism) જેને 'Pan-En-theism' કહેવાય છે તે મુજબ સર્વ કાંઈ ઈશ્વરમાં છે તેનું તેમણે પ્રતિપાદન કરેલું છે. (All is god or nothing is beyond God.)

(૫) શ્રી વલ્લભાચાર્યજીના મતે શંકરાચાર્યજીની માન્યતા મુજબ આ જગત

અસત્ય અથવા મિથ્યા નથી. તે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ છે અથવા તે બ્રહ્મનું જ સ્વરૂપ છે અને તેથી તે સત્ય છે. બ્રહ્મ જગતનું ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ છે.

શંકરાચાર્યે બ્રહ્મ માટે જાદુગર શબ્દપ્રયોગ કર્યો છે. જેમ જાદુગર માયાજાળ રચે તેમ જગત એ માયાજાળ સમ ભ્રાંતિ માત્ર છે તેમ તેમનું માનવું છે. શ્રી વલ્લભાચાર્યજી આ વાતને નકારે છે. જગત બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થયેલ હોઈ તે સત્ય જ હોઈ શકે. મિથ્યા કે ભ્રાંતિ ન હોઈ શકે. તેઓ જગતને સત્ય માને છે પરંતુ સંસારને મિથ્યા કહે છે. સંસારની વ્યાખ્યા આપતાં તેઓ બતાવે છે, સંસાર એટલે-અહંતા-મમતા- 'હું' અને 'મારાપણાનો ભાવ' - Egocentric outlook or attachment to material objects. 'સંસાર' એ આપણે ઊભો કર્યો છે. 'I ness' અને 'My ness', હું અને મારું તેનું નામ 'સંસાર' છે, જે મિથ્યા (Unreal) છે, જ્યારે જગત તો બ્રહ્મનું જ સ્વરૂપ હોઈ સત્ય છે.

(૬) **અવિકૃત પરિણામવાદ** - પરિણામવાદનો સિદ્ધાંત સાંખ્યદર્શનનો છે. પુરુષ અને પ્રકૃતિના સંયોગથી જગત પરિણમે છે તે તેનો સિદ્ધાંત છે. જ્યારે શ્રી વલ્લભાચાર્યજીના મતે બ્રહ્મ જ પોતે જગતરૂપે પરિણમે છે- (Brahm transforms or manifests himself into the world without undergoing any change), છતાં બ્રહ્મમાં કોઈ વિકૃતિ આવતી નથી. આ વાત સમજાવવા તેઓ સોનું અને સોનાના દાગીનાનું ઉદાહરણ આપે છે. જેમ સોનામાંથી સોનાના દાગીના બનાવતા તેમાં સોનું અકબંધ રહે છે, (તેથી જ દાગીના ગાળી નાખતાં તે પુનઃ સોનામાં પરિવર્તિત થઈ શકે છે) તે જ પ્રમાણે જગત રૂપે પરિવર્તિત થવા છતાં બ્રહ્મના સ્વરૂપમાં કોઈ બદલાવ કે વિકૃતિ આવતી નથી.

(૭) શ્રી વલ્લભાચાર્યજી ઈશ્વરની સંપૂર્ણ 'શરણાગતિ' અને 'સમપર્ણ'નો ઉપદેશ આપે છે (whole hearted dedication and total surrender to God). આશ્રય અને આત્મનિવેદન એ તેમના સિદ્ધાંતના મુખ્ય પાયા છે.

(૮) તેઓ ઈશ્વરની કૃપા (Grace of God) ઉપર વધુ ભાર મૂકે છે અને તેથી તેમનો બતાવેલ માર્ગ 'પુષ્ટિમાર્ગ' તરીકે ઓળખાય છે. પુષ્ટિ એટલે 'કૃપા', કૃપા દ્વારા ઈશ્વરને મેળવવાનો માર્ગ તે 'પુષ્ટિમાર્ગ'. શાસ્ત્રોમાં વર્ણવેલી નવધા ભક્તિથી આગળ વધી પ્રેમલક્ષણા ભક્તિનો તેમણે ઉપદેશ આપ્યો છે.

તેમણે સમજાવ્યું છે કે ઈશ્વરના સાક્ષાત્કાર માટે ('To realise Him or to

Unite with Him') હૃદયપૂર્વક તેમની બિનશરતી શરણાગતિ સ્વીકારવી જોઈએ. બ્રહ્મની મહાનતા અને મહાત્મ્ય સામે આપણા સ્વરૂપની ઓળખ હોવી જરૂરી છે, જેના કારણે આપણે તેમની શરણાગતિ સ્વીકારવા પ્રેરિત થઈએ. અહંતા-મમતાની નિવૃત્તિ માટે સમર્પણની ભાવના કેળવવી આવશ્યક છે.

(૯) સૌંદર્ય અને સ્વરૂપ પ્રત્યે ભાવયુક્ત અભિવ્યક્તિ- (Aesthetics & Emotional performance of devotion to God) એ શ્રી વલ્લભાચાર્યજીનો વિશિષ્ટ દૃષ્ટિકોણ છે.

ઈશ્વરનું અસ્તિત્વ પ્રત્યેક સ્થળે છે. તે સર્વવ્યાપક (omni present) છે. (He is infinite and present in every particals of universe.) તે સર્વમાં સમગ્ર રૂપે રહેલ છે. માનસિક (Psycologically) તેમ જ આધ્યાત્મિક (Spiritually) તે સર્વમાં અંતર્નિહિત છે. સમગ્ર સૃષ્ટિ શ્રીકૃષ્ણમાં રહેલ છે. શ્રીકૃષ્ણ સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત છે. માટે જ શ્રી વલ્લભાચાર્યજીએ 'સ્વરૂપ'ની સેવાનો આગ્રહ સેવ્યો છે. સ્વરૂપમાં સ્વયં શ્રીકૃષ્ણ સંપૂર્ણપણે બિરાજે છે. અને તેથી જ તેમની સેવા ઉપદિષ્ટ કરવામાં આવી છે. પુષ્ટિમાર્ગમાં 'સ્વરૂપ સેવા'નું મહત્ત્વ આથી જ છે. ત્યાં કેવળ દેવની મૂર્તિ જ નથી, પરંતુ બ્રહ્મ સ્વયં અસ્તિત્વ ધરાવે છે. તેમનો આ અભિગમ જ ઈશ્વર સાક્ષાત્કાર માટે વૈશિષ્ટ્ય ધરાવે છે, કારણ કે તેમાં સાક્ષાત્ પરબ્રહ્મની સેવાનો દૃષ્ટિકોણ છે.

આપણું મન સૌંદર્ય ઝંખે છે, સુંદરતા પામવા તલસે છે. આ એક માનસિક પ્રક્રિયા છે. આપણે સુંદર વસ્તુની અપેક્ષા રાખીએ છીએ. કોઈ વસ્તુના પેકિંગને સુંદર રીતે મઢવામાં આવે છે તેનું આ જ કારણ છે. સુંદરતા તરફનું ખેંચાણ એ મનુષ્ય સ્વભાવના મૂળમાં છે, માટે જ સ્વરૂપને વિવિધ કલાત્મક વસ્ત્ર-શૃંગાર ધરવાની આવશ્યકતા પુષ્ટિમાર્ગીય સેવાક્રમમાં આવરી લેવામાં આવી છે. શ્રીકૃષ્ણનું સર્વ કાંઈ મધુર છે તે સ્પષ્ટ કરવા તેમણે 'મધુરાષ્ટક' ગ્રંથની રચના કરી છે. તેમાં શ્રીકૃષ્ણના સમગ્રપણે માધુર્યની અનુભૂતિ થાય છે.

(૧૦) શ્રી વલ્લભાચાર્યજીએ શાસ્ત્રોને જેમ છે- જેવાં છે તેવાં સ્વીકાર્યાં છે. ઉપનિષદ-બ્રહ્મસૂત્રો- ગીતા અને ભાગવતનો તેમણે પ્રમાણરૂપ સંપૂર્ણપણે સ્વીકાર કરેલો છે. તેથી તેઓ પોતાના નિબંધ ગ્રંથના શાસ્ત્રાર્થ પ્રકરણમાં જણાવે છે-

'વેદા: શ્રીકૃષ્ણ વાક્યાનિ વ્યાસ સુત્રાણી ચૈવહી,
સમાધિ ભાષા વ્યાસસ્ય પ્રમાણમ્ તચ્ચતુષ્ટયમ.'

ન્યાયશાસ્ત્ર પ્રમાણે મુખ્યત્વે ચાર પ્રમાણો (અ) પ્રત્યક્ષ, (બ) અનુમાન (ક) ઉપમાન અને (ડ) શબ્દપ્રમાણ સ્વીકારવામાં આવ્યાં છે. પ્રથમ બે ઈન્દ્રિયો દ્વારા અનુભવાતા લૌકિક વિષયો માટે ઉપયુક્ત છે, પરંતુ ઈશ્વર જેવા ઈન્દ્રિયાતીત પદાર્થ માટે તે ઉપયોગી નીવડી શકતા નથી. બ્રહ્મ જેવા અલૌકિક- (Supra Sensible) તત્ત્વ માટે પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ અપર્યાપ્ત છે. અનુમાન તર્કનો આધાર લે છે. જ્યારે તર્ક દ્વારા ઈશ્વરના અસ્તિત્વને સિદ્ધ કરી શકાતું નથી. માટે ઈશ્વરને ઓળખવા, જાણવા માટે તેઓ ઉપરોક્ત **શબ્દપ્રમાણ**નો સ્વીકાર કરે છે.

પાશ્ચાત્ય તત્ત્વવેતા કાન્ટ તેમ જ કાર્લ જસ્પર કહે છે કે જેને પુરવાર કરવામાં આવે તે ઈશ્વર ન હોઈ શકે (Proved God is no God). તે ઈન્દ્રિયાતીત હોઈ કોઈ કહી ન શકે કે તેણે ઈશ્વરને જોયો છે. પરંતુ આપણા ઋષિમુનિઓએ ઈશ્વરને અનુભવેલ છે. એમ કહી શકાય કે તેમણે તેને જોયા છે. તે વર્ણન આપણને વેદાદિ શાસ્ત્રોમાં મળે છે. માટે તેના આધારે આપણે ઈશ્વરને ઓળખી શકીએ, તેના વિશે જાણી શકીએ. આને માટે આવશ્યક છે કે વેદાદિ શાસ્ત્રોમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવાં જોઈએ. અહીં તેને કોઈ રૂપક કથાના રૂપમાં (allgorically) ન જોતાં તેના શાબ્દિક અર્થને તેની પ્રમાણભૂતતા (Authority)ને સ્વીકારવી જોઈએ.

(૧૧) શ્રી વલ્લભાચાર્યજી જગતને ભગવાનની એક લીલા ના રૂપે બતાવે છે. ઉપનિષદમાં કહ્યું છે તેમ ભગવાને નિજ રમણાર્થે અથવા નિજાનંદ માટે આ જગતની રચના કરી છે. સમગ્ર બ્રહ્માંડ એ ભગવાનની લીલાસ્થળી છે અને તેમાં રહેલ જડ-ચેતન પદાર્થો એ લીલાનાં વિશિષ્ટ પાત્રો છે અને તેમના નિર્દેશ પ્રમાણે પોતપોતાનો સ્વાંગ ભજવે છે, જેમ કઠપૂતલીનો ખેલ કરનાર પોતાની ઈચ્છાનુસાર કઠપૂતલી સ્વયંનું કાંઈ જ કર્તવ્ય હોતું નથી. તે જ પ્રમાણે પ્રાણી માત્રે ઈશ્વરની ઈચ્છા મુજબ નાચવાનું છે. આ વિચાર આત્મસાત કરવાથી મનુષ્ય સુખદુ:ખના અનુભવથી ઉપર ઊઠી શકે છે. શ્રી વલ્લભાચાર્યજીનો લીલાવાદનો દૃષ્ટિકોણ અદ્વિતીય છે.

◆

3

શુદ્ધાદ્વૈત વેદાંતના મહત્ત્વના ગ્રંથ

(Important Litrature of Suddhadvait Vedant)

શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત વેદાંત અને તેના પર આધારિત પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોની ચર્ચા તેમણે પોતાના નીચેના ચાર ગ્રંથોમાં મુખ્યત્વે કરી છે. (૧) તત્ત્વાર્થદીપનિબંધ, (૨) અણુભાષ્ય, (૩) સુબોધિની, (૪) ષોડશગ્રંથો.

'ગ્રંથ' શબ્દનો અર્થ થાય જે ગ્રંથી (knot) છોડાવે તેને ગ્રંથ કહેવાય, એટલે કે જે મનુષ્યને જન્મ-મરણની ઉલઝનમાંથી મુક્તિ અપાવે તેને 'ગ્રંથ' કહેવાય. આચાર્યોની રચનાઓ મનુષ્યને મુક્તિ અર્થાત્ મોક્ષનો અથવા ભગવદ્પ્રાપ્તિનો રસ્તો દેખાડનારા હોઈ તેને ગ્રંથ કહેવાય. શ્રી વલ્લભાચાર્ય દ્વારા રચિત સાહિત્ય આ રીતે ઉપકારક હોઈ ગ્રંથો કહેવાય છે.

ગ્રંથોના ઘણા પ્રકાર હોઈ શકે છે જેવા કે સૂત્ર, ભાષ્ય, વાર્તિક, સંગ્રહ, વ્યાખ્યા, પ્રકરણ, પ્રકીર્ણ વગેરે. કોઈ ગ્રંથ પોતાની વિષયવસ્તુ (subject matter)ને કેવી રીતે વર્ણવે છે તેની શૈલી ઉપરથી તેનો પ્રકાર નક્કી થાય. તે શૈલીના આધારે તે ગ્રંથનું વર્ગીકરણ કરવામાં આવે છે. કોઈ પણ શાસ્ત્રોનો વિચાર ચાર પ્રકારે કરવામાં આવે છે. તદનુસાર શ્રી વલ્લભાચાર્યના ગ્રંથોનું વર્ગીકરણ **પ્રમાણ, પ્રમેય, સાધના** અને **ફળ**ના નિરુપણના આધારે કરી શકાય. કદાચ તેમને આ પ્રકારનું વર્ગીકરણ અભિપ્રેત છે તેમ તેમના ગ્રંથોની શૈલી ઉપરથી સ્પષ્ટ થાય છે. અલગ અલગ ગ્રંથો આ ચાર બાબતોનું નિરૂપણ કરે છે અને તે મુજબ તે ગ્રંથની ઓળખ થાય છે. આમ શ્રી વલ્લભાચાર્યના ગ્રંથોને આ ચાર પ્રકારમાં વિભાજિત કરી શકાય. કોઈ વસ્તુ અથવા બાબતનું યથાર્થ જ્ઞાનપ્રાપ્તિનું સાધન એ પ્રમાણ છે. પ્રમાણના આધારે કોઈ વિષયનું જ્ઞાન થઈ શકે છે. આમ કોઈ ગ્રંથ પોતાના વિષયવસ્તુને પ્રસ્તુત કરે છે ત્યારે તે કેવી રીતે તેને 'પ્રમાણિત' કરે છે તેના આધારે તેવા ગ્રંથો **'પ્રમાણગ્રંથો'** કહેવાય. જ્યારે કોઈ ગ્રંથમાં વિષયવસ્તુ કેવી રીતે પ્રમાણિત થાય છે તે ન જોતાં, તેના સ્વરૂપ

પ્રયોજનની ચર્ચા કરવામાં આવે છે. અર્થાત્ જેમાં 'પ્રમેય'નું નિરુપણ હોય, કારણ કાર્ય સ્વરૂપનું પ્રયોજન જેમાં સમજાવવામાં આવ્યું હોય તેવા ગ્રંથોને **'પ્રમેય ગ્રંથો'** કહેવાય. પ્રમેયાત્મક જે ગ્રંથો છે તે 'પ્રમાણ'માં પડતા નથી. તે સિવાય જે ગ્રંથો પ્રમાણ કે પ્રમેયની ભાંજગડમાં ન પડતાં તે વિષયવસ્તુને પ્રાપ્ત કરવાના 'સાધન', તેના ઉપાય બતાવે છે તે **'સાધનાત્મક ગ્રંથો'** કહેવાય છે. શ્રી વલ્લભાચાર્ય રચિત ષોડશગ્રંથોમાં તેમણે ભગવદ્પ્રાપ્તિ વિષયક સાધનોની ચર્ચા કરેલ છે. અલગ અલગ ગ્રંથોમાં પુષ્ટિમાર્ગે પ્રશસ્ત થવા માટે તેમના સેવકો દ્વારા વ્યક્ત થયેલ મૂંઝવણોના ખુલાસારૂપે અલગ અલગ વિષયોની છણાવટ કરવા માટે તેમણે આ ગ્રંથોની રચના કરી છે. માટે શ્રી યમુનાષ્ટક સિવાયના ગ્રંથો 'સાધન ગ્રંથો' છે. જે ગ્રંથો આપણા જીવનના ફલરૂપ હોય, જે પ્રાપ્ત કરવાનું છે તે તત્ત્વનું નિરૂપણ કરતાં હોય તેને **'ફલાત્મક ગ્રંથો'** કહેવાય. શ્રી વલ્લભાચાર્ય રચિત શ્રી યમુનાષ્ટક, શ્રી પુરુષોત્તમ સહસ્રનામ, સુબોધિની, શ્રી વિઠ્ઠલનાથજી રચિત શ્રી સર્વોત્તમ સ્તોત્ર ઈત્યાદિ ફલાત્મક ગ્રંથો કહી શકાય. આવા ફલાત્મક ગ્રંથોમાં પ્રમાણ, પ્રમેય કે સાધનનું નિરુપણ હોતું નથી પરંતુ તે વિષયવસ્તુનો આપણે આનંદ લેવાનો હોય છે, તેને માણવાનો હોય છે. આમ ફલાત્મક ગ્રંથોના વિષયવસ્તુનો આનંદ પ્રાપ્ત થાય છે. તેથી તે ફલાત્મક કહેવાય છે. આ પ્રમાણે પ્રત્યેક ગ્રંથમાં ઉપરોક્ત વર્ગીકરણનો પ્રકાર સંપૂર્ણપણે સ્પષ્ટ થાય તે આવશ્યક નથી. શ્રી વલ્લભાચાર્યના દૃષ્ટિકોણથી આ ચાર પ્રકારે ગ્રંથોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ક્યાંક આ વર્ગીકરણ એકબીજામાં આચ્છાદિત (Overlap) થતો હોય છે. અર્થાત્ એવું નથી કે પ્રમાણાત્મક ગ્રંથો પ્રમેયાત્મક ન હોઈ શકે કે સાધનાત્મક ન હોઈ શકે. કોઈ એક ગ્રંથમાં એકથી વધુ દૃષ્ટિકોણ એકસાથે નિરૂપિત થયેલાં હોઈ શકે છે, જે નીચેની આકૃતિથી સમજી શકાય.



૧) પ્રમાણ + પ્રમેય
૨) પ્રમાણ + સાધન
૩) સાધન + ફલ
૪) પ્રમેય + ફલ

નિબંધનો શાસ્ત્રાર્થ પ્રકરણ એ 'પ્રમેય' ગ્રંથ છે. 'અણુભાષ્ય' એ 'પ્રમાણ' ગ્રંથ છે. અને ષોડશ ગ્રંથમાં 'યમુનાષ્ટક' સિવાય અન્ય ગ્રંથો સાધન ગ્રંથો છે. યમુનાષ્ટક સાધન અને ફલ- બન્નેનું નિરૂપણ કરે છે.

જો એક ક્રમબદ્ધતાનો વિચાર કરીએ (cronologically) તો શાસ્ત્રાર્થ પ્રકરણ ગ્રંથ શ્રી મહાપ્રભુજીએ સર્વપ્રથમ લખ્યો હોવો જોઈએ કારણ કે તેમાં પોતે તે પછી જે કાંઈ લખવાના છે તેનો નિર્દેશ કરેલો છે.

શ્રુતિ-ગીતા-સૂત્ર-ભાગવતઃ

નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહ્યા મુજબ શ્રી વલ્લભાચાર્યે ઉપરોક્ત ચાર શાસ્ત્રોને પ્રમાણ ગ્રંથરૂપ માન્યા છે. અહીં શ્રુતિ એટલે વેદ-ઉપનિષદ સમગ્રપણે. તેમણે વેદના પ્રામાણ્યને સમન્વયાત્મક રીતે સમગ્રપણે સ્વીકાર કર્યો છે. 'સૂત્ર' એટલે કેવળ બ્રહ્મસૂત્ર જ નહીં, પરંતુ બાદરાયણ સૂત્રો અને જૈમિની સૂત્રોએ બન્ને. શ્રી વલ્લભાચાર્યએ વેદના પૂર્વકાંડ ઉપર રચાયેલ 'જૈમિની સૂત્રો' અને ઉત્તરકાંડ ઉપર રચાયેલ 'બ્રહ્મસૂત્રો'- બન્નેને સ્વીકાર્યાં છે, બન્નેના પ્રમાણને માન્ય રાખ્યાં છે.

'નિબંધ'માં શાસ્ત્રાર્થ પ્રકરણ એ પ્રથમ પ્રકરણ છે. સામાન્યતઃ શાસ્ત્રાર્થનો અર્થ 'શાસ્ત્ર જે અર્થ કરે તેવો' થાય. પરંતુ પ્રચલિતરૂપે શાસ્ત્રાર્થ એક વાદવિવાદના રૂપમાં કે નિંદાવાચક અર્થમાં વપરાવા માંડ્યો છે જે ખોટું છે. શ્રી વલ્લભાચાર્યજીના મતે શાસ્ત્રાર્થ એ 'શાસ્ત્રનો યથાર્થ' એટલે કે 'સાચો અર્થ' તેમ થાય. માટે શાસ્ત્રનો અર્થ સ્પષ્ટ કરવા તેઓ શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહે છે- **"એક શાસ્ત્રં દેવકીપુત્ર ગીતમેકો દેવો દેવકીપુત્ર એવ, મંત્રોઽપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ, કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા."** અર્થાત્ દેવકીપુત્ર શ્રીકૃષ્ણ ભગવાને જે ગાન ગર્યું છે, તે (ગીતા) જ એક શાસ્ત્ર છે, અને તે જ પ્રભુ એક દેવ છે, અને તેમનાં જુદાં જુદાં નામો, તે જ એક સર્વોત્તમ મંત્ર છે, અને તે જ દેવની સેવા એક સર્વોત્તમ કર્મ છે.

અહીં શાસ્ત્ર એટલે 'ગીતા' - ગીતાનો અર્થ છે 'ગવાયેલી'. ગીતા એ વિશેષણ છે. મૂળ તેને 'ભગવદ્ગીતા'- અર્થાત્ ભગવાને ગાયેલ ઉપનિષદ તે ગીતા, તેમ અર્થ થતો. દેવકી પુત્ર ગીતમ્ એટલે ભગવાને- જે દેવકીપુત્રે કહેલું - ગાયેલું તે 'શાસ્ત્ર'- એવો અર્થ થાય.

મૂળભૂત રીતે શ્રી વલ્લભાચાર્ય રચિત નિબંધ એ 'ગીતા'ની વ્યાખ્યા નથી, પરંતુ ગીતામાં ભગવાન જે કહેવા માગે છે તે તેમણે પોતાના શબ્દોમાં આ ગ્રંથમાં અભિવ્યક્ત કર્યું છે. તેઓ જે રીતે ગીતાને સમજ્યા છે તે તેમણે અહીં નિરૂપણ કર્યું છે. માટે તેને ગીતાર્થ પ્રકરણ પણ કહેવાય છે.

શ્રી વલ્લભાચાર્યનો અહીં અભિગમ એવો છે કે ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે માટે તે 'શાસ્ત્ર' છે. મોટા ભાગના વૈષ્ણવોમાં એક સામાન્ય ભ્રમણા હોય છે કે ગીતા આપણે માટે નથી. આ એક ભ્રાંતિ છે. જેમ 'ભાગવત' એ વ્યાસજીએ જે રીતે ગીતાની વ્યાખ્યા કરી તે છે તેમ શ્રી વલ્લભાચાર્યે શાસ્ત્રાર્થ પ્રકરણમાં ગીતાની વ્યાખ્યા કરી છે. ભાગવતાર્થ પ્રકરણમાં તેમણે ભાગવતની વ્યાખ્યા કરી છે. તેમનો અભિગમ એવો છે કે ગીતામાં જે સૂક્ષ્મ સ્વરૂપે કહેવામાં આવ્યું છે તે ભાગવતમાં વ્યાપકરૂપે અભિવ્યક્ત થયેલું છે. તેઓ કહે છે કે આ બધાં શાસ્ત્રો છે તે એક 'સંયુક્ત શાસ્ત્ર' છે, તે બધાં અલગ અલગ શાસ્ત્રો નથી. વેદની સંહિતા, ઉપનિષદ વગેરે બધાં શાસ્ત્રો જુદાં જુદાં નથી. બધાનો સંગ્રહ તે 'શાસ્ત્ર' છે અને તેને શ્રી વલ્લભાચાર્ય 'પ્રમાણ' કહે છે, અન્ય આચાર્યની માફક તેઓ તેને 'પ્રસ્થાન' રૂપ ગણાતા નથી.

તદનુસાર ભાગવતમાં **'સમાધિ ભાષા'**ને શ્રી વલ્લભાચાર્યે પ્રમાણ રૂપે માન્યતા આપી છે. તેમના મતે શ્રુતિ-ગીતા-સૂત્ર-ભાગવત એ બધા અલગઅલગ રૂપમાં પ્રમાણ નહીં પરંતુ તે સર્વ ગ્રંથોનો સમન્વય- **'એકવાક્યતા'** તે **'પ્રમાણ'** છે તેવી તેઓ સ્પષ્ટતા કરે છે. તેમના મતે 'શ્રુતિ+ગીતા+સૂત્ર+ભાગવત' એટલે 'પ્રમાણ'. બધા અલગ અલગને પ્રમાણ રૂપે પોતે સ્વીકાર્યા નથી. એ ચારેય શાસ્ત્રો મળીને 'પ્રમાણ' બને છે. કારણ કે પ્રમાણ એટલે જે વસ્તુ આપણે જાણવી છે તેને કેવી રીતે સમજી શકાય? પ્રત્યેક શાસ્ત્રમાં અલગ અલગ માહિતી (information) મળી રહે છે. આવી માહિતી તે પ્રમાણ નથી. કોઈ એક વાક્યને વિચારવું અને તેમાં જે સાર ગર્ભિત બાબત છે તેનો અર્થ સ્પષ્ટ થવો, એ બન્ને જુદી જુદી બાબતો છે. જ્યારે સમન્વયાત્મક અર્થ (co-ordinated meaning) સ્પષ્ટ થાય ત્યારે વસ્તુની સાચી ઓળખ મળી રહે. જેમ આંખ કોઈ વસ્તુને જુએ, પરંતુ જો મન તેની સાથે લાગેલું નહીં હોય તો આંખથી જોવા છતાં તે વસ્તુ દેખાશે નહીં. અર્થાત્ આંખ દ્વારા જોવાની સાથે બુદ્ધિ દ્વારા તેની

વિવેચના પણ થવી આવશ્યક છે. જ્યારે આંખ જુએ, તેમાં મન લાગે અને સાથે બુદ્ધિ તેની વિવેચના કરે ત્યારે તે વસ્તુ આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ. તેમ શ્રુતિ-ગીતા-સૂત્રોએ જે કંઈ કહેલું હોય તે બધી બાબતોમાં- જોવાની- તેની સાથે જોડાવાની, સંલગ્ન થવાની અને તેનું વિશ્લેષણ કરવાની પ્રક્રિયા સંપૂર્ણ થાય ત્યારે તે 'પ્રમાણ' બને છે. જુદાં જુદાં શાસ્ત્રોએ અલગ અલગ પાસાં વર્ણવ્યાં હોય પરંતુ શ્રી વલ્લભાચાર્ય કહે છે કે જ્યારે તે બધાં પાસાંને સંકલિત રૂપમાં વિચારીએ ત્યારે તે પ્રમાણરૂપ સ્વીકૃત બને. બ્રહ્મનાં અનેક જુદાં જુદાં પાસાં (aspects) હોઈ શકે છે. પરંતુ તત્ત્વ તો એક જ છે. માટે તે સર્વ પાસાંને એકાત્મ (synthesis) કરી જે તત્ત્વ સ્પષ્ટ થાય, તે બ્રહ્મ વિશેનું પ્રમાણ આપી શકે. માટે જ શ્રી વલ્લભાચાર્યજી **'પ્રમાણં તચ્ચતુષ્ટયં'** પદનો પ્રયોગ કરે છે. તેઓ સમજાવે છે કે જો એક વખત આપણે સમજી જઈએ કે બ્રહ્મ-કૃષ્ણ-ભગવાન ઈત્યાદિ શબ્દોનું તાત્પર્ય શું છે તો કોઈ મુશ્કેલી સર્જાય નહીં. 'ભગવાન' શબ્દનું ક્ષેત્ર (Range) બહુ મોટું છે. તેને સમજવા માટે શરૂઆતમાં ચાર પ્રમાણો તેમણે બતાવ્યાં છે. વાસ્તવમાં શ્રી વલ્લભાચાર્યનું એક તત્ત્વજ્ઞાન (philosophy) છે. તેઓ કહે છે 'શબ્દ' માત્ર પ્રમાણ છે. જે કોઈ શબ્દ છે તે પ્રમાણ છે. તેમનો આ અભિગમ વિશ્વના તત્ત્વદર્શીય અભિગમમાં અનોખો છે.

વેદમાં 'પરમાત્મા' શબ્દનો પ્રયોગ થયો નથી. વેદની સંહિતામાં પણ 'બ્રહ્મ' શબ્દ વપરાયેલ નથી. કેવળ છેલ્લા પ્રકરણમાં 'બ્રહ્મ' શબ્દ જોવા મળે છે. અન્યથા સંહિતામાં અનેક સ્થળે ઈન્દ્ર, પ્રજાપતિ, વરુણ ઈત્યાદિ દેવોનાં નામથી સંબોધન કરવામાં આવ્યું છે. પરંતુ તે બધાં સૂક્તોમાં જે સંબંધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે 'બ્રહ્મ' પરત્વેનાં જ છે. તત્ત્વતઃ બધાં જ બ્રહ્મનાં રૂપ છે, બ્રહ્મનાં નામ છે તેમ શ્રી વલ્લભાચાર્ય સમજાવે છે.

શ્રી વલ્લભાચાર્ય 'ભાગવત'ને પ્રમાણરૂપે સ્વીકારે છે છતાં તેની વ્યાખ્યા કરનારા તેઓ જ પ્રથમ આચાર્ય નહોતા. શંકરાચાર્યે ભાગવતની વ્યાખ્યા લખી છે તેમ મધ્વાચાર્યે તથા અન્ય વિદ્વાનોએ પણ ભાગવતની વ્યાખ્યા કરી છે.

ઉપરોક્ત વર્ગીકરણના આધારે કહી શકાય કે 'અણુભાષ્ય' એ પ્રમાણાત્મક ગ્રંથ છે. 'અણુભાષ્ય' ગ્રંથ શ્રી વલ્લભાચાર્યે સંપૂર્ણપણે લખ્યો હતો કે કેમ તેના ઐતિહાસિક પુરાવા પ્રાપ્ત થતા નથી. તેમનો અડધો ગ્રંથ પ્રાપ્ત થાય છે અને

બાકીનો તેમના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથે પૂરો કરેલો છે. શ્રી ગુસાંઈજી (શ્રી વિઠ્ઠલનાથ)એ શ્રી વલ્લભાચાર્યના અધૂરા ગ્રંથને પૂરો કરવાની શરૂઆત કરી અને પાછળથી કેટલોક હિસ્સો પ્રાપ્ત થતાં તેમણે પુનઃ લખાણ કર્યું તેમ મનાય છે. આજે જે અણુભાષ્ય પ્રાપ્ત થાય છે તે પિતા-પુત્ર (શ્રી વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથ)ના સંયુક્ત ગ્રંથના રૂપમાં મળે છે.

ભાષ્યકાર અર્થાત્ શંકરાચાર્ય બ્રહ્મસૂત્રોને 'સાધન'નો ગ્રંથ માને છે, જ્યારે શ્રી વલ્લભાચાર્યજીનો સ્પષ્ટ અભિગમ છે કે તે **'પ્રમાણાત્મક ગ્રંથ'** છે. જો બ્રહ્મસૂત્ર પ્રમાણાત્મક ગ્રંથ હોય તો સ્વાભાવિક રીતે અણુભાષ્ય જેનો આધાર બ્રહ્મસૂત્ર છે, તે પણ પ્રમાણાત્મક ગ્રંથ જ હોઈ શકે. પ્રમેય ગ્રંથમાં પ્રમાણ આપવાની પ્રાચીન પદ્ધતિ નથી. શ્રી વલ્લભાચાર્યે શાસ્ત્રાર્થ નિબંધ પોતાના આ દૃષ્ટિકોણ (concept)ને રજૂ કરવા માટે લખ્યો છે. તેમાં કાંઈ સાચું ઠેરવવાની કે પુરવાર (Prove) કરવાની વાત નથી. તેમણે પ્રમેય વિશે જેવો વિસ્તાર કર્યો તેવો પ્રમાણમાં કર્યો નથી. માટે આ ગ્રંથ પ્રમાણરૂપ છે. વ્યાસજી પોતે પણ અહીં સાધનાની વાત કરવા ઈચ્છતા નથી. શ્રી વલ્લભાચાર્ય કહે છે કે આ ગ્રંથ વ્યાસજીએ જ્યારે લખ્યો ત્યારે તેમણે પ્રથમ અન્ય ઋષિઓ સાથે વાદવિવાદ કર્યો હતો અને તેના નિષ્કર્ષ રૂપે પોતાની વાતની તેમાં તેમણે રજૂઆત કરી હતી. માટે તે સાધનાનો ગ્રંથ નથી.

આ ગ્રંથમાં શ્રી વ્યાસજીએ ચાર બાબતોની સ્પષ્ટતા કરી છે- **સમન્વય, અવિરોધ, સાધન અને ફલ.** અહીં તેમણે પહેલું જ સૂત્ર આપ્યું છે- **'અથાતો બ્રહ્મ જિજ્ઞાસા'**- બ્રહ્મ શું છે? બ્રહ્મ વિશે જાણવાની જિજ્ઞાસાથી તેઓ શરૂઆત કરે છે. આગળ કહે છે **'શાસ્ત્રયોનિવાત્'**- શાસ્ત્રમાં જે બ્રહ્મને જગતનું કારણ બતાવ્યું છે. બ્રહ્મસૂત્રો ઉપનિષદની જ વાત કરી રહ્યું છે. અહીં 'શાસ્ત્ર' શબ્દ વપરાયો છે, 'શ્રુતિ' એમ કહેવાયું નથી. અર્થાત્ બધાં શાસ્ત્રોનો અહીં ઉલ્લેખ જોવા મળે છે. આ દૃષ્ટિકોણ કેવળ શ્રી વલ્લભાચાર્યનો નથી. બધા જ આચાર્યો આ વાતનો સ્વીકાર કરે છે. બ્રહ્મના સ્વરૂપની ચકાસણી માટે બધાં જ શાસ્ત્રોનો સમન્વયાત્મક અર્થ કરવો જોઈએ. આ વાત બ્રહ્મસૂત્રના પ્રથમ અધ્યાયમાં કહેવામાં આવી છે. એવો પ્રશ્ન થાય કે જો અલગ અલગ ઋષિમુનિઓ કોઈ જુદો જ અર્થ કરે તો ત્યાં બીજા અધ્યાયમાં વિરોધ પરિહાર્ય બતાવવામાં આવ્યો

છે. અર્થાત્ જેનાથી વિરોધ પરિહાર્ય થઈ જાય તે માનવો. ત્રીજા અધ્યાયમાં બ્રહ્મને સમજ્યા પછી કયા સાધનથી તેને મેળવી શકાય તે 'સાધન' બતાવવામાં આવ્યાં છે અને ચતુર્થ અધ્યાય 'ફલ' અધ્યાય છે.

કારણ કે સમન્વિત વચન જ પ્રમાણરૂપ હોઈ શકે, માટે પ્રથમ અધ્યાયને **'પ્રમાણ અધ્યાય'** પણ કહેવાય છે. જ્યાં સમન્વય ન થતો હોય અને મતાંતર (difference of opinion) થતો હોય ત્યાં તે પ્રમાણ ન હોઈ શકે. બીજો અવિરોધ અધ્યાય તેને **'પ્રમેય અધ્યાય'** પણ કહેવાય છે, કારણ કે ઉપનિષદ પ્રમાણે બ્રહ્મમાંથી આ જગત ઉત્પન્ન થાય અને તેમાં જ લય પામે છે. જ્યારે કપિલ મુનિ કહે છે કે જગતની ઉત્પત્તિ પ્રકૃતિમાંથી થઈ છે. આમ વિરોધ જણાતાં તેમ બતાવવામાં આવ્યું કે બ્રહ્મ પહેલાં પ્રકૃતિ સ્વરૂપ બન્યું અને તે પછી 'જગત' તરીકે તે પ્રગટ થયું. શ્રી વલ્લભચાર્ય કહે છે, કપિલ મુનિ પણ વિષ્ણુનો અવતાર હોઈ તેમનું વાક્ય અમાન્ય ન હોઈ શકે. તેઓ જણાવે છે કે જ્યાં સમન્વય થતો હોય ત્યાં ગાંડા માણસનો શબ્દ પણ પ્રમાણ ગણાય અને જ્યાં સમન્વય ન થતો હોય ત્યાં ડાહ્યા માણસનો શબ્દ પણ 'અપ્રમાણ' છે. આમ સમન્વયનું આપણા વ્યવહાર (behaviour) માં બહુ મહત્ત્વ છે. જીવનના બધા જ તબક્કામાં તે જરૂરી છે.

આ ચાર બ્રહ્મસૂત્રોના વિષયોની છણાવટ શ્રી મહાપ્રભુજીએ અણુભાષ્યમાં કરી છે.

ષોડશગ્રંથોમાં સાધનની પ્રક્રિયા સમજાવવામાં આવી છે. આપણે શું કરવું- તે તેમાં બતાવવામાં આવ્યું છે. નિબંધના સર્વનિર્ણય પ્રકરણ અને અણુભાષ્યમાં મર્યાદા માર્ગીય સાધના બતાવવામાં આવી છે, જ્યારે ષોડશ ગ્રંથોમાં શ્રી વલ્લભાચાર્યે પોતાના અલગ અલગ સેવકોના પ્રશ્નોના સંદર્ભમાં પુષ્ટિમાર્ગીય સાધનાનો પ્રકાર સમજાવ્યો છે. અહીં કોઈ શાસ્ત્રપ્રમાણ તેમણે આપ્યું નથી, પરંતુ **'ઈતિ મે મતિ'** અથવા **'વલ્લભસ્ય વચનં'** ઇત્યાદિ કહી પોતાની વાતનું નિરૂપણ કર્યું છે, કારણ કે અહીં સાંભળનાર તેમનો પોતાનો શિષ્ય છે. આમ આ ગ્રંથો 'સાધનાત્મક' છે, સિવાય કે યમુનાષ્ટક અને કૃષ્ણાશ્રય- જેને ફલાત્મક ગ્રંથ કહેવાય. સેવા કરતાં શ્રી ઠાકારજી સન્મુખ જે પદો ગવાય છે તે વાસ્તવમાં વ્રજભક્તોનો સંવાદ છે અને તેથી તે સ્વયં પણ ફલરૂપ છે.

શ્રી વલ્લભાચાર્યના ગ્રંથોનું વર્ગીકરણ

શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથ-સાહિત્યને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય. (૧) સ્વતંત્ર ગ્રંથો (૨) ભાષ્ય-ટીકા ગ્રંથો. તત્ત્વાર્થ-દીપ-નિબંધ, ષોડશ ગ્રંથો વગેરે તેમણે રચેલા સ્વતંત્ર ગ્રંથો છે, જ્યારે અણુભાષ્ય- સુબોધિની ઈત્યાદિ તેમના ભાષ્ય ગ્રંથો છે. શ્રી વલ્લભાચાર્ય સ્પષ્ટપણે કહે છે કે 'મેં કોઈ નવો સિદ્ધાંત રજૂ કર્યો નથી. મારો કોઈ વિચાર મૌલિક નથી. શ્રુતિ- સૂત્ર- ગીતા અને ભાગવતમાં જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે જ મને સ્વીકાર્ય છે અને તેનું જ મેં મારા ગ્રંથોમાં આલેખન કર્યું છે. આમ, શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું દર્શન અને પુષ્ટિભક્તિમાર્ગ શ્રી મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યના મૌલિક વિચારો નથી, પરંતુ વેદ આદિ શાસ્ત્રોમાં નિરૂપિત સિદ્ધાંતો જ છે.

શ્રી વલ્લભાચાર્યના દાર્શનિક સિદ્ધાંતોનો પાયો મુખ્યત્વે સાકાર બ્રહ્મવાદનો સિદ્ધાંત છે. બ્રહ્મવાદ શબ્દથી તેઓ એ બતાવે છે કે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પ્રક્રિયાની વ્યાખ્યા કેવળ બ્રહ્મના આધારે જ કરવી જોઈએ. પ્રકૃતિ, પરમાણુ, માયા અદષ્ટ, કર્મવાસના, અભાવ, કાલ, કર્મ, સ્વભાવ જેવા બ્રહ્મથી અલગ કોઈ પણ રૂપને વચમાં લાવવું જોઈએ નહીં. શ્રી મહાપ્રભુજીના વ્યાપક બ્રહ્મવાદી દષ્ટિકોણમાં આ બધાં જ તત્ત્વો બ્રહ્મનાં જ ભિન્ન ભિન્ન રૂપો છે. બ્રહ્મ આ સર્વ પદાર્થરૂપ છે અને છતાં બધાથી વિલક્ષણ પણ છે. બ્રહ્મવાદની સાથે સાકાર વિશેષણ લગાવી, શ્રી વલ્લભાચાર્ય બ્રહ્મના કૃષ્ણ સ્વરૂપની સ્પષ્ટતા કરે છે. વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્રમાં પ્રતિપાદિત બ્રહ્મ અને ગીતા તથા ભાગવતમાં પ્રતિપાદિત શ્રીકૃષ્ણ બે અલગ તત્ત્વ નથી, એક તત્ત્વ છે. માટે જ તેઓ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહે છે વેદમાં જેને બ્રહ્મ, સ્મૃતિમાં પરમાત્મા અને ભાગવતમાં ભગવાન કહ્યા છે તે એક જ તત્ત્વ છે. **'વેદાંતેચ્ સ્મૃતૌ બ્રહ્મલિંગં ભાગવતે તથા, બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે.'**

'તત્ત્વાર્થદીપનિબંધ'ના પ્રારંભમાં શ્રી વલ્લભાચાર્ય પોતાના બીજા અનેક ગ્રંથોને પ્રકટ કરવાનો ઉલ્લેખ કરે છે. શ્રી યોગીગોપેશ્વરજી 'અણુભાષ્ય પ્રકાશ રશ્મિ' નામની ટીકા લખી છે. તેઓ વલ્લભાચાર્યના સાહિત્યને નીચે પ્રમાણે ચાર વર્ગોમાં વિભાજિત કરે છે. (૧) આધિભૌતિક ગ્રંથ- અણુભાષ્ય, (૨) આધ્યાત્મિક ગ્રંથ- તત્ત્વાર્થદીપનિબંધ, (૩) આધિદૈવિક ગ્રંથ- સુબોધિની, (૪)

નિર્ગુણ ગ્રંથ- ષોડશ ગ્રંથ. આ વર્ગીકરણનો આધાર તેઓ આ ગ્રંથોના અંતે મૂકવામાં આવેલી 'ઈતિશ્રી'ને માને છે, કારણ કે શ્રી વલ્લભાર્યે ગ્રંથોના અંતે 'ઈતિશ્રી' વિવિધ રીતે રજૂ કરેલ છે. જેના દ્વારા તેની ભિન્ન ભિન્ન શૈલીઓને કારણે શ્રી વલ્લભાચાર્યે કયો ગ્રંથ કઈ ઉંમરે લખ્યો હશે તેનો સામાન્ય સંકેત મળી રહે છે. નિબંધની કારિકાઓના લેખનનો આરંભ સુબોધિની તથા અન્ય ષોડશ ગ્રંથોના લેખન પહેલાં થયો હોવો જોઈએ. તે જ રીતે 'નિબંધપ્રકાશ'નું લેખન ક્રમસેક્રમ સુબોધિનીની સાથે સાથે થયું હોવું જોઈએ એમ માની શકાય.

શ્રી વલ્લભાચાર્યના ગ્રંથોનું સહજ વર્ગીકરણ નીચે પ્રમાણે થઈ શકે :

શ્રી વલ્લભાચાર્ય રચિત સાહિત્ય

- (૧) તત્ત્વાર્થદીપ નિબંધ
- (૨) ભાષ્ય
- (૩) ભાગવત વ્યાખ્યા
- (૪) પ્રકરણ ગ્રંથ
- (૫) પ્રકીર્ણ ગ્રંથ

(૧) તત્ત્વાર્થદીપનિબંધ

- શાસ્ત્રાર્થ પ્રકરણ
- સર્વ નિર્ણય પ્રકરણ
- ભાગવતાર્થ પ્રકરણ

(૨) ભાષ્ય

- પૂર્વ મીમાંસાભાષ્ય
  - (ક) કારિકાત્મક અને
  - (ખ) ગદ્યાત્મક
- બ્રહ્મસૂત્ર ભાષ્ય
  - (ક) કારિકાત્મક અને
  - (ખ) ગદ્યાત્મક
- ગાયત્રી ભાષ્ય

(૩) ભાગવત વ્યાખ્યા

- સૂક્ષ્મ ટીકા
- સુબોધિની

(૪) પ્રકરણ ગ્રંથ

- ષોડશ ગ્રંથ યમુનાષ્ટકાદિ
- શિક્ષાશ્લોકી તથા પંચશ્લોકી



(ક) પુરુષોત્તમ સહસ્રનામ, ત્રિવિધનામાવલિ તથા કૃષ્ણપ્રેમામૃત,
(ખ) પરિવૃઢાષ્ટક, મધુરાષ્ટક, નંદકુમારાષ્ટક, ગિરિરાજધાર્યષ્ટક, શ્રી કૃષ્ણાષ્ટક શ્રી ગોપીજનવલ્લભાષ્ટક આદિ
(ગ) દશમસ્કંધાનુક્રમણિકા

શ્રી વલ્લભાચાર્ય માટે **'સાકાર બ્રહ્મવાદૈક સ્થાપકઃ'** એવું નામ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં તેમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથે પ્રકટ કર્યું છે. તેનાથી સ્પષ્ટ રીતે કહી શકાય કે તેમને 'સાકાર બ્રહ્મવાદ'નો મત સ્વીકાર્ય છે. શુદ્ધાદ્વૈતવાદ શબ્દનો પ્રયોગ શ્રી વલ્લભાચાર્યે પોતે સ્પષ્ટ રીતે કર્યાનો ઉલ્લેખ તેમના ગ્રંથોમાંથી મળતો નથી. સાકાર બ્રહ્મવાદ શબ્દમાં 'સાકાર' વિશેષણ અપ્રાકૃત દિવ્ય આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન છે એ અર્થમાં વપરાયેલું છે. તેમાં વપરાયેલ 'બ્રહ્મ' શબ્દ વિશેષ્ય છે, જેનો અભિપ્રાય એમ છે કે જગતનું અભિન્ન નિમિત્ત અને ઉપાદાન કારણ આત્મરમણશીલ કેવળ બ્રહ્મ જ છે. સાકાર બ્રહ્મવાદના પ્રતિપાદક તરીકે શ્રી વલ્લભાચાર્યે કૃષ્ણભક્તિ ઉપર સર્વથી અધિક ભાર મૂક્યો છે. નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં શ્રી વલ્લભાચાર્યે આ બાબતનું સ્પષ્ટીકરણ આપ્યું છે કે ભક્તિના બે મહત્ત્વના અંશ બતાવ્યા છે. પ્રથમ અંશ 'માહાત્મ્ય જ્ઞાન' છે, બીજો અંશ 'સુદૃઢ સર્વતોધિક સ્નેહ' છે. જ્યારે આપણે જે દેવને આપણા આત્માના રૂપે જાણવા કે માનવા લાગીએ ત્યારે તેમનામાં ભાવ ઉત્પન્ન થાય છે. આમાં અધિકારભેદથી માર્ગભેદ અને ફળભેદ જુદાં જુદાં શાસ્ત્રોમાં જોવા મળે છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ભક્તિની સરખામણીમાં અન્ય સર્વ સાધનોને ગૌણ ગણ્યાં છે. છતાં જ્યાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી તેને ધ્યાનમાં રાખીને વેદ વગેરે શાસ્ત્રો દ્વારા બતાવેલા ધર્મોનો ત્યાગ

કરવાની વાત તેમણે કહી નથી. વર્ણાશ્રમ વગેરે ધર્મ જે તે અધિકારીઓ માટે છે, જ્યારે ભક્તિ અને શરણ સર્વને માટે છે. શ્રી વલ્લભાચાર્યના સૈદ્ધાંતિક ચિંતનો આપણને તેમના વિવિધ ગ્રંથોમાં જોવા મળે છે. હવે આપણે તેમના ગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.

(૧) 'તત્ત્વાર્થદીપનિબંધ':

શ્રી વલ્લભાચાર્યએં રચેલો આ સ્વતંત્ર ગ્રંથ છે. જેમાં તેમણે સ્વીકારેલા પ્રમાણોના આધારે પોતે પ્રતિપાદિત સિદ્ધાંતોની સ્પષ્ટતા કરી છે. તેમાં ત્રણ પ્રકરણ છે. (૧) **શાસ્ત્રાર્થ પ્રકરણ**, (૨) **સર્વનિર્ણય પ્રકરણ**, (૩) **ભાગવતાર્થ પ્રકરણ**.

આપણે જાણીએ છીએ કે જે સાધન દ્વારા કોઈ વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય તેને 'પ્રમાણ' કહેવાય. ન્યાયશાસ્ત્ર આના મુખ્યત્ત્વે ત્રણ પ્રકાર- (૧) પ્રત્યક્ષ, (૨) અનુમાન, (૩) શબ્દપ્રમાણ અને તદુપરાંત અન્ય ત્રણ- (૪) ઉપમાન, (૫) અર્થાપત્તિ અને (૬) અનુપલબ્ધિ બતાવ્યા છે. આ પ્રમાણોના આધારે જ્ઞેય- એટલે કે જાણવા લાયક વસ્તુનું જ્ઞાન આપણને થાય છે. આથી જાણવા લાયક વસ્તુ અથવા બાબતને 'પ્રમેય' કહેવાય છે. પ્રમેય વિશેનું જે જ્ઞાન છે તેને 'પ્રમા' કહેવામાં આવે છે. અને જે જ્ઞાન પ્રાપ્ત કરે છે તેને 'પ્રમાતા' કહેવાય છે. આમ પ્રમાણ, પ્રમેય, પ્રમા અને પ્રમાતા એ શબ્દોના સંદર્ભ સારી રીતે જાણી લેવા આવશ્યક છે. તે જ મુજબ- જ્ઞેય- જ્ઞાન અને જ્ઞાતા શબ્દો વિશેનો પણ સ્પષ્ટ ખ્યાલ આપણા મનમાં હોવો જરૂરી છે.

ઉપરોક્ત પ્રમાણોમાં જ્યારે બ્રહ્મ એટલે કે ભગવાન વિશેનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય છે. શબ્દપ્રમાણ સિવાયના અન્ય પ્રમાણો કારગત નીવડી શકતા નથી. બ્રહ્મ છે કે નહીં તે બુદ્ધિથી સિદ્ધ કરી શકાય નહીં. તેને તર્ક દ્વારા પણ સિદ્ધ કરી શકાય નહીં. સર્વ બાબતોને તર્કના માધ્યમથી પુરવાર કરવું શક્ય ન હોઈ શકે. કોઈ કહે ભગવાન છે તે પુરવાર કરો. તો પ્રશ્ન થાય કે શું પુરવાર કરવાનું- અથવા શું કરવાથી તે પુરવાર કરી શકાય? કોઈ જવાબ આપે કે રેશનલી બોલો અથવા બુદ્ધિમાં ઉતારો તો તરત પ્રશ્ન થાય છે બુદ્ધિમાં ઉતારવાનો અર્થ શું? આમ ભગવાન વિશેનું જ્ઞાન બુદ્ધિથી પર છે, તે તર્ક દ્વારા પણ સમજી શકાય તેમ નથી. માટે શ્રી વલ્લભાચાર્યજી વેદાદિ પ્રમાણો-

શબ્દપ્રમાણનો સ્વીકાર કરવાનો આગ્રહ રાખે છે. આ બાબતોની છણાવટ શ્રી વલ્લભાચાર્યજીએ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં કરી છે અને જેને વિશે જાણવું છે, તે 'પ્રમેય' ભગવાન છે, જેનું વર્ણન વેદોમાં કરવામાં આવ્યું છે. આ પ્રમેય કોઈ લૌકિક વસ્તુ જેવું નથી જેને જોઈ શકાય અથવા સમજી શકાય અને તેથી જ શ્રી વલ્લભાચાર્યજી 'શબ્દપ્રમાણ'ની ઉપયુક્તતા વિશેનો વિસ્તાર પોતાના આ ગ્રંથમાં કરે છે. તેમણે ચાર પ્રમાણો- વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો અને ભાગવતને સ્વીકાર્યાં છે અને વેદ- ઉપનિષદોમાં જે વિરોધાભાસી વચનો છે તેની સ્પષ્ટતા કરવા સમજાવે છે. વેદોનાં વાક્યોના સંશયનું નિરાકરણ ઉત્તરોત્તર ગીતા, બ્રહ્મસૂત્ર અને ભાગવતમાંથી મળી રહે છે. આ ચારેય શાસ્ત્રોની એકવાક્યતાને પ્રમાણ ગણવું એ વિશે તેમણે સ્પષ્ટતા કરી છે. વ્યાસજી આ ચારેય ગ્રંથોના સંકલન કરનાર રચયિતા છે. તેઓ ભગવાનના જ્ઞાનાવતાર- અંશાવતાર છે. તેમને સર્વપ્રથમ વેદોને સંકલિત કરેલા છે. વેદ-ઉપનિષદના જ્ઞાનને સ્પષ્ટ કરવા બ્રહ્મસૂત્રોની રચના કરી છે અને પોતે સમાધિમાં અનુભૂત કરેલ ભગવદ્ લીલાઓનું આલેખન ભાગવત પુરાણમાં કર્યું છે. શ્રી વલ્લભાચાર્ય સ્પષ્ટતા કરે છે કે ભાગવતમાં સમાધિભાષાનું આલેખન છે તેને પ્રમાણરૂપ સ્વીકારી શકાય, તેમાં આવતી 'લોકભાષા' જેમાં દેવાસુરસંગ્રામ ઈત્યાદિની કથા આવે છે અથવા 'પરમત ભાષા' જે અન્ય દ્વારા કહેવાયેલ વાતો હોય તે પ્રમાણરૂપ ગણી શકાય નહીં. માટે જ તેઓ 'સમાધિભાષા વ્યાસસ્ય' એવો ઉલ્લેખ શાસ્ત્રાર્થ પ્રકરણમાં કરે છે.

સમાધિ એટલે નિદ્રાવિહીન નિદ્રા (Sleepless sleep) અથવા નિદ્રાવિહીન મનની અવસ્થા (Sleepless state of mind). આવી નિદ્રાનું આધ્યાત્મિક મૂલ્ય (Spiritual Value) છે. અહીં નિદ્રા એ ધ્યેય (Goal) નથી પરંતુ આ નિદ્રામાં કેટલાંક સત્યો છતાં થાય છે. (In sleep certain truths are revealed).

ચાર વેદ ઉપરાંત ઉપવેદો છે, વેદાંગ- વ્યાકરણ ઈત્યાદિ છે. તદુપરાંત સ્મૃતિ, રામાયણ, મહાભારત, અઢાર પુરાણો, અઢાર ઉપપુરાણો વગેરે સમગ્ર શાસ્ત્રોમાંથી એકવાક્યતા સિદ્ધ થાય તેને શ્રી વલ્લભાચાર્યજી પ્રમાણરૂપ સ્વીકારે છે.

વેદના વિભાગોમાં મંત્ર અને બ્રાહ્મણ આવેલા છે અને પ્રત્યેક બ્રાહ્મણનું

આરણ્યક અને ઉપનિષદ એમ બે વિભાગ છે. પ્રથમ 'પૂર્વકાંડ' (મંત્ર અને બ્રાહ્મણ) અને બીજું આરણ્યક- ઉપનિષદ એ 'ઉત્તરકાંડ' કહેવાય છે. શ્રી વલ્લભાચાર્યજી સમગ્ર વેદને પ્રમાણરૂપ માને છે માટે તેઓ બન્નેનો- સંહિતા (મંત્ર) અને ઉપનિષદ (વેદાંત)નો સ્વીકાર કરે છે અને તેથી જ પૂર્વકાંડ ઉપરનાં જૈમિની સૂત્રો ઉપર પણ ભાષ્યની રચના કરી છે, તો વેદાંતના ભાષ્ય મૂલસૂત્ર ઉપર પણ અણુભાષ્ય નામક ભાષ્ય રચ્યું છે. પૂર્વમીમાંસામાં ધર્મનિષ્ઠાની વાત કરી છે, જ્યારે ઉત્તરમીમાંસામાં 'જ્ઞાનનિષ્ઠા'ની ચર્ચા કરવામાં આવી છે.

તત્ત્વ એટલે જીવ, જગત અને ઈશ્વર. આ ત્રણેયનો અર્થ સમજવા માટે આ નિબંધ લખાયો છે. જેમ અંધકારને દૂર કરવા દીવાનો ઉપયોગ કરવામાં આવે છે અને તેના પરિણામે સાચી વસ્તુસ્થિતિ અનુભવી શકાય, તેમ આ નિબંધરૂપી દીવા વડે જીવ, જગત અને ઈશ્વરના સાચા સ્વરૂપને સમજી શકાય. માટે આ ગ્રંથનું નામ **'તત્ત્વાર્થદીપનિબંધ'** આપવામાં આવ્યું છે.

તેનું પહેલું પ્રકરણ 'શાસ્ત્રાર્થ પ્રકરણ' છે. શ્રી વલ્લભાચાર્યે શ્રી ભગવદ્‌ગીતા ઉપર સ્વતંત્ર ટીકા લખી નથી, પરંતુ આ પ્રકરણમાં શ્રી ગીતાજીનું તત્ત્વજ્ઞાન સવિસ્તાર સમજાવ્યું છે. બીજું પ્રકરણ 'સર્વનિર્ણય પ્રકરણ' છે. સનાતન વેદ ધર્મનાં વિવિધ શાસ્ત્રો વલ્લભાચાર્યે સ્વીકાર્યાં છે. તેમાં જોવા મળતો વિરોધાભાસ સાચો વિરોધ નથી, પરંતુ પરસ્પરને પૂરક છે અને એકબીજાનો સમન્વય કરનાર છે એવો વલ્લભાચાર્યનો દૃઢ મત છે. તેથી ઈશ્વરપ્રાપ્તિ માટેનાં વિવિધ શાસ્ત્રોએ બતાવેલા સિદ્ધાંતો અને તેની સાધનાના પ્રકારો બતાવીને સૌથી સરળ ભક્તિમાર્ગનું સ્વરૂપ કેવું હોય તે આ પ્રકરણમાં સમજાવ્યું છે. ભક્તિમાર્ગથી પ્રભુની પ્રાપ્તિ કેવી રીતે કરી શકાય, તેનાં સાધન અને ફળ કયાં હોય તે સમજાવવા માટે આ પ્રકરણમાં **પ્રમાણ, પ્રમેય, સાધન** અને **ફળ** એવાં ચાર ઉપ-પ્રકરણો આપે આપ્યાં છે. વૈષ્ણવોએ પ્રેમલક્ષણાભક્તિ કરતાં કરતાં કેવી રીતે જીવન જીવવું જોઈએ એનો સુંદર ઉપદેશ આ પ્રકરણમાં આપવામાં આવ્યો છે.

આ નિબંધનું ત્રીજું પ્રકરણ ભાગવતાર્થ પ્રકરણ છે. તેમાં શ્રી વલ્લભાચાર્યે શ્રીમદ્‌ભાગવતના ચાર રીતે અર્થ કર્યા છે- શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ અને અધ્યાય. વેદ, બ્રહ્મસૂત્રો, ઉપનિષદો, ગીતા અને ભાગવતના સર્વ સિદ્ધાંતોનું દોહન કરીને

શ્રી વલ્લભાચાર્યે ભક્તિમાર્ગના સિદ્ધાંતો અને સાધનાનું સુંદર સ્વરૂપ તેમના આ વિશિષ્ટ ગ્રંથ નિબંધમાં સમજાવ્યું છે.

આ આખો ગ્રંથ કારિકા સ્વરૂપે લખાયેલો છે. સામાન્ય મનુષ્યને તે સમજવો મુશ્કેલ છે. વિદ્વાનને પણ પોતાની બુદ્ધિથી સમજાય તેવો નથી. તેથી પોતાની વાતને વધુ સરળ અને સ્પષ્ટ બનાવવા વલ્લભાચાર્યે પોતે આ ગ્રંથ પર **'પ્રકાશ'** નામની ટીકા લખી છે, જે **'નિબંધ પ્રકાશ'**ના નામે પ્રસિદ્ધ છે.

આ ગ્રંથ ઉપર શ્રી વલ્લભાચાર્યના વંશજ અન્ય ગોસ્વામી આચાર્યો અને વિદ્વાનોની પણ ટીકાઓ લખાઈ છે, જેમાં ગો. શ્રી પુરુષોત્તમજીએ લખેલી **'આવરણભંગ'** નામની ટીકા છે. ગો. શ્રી કલ્યાણરાયજીની **'ટિપ્પણી'** નામની ટીકા છે. શ્રી લાલુભટ્ટજીની **'યોજના'** નામની ટીકા છે અને પંડિત ગટ્ટુલાલજીની **'સત્-સ્નેહભાજન'** નામની ટીકા છે, જે અપૂર્ણ છે. આ ગ્રંથના હિંદી અને ગુજરાતી અનુવાદો પણ થયેલા છે. વલ્લભાચાર્યના સિદ્ધાંતને સમજવા ઇચ્છનાર સૌ કોઈએ અનુવાદની મદદથી આ ગ્રંથનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ.

(૨) 'અણુભાષ્ય' :

આ ગ્રંથ 'બ્રહ્મસૂત્રભાષ્ય' પણ કહેવાય છે. શ્રી વલ્લભાચાર્યને વેદાદિ શાસ્ત્રોના અભ્યાસથી સમજાયું કે વેદવ્યાસજીરચિત 'બ્રહ્મસૂત્રો'ના સુસંગત અર્થની રજુઆત આવશ્યક છે.

તે સમયમાં એક એવી પ્રણાલિકા હતી કે જે કોઈ મહાનુભાવ પોતાના વેદાંત સંપ્રદાયનું પ્રવર્તન કરવા ઇચ્છતા હોય તેઓ વેદવ્યાસજી રચિત બ્રહ્મસૂત્રો પર ભાષ્ય લખીને પોતાનું અર્થઘટન રજૂ કરે. તેમના એ તત્ત્વજ્ઞાનના પાયા પર તેમના સંપ્રદાયનું પ્રવર્તન થાય. બ્રહ્મસૂત્રો પર ભાષ્ય લખનારને **'આચાર્ય'** પદવીથી વિભૂષિત કરવામાં આવતા. બ્રહ્મસૂત્રો પર ભાષ્ય લખનાર શ્રી શંકર, શાંકર મતના આચાર્ય બન્યા. તેમણે પોતાના ભાષ્ય જે 'શારીરિક ભાષ્ય' તરીકે પ્રસિદ્ધ થયું. તેના આધારે કેવલાદ્વૈત સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું. શ્રી નિમ્બાર્ક, શ્રી મધ્વ અને શ્રી રામાનુજ વૈષ્ણવ આચાર્યો થયા. તેમણે પણ બ્રહ્મસૂત્રો પર પોતપોતાનાં ભાષ્ય લખ્યાં. શ્રી રામાનુજનો મત 'વિશિષ્ટાદ્વૈત' તરીકે પ્રચલિત થયો. તેમનું ભાષ્ય 'શ્રી ભાષ્ય' તરીકે શ્રી મધ્વાચાર્યનું પ્રજ્ઞપૂર્ણ તરીકે અને

શ્રી નિમ્બાર્કાચાર્યનું પારિજાત સૌરભ તરીકે પ્રસિદ્ધિ પામ્યું. આ ચાર આચાર્યો પછી બ્રહ્મસૂત્ર પર ભાષ્ય લખનાર પાંચમા અને અંતિમ આચાર્ય શ્રી વલ્લભાચાર્ય હતા. તેમણે વેદ, ઉપનિષદ અને બ્રહ્મસૂત્રોમાં બતાવેલા બ્રહ્મવાદને તેના મૂળ સ્વરૂપમાં પ્રતિપાદિત કરવા માટે ભાષ્યની રચના કરી અને તેના દ્વારા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો સિદ્ધાંત જગત સામે મૂક્યો. શ્રી વલ્લભાચાર્યે પોતાના સિદ્ધાંત માટે 'સાકાર બ્રહ્મવાદ' શબ્દનો વિશેષ પ્રયોગ કર્યો છે, જેને પાછળથી 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' તરીકે ઓળખવામાં આવ્યો.

શ્રી વલ્લભાચાર્યના પોતાના હસ્તાક્ષરમાં લખેલ ભાષ્યના પાના ઉપર અણુભાષ્ય નામ લખેલો છે. (ગો.શ્રી શ્યામમનોહરજી દ્વારા છપાયેલ અણુભાષ્ય ખંડ ૪)

'અણુભાષ્ય' નામ માટે બે ખુલાસાઓ પ્રચલિત છે. (૧) શ્રી વલ્લભાચાર્યે બ્રહ્મસૂત્રો પર બે ટીકાઓ લખી હોવી જોઈએ. એક બૃહદ્ ટીકા અને બીજી લઘુ ટીકા. લઘુ ટીકાને માટે 'અણુભાષ્ય' શબ્દનો પ્રયોગ થયો હોવો જોઈએ. (૨) જીવ બ્રહ્મનો અંશ છે એ સિદ્ધાંત શ્રી વલ્લભાચાર્યે પોતાના ભાષ્યમાં પ્રતિપાદિત કર્યો હોવાથી અણુ જેવા જીવનું જેમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે 'અણુભાષ્ય'. આ ઉપરાંત એક ત્રીજો વિચાર પણ પ્રચલિત બન્યો છે. આ ભાષ્યમાં શ્રી વલ્લભાચાર્યે બ્રહ્મસૂત્રોનો અર્થ સૂત્રાત્મક શૈલીમાં અતિ સંક્ષિપ્તમાં રજૂ કર્યો છે. તેથી પણ તેને 'અણુભાષ્ય' કહેવાયું હોય.

આ ગ્રંથમાં સૂત્ર ૩-૨-૩ સુધીની રચના શ્રી વલ્લભાચાર્યની છે, જ્યારે બાકીનો ભાગ તેમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથે પૂરો કર્યો છે. આનાં બે કારણ માનવામાં આવે છે. પહેલું કારણ એમ મનાય છે કે શ્રી વલ્લભાચાર્યે સંપૂર્ણ ભાષ્ય રચ્યું હશે, પરંતુ સંપૂર્ણપણે પ્રાપ્ત ન થવાથી તેમના પુત્ર વિઠ્ઠલનાથે બાકી રહેલ સૂત્રો પર ટીકા રચીને ભાષ્ય પૂરું કર્યું.

બીજી માન્યતા એવી પણ છે કે શ્રી વલ્લભાચાર્યને નિત્યલીલામાં પાછા પધારવા બબ્બે વખત ભગવદ્આજ્ઞા થવાથી કેટલાક ગ્રંથો અપૂર્ણ રહી ગયેલા. આ ભાષ્ય પણ આ રીતે અપૂર્ણ રહી ગયું હશે, જે શ્રી ગુસાંઈજીએ પૂર્ણ કર્યું. આમ બ્રહ્મસૂત્રો પર ભાષ્ય રચનારા શ્રી વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથ બન્ને 'આચાર્ય' પદવીથી વિભૂષિત થયા.

આ ગ્રંથ પર વિવિધ ગોસ્વામી આચાર્યો અને વિદ્વાનો દ્વારા લખાયેલી ૧૪ જેટલી ટીકાઓ પ્રાપ્ય છે. તેમ જ તેના ગુજરાતી, હિંદી અને અંગ્રેજી અનુવાદો પણ થયા છે.

અણુભાષ્યની રૂપરેખા (Outline of Anubhasya)

શ્રી વલ્લભાચાર્યજીના મત પ્રમાણે બ્રહ્મસૂત્રો ૫૫૪ છે જેના ઉપર તેમણે ભાષ્ય લખ્યું છે. આ સૂત્રોને તેમણે તેમાં નિર્દિષ્ટ વિષયવસ્તુના આધારે ચાર વિભાગમાં વહેંચી દીધાં છે, જે પ્રત્યેકને 'અધ્યાય' કહેવાય છે. એ પ્રત્યેક અધ્યાયમાં ચાર પેટા વિભાગ છે જેને 'પદ' કહેવામાં આવે છે. પ્રત્યેક 'પદ'ને પાછું અધિકરણોમાં વિભાજિત કરવામાં આવેલ છે. આ અધિકરણોમાં સમાવિષ્ટ સૂત્રોની સંખ્યા એકસરખી નથી, પરંતુ અસમાન (Unexual) છે.

અણુભાષ્યની રચના પદ્ધતિ (Approach)

સામાન્યતઃ ભારતીય તત્ત્વજ્ઞાન (Indian Philosophy) માટે એવો આક્ષેપ કરવામાં આવે છે કે તે વિવેકપૂર્ણ (Rational) નથી, સુદૃઢ પાયાયુક્ત (Not well founded) અથવા તેમાં વિશ્લેષણાત્મક ચિંતન નથી (Non Analytical). પરંતુ આ તથ્ય સાચું નથી. શાસ્ત્રની ચર્ચામાં તર્કબદ્ધ અને ક્રમબદ્ધ અભિગમ શ્રી વલ્લભાચાર્યજીએ અણુભાષ્યની રચનામાં અપનાવ્યો છે. જ્યારે કોઈ મુદ્દાની ચર્ચા કરવામાં આવે ત્યારે મૂળ વિષયની ચર્ચા કરતાં જે મુદ્દા ઊઠે તેની એક અલગ પ્રકરણમાં ચર્ચા કરવામાં આવે અને તેમ પ્રત્યેક પેટા મુદ્દાઓની પણ વિસ્તૃત છણાવટ કરી તેના પ્રત્યેક પાસાનો પ્રમાણસહ વિચાર કરી તે સ્પષ્ટ કરવામાં આવે અને તે રીતે તે વિષયનો સંપૂર્ણપણે ખુલાસો આપવામાં આવે. તે પ્રકારની પદ્ધતિ શ્રી વલ્લભાચાર્યજીએ અણુભાષ્યની રચનામાં અપનાવી છે.

શાસ્ત્રાર્થ પદ્ધતિનો અભિગમ નીચે મુજબના તબક્કાઓમાં અપનાવવામાં આવે છે:-

(૧) વિષય :- સર્વ પ્રથમ જે બાબત ઉપર વિચાર કરવાનો હોય તેની રજૂઆત સ્પષ્ટ પ્રમાણે કરવામાં આવે છે. (Laying down the subject matter)

(૨) વિશેષ (સંશય) :- ત્યાર પછી રજૂ થયેલ વિષય ઉપર વિરોધી પક્ષના

મતને અર્થાત્ તેના વિરોધની નોંધ લેવામાં આવે છે (Registering the opposition).

(૩) પૂર્વ પક્ષ :- હવે વિરોધ પક્ષનો જે દૃષ્ટિકોણ હોય (View points) તેની રજૂઆત કરવાની હોય છે એટલે કે જે વિચારની ચર્ચા કરવામાં આવી રહી છે તે વિશે વિરોધ પક્ષનો શું મત છે? તેની સ્પષ્ટતા કરવામાં આવે છે (Presentation of the subject from the opponents view point).

(૪) ઉત્તર પક્ષ :- ત્યાર પછી વિરોધ પક્ષના દૃષ્ટિકોણનો ઉચ્છેદ કરતી રજૂઆત કરવામાં આવે છે અને તે વિષય પોતાનો શું મત છે, તે બાબત સ્પષ્ટ કરવામાં આવે છે. (Refutation of opponents view point and representation of the authors point of view) આ માટે આ પ્રમાણોનો શાસ્ત્રોક્ત આધાર આવશ્યક હોય છે.

(૫) સંગતિ :- જે વિષયક લેખક દ્વારા દલીલ કરવામાં આવી હોય તેના ઉપનિષદ ઇત્યાદિ શાસ્ત્રોનાં આધારો, પ્રમાણોની રજૂઆત કરવામાં આવે છે કારણ કે ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દા સર્વસામાન્ય (Casual) અથવા આમ તેમ છૂટક છૂટક (Scattered Manners) કે માન્યતા પ્રમાણે ન હોઈ શકે.

આ પ્રકારની શાસ્ત્રાર્થ કરવાની પદ્ધતિ શ્રી વલ્લભાચાર્યજીએ અણુભાષ્યની રચનામાં અપનાવી છે. જેથી તેમણે કરેલ પ્રતિપાદન સ્પષ્ટ અને અર્થસંગત બની રહેલ છે.

અન્ય આચાર્યોએ પણ પોતપોતાના ભાષ્યની રચનામાં ઉપરોક્ત શાસ્ત્રાર્થ પદ્ધતિ અપનાવી છે.

અણુભાષ્યનો વિષય (Contents of Anubhashya)

અણુભાષ્ય ચાર અધ્યાયોમાં વહેંચાયેલું છે :-

(૧) પહેલો અધ્યાય- સમન્વય અધ્યાય- આને 'પ્રમાણ અધ્યાય' પણ કહેવામાં આવે છે. સમન્વય એટલે 'Reconcile', એકમેકને સાંકળી લેવું, સમગ્રપણે વિચારવું. આ અધ્યાયમાં શ્રી વલ્લભાચાર્યજી બતાવે છે કે વિવિધ શાસ્ત્રોમાં વ્યક્ત થયેલ વિચારોમાં સંવાદિતા, (Harmony) એકરૂપ, એકસૂર છે. ભગવાનનાં વિવિધ સંબોધનો અલગ અલગ શાસ્ત્રોમાં ઉચ્ચારવામાં આવ્યાં છે, જેને શ્રુતિમાં બ્રહ્મ કહ્યા છે, સ્મૃતિમાં પરમાત્મા કહ્યા છે, ભાગવતમાં

ભગવાન કહ્યા છે. ક્યાંક પરબ્રહ્મના નામે ઓળખાયા છે. તે સર્વ એકબીજાના પર્યાયવાચી શબ્દો છે. માટે ક્યાંય વિરોધાભાસ નથી. ઉપનિષદનાં વાક્યોથી તેમણે આ વાત સમજાવી છે.

આ અધ્યાયનું પ્રથમ સૂત્ર છે- 'અથાતોબ્રહ્મજિજ્ઞાસા' અહીં બ્રહ્મ વિશે જાણવાની જિજ્ઞાસા પ્રદર્શિત કરવામાં આવી છે. શું બ્રહ્મ વિશે જાણવું જરૂરી છે? વિવિધ શાસ્ત્ર વાક્યોનો સમન્વય કરી તેમણે બ્રહ્મના સ્વરૂપ વિશે- Nature of Brahman વિશેની છણાવટ કરી છે. આમ આ સમગ્ર અધ્યાયમાં સમન્વયાત્મક અભિગમ અપનાવ્યો હોવાથી તેને 'સમન્વય અધ્યાય' કહેવામાં આવ્યો છે.

(૨) બીજો અધ્યાય :- અવિરોધ અધ્યાય- આને 'પ્રમેય અધ્યાય' પણ કહેવામાં આવે છે, કારણ કે અહીં બ્રહ્મના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. વિવિધ શાસ્ત્રોમાં દર્શાવેલ વાક્યોમાં વાસ્તવમાં વિરોધ નથી એ બતાવવાનો પ્રયત્ન આ અધ્યાયમાં કરવામાં આવ્યો છે. મુખ્યત્વે બે બાબતોનું અહીં નિરૂપણ કરાયું છે. એક અન્ય વિચારધારાઓ, સાંખ્ય ઈત્યાદિમાં જે વિરોધી વિચારો પ્રગટ થયેલ છે અને બીજું પોતાના સિદ્ધાંત મુજબ તેને નકારવું અને સ્વ સિદ્ધાંતનું નિરૂપણ (Refutation of other view point and propounding his own stand or theory).

(૩) ત્રીજો અધ્યાય :- 'સાધન અધ્યાય' આ અધ્યાયમાં મુક્તિનાં વિવિધ સાધનોનું નિરૂપણ કરાયું છે. (Description and evaluation of various means of liberation).

(૪) ચોથો અધ્યાય :- 'ફલ અધ્યાય', આ અધ્યાયમાં અંતિમ ફલ, આખરી લક્ષપ્રાપ્તિ વિશે ચર્ચા કરવામાં આવી છે. (Find goal or the fruits of knowledge is described in this chapter).

(૩) 'શ્રી સુબોધિની' :

શ્રી વલ્લભાચાર્યે ત્રણ શાસ્ત્રો- વેદ, બ્રહ્મસૂત્ર અને ગીતા ઉપરાંત ભાગવતને પણ ચોથા પ્રમાણ તરીકે સ્વીકાર્યું હતું. જેના સંદર્ભમાં તેમણે સમજાવ્યું હતું કે વેદ પાયામાં છે. વેદનો અર્થ ન સમજાય તો બ્રહ્મસૂત્રોની મદદ લેવી. બ્રહ્મસૂત્રોથી પણ અર્થ ન સમજાય તો ગીતાની મદદ લેવી. તેમ છતાં ન સમજાય

તો ભાગવતની મદદ લેવી. કારણ કે ભાગવતને વેદરૂપી કલ્પવૃક્ષનું રસસભર પાકેલું ફળ કહેવામાં આવેલ છે. ભાગવત પ્રભુનું નામાત્મક સ્વરૂપ હોઈને તે ફળરૂપ છે. વલ્લભાચાર્યે ભાગવતનો અર્થ સાત પ્રકારે સમજાવવાનો નિશ્ચય કર્યો હતો, જે પૈકીના ચાર અર્થ શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થને આપણે અગાઉ જોઈ ગયા તેમ નિબંધના ભાગવતાર્થ પ્રકરણમાં તેમણે સમજાવ્યા. બાકીના ત્રણ પ્રકારના અર્થ વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ સમજાવવા માટે તેમણે શ્રી ભાગવત પર 'સુબોધિની' નામની ટીકા રચી. તેમાં ભાગવતના અઢાર હજાર શ્લોકો પૈકી પ્રત્યેક શ્લોકનો અર્થ, શ્લોકના દરેક શબ્દનો અર્થ અને શબ્દના દરેક અક્ષરનો અર્થ તેમણે પ્રગટ કર્યો છે. શ્રી ભાગવત પર આજ સુધીમાં અનેક ટીકાઓ લખાઈ છે. તેમાં 'સુબોધિની'નું આગવું સ્થાન છે.

આ ગ્રંથમાં આપે નિજ સિદ્ધાંતોનું હાર્દ સ્થાપિત કર્યું છે. 'સુબોધિની'ની રચના શ્રી વલ્લભાચાર્યજીના જીવનનું સર્વાધિક મહત્ત્વપૂર્ણ કાર્ય એટલા માટે હતું કે શ્રીમદ્ ભાગવતના ગુઢ અર્થને પ્રકટ કરવા જ તેમના ભૂતલ ઉપર પધારવાનો હેતુ હતો. આ રહસ્યનો ઘટસ્ફોટ તેમણે ભાગવત ટીકાના પ્રારંભમાં જ કરતાં કહ્યું કે-

'અર્થં તસ્ય વિવેચિતું નહિ વૈભુવૈશ્વાનરાદ્વાક્યતે-
રન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવત્ શ્રીપતિઃ ।
દત્વાજ્ઞાં ચ કૃપાવલોકન પટુર્યસ્માદતોઽહં મુદા
ગુઢાર્થં પ્રકટી કરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ॥

અર્થાત્- 'શ્રીમદ્ ભાગવત શાસ્ત્રના અર્થનું વિવેચન કરવા માટે વાણીપતિ-વૈશ્વાનર (અગ્નિ) સિવાય બીજું કોઈ સમર્થ નથી. માટે કૃપાદૃષ્ટિ કરવામાં નિપુણ ભગવાન શ્રીપતિએ મને વ્યાસજીની જેમ મનુષ્ય દેહ ધારણ કરાવી ભાગવતના અર્થનું વિવેચન કરવા માટે આજ્ઞા આપી. તદનુસાર મેં વ્યાસજી અને વિષ્ણુને પ્રિય ગૂઢ અર્થને પ્રસન્નતાપૂર્વક અનેક પ્રકારે પ્રકટ કરું છું.'

શ્રી વલ્લભાચાર્યની પહેલાં અનેક તત્ત્વવેત્તાઓ અને વિભિન્ન સાંપ્રદાયોના વિદ્વાનોએ ભાગવતની ટીકાઓ લખી હતી. તેમણે તે સર્વ ટીકાકારોનાં મંતવ્યોનું અધ્યયન કરી પોતાની ટીકામાં તેનો યથા-અવસર ઉલ્લેખ કરી પોતાના મતની

સમાલોચના આ ગ્રંથમાં કરી છે. તેમાં તેમણે ભાગવતની મૌલિક અને પ્રમાણિક ટીકા પ્રસ્તુત કરી છે.

શ્રી વલ્લભાચાર્ય સંપૂર્ણ ભાગવત પર પોતાની ટીકા પૂર્ણ કરી શક્યા નહીં. તેમણે પ્રથમ અને દ્વિતીય સ્કંધ પર વિસ્તૃત ટીકા લખી. ત્યાર પછી ત્રીજા સ્કંધ પર પણ વિસ્તૃત ટીકા લખતાં તેમને સ્વધામ પધારવા ભગવદાજ્ઞા થઈ તેથી ચોથા સ્કંધથી નવમા સ્કંધને રહેવા દઈ તેમણે દસમો સ્કંધ, કે જે ભગવાનની નિરોધલીલા છે, તેને પૂર્ણ કર્યો. તે પછી અગિયારમો સ્કંધ જે 'મુક્તિલીલા' છે, તેના ચાર અધ્યાયોની ટીકા લખતાં ત્રીજી ભગવદ્ આજ્ઞા થઈ એટલે તેને શિરોધાર્ય કરી આ કાર્ય આટોપી લઈ પોતે ભક્તિમાર્ગીય સંન્યાસ લઈ લીધો. આમ સુબોધિની રૂપે પ્રથમ ત્રણ અને દસમા સ્કંધની જ ટીકા આપણને પ્રાપ્ત થઈ છે.

આ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યે અન્ય ટીકાકારોના સિદ્ધાંત સાથે પોતાના સિદ્ધાંતની વિગતવાર સરખામણી કરી છે. દશમા સ્કંધમાં ભગવલ્લીલાનું વર્ણન કરતાં જાણે તે લીલાઓનો સાક્ષાત્ અનુભવ થઈ રહ્યો હોય એવા પૂરેપૂરા ભાવ અને પ્રેમથી તેનું નિરૂપણ કર્યું છે.

આ ગ્રંથ પર પાંચ જેટલી ટીકાઓ પ્રસિદ્ધ છે; જેમાં શ્રી ગુસાંઈજી વિરચિત ટિપ્પણી, શ્રી પુરુષોત્તમજી વિરચિત **'પ્રકાશ'**, ગો. શ્રી વલ્લભજી વિરચિત **'લેખ'** શ્રી લાલુ ભટ્ટ વિરચિત **'યોજના'** અને શ્રી નિર્ભયરામ ભટ્ટજી વિરચિત **'કારિકા'** વિવરણ મુખ્ય છે. આ ઉપરાંત શ્રી હરિરાયજીએ કેટલાક અંશ પર વિશેષ ટિપ્પણ રચ્યાં છે.

(૪) 'જૈમિની સૂત્ર ભાષ્ય' :

વેદોને બે ભાગમાં વહેંચવામાં આવેલા છે; પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા. પૂર્વમીમાંસાના સિદ્ધાંતો ઉપર શ્રી જૈમિની મુનિએ જૈમિનીસૂત્ર નામનો ગ્રંથ રચેલો છે, જ્યારે ઉત્તરમીમાંસા ઉપર શ્રી વ્યાસજીએ બ્રહ્મસૂત્રોની રચના કરી છે. જેમ વલ્લભાચાર્યે બ્રહ્મસૂત્રો પર અણુભાષ્ય રચ્યું તેમ જૈમિની સૂત્રો ઉપર પણ તેમણે 'ભાષ્ય'ની રચના કરી છે.

આ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યે જૈમિની મુનિનાં સૂત્રોનો સાચો અર્થ રજૂ કર્યો છે. તેમાં ભાવાર્થ પાદ સુધીની ટીકા આજે પ્રાપ્ત છે. ત્યાર પછીનો ગ્રંથ અપ્રાપ્ય

છે. આ ગ્રંથ પર ગો. શ્રી પુરુષોત્તમજીની ટીકા ઉપલબ્ધ છે.

(૫) 'પત્રાવલંબન' :

શ્રી વલ્લભાચાર્ય ત્રણ ભારતયાત્રા પૂર્ણ કરી, કાશીમાં સ્થિરનિવાસ કરી, ગ્રંથલેખન કરતા હતા તે સમયે ઘણા પંડિતો તેમની પાસે શાસ્ત્રચર્ચા કરવા આવતા. તેમાં તેમનો ઘણો સમય વ્યતીત થતો. તેથી તે સર્વ પંડિતોને જવાબ આપવા માટે તેમના દ્વારા ઉઠાવવામાં આવતા મુદ્દાઓની ચર્ચા કરી, વલ્લભાચાર્યે એક પત્રમાં પોતાના સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા અને તેમણે પોતાના સેવક કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કે: 'આ પત્ર શ્રી કાશીવિશ્વનાથ મહાદેવજીના મંદિરના દ્વાર પર ચોંટાડો.' તેમાં ૩૯$^{૧}/_{૨}$ શ્લોકો છે અને બાકીની ગદ્ય-રચના છે. ત્યાં આ ગ્રંથ ચોંટાડવામાં આવ્યો. તે વાંચીને સૌ પંડિતો નિરુત્તર થઈ ગયા. પત્રના માધ્યમથી પોતાના સિદ્ધાંતો આ ગ્રંથમાં સ્પષ્ટ કર્યા હોવાથી તેને **'પત્રાવલંબન'** એવું નામ આપવામાં આવેલું છે.

આ ગ્રંથ પર ગો. શ્રી પુરુષોત્તમજી, શ્રી હરિરાયજી, શ્રી ગિરિધરજી અને શ્રી બાલકૃષ્ણજીની ટીકાઓ વિદ્યમાન છે.

(૬) 'ષોડશ ગ્રંથ' :

શ્રી વલ્લભાચાર્યે પોતાના સેવકોના પ્રશ્નોના ઉત્તર રૂપે મુખ્યત્વે રચાયેલા નાના નાના ગ્રંથોનો આ સમૂહ છે. તેમની સંખ્યા ૧૬ની હોવાથી તે ષોડશ ગ્રંથ કહેવાય છે. જેમ અર્જુનના પ્રશ્નના જવાબમાં ભગવાને ગીતાની રચના કરી, તેમ સેવકોના પ્રશ્નોના જવાબમાં આ ગ્રંથ રચાયા હોવાથી ષોડશ ગ્રંથ **'શ્રી વલ્લભ ગીતા'**ના નામે પણ પ્રચલિત છે. ષોડશ ગ્રંથ પૈકીના પ્રત્યેક ગ્રંથ પર ગોસ્વામી આચાર્યો અને અન્ય વિદ્વાનોની ઘણી ટીકાઓ છે. કેટલાક ગ્રંથો પર તો ૧૧ કે ૧૩ જેટલી ટીકાઓ પણ પ્રાપ્ય છે, જે આ ગ્રંથોનું મહત્ત્વ સિદ્ધ કરે છે. જીવન જીવવાનાં સિદ્ધાંત અને સાધનાનું નિરૂપણ આ ગ્રંથોમાં સુંદર રીતે કરવામાં આવ્યું છે.

ષોડશ ગ્રંથમાં નીચેના ૧૬ ગ્રંથોનો સમાવેશ થાય છે:

(૧) **શ્રી યમુનાષ્ટક** - તેમાં શ્રી યમુનાજીનાં સ્વરૂપ, ગુણ અને માહાત્મ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં નવ શ્લોકો છે. ષોડશ ગ્રંથ પૈકીનો આ પ્રથમ ગ્રંથ ષોડશ ગ્રંથના મંગલાચરણ રૂપે છે. (૨) **બાલબોધ** - આ ગ્રંથમાં ૧૯

શ્લોકો છે. તત્ત્વજ્ઞાનને સમજવા માગતા મનુષ્યોને પ્રભુપ્રાપ્તિના અન્ય માર્ગોની સરખામણીમાં પુષ્ટિ-ભક્તિમાર્ગની ઉત્તમતા આ ગ્રંથમાં બતાવવામાં આવી છે. (૩) **સિદ્ધાંત મુક્તાવલિ** - આ ગ્રંથમાં ૨૧ શ્લોકોમાં પુષ્ટિમાર્ગના મહત્ત્વના પાયારૂપ સિદ્ધાંતોનું નિરૂપણ છે. તેમાં પ્રભુનું સ્વરૂપ, સેવાનું સ્વરૂપ તથા સેવા દ્વારા પ્રભુની પ્રાપ્તિની વાત સમજાવી છે. (૪) **પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ** - આ ગ્રંથમાં ૨૫ શ્લોકો છે. આ ગ્રંથ અપૂર્ણ છે. તેમાં ત્રણ પ્રકારના જીવોનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. (૫) **સિદ્ધાંત રહસ્ય** - બ્રહ્મસંબંધની આજ્ઞા કેવી રીતે થઈ, બ્રહ્મસંબંધ પછી આપણું જીવન કેવું હોય તેનું નિરૂપણ આ ગ્રંથના સાડાઆઠ શ્લોકોમાં કરવામાં આવ્યું છે. (૬) **નવરત્ન** - નવરત્નો જેવા આ ગ્રંથના નવ શ્લોકોમાં પુષ્ટિપ્રભુને નિવેદિત થયેલ જીવે લૌકિક કે અલૌકિક કોઈ પણ પ્રકારની ચિંતા ન કરવાનો બોધ આપવામાં આવ્યો છે. ચિંતા દૂર કરવા માટે શ્રી અષ્ટાક્ષર મંત્રનો સતત જપ કરવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે. (૭) **અંતઃકરણપ્રબોધ** - આ ગ્રંથના દસ શ્લોકોમાં શ્રી મહાપ્રભુજી પોતાના મનને સંબોધે છે. બે વખત નિત્યલીલામાં પાછા ફરવા માટે થયેલી ભગવદ્ આજ્ઞા આપે સ્વીકારી ન હતી, તેથી આપ મનને આજ્ઞા કરે છે કે આપણા સ્વામી પ્રભુની ઈચ્છાને હંમેશાં માન આપવું જોઈએ. (૮) **વિવેકધૈર્યાશ્રય** - તેમાં કુલ ૧૭ શ્લોકો છે. વિવેક, ધૈર્ય અને આશ્રયનું સ્વરૂપ આ ગ્રંથમાં બતાવવામાં આવ્યું છે. (૯) **ચતુઃશ્લોકી** - આ નાનકડા ગ્રંથમાં ચાર શ્લોકો છે. તેમાં પુષ્ટિમાર્ગીય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થનું વર્ણન છે. (૧૦) **કૃષ્ણાશ્રય** - આ ગ્રંથમાં ૧૧ શ્લોકો છે. પૃથ્વી પર પ્રભુપ્રાપ્તિના અન્ય સર્વ માર્ગો કેવી રીતે નાશ પામ્યા છે, તીર્થોની સ્થિતિ કેવી છે, દેવોનું દેવત્વ કેવી રીતે તિરોહિત થયું છે, વિદ્વાનો અને મોટાઓનાં મન કેવાં બદલાયાં છે વગેરે સ્થિતિનું નિરૂપણ કરી, કેવળ શ્રીકૃષ્ણનો જ આશ્રય રાખવા માટે આ ગ્રંથમાં આજ્ઞા કરી છે. (૧૧) **ભક્તિવર્ધિની** - ભક્તિ વધારવાના ઉપાય અને ભક્તિનાં ત્રણ સોપાનો- પ્રેમ, આસક્તિ અને વ્યસન આ ગ્રંથના ૧૧ શ્લોકોમાં સમજાવવામાં આવ્યા છે. (૧૨) **જલભેદ** - આ ગ્રંથમાં વિવિધ પ્રકારના વક્તાઓનાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે. આ વક્તાઓની સરખામણી જુદા જુદા ૨૦ પ્રકારનાં જળ સાથે કરવામાં આવી છે. તે દ્વારા કયા વક્તાના મુખથી

કહેવાતી કથા સાંભળવી તે સમજાવવામાં આવ્યું છે. (૧૩) **પંચપદ્યાનિ** - નામ પ્રમાણે આ ગ્રંથમાં પાંચ શ્લોકો છે. તેમાં શ્રોતાઓનાં લક્ષણો બતાવી; ઉત્તમ, મધ્યમ અને હીન શ્રોતા કેવા હોય તે કહ્યું છે. (૧૪) **સંન્યાસ નિર્ણય** - ૨૨ શ્લોકોમાં ભક્તિમાર્ગીય સંન્યાસનું સ્વરૂપ સમજાવ્યું છે. કેવળ વેષ અને કેશ બદલવાથી સંન્યાસી બની જવાતું નથી. (૧૫) **નિરોધ લક્ષણ** - આ ગ્રંથના ૨૦ શ્લોકોમાં નિરોધનું સ્વરૂપ અને નિરોધસિદ્ધિનો માર્ગ બતાવવામાં આવ્યો છે. (૧૬) **સેવાફળ** - આ ગ્રંથમાં નવ શ્લોકો છે. તેમાં સેવાનાં ત્રણ ફળ અને સેવામાં આવતા ત્રણ પ્રકારના પ્રતિબંધો બતાવ્યા છે. આ ગ્રંથ પર શ્રી મહાપ્રભુજીએ પોતે **'સેવાફલવિવરણ'** નામની ટીકા પણ રચી છે.

આમ, આ ૧૬ ગ્રંથોમાં પુષ્ટિભક્તિસિદ્ધાંત અને તેની સાધના- પ્રણાલીનું ખૂબ સુંદર રીતે નિરૂપણ થયું છે. સોળે ગ્રંથનો સાર એક જ વાક્યમાં આપવો હોય તો એમ કહેવાય કે **'કૃષ્ણસેવા એ જ પુષ્ટિભક્તનું એકમાત્ર કર્તવ્ય છે.'**

આ ઉપરાંત શ્રી વલ્લભાચાર્યે રચેલા અન્ય પ્રકીર્ણ ગ્રંથો નીચે પ્રમાણે છે.

(૧) **શિક્ષાશ્લોકી** - શ્રી વલ્લભાચાર્યે આસુરવ્યામોહ લીલા કરી (સ્વધામ પધાર્યા) તે પૂર્વે પોતાના પરિવાર અને સેવકોને અંતિમ આજ્ઞા આપેલી આજ્ઞાનું આ ગ્રંથમાં નિરૂપણ થયું છે. તેમાં જીવન જીવવા માટેની શિક્ષા હોવાથી તે **'શિક્ષાશ્લોકી'** તરીકે પ્રસિદ્ધ છે. (૨) **મધુરાષ્ટક** - પવિત્રા એકાદશીની રાત્રિએ સાક્ષાત્ પ્રભુનાં દર્શન થતાં શ્રી વલ્લભાચાર્યે શ્રી ઠાકોરજીના મધુર સ્વરૂપનું નિરૂપણ કરી, તેમની સ્તુતિ કરેલી તે આ ગ્રંથ છે. (૩) **શ્રી ગિરિરાજધાર્યષ્ટક** - જ્યારે શ્રી ગિરિરાજજી ઉપર શ્રીનાથજીના મંદિરના નિર્માણનો મનોરથ કરવામાં આવ્યો ત્યારે નિર્માણકાર્ય શરૂ કરતાં પહેલાં શ્રી વલ્લભાચાર્યે શ્રી ગિરિરાજજીની સ્તુતિ કરી આજ્ઞા માગી હતી. આ ગ્રંથ દ્વારા તેમણે શ્રી ગિરિરાજજીની સ્તુતિ કરી હતી. તેમાં પ્રભુની વિવિધ લીલાનું વર્ણન આઠ શ્લોકોમાં કરવામાં આવ્યું છે. (૪) **પંચશ્લોકી** - આ ગ્રંથના પાંચ શ્લોકોમાં વૈષ્ણવ જીવન જીવવાનો સારો અને સાચો માર્ગ બતાવવામાં આવ્યો છે. (૫) **શ્રી પુરુષોત્તમ સહસ્રનામ** - આ ગ્રંથમાં શ્રીમદ્ભાગવતમાંથી પ્રભુનાં એક હજારથી વધુ નામ સંકલિત કરી પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજી માટે

રચાયેલા આ ગ્રંથ માટે એમ કહેવાય છે કે તેનો પાઠ કરવાથી સમગ્ર શ્રીમદ્‌ભાગવતના પાઠનું ફળ પ્રાપ્ત થાય છે. (૬) **ત્રિવિધ નામાવલિ** - શ્રી ગુસાંઈજી માટે આ ગ્રંથ રચાયો હતો. જેમાં શ્રી ભાગવતના દશમ સ્કંધની લીલાનું નિરૂપણ કરતાં પ્રભુનાં નામોનું સંકલન કરવામાં આવ્યું છે; તેમાં બાલલીલા, રાજલીલા અને પ્રૌઢલીલા એમ ત્રણ પ્રકરણમાં આ ગ્રંથ રચાયેલાં છે.

આ ઉપરાંત **પરિવૃઢાષ્ટક, શ્રીકૃષ્ણાષ્ટક** અને **શ્રી ગોપીજનવલ્લભાષ્ટક** ગ્રંથોમાં શ્રી ઠાકોરજીનાં રૂપ અને લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

શ્રી વલ્લભાચાર્યે સુરદાસજીને શરણે લીધા ત્યારે **'દશમસ્કંધાનુક્રમણિકા'** નામનો ગ્રંથ રચી, સુરદાસજીને સંભળાવ્યો હતો. તેનાથી સુરદાસના હૃદયમાં દશમ સ્કંધની સર્વ લીલાઓનો સાક્ષાત અનુભવ થયો. શ્રી મહાપ્રભુજીએ સુરદાસજીની જેમ આ ગ્રંથ પરમાનંદદાસજીને પણ શરણે લીધા બાદ સમજાવ્યો હતો. આ ગ્રંથમાં દશમ સ્કંધની સર્વ લીલાઓનું નિરૂપણ અનુક્રમે કરવામાં આવેલું છે.

જેમ શ્રી વલ્લભાચાર્યે શ્રી ભાગવત પર સુબોધિનીની રચના કરી છે તેમ સૂક્ષ્મ ટીકા નામે એક અન્ય ગ્રંથની પણ રચના કરી છે. આ સૂક્ષ્મ ટીકાના થોડા અંશ આજે પ્રાપ્ય છે.

એમ પણ કહેવાય છે કે **'શ્રીકૃષ્ણપ્રેમામૃત'** ગ્રંથ શ્રી ગિરિરાજજી પર શિલાલેખ રૂપે લખેલ શ્રી વલ્લભાચાર્યને પ્રાપ્ત થયો હતો.

શ્રી વલ્લભાચાર્યે ગાયત્રી મંત્રનું સ્વરૂપ અને અર્થ સમજાવતો **'ગાયત્રી ભાષ્ય'** નામનો ગ્રંથ પણ રચ્યો છે; જેમાં તેમણે સ્પષ્ટ રીતે સમજાવ્યું છે કે આ મંત્ર કોઈ દેવી સ્વરૂપનો મંત્ર નથી, પરંતુ સાક્ષાત રસઘન પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું નિરૂપણ કરતો મંત્ર છે.

આમ શ્રી વલ્લભાચાર્યનું વિપુલ ગ્રંથ સાહિત્યમાં આપણને તેમના સિદ્ધાંતોને સુચારુ રૂપે સમજવામાં સહાયતા મળે છે.

◆

૪

ષોડશ ગ્રંથો

(Shodash Granthas)

શ્રી વલ્લભાચાર્યનું બધું જ ગ્રંથસાહિત્ય અણમોલ નિધિ છે; પરંતુ તેમાં તેમના દ્વારા રચિત ષોડશ ગ્રંથનું એક વિશિષ્ટ સ્થાન છે. તેમના સિદ્ધાંત પ્રમાણે જીવન જીવવાનું સંપૂર્ણ માર્ગદર્શન મનુષ્યને ષોડશ ગ્રંથમાંથી મળી રહે છે. સામાન્ય વૈષ્ણવોને વૈષ્ણવી જીવન જીવવાનો સર્વાંગી માર્ગ ષોડશ ગ્રંથ બતાવે છે.

શ્રી વલ્લભાચાર્યના મતે પુષ્ટિ ભક્તિના બે માર્ગો છેઃ (૧) સેવા દ્વારા ભગવત્પ્રાપ્તિ, (૨) કથા દ્વારા ભગવત્પ્રાપ્તિ. સેવા અને કથા બન્ને દ્વારા આપણા ચિત્તનો પ્રભુમાં નિરોધ થઈ શકે છે અને વ્યસન અવસ્થા અને તન્મયતાની સ્થિતિ સુધી પહોંચી શકાય છે. સેવા અને કથાના બન્ને માર્ગો ષોડશ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ બતાવ્યા છે. જે પુષ્ટિજીવો સેવાના માર્ગે ચાલી શકતા નથી, તેમના માટે ષોડશ ગ્રંથનું સેવન કથા દ્વારા નિરોધ કરાવનારું છે.

ષોડશ ગ્રંથોનું વિશ્લેષણ અનેક પ્રકારે કરવામાં આવેલું છે, જેમાં શ્રી વલ્લભાચાર્યનાં નામાત્મક અંગોની સંગતિ, તેની રચનાની ઐતિહાસિકતા, વાર્તા સાહિત્યમાં પ્રગટ થતી વિવિધ ગ્રંથોની ફળદાયિતા, તેમ જ શ્રી ભાગવતજીના બાર સ્કંધોનું રહસ્ય તેમ જ તેના વિષયોની ષોડશ ગ્રંથો સાથેની તાદાત્મ્યતા ઈત્યાદિ વિવિધ વિશ્લેષણો દ્વારા સમજી શકાય છે.

ષોડશ ગ્રંથની ક્રમસંગતિ :

ષોડશ ગ્રંથોમાંના આ સોળે ગ્રંથ શ્રી વલ્લભાચાર્યે જુદા જુદા સમયે જુદા જુદા સેવકો માટે રચ્યા હતા. આ સોળ ગ્રંથોને તેમના રચનાકાળના અનુક્રમમાં મુકાયા નથી, પરંતુ શ્રી ગુસાંઈજી પછી થયેલા ત્રણ વિદ્વાન આચાર્યો, જેઓ લગભગ સમકાલીન હતા, તેમણે ષોડશ ગ્રંથની ક્રમસંગતિ પોતપોતાની રીતે આપી છે. તેઓ છે શ્રી હરિરાયજી, શ્રી પુરુષોત્તમજી અને શ્રી દ્વારકેશજી.

આ ત્રણેય આચાર્યોએ આપેલ ક્રમસંગતિ પૈકી શ્રી હરિરાયજીનો ક્રમ આજે

સર્વસામાન્ય જણાય છે.

કોષ્ટક-૧

શ્રી વલ્લભાચાર્યના નામાત્મક સ્વરૂપનું ચિંતન નીચેના પ્રકારે ષોડશ ગ્રંથના ક્રમથી થાય છે.

ક્રમાંક	**ગ્રંથ**	**અંગનામ**	**શ્લોક સંખ્યા**
૧	શ્રી યમુનાષ્ટક	જમણું અંગ	૯
૨	બાલબોધ	મુખારવિંદ	૧૯ ૧/૨
૩	સિદ્ધાંતમુક્તાવલિ	હૃદય	૨૧
૪	પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ	જમણી ભુજા	૨૫ ૧/૨
૫	સિદ્ધાંત-રહસ્ય	જમણું ચરણ	૮ ૧/૨
૬	નવરત્ન	જમણી સાથળ	૯
૭	અંતઃકરણપ્રબોધ	નાભિ	૧૦ ૧/૨
૮	વિવેકધૈર્યાશ્રય	ડાબી ભુજા	૧૭
૯	કૃષ્ણાશ્રય	ડાબું ચરણ	૧૧
૧૦	ચતુઃશ્લોકી	જમણો કર્ણ	૪
૧૧	ભક્તિવર્ધિની	જમણી સાથળ	૧૧
૧૨	જલભેદ	કંઠ	૨૧
૧૩	પંચપદ્યાની	ડાબો કર્ણ	
૧૪	સંન્યાસનિર્ણય	ભાલ (લલાટ)	૨૨
૧૫	નિરોધલક્ષણ	મસ્તક	૨૦
૧૬	સેવાફલ	ડાબું અંગ	૭ ૧/૨
			૨૨૧ ૧/૨

આમ કુલ ૨૨૧ ૧/૨ શ્લોકોનો ષોડશ ગ્રંથ એ શ્રી વલ્લભાચાર્યનું નામાત્મક સ્વરૂપ છે.

કોષ્ટક-૨

ષોડશ ગ્રંથની ઐતિહાસિકતા

ઐતિહાસિકતાની દૃષ્ટિએ આ ગ્રંથોની રચનાઓ નીચે પ્રકારે છે.

ગ્રંથનું નામ	**રચના-સમય (સં)**	**સ્થળ**	**કોના માટે રચાયો?**
શ્રી યમુનાષ્ટક	૧૫૪૯	ગોકુળ	શ્રી યમુનાજીની સ્તુતિ
બાલબોધ	૧૫૫૦	-	નારાયણદાસ કાયસ્થ
સિદ્ધાંતમુક્તાવલિ	૧૫૫૫	-	અચ્યુતદાસ
પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ	-	-	-
સિદ્ધાંત-રહસ્ય	૧૫૪૯	-	દામોદરદાસ હરસાની
નવરત્ન	૧૫૫૮	-	ગોવિંદ દુબે
અંતઃકરણપ્રબોધ	૧૫૮૭	અડેલ	પોતાને માટે
વિવેકધૈર્યાશ્રય	-	-	અચ્યુતદાસ સારસ્વત
કૃષ્ણાશ્રય	૧૫૭૦	અડેલ	બુલા મિશ્ર
ચતુઃશ્લોકી	૧૫૮૦-૮૨	કાશી	રાણા વ્યાસ
ભક્તિવર્ધિની	૧૫૫૨	ગુજરાત	પુરુષોત્તમ જોશી
જલભેદ	-	-	-
પંચપદ્યાની	-	-	-
સંન્યાસનિર્ણય	૧૫૫૧	-	નરહરિ સંન્યાસી
નિરોધલક્ષણ	૧૫૬૬	-	રાજા દુબે-માધો દુબે
સેવાફલ	૧૫૮૨	-	વિષ્ણુદાસ

કોષ્ટક-૩

પુષ્ટિમાર્ગીય વાર્તાસાહિત્યમાંથી મળતી વિગતો પ્રમાણે શ્રી વલ્લભાચાર્ય અને શ્રી ગુસાંઈજીની આજ્ઞાથી જે વૈષ્ણવોએ આ ગ્રંથોનું આજીવન સેવન કર્યું, તેમને તેનું અલૌકિક ફળ પ્રાપ્ત થયું છે. તેની વિગત નીચે મુજબ છે.

	ગ્રંથનું નામ	**સેવકનું નામ**	**વાર્તા સંદર્ભ**
૧	શ્રી યમુનાષ્ટક	પરમાનંદદાસ	(૮૪ વૈ.વા., ૮૨)
૨	બાલબોધ	કિશોરીબાઈ	(૨૫૨ વૈ.વા., ૨૦૯)
૩	સિદ્ધાંતમુક્તાવલિ	નારાયણદાસ કાયસ્થ	(૮૪ વૈ.વા., ૫૩)
૪	પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ	-	
૫	સિદ્ધાંત-રહસ્ય	દામોદરદાસ હરસાની	(૮૪ વૈ.,વા., ૧)
		ગોપાલદાસ	(૮૪ વૈ.વા., ૭૯)
		ગોપાલદાસ પુષ્કરણા	(૨૫૨ વૈ.વા., ૪૯)
૬	નવરત્ન	ગોવિંદ દુબે	(૮૪ વૈ.વા., ૩૪)
		મુરારિ આચાર્ય	(૮૪ વૈ.વા., ૩૪)
૭	અત:કરણપ્રબોધ	એક વિરકત વૈષ્ણવ	(૨૫૨ વૈ.વા., ૧૬૨)
૮	વિવેકધૈર્યાશ્રય	વિઠ્ઠલદાસ કાયસ્થ	(૨૫૨ વૈ.વા., ૬)
		એક વિરકત વૈષ્ણવ	(૨૫૨ વૈ.વા., ૧૬૨)
		અચ્યુતદાસ સારસ્વત	(૮૪ વૈ.વા., ૫૬)
૯	કૃષ્ણાશ્રય	બુલા મિશ્ર	(૮૪ વૈ.વા., ૪૬)
૧૦	ચતુ:શ્લોકી	રાણા વ્યાસ	(૮૪ વૈ.વા., ૩૨)
		ભગવાનદાસ સાંચોરા	(૮૪ વૈ.વા., ૫૩)
૧૧	ભક્તિવર્ધિની	પુરુષોત્તમ જોશી	(૮૪ વૈ.વા., ૩૦)
૧૨	જલભેદ	-	
૧૩	પંચપદ્યાનિ	-	
૧૪	સંન્યાસનિર્ણય	નરહરિ સંન્યાસી	(૮૪ વૈ.વા., ૭૨)
		એક વિરક્ત	(૨૫૨ વૈ.વા., ૬૮)
૧૫	નિરોધલક્ષણ	રાજા દુબે ને માધો દુબે	(૮૪ વૈ.વા., ૩૫)
૧૬	સેવાફલ	વિષ્ણુદાસ છીપા	(૮૪ વૈ.વા. ૫૦)

કોષ્ટક-૪

પૂ.પા.ગો. શ્રી શ્યામ મનોહરજીએ વિષયની દૃષ્ટિએ શ્રી ભાગવત અને ષોડશ ગ્રંથની સુંદર સંગતિ બતાવી છે, તે નીચે પ્રમાણે છે-

ષોડશ ગ્રંથોનું શ્રીભાગવત સાથે સામ્ય

શ્રીભાગવત	**વિષય**	**ષોડશ ગ્રંથ**
પ્રથમ સ્કંધ	શ્રોતા-વક્તાનું સ્વરૂપ	પંચપદ્યાનિ-જલભેદ
દ્વિતીય સ્કંધ	તત્ત્વજ્ઞાન, હૃત્પ્રસાદ-મનન	શ્રી યમુનાષ્ટક
તૃતીય સ્કંધ	બંધ સૃષ્ટિ, મુક્ત સૃષ્ટિ	પુષ્ટિપ્રવાહમર્યાદા
ચતુર્થ સ્કંધ	ધર્મ, અર્થ, કામ, મોક્ષ	બાલબોધ
પંચમ સ્કંધ	દેશકાલરૂપ પ્રાકૃત પદાર્થ જય તથા આત્મજય	અંતઃકરણ પ્રબોધ
ષષ્ઠ સ્કંધ	નામ-ધ્યાન-અર્ચનાદિ દ્વારા અનુગ્રહની અભિવ્યક્તિ	સિદ્ધાંતમુક્તાવલી, ભક્તિવર્ધિની
સપ્તમ સ્કંધ	કર્મવાસના	વિવેક-ધૈર્યાશ્રય
અષ્ટમ સ્કંધ	મન્વન્તરલીલા-સદ્ધર્મ	ચતુઃશ્લોકી
નવમ સ્કંધ	ભક્તિ (દુઃખનિવારણ, સુખપ્રાપણ)	નવરત્ન
દશમ સ્કંધ	પ્રપંચનિવૃત્તિપૂર્વક દેહેન્દ્રિય બધાંનો ભગવાનમાં નિરોધ	નિરોધલક્ષણ
એકાદશ સ્કંધ	મોક્ષ-સ્વરૂપ, અન્યથા સ્વરૂપ ત્યાગ તથા સ્વ-સ્વરૂપ સ્થિતિ	સંન્યાસનિર્ણય
દ્વાદશ સ્કંધ	આશ્રય લીલારૂપ ભગવદ્ભાવાપત્તિ	કૃષ્ણાશ્રય, સેવાફળ

આમ શ્રી ભાગવતજીના બાર સ્કંધોનું રહસ્ય શ્રી વલ્લભાચાર્યના દૃષ્ટિકોણથી સમજવા માટે આ ષોડશ ગ્રંથ ઘણા ઉપયોગી છે.

ષોડશ ગ્રંથનો અલ્પ પરિચયઃ

પુષ્ટિમાર્ગમાં ભગવાનની પ્રાપ્તિ જીવના સાધનથી થતી નથી. ભગવાન સ્વયં કૃપા કરે, ત્યારે જીવને પ્રાપ્ત થાય છે. જીવ સ્વભાવદુષ્ટ અને અશક્ત હોઈ

ભગવાનની પ્રાપ્તિ માટે શાસ્ત્રોમાં બતાવેલાં સાધનો સરખી રીતે કરી શકતો નથી, પરંતુ ભગવાનને દીનતાપૂર્વક કેવળ નમન કરી શકે છે. ભગવાનની અનેક શક્તિઓ છે. તેમાં તેમની કૃપાશક્તિ મુખ્ય છે, જે જીવનો ભગવાન સાથે મેળાપ કરાવી આપે છે. તે જીવને પોતાના સામર્થ્યથી પહેલાં શુદ્ધ અને પવિત્ર બનાવે છે અને પછી ભગવત્ પ્રાપ્તિ કરાવે છે.

પુષ્ટિમાર્ગમાં શ્રી યમુનાજી કૃપાશક્તિનું સાક્ષાત્ સ્વરૂપ છે, જેનો યશ શ્રી વલ્લભાચાર્યે **'શ્રી યમુનાષ્ટક'**માં ગાયો છે. પુષ્ટિજીવનનો પ્રારંભ શ્રી યમુનાજીની સ્તુતિ- વંદનાથી કરવા માટે પહેલો ગ્રંથ શ્રી યમુનાષ્ટક છે.

મનુષ્ય પ્રારંભમાં બાળક હોય છે. અનુભવે પ્રૌઢ થાય છે. જે અજ્ઞાની છે તે બાળક. બાલ્યાવસ્થામાં બાળક અતિ ચંચળ હોય. તેનામાં સારાસારનો વિવેક ન હોય. એ વિવેક શીખવવા બાળકને શિક્ષણ અપાય છે, શ્રી વલ્લભાચાર્ય **'બાલબોધ'** દ્વારા સાર-અસારનો વિવેક શીખવે છે. બીજા ગ્રંથ 'બાલબોધ'માં શ્રી વલ્લભાચાર્યે સર્વ શાસ્ત્રોનો સાર સમજાવ્યો છે, કારણ કે જ્ઞાનપૂર્વકની ભક્તિથી ભક્તિમાં દૃઢતા આવે છે.

ત્રીજા ગ્રંથ **'સિદ્ધાંતમુક્તાવલિ'**માં પોતાના સિદ્ધાંતોને કીમતી મોતીની માળા- મુક્તાવલિ સાથે સરખાવે છે અને બતાવે છે કે પુષ્ટિભક્તિના સિદ્ધાંતો પણ માણસને માટે 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' છે. આ ગ્રંથમાં તેમણે (૧) બ્રહ્મ-જગત-જીવનું સ્વરૂપ અને તે ત્રણે તત્ત્વોનો પરસ્પર સાથેનો સંબંધ બતાવ્યો છે. (૨) જગતમાં જીવના બે મુખ્ય પુરુષાર્થ દુ:ખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિ અને તે માટે પુષ્ટિજીવને ભગવત્સેવાનો સિદ્ધાંત અને સ્વરૂપ તેમણે બતાવ્યું છે.

શ્રી વલ્લભાચાર્યે ચોથો **'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ'** આપ્યો છે, જેમાં જીવોના મુખ્ય ત્રણ પ્રકાર બતાવ્યા: પુષ્ટિ જીવો, મર્યાદા જીવો અને પ્રવાહી જીવો. તેમની ઉત્પત્તિ, તેમનું સ્વરૂપ, તેમનો સ્વભાવ અને તેમને કયાં ફળ મળે તેનું નિરૂપણ આ ગ્રંથમાં તેમણે કર્યું છે.

પાંચમો ગ્રંથ છે **'સિદ્ધાંત-રહસ્ય.'** પુષ્ટિજીવો માટે સ્વયં પ્રભુએ સાક્ષાત્ પ્રગટ થઈને શ્રી વલ્લભાચાર્યને બ્રહ્મસંબંધની આજ્ઞા કરી અને સિદ્ધાંત-મુક્તાવલિમાં બતાવેલા સેવાના સિદ્ધાંતને જીવવાનો પ્રકાર આ ગ્રંથમાં તેમને સમજાવવામાં આવ્યો છે.

બ્રહ્મસંબંધ લઈને સમર્પિત જીવન જીવવા તત્પર થયેલા વૈષ્ણવને લૌકિક-અલૌકિક ચિંતાઓ સતાવે અને તેને લઈને ઉદ્વેગ થાય તો એ સ્થિતિમાં સરખી રીતે સેવામાં મન ન લાગે. આથી છઠ્ઠા ગ્રંથ '**નવરત્ન**'માં શ્રી મહાપ્રભુજી ચિંતા દૂર કરવાના ઉપાયો બતાવે છે.

ચિંતા નિવૃત્ત થતાં અને સેવાના માર્ગે સ્થિર થતાં વૈષ્ણવ જીવ સ્વભાવથી ભૂલી જાય કે તે પ્રભુનો દાસ છે તો તેને અભિમાન આવવાનો સંભવ છે. અભિમાનમાં તે પ્રભુની આજ્ઞાની અવજ્ઞા પણ કરી બેસે છે તેથી પ્રભુ તેને દંડ પણ આપે. જેથી તે વૈષ્ણવને કલેશ થાય. આવી સ્થિતિમાં વૈષ્ણવે શું કરવું અને શું ન કરવું; તેનો બોધ શ્રી વલ્લભાચાર્ય સાતમા **અંતઃકરણપ્રબોધ** ગ્રંથમાં આપે છે.

વૈષ્ણવે દુનિયામાં રહેવાનું છે. આધિ, વ્યાધિ, ઉપાધિ આવવાની છે. દુઃખ વેઠવાની તેની ધીરજ ડગી જવાનો સંભવ છે. દુઃખમાં તેનો વિશ્વાસ પ્રભુમાંથી ઊઠી પણ જાય. આવી પરિસ્થિતિમાં આઠમા ગ્રંથ **વિવેકધૈર્યાશ્રય**માં તેમણે વિવેક, ધૈર્ય અને આશ્રયનું સ્વરૂપ સમજાવી ભગવાનની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાનો માર્ગ બતાવ્યો છે.

ભગવદાશ્રયનું સ્વરૂપ બતાવ્યા પછી નવમા ગ્રંથ **કૃષ્ણાશ્રય**માં શ્રી વલ્લભાચાર્યે સાંપ્રત સમયનું વાસ્તવિક શબ્દચિત્ર આપીને શ્રીકૃષ્ણનો જ શા માટે દૃઢ આશ્રય કરીને રહેવું જોઈએ તે સમજાવ્યું છે.

જેમનો ભગવાન શ્રીકૃષ્ણમાં દૃઢ આશ્રય થયો હોય તેને માટે હવે ભગવાન જ સ્વયં તેનું સર્વસ્વ છે, ભગવાન જ આવા ભક્તના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે અને ભગવત્સેવા અને ભગવત્સ્મરણ જ આ ભક્તના મોક્ષરૂપ છે એ સત્ય દસમા ગ્રંથ **ચતુઃશ્લોકી**માં શ્રી વલ્લભાચાર્યે બતાવ્યું છે.

શ્રીકૃષ્ણ સેવા એ જ પુષ્ટિભક્તિ છે. સેવા કરનારે પુષ્ટિભક્તિને ઊંડાણથી સમજી લેવી જોઈએ, જેથી તેની ભક્તિમાં તે ક્રમે ક્રમે વધારો કરી શકે. આમ શ્રી વલ્લભાચાર્યે ભક્તિ વધારવાના અને તે દૃઢ કરવાના ઉપાય અગિયારમા ગ્રંથ **ભક્તિવર્ધિની**માં બતાવ્યા છે.

શ્રી વલ્લભાચાર્યે એવી આજ્ઞા કરી કે જેમનાથી સેવા સરખી રીતે બનતી નથી તેવા વ્યાવૃત્ત વૈષ્ણવોએ કથા-શ્રવણ-સ્મરણ આદિ કરવાં અને તેના દ્વારા

ચિત્ત પ્રભુમાં એકાગ્ર કરવું. કથાશ્રવણ કેવા વક્તા પાસેથી કરીએ તો તે ફળરૂપ બને તે સમજાવવા શ્રી વલ્લભાચાર્યે બારમો ગ્રંથ **'જલભેદ'** આપ્યો છે. જુદા જુદા વીસ પ્રકારનાં જલાશયો સાથે ભગવત્કથાના વક્તાઓની આ ગ્રંથમાં સરખામણી કરીને અંતે સર્વોત્તમ વક્તાનું સ્વરૂપ તેમણે આ ગ્રંથમાં બતાવ્યું છે.

કથાશ્રવણ દ્વારા ચિત્તની પ્રવણતા માટે વક્તાની સાથે શ્રોતાનો અધિકાર પણ સમજવો જરૂરી છે. ઉત્તમ વક્તાને લાયક શ્રોતા પણ હોવો જોઈએ. આથી તેરમા ગ્રંથ **'પંચપદ્યાનિ'**માં શ્રી વલ્લભાચાર્યે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારના શ્રોતાઓનાં લક્ષણો બતાવ્યાં છે.

સેવા અને કથાથી ભક્તિ દૃઢ થતાં ભગવાનમાં પ્રેમ, આસક્તિ વધે. આસક્તિ વધતાં ઘરમાં અરુચિ થાય. ગૃહત્યાગ કરવાની ઈચ્છા પ્રબળ થાય ત્યારે વૈષ્ણવે સંન્યાસ લેવો કે નહીં? એના જવાબમાં શ્રી વલ્લભાચાર્યે ચૌદમો ગ્રંથ **'સંન્યાસ-નિર્ણય'** સમજાવ્યો છે. તેમાં તેમણે જ્ઞાનમાર્ગીય સંન્યાસ અને ભક્તિમાર્ગીય સંન્યાસનો તફાવત સમજાવ્યો છે.

શ્રી વલ્લભાચાર્ય આજ્ઞા કરે છે કે પુષ્ટિભક્તે ગૃહસ્થાશ્રમમાં જ રહીને ભગવાનમાં નિરોધ સિદ્ધ કરવાનો છે. નિરોધ એટલે અહંતા-મમતાત્મક સંસારની વિસ્મૃતિ સહિત, કેવળ પ્રભુમાં પરમ આસક્તિરૂપ ચિત્તની તન્મયતા. આ જ પુષ્ટિભક્તિનું શિખર છે, પરમ પ્રાપ્તવ્ય છે. તેથી તેનું નિરૂપણ પંદરમા ગ્રંથ **'નિરોધલક્ષણ'**માં તેમણે કર્યું છે.

અહીં સુધી પહોંચ્યા પછી પ્રશ્ન થાય કે આજીવન સેવા કરી તેનું ફળ શું? તો તેનું નિરૂપણ તેમણે અંતિમ સોળમા ગ્રંથ **'સેવાફલ'**માં સમજાવ્યું છે.

આમ આ સોળે ગ્રંથો પુષ્ટિભક્તિના આદર્શ સિદ્ધાંતોનું નિરૂપણ કરે છે. તેના અનુસાર જે વૈષ્ણવ પુષ્ટિભક્તિના માર્ગે ચાલે છે તે કદી પણ ભૂલો પડતો નથી, ગેરમાર્ગે દોરાઈ જતો નથી. આથી વૈષ્ણવતાના માર્ગે ચાલવા તત્પર સૌએ 'ષોડશ ગ્રંથ'ને સરખી રીતે સમજવા જરૂરી છે.

શ્રી વલ્લભાચાર્યે પ્રસ્થાનત્રયી નહીં, પણ શ્રીમદ્ ભાગવત સાથે પ્રમાણ ચતુષ્ટયને સ્વીકાર્યાં છે. તદનુસાર તેમના અનુગામી આચાર્યો દ્વારા રચિત ભાષ્ય, ટીકાઓ, વિવરણો, ટિપ્પણો, વિવૃત્તિઓનું અગાધ સાહિત્ય ઉપલબ્ધ છે.

ષોડશગ્રંથ અને ગીતાજી

ષોડશગ્રંથોને કેટલાક ગીતાજી સાથે સરખાવી તેમને '**શ્રી વલ્લભ ગીતા**' પણ કહે છે. કુરુક્ષેત્રના મેદાનમાં નિરુત્સાહ થઈ, યુદ્ધની ફરજથી મોં ફેરવી બેઠેલા પ્રિય સખા અર્જુનને, યુદ્ધમેદાનની વચ્ચે જ ભગવાન શ્રીકૃષ્ણે તેના સારથિ અને સખા બની તેને ગીતાજ્ઞાન અઢાર અધ્યાયોમાં આપ્યું. આખરે અર્જુન '**કરિષ્યે વચનં તવ**' કહી યુદ્ધ માટે તૈયાર થયા. અર્જુન મર્યાદાપુષ્ટિ ભક્ત હતા. તેને લૌકિક સંબંધોનો ક્લેશ હતો. શ્રી વલ્લભાચાર્યના સેવકો પુષ્ટિભક્તો છે. તેમને લૌકિક સંબંધોનો ક્લેશ નથી પરંતુ પુષ્ટિના માર્ગે ચાલવામાં નડતા અંતરાયોનો ક્લેશ છે. તેની ચિંતા તેમને સતાવે છે. તેથી શ્રી વલ્લભનાં ચરણકમળોમાં તેમની વ્યથાનું નિવેદન કરે છે, તો ક્યારેક શ્રી વલ્લભ અંતર્યામી હોઈ, સ્વયં નિજ સેવકોની વ્યથા વગર કહે જાણી તેનો ઉપાય બતાવે છે, જેનું નિરુપણ ષોડશ ગ્રંથોમાં ઉપલબ્ધ છે.

ગીતાજીમાં અનેક દલીલો સાંભળ્યા પછીય અર્જુન સ્વેચ્છાએ ભગવાનની શરણાગતિ સ્વીકારતો નથી ત્યારે ભગવાનને આખરે અર્જુનને આદેશ આપવો પડે છે કેઃ '**સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ, અહં ત્વામ્ સર્વ પાપેભ્યો મોક્ષ ઈશ્યામિ મા સુચ**'. શ્રી વલ્લભાચાર્ય આ ષોડશગ્રંથોમાં સહજ રીતે સ્વમાર્ગનો સિદ્ધાંત સમજાવે છે, રસ્તો બતાવે છે. '**મારો આ મત-અભિપ્રાય છે**' એમ કહે છે, પણ ક્યાંય આજ્ઞા કરી નથી કે તમે આમ કરો જ. આચરણનો નિર્ણય મનુષ્ય ઉપર છોડી દીધો છે. હવે આપણે આ ષોડશગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.

૧. શ્રી યમુનાષ્ટકમ્

ષોડશગ્રંથમાં મંગલાચરણરૂપે યોજાયેલા શ્રી યમુનાષ્ટક સ્તોત્ર છે. એક કિંવદન્તી અનુસાર શ્રી યમુનાષ્ટકની રચના વિ.સં. ૧૫૪૯ શ્રાવણ સુદિ ત્રીજને દિવસે શ્રીગોકુલમાં થઈ હતી. જેમ ગંગાજી સાથે દાસ્યભાવાત્મિકા મર્યાદાભક્તિની એક અંતર્ધારા વહે છે, તે જ પ્રમાણે શ્રી યમુનાજીની સાથે પણ પુષ્ટિભક્તિની અંતર્ધારા વહે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યે શ્રી યમુનાષ્ટકસ્તોત્રમાં શ્રી યમુનાજીનાં આધિભૌતિક, આધ્યાત્મિક તેમ જ આધિદૈવિક રૂપોનું વર્ણન કરતાં શ્રી યમુનાજીની અસાધારણ અષ્ટવિધ વિશિષ્ટતા અથવા ઐશ્વર્યનું આઠ શ્લોકમાં

વર્ણન કર્યું છે. ક્રમશઃ એકએક શ્લોક શ્રી યમુનાજીના એક એક ઐશ્વર્યના વર્ણન માટે કહેવાયેલ છે. શ્રી યમુનાજીનાં તે ઐશ્વર્ય નીચે પ્રમાણે છેઃ

(૧) શ્રી યમુનાજી પુષ્ટિમાર્ગીય અનેકવિધ સિદ્ધિઓને આપનારાં છે. દાખલા તરીકે સાક્ષાત્ ભગવત્સેવામાં ઉપયોગી દેહની પ્રાપ્તિ, ભગવાનની વિવિધ લીલાઓનાં દર્શન પ્રાપ્ત કરી શકવાનું સામર્થ્ય, તે લીલાઓમાં વ્યક્ત થતા રસોનો અનુભવ કરી શકવાનું સામર્થ્ય તથા સર્વાત્મભાવ વગેરે. આ બધી પુષ્ટિમાર્ગીય સિદ્ધિઓ શ્રી યમુનાજી દ્વારા પુષ્ટિજીવોને પ્રાપ્ત થાય છે.

(૨) શ્રી યમુનાજી ભગવદ્ભાવને વધારનારાં છે. પુષ્ટિમાર્ગના આરાધ્ય દેવ શ્રીકૃષ્ણ જ છે અને શ્રી યમુનાજી પુષ્ટિજીવને શ્રીકૃષ્ણના સ્નેહરૂપ ભગવદ્ભાવથી યુક્ત કરે છે.

(૩) પોતાના આરાધ્ય શ્રીકૃષ્ણની સાથે સંબંધ જોડવામાં જે કાંઈ પ્રતિબંધ કે વિઘ્ન આવે છે તેને શ્રી યમુનાજી દૂર કરે છે. આ વિઘ્નોને હરી લઈને પુષ્ટિભક્તને ભગવદાનુભવ કરવા યોગ્ય બનાવી દે છે. શ્રી યમુનાજી જીવોને પાવન કરનારાં છે.

(૪) જેવાં ગુણધર્મ અને રૂપ ભગવાને વિવિધ લીલામાં પ્રકટ કર્યાં છે તે બધાં શ્રી યમુનાજીમાં પણ પ્રકટ સ્વરૂપે રહેલાં છે. આથી શ્રી યમુનાજી સાથે જેઓનો સંબંધ સ્થાપિત થયો હોય તેમનો પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણની સાથે પણ સંબંધ અનાયાસે જ સ્થાપિત થઈ જાય છે.

(૫) ભગવાનના પ્રિય ભક્તોમાં જે કાંઈ કલિરૂપ દોષ હોય તેમને શ્રી યમુનાજી દૂર કરી દે છે.

(૬) રાસલીલામાં ભગવાન તિરોહિત થઈ ગયા તે પછી જેવી રીતે ગોપીઓએ શ્રી યમુનાજીના તટ ઉપર નિઃસાધન ભાવથી શ્રીકૃષ્ણની પ્રતીક્ષા કરી, તેવી જ રીતે જે કોઈ જીવ શ્રી યમુનાજીના આશ્રયથી ભગવાનને શોધવા ઇચ્છે છે તે ભગવાનનો પ્રેમપાત્ર બને છે તથા ભગવાનને મેળવી શકે છે. શ્રી યમુનાજલપાનનું અસાધારણ મહત્ત્વ છે કે તેનાથી દેહ-ઇન્દ્રિય આદિ કાલરૂપી પ્રવાહમાં તેમના આત્માને વહેવડાવીને ક્યારેય યમદ્વાર સુધી નથી પહોંચાડતા, પરંતુ કાલાતીત પરમાત્માને પ્રેમરૂપી રાશથી બાંધીને પાનકર્તા ભક્ત સુધી અવશ્ય પહોંચાડી દે છે.

(૭) દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ તેમ જ આત્મા દ્વારા ભગવલ્લીલા તેમ જ ભગવત્સ્વરૂપના અનુભવને જ અલૌકિક સામર્થ્ય તેમ જ તનુનવત્વ અર્થાત્ દેહનું નવીનીકરણ માનવામાં આવેલ છે. શ્રી યમુનાજી જીવોમાં એવું અલૌકિક સામર્થ્ય પ્રકટ કરી દે છે કે હજારો પરિવત્સરોથી (વર્ષોથી) પ્રભુથી વિખૂટો પડેલો જીવ, પોતાના કાળથી જર્જરીત દેહ- ઈન્દ્રિય વગેરેમાં એક એવી વિલક્ષણ શક્તિ કે નવીનતાનો અનુભવ કરવા લાગી જાય છે કે તેમને ભગવાનનો રસાત્મક અનુભવ બધી રીતે થવા માંડે છે.

(૮) શ્રી યમુનાજીના તટ ઉપર તથા જળમાં પણ શ્રીકૃષ્ણની અનેકવિધ લીલાઓ આધિદૈવિક રૂપે સનાતન ચાલતી રહી છે. શ્રી યમુનાજીમાં જલક્રીડાનિમગ્ન પરમ આનંદાત્મક પ્રભુનો આનંદ જ શ્રમજલકણોના રૂપમાં ઊછળીને શ્રી યમુનાજલમાં તાદાત્મ્ય પ્રાપ્ત કરી લે છે જેથી શ્રી યમુનાજલસ્નાન પુષ્ટિભક્તોમાં શ્રીકૃષ્ણની સાથે અંગસંગના અનુભવનો રોમાંચ પેદા કરે છે.

શ્રી યમુનાજીનું આ આધિદૈવિક સ્વરૂપ સમગ્ર રીતે લીલાસામયિક પુષ્ટિભક્તોના અનુભવનો વિષય છે. આધુનિક જીવોને માટે પણ પ્રતિબંધ કરનારા દોષોનું નિવારણ, સ્વભાવવિજય, ભગવદ્ભક્તિ તથા ભગવત્પ્રેમનો અધિકાર શ્રી યમુનાજી દ્વારા પ્રાપ્ત થાય છે. આથી શ્રી યમુનાજીની કૃપાથી જીવ પુષ્ટિમાર્ગમાં પ્રવેશવાને યોગ્ય થાય છે. શ્રી યમુનાજીના આ મંગલ કાર્યને કારણે તેમની સ્તુતિને ષોડશગ્રંથરૂપી પુષ્ટિમાર્ગીય ઉપદેશોમાં મંગલાચરણરૂપે યોજવામાં આવેલ છે.

૨. બાલબોધ

એક કિંવદંતી અનુસાર 'બાલબોધ' ગ્રંથની રચના શ્રી વલ્લભાચાર્યે વિ.સં. ૧૫૫૦માં પુષ્કરરાજમાં કરેલી હોવાનું મનાય છે.

બાલબોધ ગ્રંથમાં સર્વ સિદ્ધાંતોના સંગ્રહરૂપે નિરૂપણ છે, પરંતુ સ્વસિદ્ધાંતનું નિરૂપણ નથી. ભિન્ન ભિન્ન સિદ્ધાંતનાં સાધનોનું તેમ જ ફળોનું એક વાર બરાબર જ્ઞાન થઈ જવાથી પુષ્ટિજીવને અન્ય માર્ગો ઉપર ભટકવાનો ભય રહેતો નથી. બધાં જ મોક્ષશાસ્ત્ર સાંસારિક દુઃખ દૂર કરવાના રૂપમાં અથવા તો પછી પારલૌકિક સુખની પ્રાપ્તિના રૂપમાં મોક્ષનું પ્રતિપાદન કરે છે. આ સંસારમાં રહીને પણ ભગવત્સેવા અને/ અથવા ભગવત્કથા દ્વારા ભજનાનંદની પ્રાપ્તિ

એ જ પુષ્ટિજીવને માટે મોક્ષ છે, જેનું નિરૂપણ ચતુઃશ્લોકી ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

આમ તો મનુષ્યના મનમાં અગણિત કામનાઓ રહેલી હોય છે, તેમ છતાં વિદ્વાનોએ ચાર પુરુષાર્થના રૂપમાં તેનું વર્ગીકરણ કરેલું છેઃ (૧) ધર્મ, (૨) અર્થ, (૩) કામ અને (૪) મોક્ષ. સ્થૂળ અર્થમાં તેને ક્રમપૂર્વક (૧) કર્તવ્ય, (૨) સંપદા, (૩) પ્રેય અને (૪) શ્રેય કહી શકાય. જીવનમાં જોવામાં આવતી દરેક પ્રકારની કામનાઓનો આ ચાર પુરુષાર્થમાં સમાવેશ થઈ જાય છે.

પ્રસ્તુત બાલબોધ ગ્રંથમાં વૈદિક ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થનું નિરૂપણ કરવામાં આવ્યું નથી. પરંતુ જુદા જુદા ઋષિઓ દ્વારા પોતપોતાની રીતે કહેવાયેલ મોક્ષશાસ્ત્ર અને તેમાં પ્રતિપાદન કરવા યોગ્ય મોક્ષના સ્વરૂપની બાબતમાં જ શ્રી વલ્લભાચાર્યને પોતાને જે અભીષ્ટ છે તે તેઓ અહીં પ્રકટ કરવા ઇચ્છે છે.

મોક્ષનું નિરૂપણ કરનારાં ભિન્ન ભિન્ન રીતે કહેવાયેલાં શાસ્ત્રોમાં ચાર શાસ્ત્ર મુખ્ય છેઃ

(૧) **ત્યાગથી સ્વતઃમોક્ષનું પ્રતિપાદન કરનાર સાંખ્યશાસ્ત્રઃ** બાહ્યત્યાગ દ્વારા સ્વતઃમોક્ષનું પ્રતિપાદન કરનાર સાંખ્યશાસ્ત્ર અનુસાર અહંતા-મમતાનો સર્વથા નાથ થઈ ગયા બાદ જીવાત્માનું પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જવું, તેને જ મોક્ષ માનેલ છે. તે તે સમયે ભિન્ન ભિન્ન ઋષિઓએ સાંખ્ય શાસ્ત્રનું વર્ણન અનેક પ્રકારની પ્રક્રિયાઓના આધારે કહેલ છે, તેમ છતાં મોક્ષપ્રાપ્તિનો ઉપાય અને સ્વરૂપની બાબતમાં મોટે ભાગે એકવાક્યતા છે.

શ્રી વલ્લભાચાર્ય અનુસાર, સાંખ્યશાસ્ત્રીય પ્રણાલીનું જે રૂપ માન્ય વેદ વગેરે શાસ્ત્રોમાં વર્ણવાયેલ છે તે પ્રમાણે સાધનનું અનુષ્ઠાન કરવાથી જ તેમાં વર્ણવાયેલ પ્રકારની મોક્ષપ્રાપ્તિ સાંખ્યથી મળી શકે છે, બીજી રીતે નહીં.

(૨) **અત્યાગથી સ્વતઃમોક્ષનું પ્રતિપાદન કરનાર યોગશાસ્ત્રઃ** ચિત્તવૃત્તિ-નિરોધની યૌગિક પ્રણાલીથી સ્વતઃમોક્ષનું પ્રતિપાદન કરનારાં યોગશાસ્ત્રો પ્રમાણે યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર-ધ્યાન-ધારણા-સમાધિના બાહ્ય તથા આંતરિક સમુચિત ઉપાયોથી અનાત્મરૂપ વિષયોમાં ભટકતી ચિત્તવૃત્તિના નિરોધની જેટલી આવશ્યકતા છે તેટલી આવશ્યકતા વિષયોના બાહ્યત્યાગની

નથી. ચિત્તવૃત્તિનો નિરોધ થઈ જતાં જ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ શકે છે એટલે કે મુક્ત થઈ શકે છે.

શ્રી વલ્લભાચાર્ય અનુસાર, આ યોગશાસ્ત્રીય ઉપાયોનું નિરૂપણ માન્ય વેદ વગેરે શાસ્ત્રોમાં પણ મળે છે, આથી તે પ્રમાણે અનુષ્ઠાન કરવાથી જ મોક્ષપ્રાપ્તિની સંભાવના છે. વૈદિક પ્રણાલીથી વિપરીત વર્તન હોય તો આત્માની સ્વરૂપમાં સ્થિતિ થવી શક્ય નથી.

(૩) **શિવજીની ભક્તિ અથવા શરણાગતિથી પરતઃમોક્ષનું પ્રતિપાદન કરનાર શૈવતંત્રઃ** પરતઃમોક્ષવાદી પાશુપતાદિ શૈવતંત્રો અનુસાર સાધના કરવાથી શિવજી દ્વારા પણ મુક્તિ મળી શકે છે.

શ્રી વલ્લભાચાર્યના મતાનુસાર સર્વાત્મક નિર્દોષપૂર્ણગુણ બ્રહ્મ અથર્વશિખા આદિ ઉપનિષદો પ્રમાણે જગત્સંહારક શિવજીનું રૂપ ધારણ કરે છે. આથી શિવજી મુક્તિદાતા છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તો પણ શિવજીરૂપે સ્વયં ભગવાન જ મુક્તિના આનંદને માણવાની લીલા કરે છે. આથી શિવજી દ્વારા પોતાને ભોગવવા યોગ્ય મુક્તિ કરતાં ભોગની પ્રાપ્તિ સુલભ માનેલી છે અને પોતાને અતિ પ્રિય કોઈક જીવને જ શિવજી મુક્તિદાન કરે છે. આવા અસાધારણ પ્રેમપાત્ર તેઓ જ થઈ શકે છે કે જેઓ પૂર્ણતાથી શિવજી પ્રતિ સમર્પિત થઈ ચૂક્યા હોય છે. આ કારણે શિવજીની ભક્તિ કે શરણાગતિ સાથે જેઓ વર્ણાશ્રમને યોગ્ય સ્વધર્મની ઉપેક્ષા નથી કરતા, તેઓને જ શિવજીથી મોક્ષ મળે છે.

(૪) **વિષ્ણુની ભક્તિ અથવા શરણાગતિથી પરતઃમોક્ષનું પ્રતિપાદન કરનાર વૈષ્ણવતંત્રઃ** પરતઃમોક્ષવાદી પાંચરાત્ર વૈષ્ણવતંત્ર અનુસાર સાધના કરવાથી વિષ્ણુ દ્વારા મોક્ષ મળી શકે છે.

શ્રી વલ્લભાચાર્ય અનુસાર, સર્વાત્મક નિર્દોષપૂર્ણગુણ બ્રહ્મ જ મહાનારાયણ આદિ ઉપનિષદો અનુસાર જગત્પાલક વિષ્ણુનું રૂપ ધારણ કરે છે. વિષ્ણુના રૂપમાં ભગવાન સ્વયં અલૌકિક દિવ્ય ભોગો ભોગવવાની લીલા કરે છે. આ કારણે વિષ્ણુ દ્વારા તેમને પોતાને ભોગવવાના ભોગ કરતાં મોક્ષની પ્રાપ્તિ સુલભ મનાય છે. વિષ્ણુ પોતાને અતિ પ્રિય કોઈક ભક્તને જ ભોગનું દાન કરે છે. આવા અસાધારણ પ્રેમપાત્ર થવું તે પૂર્ણપણે વિષ્ણુ પ્રતિ સમર્પિત થવાથી જ

શક્ય છે. આથી વિષ્ણુની ભક્તિ અથવા શરણાગતિની સાથે જેઓ વર્ણાશ્રમ યોગ્ય સ્વધર્મની ઉપેક્ષા નથી કરતા તેઓને વિષ્ણુથી મુક્તિ મળી શકે છે.

સ્વતઃમોક્ષના પ્રકારમાં સાંસારિક દુઃખો તો દૂર થાય છે, પરંતુ પારલૌકિક સુખની શક્યતા નથી.

બ્રહ્મા-વિષ્ણુ-શિવની ત્રિપુટીમાં શિવ વિષયભોગ અને મોક્ષ બન્નેના દાનમાં સમર્થ હોવા છતાં અધિકાંશે શિવજી ભોગના દાતા બને છે અને વિષ્ણુ મોક્ષના દાતા થાય છે. બ્રહ્માજી કેવળ ભોગના દાતા છે, મોક્ષના નહીં. આથી મોક્ષદાતા દેવતાના સ્વરૂપે બ્રહ્માજીનું ભજન વ્યર્થ છે; પરંતુ મોક્ષશાસ્ત્રના ઉપદેશક ગુરુના રૂપે બ્રહ્મા પણ મોક્ષદાતા મનાય છે.

મોક્ષશાસ્ત્રના સિદ્ધાંતોના સંગ્રહરૂપે નિરૂપણ થયેલ આ જાણવાથી પુષ્ટિજીવને પુષ્ટિમાર્ગીય બનવામાં અથવા બની રહેવામાં સહાયતા મળે છે. અહીં સ્વસિદ્ધાંતનું નિરૂપણ શ્રી વલ્લભાચાર્યે કર્યું નથી.

બાલબોધ ગ્રંથ વસ્તુતઃ શ્રી વલ્લભાચાર્યના સિદ્ધાંત અને માર્ગ પ્રતિ પ્રયાણ કરવાની તીવ્ર ઉત્કંઠા જગાવે છે. માટે જ તેઓ કહે છે- આત્મસમર્પણ કરવાથી જીવાત્માનું તદીયપણું સુનિશ્ચિત રીતે અવશ્ય સિદ્ધ થાય છે જ.

૩. સિદ્ધાંતમુક્તાવલી

સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથની રચના શ્રી વલ્લભાચાર્યે વિ.સં. ૧૫૫૫માં જતિપુરામાં કરી હતી એમ મનાય છે.

‘સ્વામીના અભિપ્રાયમાં સંશય હોય તો પ્રભુનાં ગુણગાન કરીને કાંઈક માગવાથી શું થાય? સ્નેહના આવેશમાં ભક્ત ક્યારેક કાંઈને કાંઈ માગી જ લે છે ત્યારે ભગવાનને પણ કૃપાના આવેશમાં તે દેવું પડે છે, કેમ કે ‘પુષ્ટિમાર્ગ’માં અનુગ્રહ નિયામક છે. સિદ્ધાંતમુક્તાવલીમાં નિરૂપાયેલી અનુગ્રહશીલતા અથવા ભક્તપરવશતા પ્રમાણે જેઓ પ્રભુના સ્વભાવને જાણી તેનો લાભ લઈ લે છે તેવા ભક્તોમાં અચ્યુતદાસ પણ એક છે જેમને અનુલક્ષીને આ ગ્રંથ લખાયેલો છે.

કૃષ્ણસેવા પુષ્ટિ જીવોનું સનાતન કર્તવ્ય છે. કૃષ્ણસેવા જ્યારે માનસીરૂપમાં પરિણમે છે ત્યારે તે સેવાની શ્રેષ્ઠ અવસ્થા છેઃ કારણ કે ચિત્તનું ભગવાન શ્રીકૃષ્ણની સાથે તન્મય થઈ જવું એ જ સેવા છે. ચિત્તને શ્રીકૃષ્ણ સાથે તન્મય

કરવા માટે સ્વયં પોતાનાં તન અને ધન કૃષ્ણસેવામાં જોડી દેવાં જોઈએ. સાંસારિક દુઃખો દૂર થવાં કે અલૌકિક બ્રહ્માનંદની પ્રાપ્તિ તે તો કૃષ્ણસેવામાં મળતો ભજનાનંદનો જ એક આનુષંગિક લાભ છે કેમ કે બ્રહ્માનંદમાં અનુભવાતા અક્ષરબ્રહ્મ તો ગણિતાનંદ છે, જ્યારે ભજનાનંદ પરબ્રહ્મ અગણિત સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણની સેવા દ્વારા જ મળી શકે છે.

અક્ષરબ્રહ્મ સમગ્ર જગતનાં રૂપોનું ઉપાદાન કારણ છે અને તેથી તે સર્વરૂપ પણ છે, તથા સર્વવિલક્ષણ પણ છે. જગતના કારણના સ્વરૂપની બાબતમાં અનેક વિવાદ પ્રવર્તે છે. જેમ કે વિવર્તવાદી લોકો જગતને માયિક માને છે, પ્રકૃતિ પરિણામવાદી જનો તેને પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમોગુણોનું પરિણામ માને છે, આરંભવાદીઓ તેને સૂક્ષ્મ પરમાણુઓથી નિર્માયેલું માને છે, જ્યારે મીમાંસકો જગત જેવું આજે દેખાય છે તેવું જ સર્વદા હતું અને રહેશે, એમ માનતા હોવાથી તેના કર્તાના રૂપમાં પરમાત્માને તેઓ માન્ય કરતા નથી. આધિભૌતિક રૂપમાં ગંગા કેવળ નદી છે પરંતુ આધ્યાત્મિક રૂપમાં મર્યાદામાર્ગીય વિધિ અનુસાર, તીર્થરૂપા ગંગાના તટ ઉપર તીર્થવાસ કરનારાઓને મનોવાંછિત ફળ દેનારી માનવામાં આવેલી છે. તેવી જ રીતે જગતનાં બધાં જ નામ-રૂપ અક્ષરબ્રહ્મનાં આધિભૌતિક રૂપ છે, પરંતુ તેનાથીય વિલક્ષણ એવું અક્ષરબ્રહ્મનું એક આધ્યાત્મિક રૂપ છે, જે જ્ઞાનીઓને માટે ઉપાસ્ય તથા મોક્ષની પ્રાપ્તિ કરાવનારું રૂપ છે.

ગંગાનાં આ બે આધિભૌતિક તથા આધ્યાત્મિક રૂપો સિવાય એક ત્રીજું આધિદૈવિક રૂપ પણ ક્યારેક ભક્તોને તેમના આવેશમાં એક મૂર્તિમતી દેવીના રૂપમાં અનુભવાય છે. આ આધિદૈવિક રૂપ બધાંને ચક્ષુથી ગ્રાહ્ય નથી હોતું, પરંતુ તેઓને પ્રત્યક્ષ થાય છે કે ગંગાનાં આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક બધાં રૂપોમાં તીવ્ર ભક્તિને કારણે તેમને અભેદબુદ્ધિ સિદ્ધ થઈ જાય છે, જેથી આધિભૌતિક રૂપમાં પણ તેઓનો સર્વત્ર આધિદૈવિક રૂપના જેવો જ વ્યવહાર સંભવિત બની જાય છે.

ગંગાના આધિભૌતિક રૂપ જલની જેમ આ સમગ્ર જગત છે. ગંગાના આધ્યાત્મિક તીર્થરૂપની જેમ અક્ષરબ્રહ્મને સમજવું જોઈએ અને ગંગાના આધિદૈવિક રૂપ મૂર્તિમતી દેવીની જેમ શ્રીકૃષ્ણને સમજવા જોઈએ.

જગત જેમ સત્ત્વ, રજસ્, તમોગુણાત્મક છે તેમ જ તેના નિયામક દેવતા પણ ત્રિવિધ વિષ્ણુ-બ્રહ્મા-શિવ મનાય છે. તે જ પ્રમાણે અક્ષરબ્રહ્મમાં રહેલ બ્રહ્માદિ સઘળા દેવતાઓના નિયામક પણ શ્રી હરિ જ છે, જેના દ્વારા અધિકાર પામ્યા હોવાના કારણે જ તે દેવતાઓ મનોવાંછિત ઐહિક કે પારલૌકિક ફળ આપે છે.

માહાત્મ્યના જ્ઞાન વગર સાંસારિક વૃત્તિથી જેઓ શ્રીકૃષ્ણભજનમાં પ્રવૃત્ત થાય છે, તેઓનું ભગવાન સાથેનું અંતર ઘટતું નથી. જેમ ગંગાનો કોઈ ભક્ત ગંગાના તટથી દૂર રહેવાને કારણે, ગંગાજલનાં સ્નાન, આચમન, અર્ચનથી વંચિત રહી દુઃખી રહે છે, તે જ રીતે માહાત્મ્યજ્ઞાન વગર કૃષ્ણભજનમાં પ્રવૃત્ત રહેવા છતાં જીવને કાંઈને કાંઈ કલેશ તો થાય છે. છતાં કૃષ્ણભજન ક્યારેય વ્યર્થ જતું નથી.

માટે જ જગતની સઘળી ઝંઝટ છોડીને દઈને પુષ્ટિજીવે શ્રીકૃષ્ણનું જ નિરંતર ચિંતન કરતા રહેવું જોઈએ.

જ્ઞાનરહિત મર્યાદાપુષ્ટિભક્તને પોતાનું ચિત્ત ભગવાનમાં લગાડવા માટે ભગવાનની પૂજા, ઉત્સવ વગેરેની પ્રક્રિયામાં તત્પર રહેવું જોઈએ. ભક્તિરહિત જ્ઞાનવાન મર્યાદામિશ્રિત પુષ્ટિભક્તે દાસ્યભાવપ્રદાયિની ગંગાના તટ પર શ્રી ભાગવતજીના ઊંડા અભ્યાસમાં તત્પર રહેવું જોઈએ. આ બંને પ્રકારના મિશ્રપુષ્ટિવાળા ભક્તોને જ્યારે ભગવાનના વિશેષ અનુગ્રહનો પ્રકાશ મળે છે ત્યારે તનુવિત્તજા સેવાના ક્રમે અંતે તેઓને માનસી સેવા સિદ્ધ થઈ જાય છે.

જેઓ કેવળ મર્યાદામાર્ગીય જીવ હોય છે તેઓને મર્યાદામાર્ગીય સાધનામાં દેશ-કાળ વગેરેનો નિયમ છે, પરંતુ પુષ્ટિભક્ત માટે તો ભગવાનનો અનુગ્રહ જ કેવળ એકમાત્ર નિયામક છે. આ ગ્રંથમાં મુખ્યત્વે નીચે પ્રમાણે સિદ્ધાંતો આલેખવામાં આવ્યા છે.

- શ્રીકૃષ્ણ જ સૃષ્ટિનું સર્વોચ્ચ તત્ત્વ પરબ્રહ્મ છે.
- શ્રીકૃષ્ણે લીલાસૃષ્ટિને પ્રકટ કરવા માટે પોતાનામાંથી પ્રકટ કરેલ રૂપ અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તે અવ્યક્ત છે. જ્ઞાનીઓનો લય અક્ષરબ્રહ્મમાં થાય છે.
- પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તેને પોતાનું આધિષ્ઠાન બનાવે છે તેથી તે શ્રીકૃષ્ણનું

નિત્યલીલાધામ પણ છે.

- જડ-જીવની ઉત્પત્તિ અક્ષરબ્રહ્મમાંથી થાય છે. તેઓ અક્ષરબ્રહ્માત્મક છે. સત્ય છે.
- જીવો બ્રહ્મના અંશ છે.
- ભગવાનની ઇચ્છાથી અવિદ્યાના પ્રભાવને કારણે તેઓ પોતાની બ્રહ્માત્મકતા અને બ્રહ્માંશરૂપતા ભૂલી જાય છે. આ જીવનું બંધાવું છે.
- ભક્તિ-જ્ઞાન દ્વારા અવિદ્યા દૂર થતાં જીવ મુક્ત થાય છે.
- જગત્ આધિભૌતિક છે (જેમ ગંગાનું પાણી)- અક્ષરબ્રહ્મ આધ્યાત્મિક છે (જેમ તીર્થરૂપા ગંગા)- શ્રીકૃષ્ણ આધિદૈવિક છે (જેમ ગંગાદેવી).
- અક્ષરબ્રહ્મમાંથી પ્રકટ થયેલ સત્ત્વ-રજસ્-તમોગુણાત્મક પ્રકૃતિ જગત્ રૂપે પરિણમે છે. તેથી જગત્ પણ સત્ત્વ-રજસ્-તમોગુણાત્મક છે. આમ જગત્ ત્રિવિધ છે.
- ત્રિગુણાત્મક જગતનું નિયમન કરવા માટે શ્રીકૃષ્ણ પોતે જ બ્રહ્મા-વિષ્ણુ-શિવ દેવોના રૂપમાં પ્રકટ થાય છે.
- ત્રિદેવો પરબ્રહ્મની આજ્ઞા અનુસાર અનુક્રમે જગતની સૃષ્ટિ, તેનું પાલન અને તેનો નાશ કરવાનું કાર્ય સંભાળે છે.
- અક્ષરબ્રહ્મ અપ્રાકૃત-ગુણાતીત છે. અક્ષરબ્રહ્મના સ્વામી શ્રીકૃષ્ણ છે.
- કૃષ્ણસેવા સદા કરવી.
- સહજપણે શ્રીકૃષ્ણમાં ચિત્તનું સતત પ્રવણ થઈ જાય તે સેવાની ફલરૂપ 'માનસી' અવસ્થા છે.
- માનસીરૂપા ચિત્તની પ્રવણતા શ્રીકૃષ્ણની તનુવિત્તજા સેવા કરવાથી જ થઈ શકે છે.
- 'તનુવિત્તજા' સેવા એટલે પોતાના તનથી અને પોતાના ધનથી પોતાના ઘરમાં શ્રીકૃષ્ણની સેવા.
- પ્રેમ-ભક્તિપૂર્વક કૃષ્ણસેવા કરનારનાં સંસારદુઃખ અનાયાસે દૂર થઈ જાય છે.
- જ્ઞાનમાર્ગીને જ્ઞાનસાધનાના અંતે પ્રાપ્ત થતું બ્રહ્મબોધરૂપી ફળ કૃષ્ણસેવા-ભક્તિ કરનારને વગર મહેનતે મળી રહે છે.

આ ગ્રંથમાં ભક્તોની વિભિન્ન કક્ષાનું નિરૂપણ નીચે મુજબ કરવામાં આવ્યું છે.

૧. ઉત્તમ : પોતાના સ્વરૂપનું જ્ઞાન, પરબ્રહ્મના માહાત્મ્યનું જ્ઞાન અને શ્રીકૃષ્ણમાં અનન્ય પ્રેમ આ ત્રણેય લક્ષણો જેનામાં હોય એવો પુષ્ટિમાર્ગી જો શ્રીકૃષ્ણની સેવા સર્વસ્વના સમર્પણપૂર્વક પોતાના ઘરમાં કરતો હોય તો તે ઉત્તમ ભક્ત કહેવાય.

૨. મધ્યમ : ઉપરોક્ત લક્ષણોમાંથી જો એકાદ લક્ષણ ઓછું હોય તો તેવો પુષ્ટિમાર્ગી મધ્યમ કક્ષાનો ભક્ત ગણાય.

૩. કનિષ્ઠ : જે કેવલ ક્રિયાત્મિકા સેવા કરતો હોય તે કનિષ્ઠ ગણાય.

૪. હીન : સાંસારિક ફળ મેળવવા કૃષ્ણસેવા કરનાર હીન ગણાય.

૪. પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ભેદ

શ્રી વલ્લભાચાર્ય આ ગ્રંથમાં જે વાત કહી રહ્યા છે તેનો સર્વ પ્રથમ ઉપક્રમ આપવામાં આવ્યો છે. તે પછી કયા વિષયોની પોતે ચર્ચા કરી રહ્યા છે તેનું વર્ણન છે અને અંતમાં ઉપસંહાર કરવામાં આવ્યો છે. આ ગ્રંથના પ્રારંભમાં શ્રી વલ્લભાચાર્યે 'આટલી વાત મારે કહેવી છે' તેમ પ્રતિજ્ઞા કરી હોવા છતાં તે મુજબ સંપૂર્ણ વિગત આ ગ્રંથમાં પ્રાપ્ત થતી નથી, જેથી એમ પ્રતીત થાય છે કે આ ગ્રંથ અધૂરો છે.

પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા એ ત્રણ માર્ગ છે અને ત્રણેના ભેદ વિશેષ રૂપે તથા પૃથક પૃથક કઈ રીતે એકબીજાથી અલગ પડે છે, તેની શું વિશેષતાઓ છે વગેરે બાબતની અહીં ચર્ચા કરવામાં આવેલ છે. માર્ગ એટલે શું? 'મૃગ્યતે અનેન', 'કાંઈક શોધીએ તેને માર્ગ' કહેવાય. માર્ગ દ્વારા આપણે કોઈક ચોક્કસ દિશામાં જવાનું હોય છે. શ્રી વલ્લભાચાર્ય આપણને ત્રણ માર્ગ બતાવે છે- પુષ્ટિમાર્ગ, પ્રવાહમાર્ગ અને મર્યાદા માર્ગ.

તદનુસાર 'સર્ગ' શબ્દ પણ સમજવો જરૂરી છે. સર્ગ એટલે સર્જન (creation). આ સર્જનના પણ ત્રણ પ્રકાર છે- પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા- અર્થાત્ જીવોના આ ત્રણ પ્રકાર છે. (૧) પુષ્ટિજીવ, (૨) પ્રવાહ જીવ અને (૩) મર્યાદા જીવ. આપણને પ્રશ્ન થાય કે શા માટે અલગ અલગ જીવોના સર્જન અને વિવિધ માર્ગોની આવશ્યકતા છે?

બ્રહ્મ અર્થાત્ ભગવાને પોતાનામાંથી આ જગતનું સર્જન પોતાના આનંદ ટે કર્યું છે. તેમના પોતાનામાંથી અલગ અલગ પ્રકારના જીવો છૂટા પડ્યા જેમણે પુનઃ કોઈક માર્ગે ચાલી પાછા ભગવાન પાસે પહોંચવાનું છે. જીવોના રોક્ત ત્રણ પ્રકારો હોઈ ત્રણેયને માટે જુદા જુદા માર્ગો બતાવ્યા છે. આ ર્ગે ચાલતા પ્રાપ્ત થતાં ફલ પણ અલગ અલગ છે, પરંતુ અંતતો ગત્વા બધાનું એક જ છે. સામાન્ય રીતે કહીએ તો બધાનું ગંતવ્ય એક જ છે અને તે 'બ્રહ્મની પ્રાપ્તિ' - બ્રહ્મ પાસે પહોંચવું. શ્રી વલ્લભાચાર્યજી બધા માર્ગે પ્રાપ્ત ાં ફલ અલગ અલગ બતાવે છે. જેમ જીવોના ભેદ છે, માર્ગના ભેદ છે ફલના પણ ભેદ છે. તેમની વિચારધારા 'બ્રહ્મવાદ' છે એટલે કે બ્રહ્મ સિવાય ન્ય કાંઈ છે જ નહીં તો પછી આ ભેદ શા માટે? આ સંદેહને દૂર કરવા ટે તેમણે આ 'પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ' ગ્રંથની રચના કરી છે.

બ્રહ્મ સચ્ચિદાનંદ છે. શ્રુતિ કહે છે તેમ **બ્રહ્મે રમણની ઈચ્છા કરી અને ને બહુ રૂપ ધારણ કરી જગત રૂપે વ્યુચ્ચરણ કર્યું**. પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ ઈ તે કેવલ જડ નથી, કેવલ ચિદ્રૂપ નથી પરંતુ આનંદાત્મક છે. એમનો નંદ અનંત છે- Unlimited છે. તે કોઈ રીતે સીમિત એટલે કે મર્યાદિત ી. જો કોઈ દેશ કાલ સ્વરૂપથી મર્યાદિત હોય તો તે બ્રહ્મ ન હોઈ શકે. નો અર્થ જ છે વ્યાપક અર્થાત્ તે સર્વ 'વ્યાપક' (Omnipresent) છે. સમયની મર્યાદા નથી. તે પોતે તો કાલાતીત છે. તે સ્વરૂપ વિશિષ્ટ નથી. ન, રૂપ-કલા વગેરે ભગવાન ધારણ કરે છે. સર્જનના પહેલાં કાંઈ જ નહોતું, લ બ્રહ્મ એકલા જ હતા. બ્રહ્મ એકલા રમણ ન કરી શકે, તેથી બીજાની છા કરી અને તેથી વિવિધ રૂપનામ ધારણ કરી અનેક રૂપ થઈ ગયાં.

શ્રુતિ કહે છે- **"સ એકાકિ ન રમતે- સ્વ દ્વિતીયમ્ ઐચ્છત"**. બ્રહ્મ સિવાય તવમાં અન્ય કાંઈ છે જ નહીં. જો આપણે પરમાણુ, માયા, પ્રકૃતિ ઈત્યાદિ યોનો વિચાર કરીએ તો બ્રહ્મવાદ ટકે નહીં. ઉપનિષદમાં કહ્યું છે- **'સર્વ લ્વિદં, બ્રહ્મ.'** આ સર્વ જે કાંઈ છે તે બ્રહ્મ જ છે. સમગ્ર જગત એ ભગવાનના નંદ માટે છે. જ્યારે બ્રહ્મે રમણની ઈચ્છા કરી ત્યારે જેમ અગ્નિમાંથી ફુલિંગો- તણખા છૂટા પડે તેમ અનેક જીવોનું વ્યુચ્ચરણ થયું. અસંખ્ય જીવો ામાંથી બહાર નીકળ્યા. જો બધું જ બ્રહ્મમય હોય તો દ્વૈતા-દ્વૈત, વિશિષ્ટાદ્વૈત-

અભેદ- ભેદ ઇત્યાદિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હાથની પાંચ આંગળીઓ સરખી ન હોવા છતાં તેમાં તાદાત્મ્ય છે. બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ નિજ ક્રીડાર્થે થયેલું છે. ભગવાનના પોતાના આનંદ માટે થયેલું છે. માટે ભગવાન તેનો આનંદ લઈ રહ્યા છે. જો ભગવાને આનંદ લેવા સૃષ્ટિની રચના કરી તો શું પહેલાં કાંઈ ખૂટતું હતું? પરંતુ આ ભગવાનનું કાર્ય છે કે તે કેવા પ્રકારનું સર્જન ક્રિયા માટે કરે? અહીં કોઈ લૌકિક વસ્તુની ખોટની વાત નથી. શા માટે ભગવાનને આનંદ લેવાની જરૂર પડી? તૈતિરીય ઉપનિષદમાં કહ્યું છે કે ભગવાનની લીલા આનંદરૂપ છે. તે આનંદમાં સ્થિત છે અને આનંદમાં લીન થવાની છે. બ્રહ્મ સિવાય અન્ય કાંઈ છે જ નહીં. આ લીલા બ્રહ્માત્મક છે. ભગવાન વ્યાપક છે તેમ તેમની ઇચ્છા અલૌકિક છે. અહીં લૌકિક ઇચ્છા કે આનંદની વાત નથી. અહીં નિર્ભય રમણ છે. બ્રહ્મ તે પોતે પૂર્ણ છે, પૂર્ણમાંથી અપૂર્ણ બને છે અને પુનઃ જીવ બ્રહ્મને પામી પૂર્ણ બને છે. આમ નિર્ભય રમણના કારણે પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા સૃષ્ટિની તેમણે રચના કરી અનેકવિધતા ઉત્પન્ન કરી છે જેથી રમણ થઈ શકે. બ્રહ્મ સાથે તેમની આ લીલા જોડાયેલી છે. તૈતિરીય અને બૃહદારણ્યક ઉપનિષદમાં આ વિષે ખુલાસો મળે છે.

જ્યારે બ્રહ્માંથી અનેક જીવ ઉત્પન્ન થયા ત્યારે તેમનાથી આનંદ તત્ત્વ તિરોહિત થઈ ગયું. અર્થાત્ છુપાઈ ગયું. કેવળ સત્ અને ચિત્ તત્ત્વ જ પ્રગટ રહ્યું.

અહીં એ સમજાવવામાં આવ્યું છે કે બ્રહ્મ અને જગતનો આપસી સંબંધ શું છે. શું બન્ને એક જ છે કે અલગ અલગ? બ્રહ્મ જગતથી અલગ પણ છે અને અલગ નથી પણ. બન્ને અલગ હોવા તે 'દ્વૈતવાદ', બ્રહ્મ 'આત્મા' અને જગત 'શરીર' એ 'વિશિષ્ટા દ્વૈતવાદ'.

શ્રી વલ્લભાચાર્યના મતે બ્રહ્મ પોતે જ જગતરૂપ બન્યા છે. બ્રહ્મનું પરિણામ એ જગત છે. જેમ સોનાના દાગીનામાં સોનાનું અસ્તિત્વ હોય છે તેમ બ્રહ્મ જગતરૂપે પરિણમિત થવા છતાં તેમાં બ્રહ્મનૂું અસ્તિત્વ રહેલું છે. જગતમાં એક જ બ્રહ્મે અનેક નામ અને રૂપ ધારણ કરેલાં છે.

ભગવાનનો ભક્ત હોય તે ભગવાનને ઓળખી શકે છે. તેમ પુષ્ટિ જીવ ભગવાનને ઓળખી શકે પરંતુ પ્રવાહી તેમને ઓળખી શકે નહીં. દૈવી જીવને

ભગવાને પોતાની લીલામાં ઓતપ્રોત કરેલ છે. ભગવાન ભોક્તા છે. ભક્ત તેમનો ભોગ્ય છે. ભગવાને જુદા જુદા જીવમાં અલગ અલગ વિશેષતા મૂકેલી છે. પોતાનો ભક્ત તેમને ઓળખી શકે છે. પ્રત્યેક જીવ આ સૃષ્ટિનો એક ભાગ છે. આપણે દ્દષ્ટા બનવાનો પ્રયત્ન કરીએ છીએ- વાસ્તવમાં દ્દષ્ટા ભગવાન છે. પ્રવાહી જીવ પોતે ભોક્તા બનવા માગતો હોય છે. પરંતુ 'કૌશલ ઉપનિષદ' કહે છે કે ભગવાને જેને ઊર્ધ્વગતિ આપી છે તેણે સારાં કર્મો કર્યાં છે, જેને અધોગતિ આપી છે તેણે ખોટાં કર્મો કર્યાં છે. આવા જીવો જગતમાં ખોવાઈ જાય છે. અર્થાત્ તે જન્મ-મરણના ચકરાવામાં ફર્યા જ કરે છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે જીવોના વિભાજન દૈવી અને આસુરી એમ બે પ્રકારના બતાવ્યા છે. આસુરી સૃષ્ટિમાં ભોક્તાનિષ્ઠા પોતાના દેહ સુધી હોય છે, જ્યારે દૈવી સૃષ્ટિમાં 'ભગવદ્ નિષ્ઠા' રહેલી હોય છે.

શ્રી વલ્લભાચાર્યે આસુરી સૃષ્ટિને બે પ્રકારમાં વિભાજિત કરી છે (૧) પ્રવાહીમાર્ગી અને (૨) ચર્ષણી- જેઓ સ્થિર હોતા નથી. તેમની રુચિ સ્થિર હોતી નથી, તેઓ અલગ અલગ જગ્યાએ ભટક્યા કરે છે. તેઓ ભવાટવીમાં અટવાયા કરે છે- સંસારમાં જન્મ અને મૃત્યુના ચકરાવામાં ફર્યા કરે છે. તેમને કોઈ ફલપ્રાપ્તિ થતી નથી.

જ્યારે પ્રવાહી જીવોમાં બે પ્રકાર બતાવ્યા છે (૧) દુર્જ્ઞ અને (૨) અજ્ઞ. દુર્જ્ઞ જીવો અસલી (Original) આસુરી છે. તે સૃષ્ટિના ક્રમ સુધી જન્મ-મરણમાં ભટક્યા જ કરવાના છે. તે જ તેનું ગંતવ્ય છે, જ્યારે અજ્ઞ જીવો છે તે અજ્ઞાનને વશ- દુઃસંગના કારણે પ્રવાહ માર્ગમાં હોય છે, પરંતુ તેવા જીવોમાં બદલાવ (Change) આવી શકે છે.

જે દૈવી સૃષ્ટિ છે તેમાં ભોગ્યપણાનો ભાવ હોય છે, જ્યારે ભગવાને સૃષ્ટિ ઉત્પન્ન કરી ત્યારે તેમણે વેદને પ્રગટ કર્યા. ભગવાને બ્રહ્માજીને વેદનું દાન કર્યું. તેમણે સૃષ્ટિના નિયમ બનાવ્યા. શાસ્ત્રોમાં આ નિયમો બતાવ્યા છે. વેદ માર્ગ એ દૈવી જીવો માટે બનાવ્યો છે. તેમાં ત્રણ પ્રકાર - કર્મ માર્ગ, જ્ઞાન માર્ગ અને ભક્તિ માર્ગ બતાવવામાં આવ્યા છે. જેઓ આ માર્ગ ઉપર ચાલશે તેમને તદનુસાર ફલપ્રાપ્તિ થશે. પ્રવાહમાં જ્યારે મર્યાદા બાંધી ત્યારે બંધાઈ ગયા. તે વાણીરૂપી મર્યાદા છે. જેની જેવી રુચિ તેમ તેઓ બંધાઈને રહે. જ્ઞાન

એટલે બ્રહ્મજ્ઞાન અર્થાત્ બ્રહ્મને સમજવું તેવું જ્ઞાન. બધું બ્રહ્માત્મક છે તેવી રુચિ કેળવવી. આવા જીવ જ્ઞાનમાર્ગના અધિકારી છે. વેદમાં બતાવવામાં આવેલ વિવિધ કર્મોમાં જેની રુચી હોય તે કર્મ માર્ગના અધિકારી જીવ છે. જ્યારે જેઓ ભગવાનની લીલાનો આસ્વાદ લે છે તેઓ ભક્તિમાર્ગના અધિકારી છે. કર્મમાર્ગ- જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગને સમજવા ગુલાબનું ઉદાહરણ આપી શકાય. જેઓ ગુલાબને ઉગાડવા વિશે- તેનાં વિવિધ પાસાંઓની જાણકારી મેળવી ગુલાબ ઉગાડે તે કર્મમાર્ગી કહેવાય. જેઓને ગુલાબના રંગ-રૂપ-ગંધ ઈત્યાદિનું જ્ઞાન હોય તેઓ જ્ઞાનમાર્ગી છે અને જેઓ ગુલાબનાં રૂપ-સુગંધને ભોગવી તેનો આનંદ લેતા હોય, તેને Enjoy કરતા હોય તેઓ ભક્તિમાર્ગી કહેવાય.

તે જ મુજબ જેઓ બ્રહ્મની લીલાઓને માણી શકે- તેનો આસ્વાદ (Relish) લઈ શકે તે દૈવી જીવો ભક્તિમાર્ગી હોય છે. આમ પ્રવાહમાર્ગી જીવો જન્મ-મરણના ચક્કરમાંથી બહાર નથી નીકળી શકતા, જેઓ મર્યાદા માર્ગી જીવો તે બહાર નીકળવા વેદમાં બતાવેલ આત્મકલ્યાણના માર્ગોમાં બંધાયેલ છે. તેમની મર્યાદાઓનું પાલન કરી તેઓ પ્રશસ્ત થાય છે, જ્યારે પુષ્ટિમાર્ગી જીવો ભોગ્ય બની ભોક્તા એવા ભગવાનની લીલાનો આનંદ માણે છે- મજા લે છે. પુષ્ટિ જીવને જ્યારે ભગવાનમાં સ્નેહ જાગે અને ઉત્તરોત્તર તે સ્નેહ ઘનિષ્ટ થાય ત્યારે તે ભક્તિમાર્ગી- પુષ્ટિભક્તિમાર્ગી બને છે. ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત કરવાને લાયક બને છે. જ્યારે પરમાત્મા પ્રત્યેનો ભાવ અર્થાત્ પ્રેમ તે પોતાના આત્મકલ્યાણ સુધી સીમિત ન રહેતાં ભગવાનના સુખ માટે તે તત્પર થાય ત્યારે તેના પર ભગવદ્ અનુગ્રહ થાય છે.

ભક્તિની વ્યાખ્યા કરતાં કહ્યું છે- 'માહાત્મ્ય જ્ઞાનપૂર્વક, સુદૃઢ- સર્વતોધિક સ્નેહ' તેનું નામ ભક્તિ. આમ ભક્તિથી પુષ્ટિમાર્ગનું અનુમાન થાય છે. જ્યારે મર્યાદા માર્ગમાં તેને વેદના નિયમો અનુસાર ચાલવાનું બંધન હોય છે. પુષ્ટિમાર્ગમાં તો ભગવદ્ પ્રેમને કારણે નિયમોને તોડી શકાય છે. ત્યાં નિયમોનું પ્રાધાન્ય ન હોતા ભગવદ્ સુખનો વિચાર કેન્દ્રસ્થાને હોય છે. ભગવદ્ પ્રેમમાં વેદની મર્યાદાનું ઉલ્લંઘન એ દોષરૂપ નથી. આમ કર્મ-જ્ઞાન-ઉપાસના એ ત્રણેય માર્ગ અલગ અલગ પ્રકારના જીવો માટે બતાવવામાં આવ્યા છે.

ભાગવતમાં કૃપા એટલે અનુગ્રહની વ્યાખ્યા આપવામાં આવી છે- **'પોષણં તદ્ અનુગ્રહ'**, અહીં વરણ- પુષ્ટિ અને પોષણ એ બધું એક જ અર્થમાં કહેવાયું છે. આસુરી સૃષ્ટિ માટે કોઈ નિયમ કે ધોરણ નથી. જેમ આજ્ઞાકારી વિદ્યાર્થી હોય- બધું નિયમાનુસાર કરે તે મર્યાદા જીવ છે. જ્યારે પુષ્ટિ એ વિશિષ્ટ કોટીનો જીવ છે જેને ભગવદ્ કૃપાના કારણે તેમનામાં પ્રેમ જાગે છે.

સર્ગભેદ- ઈચ્છા- વાણી અને કાર્ય- આ ત્રણ તત્ત્વો એ નિયામક (controlling Factors) છે. ઈચ્છા દ્વારા આસુરી અથવા પ્રવાહી સૃષ્ટિની ઉત્પત્તિ છે. વાણી દ્વારા સૃષ્ટિ થઈ છે અને ભગવાનના શ્રી અંગ- કાયામાંથી પુષ્ટિ સૃષ્ટિ ઉત્પત્તિ બતાવી છે. પ્રવાહી (આસુરી) માટે ભગવાનની ઈચ્છા કારણભૂત છે, મર્યાદામાર્ગી પોતાના આત્મશ્રેયની અપેક્ષા રાખતાં હોવાથી વેદમાં બતાયેલ સાધનોથી તેની પૂર્તિ કરે છે, જ્યારે પુષ્ટિમાર્ગીય જીવોને ભગવદ્ સેવાનું તાત્પર્ય હોય છે. ભગવાન સ્વયં જ તેઓને માટે ફલ છે. ભગવદ્ સેવામાં જ તેઓની રુચિ હોય છે.

અનુગ્રહ બે પ્રકારના હોય છે. (૧) સામાન્ય (૨) વિશેષ. ખેતી કરી પાક લેવો હોય તો વરસાદની જરૂરત હોય છે. તે જ પ્રમાણે ભદવદ્ કૃપાની આવશ્યકતા છે, ગીતામાં ભગવાન કહે છે- **'મામેવ યે પ્રપદ્યન્તેં માયામેતાં તરંતિ તે'** ભગવાનની કૃપા દ્વારા જ કર્મ- જ્ઞાન- ભક્તિમાં સામર્થ્ય પ્રગટ થશે. અર્થાત્ આના ઉપાયમાં ભગવાનની કૃપા જોડાવી જરૂરી છે. પરંતુ ભગવાનમાં વિશેષ પ્રેમ ત્યારે જ જાગૃત થાય જ્યારે ભગવાનની વિશેષ કૃપા ભક્ત ઉપર ઊતરે. આમ, ભગવદ્ કૃપાના ત્રણ તબક્કા કહી શકાય- ઈચ્છા- સામાન્ય કૃપા અને વિશેષ કૃપા.

સર્ગભેદ-કારણભેદ, ફલભેદ, માર્ગભેદ અથવા સાધનભેદ તથા જીવોના સ્વરૂપાદિ ભેદના આધારે પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગ એકબીજાથી જુદા જુદા છે, એમ શ્રી મહાપ્રભુજી આ ગ્રંથ દ્વારા આપણને સમજાવવા ઈચ્છે છે. પ્રાપ્ત ગ્રંથપૂર્ણ ન હોવાથી એમ કહેવું મુશ્કેલ છે કે શ્રી મહાપ્રભુજીએ કયા પ્રકારે પહેલાં કહેવાયેલ માર્ગોનું પૃથક્કરણ, વિશ્લેષણ તેમ જ વર્ગીકરણ કર્યું હતું. જેટલો ભાગ પ્રાપ્ત થયો છે, તેના અધ્યયનથી ત્રણ પ્રકારની સંભાવના પ્રકટ થાય છે. આ બધી સમાન ન્યાયની સામાન્ય યુક્તિ ઉપર કરાયેલી

સંભાવનાઓ છે, જેનું તુલનાત્મક પ્રામાણ્ય અન્ય ગ્રંથોમાં શ્રી મહાપ્રભુજી દ્વારા આ વિષયની બાબતમાં કરાયેલાં વિધાનોની સાથેના સુમેળ ઉપર આધારિત છે.

પ્રથમ સંભાવિત વર્ગીકરણ


જીવ
દૈવી
આસુરી
માર્ગાધિકૃત
ચર્ષણી
ચર્ષણી
માર્ગાધિકૃત
પુષ્ટિ
મર્યાદા
અજ્ઞ
દુર્જ્ઞ
શુદ્ધ
મિશ્ર
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
કુલ ૧૦

દ્વિતીય સંભાવિત વર્ગીકરણ


જીવ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
શુદ્ધ
મિશ્ર
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
કુલ ૧૦

તૃતીય સંભાવિત વર્ગીકરણ


જીવ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
શુદ્ધ
મિશ્ર
શુદ્ધ
મિશ્ર
શુદ્ધ
મિશ્ર
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ

કુલ ૧૨

આમાંથી કયું વર્ગીકરણ શ્રી મહાપ્રભુજીને ઇષ્ટ છે તે માત્ર પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથના આધારે નિર્વિવાદ રીતે નક્કી થઈ શકતું નથી.

૫. સિદ્ધાંતરહસ્યમ્

એક કિંવદંતી અનુસાર 'સિદ્ધાંતરહસ્ય'નું આલેખન શ્રી વલ્લભાચાર્યે વિ.સં. ૧૫૪૯માં કર્યું હતું, જેની રચના ગોકુળમાં શ્રાવણ સુદિ એકાદશીની અર્ધરાત્રિએ થઈ હતી.

શ્રી યદુનાથજીવિરચિત શ્રી વલ્લભ-દિગ્વિજયમાં વર્ણવેલી ઘટના મુજબ શ્રી વલ્લભાચાર્ય મથુરાથી ગોકુળ પધાર્યા. ત્યાં શ્રાવણ માસની અજવાળી એકાદશીનું વ્રત તેમ જ જાગરણ આપશ્રીએ કર્યું. મધ્યરાત્રિએ ભગવાને પ્રકટ થઈને દર્શન દીધાં. તે સમયે શ્રી વલ્લભાચાર્યે પવિત્રા ધરીને મિસરીનો ભોગ ધર્યો. પછી શ્રી ગોકુલનાથે તેમને સાંત્વન આપતાં, આપે દૈવી જીવોના ઉદ્ધારની ચિંતા કરવી જોઈએ નહીં. દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રસ્તુત ગ્રંથમાં વર્ણવાયેલ ભાવનાની સાથે ગદ્યમંત્રનું દાન શ્રી વલ્લભાચાર્યને દેવામાં આવ્યું અને જીવોને પણ આ ભાવનાના ઉપદેશની સાથે ગદ્યમંત્ર દ્વારા દીક્ષિત કરવાનો આદેશ આપવામાં આવ્યો. ભગવાને શ્રી વલ્લભાચાર્યને વચન આપ્યું કે તમારાથી જેને આ સર્વસ્વના સમર્પણપૂર્વક આત્મનિવેદનની દીક્ષા દેવામાં આવશે તેની અહંતા મમતાનો સેવામાં વિનિયોગ કરવાથી તેને ભગવાનની લીલા અનુભવવાનું

સામર્થ્ય પ્રાપ્ત થશે. પ્રાતઃકાલે શ્રી મહાપ્રભુજીએ આ દીક્ષા દામોદરદાસ તથા કૃષ્ણદાસને આપી.'

વાર્તા સાહિત્ય અનુસાર ભગવદાજ્ઞા પછી શ્રી વલ્લભાચાર્યે સમીપમાં સૂતેલા દામોદરદાસ હરસાનીને પૂછયું, 'દમલા! તેંને કછુ સુન્યો? (તેં કાંઈ સાંભળ્યું?) ત્યારે દામોદરદાસે કહ્યું, 'જી મહારાજ! મૈંને શ્રી ઠાકોરજીકે બચન સુને તો સહી, પરી સમુઝ્યો નાહી.' (જી મહારાજ! મેં ઠાકોરજીનાં વચન સાંભળ્યાં તો ખરાં, પણ સમજ્યો નહીં.)

સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં સાક્ષાત્ ભગવાને કહેલ ભાવના સહિત ગદ્યમંત્રમાંથી સ્વયં શ્રી વલ્લભાચાર્યે અક્ષરશઃ ભગવાને કહેલ ભાવના દોહરાવી છે. તેઓ કહે છે 'સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશઃ ઉચ્યતે,' એટલે કે સાક્ષાત્ ભગવાને કહેલ તે અક્ષરશઃ કહેવાય છે. આમ છતાં અહીં ગદ્યમંત્ર કહેવાયો નથી.

નિવેદન, સમર્પણ તેમ જ વિનિયોગ ઉત્તરોત્તર એકબીજાના રહસ્યરૂપ છે એ સમજાવવાનું અહીં શ્રી વલ્લભાચાર્યનું તાત્પર્ય છે. ગદ્યમંત્રમાં 'આત્મા' અને 'નિવેદન'નું રહસ્ય આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણના રૂપમાં સમજાવાયું છે. ગદ્યમંત્રમાં જે આત્મા તેમ જ આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણ કરવામાં આવે છે, તેનું રહસ્ય પોતાના સ્વામી શ્રીકૃષ્ણની સેવામાં પોતાના તથા પોતાની સાથે સંબંધિત બધા પદાર્થોના વિનિયોગમાં સમાયેલું છે. અન્યથા, સમર્પણ પૂર્ણતાથી સાર્થક થતું નથી. માટે જ સમર્પણ કરાયેલાનો વિનિયોગ પણ આવશ્યક છે.

શ્રી વલ્લભાચાર્યને આત્મનિવેદનની ભાવનાના રૂપમાં શ્રી પ્રભુએ પ્રકટ થઈને આ જ સમજાવ્યું હતું માટે તેઓ આ ગ્રંથમાં કહે છે- 'તેથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો; જેણે આત્મનિવેદન કર્યું છે તેણે પ્રભુને સમર્પણ કરીને જ બધું કરવું એવો નિશ્ચિત નિયમ છે.' જેઓ બ્રહ્મસંબંધ પામેલા છે તેમણે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. પોતાનાં બધાં જ કામકાજ સમર્પણપૂર્વક ચલાવવાં જોઈએ. આ જ બ્રહ્મસંબંધ અથવા આત્મનિવેદનની મૂળ ભાવના છે.

પોતાના અન્ય ગ્રંથ નવરત્નમાં પણ આ ભાવના શ્રી વલ્લભાચાર્ય પ્રસ્તુત કરે છેઃ 'નિવેદનના સમયે પોતાના પ્રાણ પૂર્ણપણે શ્રીકૃષ્ણાધીન કરી દીધા છે, તેઓને કઈ વાતની ચિંતા હોઈ શકે? (નવરત્ન ૪-૫) નવરત્નગ્રંથના આ

વચનની તથા સિદ્ધાંતરહસ્યના 'બ્રહ્મસંબંધ કરવાથી બધાયના દેહના અને જીવના સર્વ પ્રકારના દોષો નિવૃત્ત થઈ જાય છે,' (સિદ્ધાંતરહસ્ય ૨) આ વચનનો પરસ્પર સંબંધ જોડવાથી આત્મનિવદેન અને ગદ્યમંત્ર દ્વારા આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણ એ બન્નેનું જોડાણ જ 'બ્રહ્મસંબંધ' કહેવાય છે. આ સિદ્ધાંતનું રહસ્ય 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્ય બતાવે છે.

જીવ અનેક પ્રકારના દોષોથી ભરેલો છે જેવા કે (૧) અવિદ્યાથી થયેલી અહંતા-મમતાની ભ્રાંતિ. સૂક્ષ્મ શરીરમાં કામ, ક્રોધ, લોભ વગેરે તથા ભૂખ, તરસ જેવા અનેક સહજ દોષો સદાય અસ્તિત્વમાં હોય છે. તેવી જ રીતે સ્થૂળ શરીરમાં પણ અનેક પ્રકારની અશુદ્ધિ તથા રોગ વગેરે દોષો સહજ રીતે રહેલા જોવા મળે છે. (૨) પાપની અતિશયતાવાળા પ્રદેશોમાં જન્મની પ્રાપ્તિથી અથવા કોઈ વાર તો એવા પ્રદેશમાં જવા માત્રથી દોષ લાગી જાય છે, એમ શાસ્ત્રો કહે છે. (૩) કલિકાલને કારણે અનેક ધાર્મિક વ્યવસ્થા લુપ્ત થઈ ગઈ છે. આથી કાળથી થતા દોષો પણ શાસ્ત્રમાં સ્વીકારાયા છે. (૪) કોઈ કોઈ વાર જાણીબૂજીને અથવા મોહવશ થઈને પણ આપણે એવાં આચરણ કરી બેસીએ છીએ, જેને લોકમાં તેમ જ શાસ્ત્રમાં નિંદ્ય માનેલ હોય છે. (૫) કોઈ કોઈ વાર નિવારી ન શકાય તેવી સ્થિતિમાં અનિચ્છાએ, અજાણમાં એવાં ભૂલભરેલાં કામ આપણાથી થઈ જાય છે, અથવા કરવાં પડે છે કે જે લોકમાં અને વેદમાં નિંદ્ય હોય છે.

એવી રીતે લોકમાં તથા વેદોમાં નિંદિત એવા અનેક પ્રકારના દોષોથી જીવ ભરાયેલો રહે છે. પરંતુ બ્રહ્મસંબંધ થવાથી પુષ્ટિજીવ દ્વારા કરવામાં આવેલી ભગવત્સેવામાં એ દોષો બાધક થઈ શકતા નથી. બ્રહ્મસંબંધ સિવાય અન્ય કોઈ પણ પ્રકારે એ દોષોની નિવૃત્તિ શક્ય નથી.

બ્રહ્મસંબંધનું વાસ્તવિક સ્વરૂપ અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવાથી જ સિદ્ધ થાય છે. જેણે આત્મનિવેદન કર્યું છે તેણે પોતાનાં બધાં જ કામકાજ સમર્પણપૂર્વક જ ચલાવવાં જોઈએ. પરંતુ તેમાં એક સાવધાની અવશ્ય રાખવી જોઈએ કે એવી કોઈ પણ વસ્તુ કે જેનો ઉપભોગ પ્રથમ આપણે કરી લીધો હોય તે દેવાધિદેવ ભગવાન શ્રીકૃષ્ણને સમર્પણ કરાય નહીં. આપણા પ્રથમ ઉપભોગને કારણે તે વસ્તુ આપણી અર્ધભુક્ત અથવા ઉચ્છિષ્ટ થઈ જાય છે માટે આપણે

ઉપભોગ કર્યા પહેલાં બધી વસ્તુઓનું સમર્પણ કરવું આવશ્યક છે.

ભગવાન અર્થે બધી વસ્તુઓને સમર્પિત કરી દેવાથી આત્મનિવેદન કરનારનો રોજેરોજનો વ્યવહાર કેવી રીતે નભી શકશે? અને વળી અસમર્પિતનો પણ ઉપભોગ નિષિદ્ધ મનાયેલો છે તો આ બન્ને વાત શી રીતે શક્ય થઈ શકશે? આનો ખુલાસો આપતાં શ્રી વલ્લભાચાર્ય કહે છે-

'ભગવાનને દાનના રૂપમાં જે કાંઈ ભેટ કરી દેવામાં આવે છે તેનું ફરીને અપહરણ કે ઉપભોગ નહીં કરવો જોઈએ.' આ શાસ્ત્રીય વિધાન પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલીને લાગુ પડતું નથીઃ કેમ કે પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં જેવી રીતે ઘરનો સેવક ઘરધણીએ ઉપભોગ કરેલ વસ્તુઓનો- અન્ન, વસ્ત્ર વગેરેનો ઉપયોગ લોકમાં કરે જ છે, તે પ્રમાણે બધું જ પહેલાં એક વાર પ્રભુને સમર્પિત કરવું જોઈએ અને પછી પોતાના ઉપભોગ માટે લેવું જોઈએ. તેથી સર્વસમર્પણના તેમ જ અસમર્પિત ત્યાગના સિદ્ધાંતમાં બાધા આવતી નથી. બ્રહ્મસંબંધ લેતી વખતે જે વસ્તુઓનું આપણે સમર્પણ કરીએ છીએ તેનો સાક્ષાત્ કે પરંપરાથી કોઈ પણ રીતે એક વાર ભગવાનની સેવામાં વિનિયોગ થઈ ગયા પછી તેના બધા દોષો નિવૃત્ત થઈ જાય છે. તેથી એ રીતે દોષરહિત, બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલી વસ્તુઓના ઉપભોગમાં કોઈ પણ પ્રકારના સાંસારિક અનર્થની સંભાવના રહેતી નથી. ઉદાહરણ આપતાં શ્રી વલ્લભાચાર્ય કહે છે કે જેમ નદી-નાળાં ગંગામાં મળી ગયાં પછી ગંગાજલ જ માની લેવામાં આવે છે અને તેઓના સ્વતંત્ર અસ્તિત્વનો કે ગુણદોષોનો વિચાર નથી કરવામાં આવતો, એ જ પ્રમાણે ભગવાનની અલૌકિક સેવાનું અંગ બની ગયા પછી સાંસારિક વસ્તુઓના સ્વતંત્ર ગુણદોષોનો વિચાર પણ અનાવશ્યક થઈ જાય છે.

આ જ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતનું અત્યંત ગૂઢ રહસ્ય છે જે શ્રી વલ્લભાચાર્યે આ ગ્રંથમાં સમજાવ્યું છે.

બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ

''ભગવાનથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી જેના તાપઃ કલેશનો આનંદ જેને તિરોધાન થયો છે તેવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રી ગોપીજન વલ્લભ)ને મારે દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, પુત્ર, પરિવારજનો, ધન, આલોક, પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું,

હું દાસ છું. હે કૃષ્ણ, હું તમારો છું.''

વિશેષ નોંધ : આ ગ્રંથનો વિસ્તાર 'શુદ્ધાદ્વૈત વેદાંત' ભાગ-૨માં 'બ્રહ્મસંબંધ અને તેનું તાત્પર્ય (પેજ ૧૦૬)માં જોવો.

૬. નવરત્નમ્

નવરત્ન ગ્રંથની રચના શ્રી મહાપ્રભુજીએ વિ.સં. ૧૫૫૮માં અડેલમાં ખેરાળુ ગામના ગોવિંદ દુબે સાંચોરાને માટે કરી હોવાનું મનાય છે.

ગોવિંદ દુબેની મનોવૃત્તિ વૈરાગ્યપ્રધાન હતી. નાની વયમાં જ તેઓ તીર્થયાત્રા માટે દ્વારકા ગયા અને પછી ત્યાં જ રહેવા માંડ્યા. માતપિતાના દેહાવસાન પછી તેઓ શ્રાદ્ધ કરવાને માટે 'ગયા' ગયા, જ્યાં માર્ગમાં મણિકર્ણિકાના ઘાટ ઉપર શ્રી વલ્લભાચાર્ય સાથે તેમનો મેળાપ થયો. તેમનાથી પ્રભાવિત થઈને તેઓ પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થયા અને પોતાને ઘેર પાછા આવીને ભગવત્સેવામાં પ્રવૃત્ત થયા.

એક સમયે 'ગોવિંદ દુબેએ શ્રી વલ્લભાચાર્યને લખી જણાવ્યું કે મારા મનમાં બહુ જ વ્યગ્રતા રહે છે, ભગવત્સેવામાં ચિત્ત ચોંટતું નથી, તો મારે શું કરવું? તેના ઉત્તરમાં આપશ્રીએ નવરત્ન ગ્રંથની રચના કરી લખી મોકલ્યો જેનો પાઠ કરવાથી તેમની બધી વ્યગ્રતા-ચિંતા ટળી ગઈ અને મન ભગવત્સેવામાં લાગી ગયું.

શ્રી વલ્લભાચાર્યે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં સમજાવ્યું છે કે બધા જીવોના માર્ગ અલગ અલગ છે. પુષ્ટિમાર્ગમાં પણ ભગવાનની પાસે પહોંચવાની અનેક રીતો છે. પોતપોતાના સ્વભાવ પ્રમાણે સરળતાથી જે માર્ગ ઉપર આપણે ચાલી શકીએ છીએ, તે માર્ગને છોડીને કોઈનું ખોટું અનુકરણ કરવાના મનના વલણથી જ્યારે આપણે આપણા સ્વભાવથી વિરુદ્ધ માર્ગ ઉપર ચાલવા ઇચ્છીએ ત્યારે તેવા પ્રયત્નમાં ચિંતા, ઉદ્વેગ કે વ્યગ્રતાથી મનનું ઘેરાઈ જવું એ સ્વાભાવિક જ છે. ચિંતાનું મૂળ આપણી આસ્થા, ભક્તિ તથા જે સ્વીકાર્યું છે તેને અનુરૂપ મનોવૃત્તિમાં ન રહેતાં અનાસ્થા, ઉદ્વેગ તથા અસ્વીકારની મનોવૃત્તિમાં રહે છે. ભગવાનની શરણાગતિ સ્વીકાર્યા પછી આ લોક સંબંધી કે પરલોક સંબંધી બધું જ ભગવાનને સમર્પિત કરી દેવું જોઈએ. ભગવાન તો સર્વજ્ઞ, સર્વસમર્થ, સર્વના હિતૈષી, સર્વના સુહૃદ, કર્તા-કારયિતા, અચિંત્ય લીલાવિહારી છે. એવા પ્રકારના

ભાવવાળી ભૂમિકા ઉપર સંશય, ચિંતા કે પ્રાર્થનાનો ઝેરીલો અંકુર ફૂટી જ નહીં શકે. જે કાંઈ થઈ રહ્યું છે તેને લીલાના જ્ઞાનની સાથે સ્વીકારવામાં જ સાચો વિવેક રહેલો છે. ભગવાનની કૃપાથી ભગવત્સેવામાં કે ભગવત્કથામાં જેટલું ચિત્ત તન્મય થતું જાય, તેમાં અધિક ને અધિક આનંદ લેતાં રહેવાની મનોવૃત્તિ એ એક સ્વસ્થ સ્વીકૃતિની મનોવૃત્તિ છે. જ્યારે અનધિકાર ચેષ્ટાઓ દ્વારા જે આદર્શ તન્મયતા આપણને પ્રાપ્ત નથી થઈ, એના વિષે ચિંતા કે ઉદ્વેગની મનોવૃત્તિ એ અસ્વસ્થ અસ્વીકૃતિની મનોવૃત્તિ છે.

તેથી ભગવત્સેવામાં પ્રવૃત્ત થનારા પુષ્ટિજીવોને શ્રી વલ્લભાચાર્યે આ ગ્રંથ દ્વારા બધા જ પ્રકારની ચિંતાઓથી મુક્ત કરવા ઈચ્છે છે.

વૈદિક કર્મો કરવાનો અધિકાર જેવી રીતે ગાયત્રી મંત્રનો ઉપદેશ ગ્રહણ કરવાથી પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવાનો અધિકાર બ્રહ્મસંબંધની દીક્ષાથી પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવાનો અધિકાર બ્રહ્મસંબંધની દીક્ષાથી પ્રાપ્ત થાય છે. આત્મનિવેદનની સાર્થકતા ભગવત્સેવાની સંપન્નતામાં જ રહેલી છે. આથી જ પોતાનો લૌકિક વ્યવહાર પણ શક્ય હોય ત્યાં સુધી ભગવાનની સેવામાં ઉપયોગમાં લેવાયેલા હોય તે પદાર્થોથી ચલાવવો જોઈએ. તેમાં પણ પ્રયોજન તો ભગવત્સેવાનો નિર્વાહ અન્ય પર આશ્રિત ન હોય તે જ છે. ભગવાનને દાનરૂપે કોઈ વસ્તુની ભેટ કર્યા પછી તેને ફરીને પોતાના ઉપયોગમાં લેવાનું વર્જિત છે, પરંતુ નિવેદન કરાયેલ સમર્પણની પ્રક્રિયામાં કોઈ વસ્તુને ફરીને પોતાના ઉપયોગમાં લેવાનું વર્જિત નથી. પ્રભુને સમર્પણ કરાયેલ બધી વસ્તુઓનો ઉપયોગ એવી રીતે કરવો કે નિશ્ચિત રૂપે પહેલાં તો એક વાર ભગવાનની સેવામાં તેનો વિનિયોગ કરી જ દે અને પછી પોતાના ઉપભોગ માટે તેને ગ્રહણ કરે. આ નિયમનું પાલન કરવાથી આત્મશુદ્ધિ થાય છે.

જેણે આત્મનિવેદન કરેલ છે તેને માટે આ આવશ્યક છે કે જીવનમાં સુખ-દુ:ખ જે કાંઈ આવે તેને ભગવાનની ઈચ્છા માનીને સ્વાભાવિક રીતે સ્વીકારી લેવું. ક્યારેય ચિંતા કરવી નહીં. લૌકિક વ્યવહાર નિભાવવા માટે લૌકિક પ્રયાસોમાં વ્યસ્ત રહેવાથી એ સંભવ છે કે મર્યાદામાર્ગીય વૈરાગ્ય સિદ્ધ ન પણ થાય. પરંતુ ભગવાને પુષ્ટિમાર્ગમાં અમારો સ્વીકાર કર્યો છે, તેથી પ્રવાહમાર્ગીય

લૌકિક ગતિ પુષ્ટિજીવની નહીં થવા દે, એવી દૃઢ આસ્થા આપણે રાખવી જોઈએ.

ભગવત્સેવા નિભાવવા માટે વ્યાપાર, નોકરી વગેરે કરવા છતાં સંભવિત એવી બહિર્મુખતાથી બચવાનો ઉપાય એ છે કે પોતે આત્મનિવેદન કર્યું છે તેનું સંસ્મરણ સતત રાખ્યા કરવું, 'હું કૃષ્ણનો છું- કૃષ્ણનો દાસ છું.'

કોઈ વિષમ પરિસ્થિતિમાં સેવા ન નિભાવાય ત્યારે પણ જેણે આત્મનિવેદન કર્યું હોય તેવા ભગવદીયોના સત્સંગ દ્વારા આત્મનિવેદન કર્યાનું સ્મરણ સતત રાખ્યા કરવું એ અત્યંત આવશ્યક છે, કારણ કે એનું સંસ્મરણ મનના પડદા પરથી છૂટ્યું કે તરત આસુરાવેશ આવી જવાની સંભાવના પ્રબળ થઈ જાય છે.

આત્મનિવેદન કરનારા બધા પુષ્ટિજીવો, પછી ભલેને તે ઉચ્ચ કક્ષાના હોય કે ઊતરતી કક્ષાના હોય- બધાનો સંબંધ દાસના રૂપમાં ભગવાનની સાથે જોડાઈ જ ગયો છે, તો પછી ચિંતા શેની? ભગવાન આપણા સ્વામી છે, તે જે કાંઈ નિજ ઈચ્છાથી કરે તે આપણને સ્વીકાર્ય હોવું જોઈએ અને તેમ છતાં ભગવાન તો ભક્તવશ પણ છે, તેથી પોતાના ભક્તોની વિકાર વગરની બધી જ મનોકામના, કોઈ પણ પ્રાર્થનાની અપેક્ષા વિના ભગવાન તેમની મેળે જ પૂર્ણ કરશે એવી આસ્થા આપણે રાખવી જોઈએ અને ચિંતાથી મુક્ત થવું જોઈએ.

કોઈક વાર એમ પણ બને કે એવી વ્યક્તિઓ સાથે કામ આવી પડે કે જેમના વિષે બ્રહ્મસંબંધ લેવાના સમયે તેઓને ભગવાનને સમર્પિત કરવાનો મનોભાવ આપણામાં સર્વથા હોય નહીં, પરંતુ તેથી ચિંતા કરવાની કોઈ આવશ્યકતા નથી; કારણ કે એક વાર સર્વાત્મભાવથી પ્રભુ પ્રત્યે સમર્પિત થઈ ગયા પછી, ભલે તે સમર્પણ સમજપૂર્વક ન પણ થયું હોય, તો પણ ચિંતાનું કોઈ કારણ રહેતું નથી.

જેમ વ્રજભક્તોનો અન્યાશ્રય છોડાવીને આપમેળે જ પોતાના ભજનમાં તેઓને પ્રવૃત્ત કરે છે, તેમ જ્યારે અને જે ક્ષણે તે પોતાના ભજનમાં આપણને પ્રવૃત્ત કરવા ઈચ્છશે તે જ ક્ષણે એની મેળે જ આપણો તથા આપણી સાથે સંબંધિત બધી વસ્તુનો અથવા બધી વ્યક્તિઓનો સેવામાં વિનિયોગ અનાયાસે સંપન્ન થઈ જશે. પ્રભુ તો સર્વસમર્થ છે, તેથી આપણી બધી જ અયોગ્યતાને દૂર કરીને, કોઈ પણ સાધનની અપેક્ષા વગર આપણને યોગ્ય પણ બનાવી

શકે છે. તેથી આપણે નિવેદન કે સમર્પણ કરવાને યોગ્ય છીએ કે નહીં, એવી ચિંતા પણ પુષ્ટિભક્તે કરવી જોઈએ નહીં.

જ્યારે લૌકિક પ્રવૃત્તિઓ વગેરેમાં કોઈ કઠિનાઈ આવી પડે, વૈદિક વર્ણાશ્રમ ધર્મના પાલનમાં કોઈ કઠિનાઈ ઊભી થાય ત્યારે પણ ચિંતા કરવી જોઈએ નહીં. ઊલટાનું એમ સમજવું જોઈએ કે ભગવાન વધુને વધુ ભક્તિમાર્ગ ઉપર આગળ વધવાનો અવસર આપણી સામે ઊભો કરી રહ્યા છે.

ભક્તિની પ્રારંભિક અવસ્થામાં ગુરુની આજ્ઞા અનુસાર જ ભગવત્સેવા કરવી જોઈએ, પરંતુ ભગવાનની ઇચ્છાને અધીન કે ભગવાનની આજ્ઞાને આધીન સેવાના પ્રકારમાં કંઈક ભિન્નતા પણ આવી જાય તો તેમાં પણ ચિંતા જેવું કાંઈ નથી. ગુરુની આજ્ઞા અનુસાર હોય કે ભગવાનની આજ્ઞા અનુસાર હોય, જેવી રીતે હોય તેમ, પણ કૃષ્ણસેવામાં તત્પરતા વધતી જાય તે જ જીવનપ્રણાલી સુખપ્રદ થાય છે.

નિશ્ચિંતતાના આ બધા સિદ્ધાંતો જાણવા છતાં પણ કોઈ વાર પરિવાર સંબંધી ઊભું થયેલ કષ્ટ વ્યક્તિને વિમાસણમાં મૂકી દે છે ત્યારે જે કાંઈ બની રહ્યું છે તેને ભગવાનની લીલાના જ્ઞાનની સાથે સ્વાભાવિકપણે સ્વીકારી લેવાની મનોવૃત્તિ કેળવવી જોઈએ.

ભાગવતમાં ભક્તિનાં નવ સોપાન બતાવાયાં છેઃ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. તેમાં અપેક્ષિત રીતે શ્રવણ અને કીર્તન જેવાં પ્રાથમિક સોપાનો ઉપર ચડવું એ પણ એક કઠિન કાર્ય છે, તો પછી અંતિમ સોપાન આત્મનિવેદન એ તે પછી પ્રાપ્ત થનારી નિશ્ચિંતતાની માનસિક અવસ્થાનો લાભ તો ઘણો જ કઠિન છે, પરંતુ તેની ચિંતા કરવાની આવશ્યકતા નથી, પણ સર્વાત્મભાવથી પ્રભુની શરણાગતિવાળા મનોભાવને ટકાવી રાખવાની આવશ્યકતા છે. નિરર્થક ચિંતાઓ કરવાને બદલે એકાગ્રતાપૂર્વક નિરંતન 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'નો જપ કરતાં રહેવું વધુ હિતાવહ છે.

ચિંતા કે ઉદ્વેગ તો ભક્તિના સ્થાયીભાવથી વિપરીત એવા રસાભાસ ઉત્પન્ન કરે છે. જેના વિવિધ પ્રકારોમાં થોડાક પ્રકાર આ ગ્રંથમાં સૂચવવામાં આવેલ છે. શ્રી વલ્લભાચાર્યે પુષ્ટિભક્તિના માનસને ચિંતા કે ઉદ્વેગથી દૂષિત થતું

બચાવવા આ ગ્રંથ ઉપદેશિત કર્યો છે.

૭. અંતઃકરણપ્રબોધ

અંતઃકરણપ્રબોધ ગ્રંથ શ્રી વલ્લભાચાર્યની સંન્યાસગ્રહણ કરતાં પહેલાંની અને ષોડશગ્રંથોમાંની છેલ્લી રચના છે.

સંન્યાસગ્રહણ કર્યા પછી શ્રી વલ્લભાચાર્ય ભૂતલ ઉપર ૩૯ દિવસ બિરાજ્યા હતા. આ ગ્રંથમાં વર્ણવ્યા પ્રમાણે તેમણે ત્રીજી ભગવદાજ્ઞાનું પાલન કરવાના હેતુથી સંન્યાસ લીધો હતો.

પહેલી આજ્ઞા ગંગા અને સાગરના સંગમસ્થાને થઈ તે અને પછી મધુવનમાં થઈ તે બે આજ્ઞાઓ તેમણે માની નહોતી. ત્રીજી લોકગોચર દેહદેશના ત્યાગની આજ્ઞા હોઈ તેમાં તેમને પશ્ચાત્તાપ શા માટે? તેઓ સેવક છે અને તેનાથી વિપરીત કંઈ જ નથી એમ આ ગ્રંથમાં તેઓ કહે છે.

આ ગ્રંથનો પરિચય આપતાં શ્રી વલ્લભાચાર્યના પૌત્ર શ્રી ગોકુલનાથજી કહે છે કે-

શ્રી ભાગવતજી પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું જ નામાત્મક સ્વરૂપ છે. શ્રી ભાગવતજીના ગૂઢ અર્થને પ્રકટ કરવા માટે જ શ્રી વલ્લભાચાર્યનું પ્રાકટ્ય થયું છે. શ્રીભાગવતજીના પ્રથમ સ્કંધથી દશમ સ્કંધ પર્યંતની વ્યાખ્યા કરવામાં તેમને સારો એવો સમય લાગવાની શક્યતા હતી. તેથી તૃતીય સ્કંધ સુધી પહોંચ્યા પછી તેમણે દશમ સ્કંધની વ્યાખ્યા કરવાનું વિચાર્યું હોવું જોઈએ.

દશમ સ્કંધની વ્યાખ્યા પૂરી કર્યા પછી શ્રી વલ્લભાચાર્ય પહેલાં નિર્ધાર કરેલી યોજના અનુસાર અવશિષ્ટ સ્કંધોની વ્યાખ્યા લખવામાં પ્રવૃત્ત થયા.

ભાગવતજીના સાતેય અર્થમાં એકવાક્યતા સ્થાપિત કરી બતાવવાની પોતાની પ્રતિજ્ઞા અનુસાર ભાગવતાર્થ-નિબંધ શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ તથા અધ્યાયાર્થની વ્યાખ્યા લખાઈ ગઈ હતી. તેવી જ રીતે વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થની વ્યાખ્યા પણ સૂક્ષ્મ ટીકામાં લખાઈ ગઈ હતી. પરંતુ ભૂતલ ઉપર લાંબા સમય સુધી શ્રી વલ્લભાચાર્યનું બિરાજવું ભગવાનને સ્વીકાર્ય નહોતું. આથી જ દશમ સ્કંધ ઉપરનાં સુબોધિનીજી સત્વરે લખવાની આજ્ઞા થઈ અને તે તેમણે પરિપૂર્ણ કરી.

ગંગાસાગર અને મધુવનમાં જ્યારે સુબોધિનીજી લખવાનું કાર્ય બંધ કરવાની

આજ્ઞા થઈ ત્યારે શ્રી વલ્લભાચાર્યે તે આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું અને તેમણે લેખનકાર્ય બંધ ન કર્યું. ભગવદ્ આજ્ઞાનું આ ઉલ્લંઘન ભગવાનથી વિપ્રયોગ સહન કરતાં કરતાં તેમણે કરવું પડ્યું હતું. ચોથા સ્કંધથી નવમા સ્કંધ સુધીની વ્યાખ્યા છોડી દઈને દશમ સ્કંધની વ્યાખ્યા લખવાનો ભગવાનનો આદેશ હોવા છતાં અવશિષ્ટ સ્કંધોની વ્યાખ્યા લખવા માટે જ્યારે પ્રવૃત્ત થયા ત્યારે લખવાનું કામ કરનાર તેમના સેવક માધવ ભટ્ટ કાશ્મીરી લોકગોચર દેહ અને દેશના પરિત્યાગની ત્રીજી ભગવદાજ્ઞામાં ભગવાનના આગ્રહની સ્પષ્ટતા વર્તાઈ અને તેથી જ શ્રી વલ્લભાચાર્યે પોતાના મનને ભગવાનના આગ્રહને આધીન થવા મનાવી લીધું. માટે જ આ ગ્રંથમાં તેઓ કહે છેઃ 'હે મારા અંતઃકરણ! મારી વાત સાવધાનીપૂર્વક સાંભળ કે કૃષ્ણથી ઉત્કૃષ્ટ તેમ જ નિર્દોષ કોઈ તત્ત્વ નથી અને હોઈ શકતું પણ નથી. ભાગવતજીનાં સુબોધિની વ્યાખ્યા પૂર્ણ કરવા માટે જે બે ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું તે પોતાના આગ્રહી અંતઃકરણને કારણે જ તેમ થયું. અંતઃકરણને ભગવાનના આગ્રહને આધીન થવાનું સમજાવી શકાય તો બીજી બધી દેહ, ઇંદ્રિયો વગેરેની વૃત્તિ અને પ્રવૃત્તિઓ ઉપર અંકુશ મેળવી શકાય છે.'

તેઓ કહે છે કે- ધર્મ વગેરેનું તથા તેનું તાત્પર્ય વિચારીને તેનાથી વિરુદ્ધ જે કાંઈ હોય તેને તરત જ સંપૂર્ણ રીતે ત્યજી દેવું જોઈએ. કોઈ ધર્મ કે કર્તવ્ય ભગવાનની સેવામાં સહાયક હોય તો તે કરવા યોગ્ય છે. તે સિવાય ભગવાનની સેવામાં બાધક પરોપકાર વગેરે ધર્મ પણ ત્યજવા યોગ્ય છે.

ઉદાહરણ આપતાં શ્રી વલ્લભાચાર્ય કહે છે કે સમર્પણ કર્યા પહેલાં સર્વે પુષ્ટિજીવોની સ્થિતિ અસ્પૃશ્ય કુળમાં જન્મેલી કોઈ સુંદર સ્ત્રીના જેવી હોય છે. આવી સુંદરી જો કોઈ રાજાના મનને ગમી જાય અને તે એને પોતાની રાણી બનાવી લે, તો તે સન્માન પ્રાપ્ત કરે છે. પરંતુ આ અસાધારણ આદરની પ્રાપ્તિ થતાં ક્યારેક તેનામાં અભિમાન પણ આવી જવાનું શક્ય છે જેના કારણે ક્યારેક તેને અપમાનિત થવાનો અવસર પણ આવી શકે છે; પરંતુ પોતાની પહેલાંની જે અવસ્થા હતી તેનો વિચાર કરતાં, મળેલી આદરપૂર્ણ અવસ્થામાં જો તેનું થોડુંઘણું અપમાન થાય તો એ પશ્ચાત્તાપનો વિષય નહીં લાગે, કારણ કે રાજા દ્વારા અપમાનિત થયેલી, છતાં રાણી તો જગતમાં આદરણીય જ મનાય છે.

એવી રીતે કોઈ પ્રૌઢીભાવવશ ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન કરવાના કારણે અપમાનિત પણ થવું પડે તો પોતાની પહેલાંની અસમર્પિત અવસ્થાનો વિચાર કરવો જોઈએ. જે પુષ્ટિજીવે બધું જ સમર્પણ કરી દીધું હોય, તેને પછી માન કે અપમાનની શી પરવા? તેનું કર્તવ્ય તો માત્ર ભગવદાજ્ઞાનું પાલન કરવામાં જ રહેલું છે.

પુષ્ટિસૃષ્ટિ પ્રભુએ પોતાની સ્વરૂપ સેવાને માટે પ્રકટ કરેલી છે. માટે ભગવદાજ્ઞાને શિરોધાર્ય કરવી તે જ પુષ્ટિજીવનું પ્રથમ કર્તવ્ય છે, નહીં તો સ્વામિદ્રોહનો પ્રસંગ ઉપસ્થિત થશે. વિલંબથી કે વિના વિલંબે, ગમે તેમ, જે ફળ સ્વામી દેવા ઇચ્છે તે પોતાની મેળે જ દેશે, માટે ફળ મળવામાં વિલંબની ચિંતા કર્યા વિના આપણું કર્તવ્ય આપણા સ્વામીની આજ્ઞાનું પાલન કરવામાં છે.

શ્રી વલ્લભાચાર્ય કહે છે કે મને પહેલાં ગંગા-સાગરના સંગમ ઉપર અને પછી મધુવનમાં જે બે ભગવદાજ્ઞા પ્રાપ્ત થઈ હતી, તેનું પાલન થઈ શક્યું નહીં. હવે ત્રીજી ભગવદાજ્ઞા લોકગોચર દેહ- દેશ- પરિત્યાગની થઈ છે. માટે આ આજ્ઞાનું તો પાલન મારે કરવું જ પડશે. તેમ છતાં તેમાં પશ્ચાત્તાપનું કોઈ કારણ નથી.

આગળ તેઓ ખુલાસો આપે છે કે અમારા સ્વામી કૃષ્ણ રોષે ભરાઈને કોઈ લૌકિક સ્વામીની જેમ નિર્દય થાય તે સંભવ જ નથી. તેમની તો પ્રત્યેક આજ્ઞામાં અમારું પરમ કલ્યાણ તેમ જ અંતિમ સુખ રહેલું છે. આથી સર્વ કાંઈ જ્યારે પોતાના સ્વામી શ્રીકૃષ્ણને ભક્તિપૂર્વક સમર્પિત કરી જ દીધું છે ત્યારે બીજું શું કરવાનું શેષ રહી જાય છે? તેથી આજ્ઞાના પાલનમાં જ પોતાની કૃતાર્થતાનો અનુભવ કરવો જોઈએ અને સુખી રહેવું જોઈએ.

જેમ કોઈ વાર પરણાવેલી પુત્રીને ઉંમરલાયક થઈ જવા છતાં તેને તેના પતિની પાસે સાસરે મોકલવા પિતાનું મન માનતું નથી, તો એવા વાત્સલ્ય કે મોહને વશ થઈને તે પોતાની પુત્રીનું હિત કરે છે કે અહિત? પુત્રીને તેના પોતાના પતિની પાસે ન મોકલવામાં આવે તો કન્યાદાનનો શો અર્થ રહે છે? -એવી પિતાને ઘેર રહેનારી પત્નીથી કોઈ પતિ શી રીતે સુખી થઈ શકે?

પોતાના દેહની સાથે પણ એવા જ મોહજન્ય વ્યવહાર દેહના સ્વામી શ્રીકૃષ્ણને કેવી રીતે પ્રિય લાગશે? આથી એવો વિચાર કરવો જોઈએ કે

આત્મસમર્પણરહિત અન્ય લૌકિક જનોની જેમ અમારી પણ સ્થિતિ હોત તો શું થાત?

શરીરનો હઠપૂર્વક ત્યાગ કરવો એ અશક્ય કાર્ય હોવા છતાં બધાં જ દુઃખોને હરી લેનાર શ્રી હરિના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ કે સાક્ષાત્ નિત્ય લીલામાં નિત્ય સંયોગ- સુખનું દાન જો પ્રભુ કરવા ઇચ્છતા હોય તો પછી દુઃખ શાનું?

પોતાના અંતઃકરણના ઉપદેશને બહાને શ્રી વલ્લભાચાર્યે બધા પુષ્ટિજીવોના અંતઃકરણને સંબોધિત તથા પ્રબોધિત કરવા આ ગ્રંથમાં કહે છે કે બધાય પુષ્ટિજીવોએ ચિંતારહિત થઈને એ નિશ્ચિત કરી લેવું જોઈએ કે ભગવાનના સ્વરૂપની સેવા માટે જ પુષ્ટિસૃષ્ટિ છે. તે સિવાય તેની ઉત્પત્તિ થઈ ન હોત. આમ શ્રી વલ્લભાચાર્યે સેવાના અંગભૂત અંતઃકરણની શુદ્ધિનો પ્રકાર અને ભગવાનની સેવામાં અનન્ય રુચિ થવાની પ્રેરણા દ્વારા આ ગ્રંથમાં આપી છે.

૮. વિવેકધૈર્યાશ્રયઃ

શ્રી વલ્લભાચાર્યે ક્યારે, ક્યાં અને કેવા પ્રસંગમાં 'વિવેકધૈર્યાશ્રય'ની રચના કરી તેનો કંઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.

આમ તો વિવેક, ધૈર્ય તથા આશ્રયનો સંબંધ પ્રપત્તિમાર્ગની સાથે અધિક ગાઢ રહેલો છે, પરંતુ ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થવાવાળા પુષ્ટિજીવોને માટે વિવેક, ધૈર્ય તથા આશ્રય ભગવત્સેવામાં પણ ઉપયોગી થાય જ છે. અહીં શ્રી વલ્લભાચાર્ય આ શબ્દોના ચોક્કસ પારિભાષિક અર્થ બતાવવા માગે છે. જેમ કે-

(૧) વિવેક = **'હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ.'** શ્રી હરિ બધું પોતાની ઇચ્છાથી કરશે.

(૨) ધૈર્ય = **'ત્રિદુઃખસહનમામૃતેઃ સર્વતઃ સદા.'** મરણપર્યંત ત્રણેય પ્રકારનાં દુઃખોને સર્વત્ર સદાય સહન કરવાં.

(૩) આશ્રય = **'ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ.'** આ લોકમાં તેમ જ પરલોકમાં બધી રીતે શ્રીહરિ જ આશ્રયસ્થાન છે.

આ જ પારિભાષિક અર્થોમાં વિવેક, ધૈર્ય તથા આશ્રય શ્રીકૃષ્ણસેવામાં કઈ રીતે ઉપયોગી થાય છે તે કહેવાનો અહીં આશય છે.

આ વિવેક, ધૈર્ય તથા આશ્રયનો પરસ્પર સંબંધ વિલક્ષણ છે. જેને ભગવત્કૃપાથી આશ્રયની સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે તેને વિવેક તથા ધૈર્ય સ્વતઃ

(આપમેળે) જ સિદ્ધ થઈ જતા હોય છે. એમ ન હોય તો વિવેક અને ધૈર્ય વિના આશ્રય દૃઢ થઈ શકતો નથી.

ભગવાને ગીતાના અંતમાં **'સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ'** એટલે કે 'બધા ધર્મોનો સર્વતઃ ત્યાગ કરીને એકલા મારા શરણે આવ'ના મહાન ઉપદેશ દ્વારા એક વિશિષ્ટ પ્રકારના શરણમાર્ગના રૂપમાં આ જ આશ્રયને સ્પષ્ટ કરીને સમજાવ્યો છે.

વિવેકઃ આ ગ્રંથમાં વિવેકનો અર્થ એ છે કે જે કંઈ જ્યાં જ્યારે અને જે રીતે બની રહ્યું છે તે બધું સર્વ ભગવાન શ્રીહરિની પોતાની ઈચ્છાથી જ બની રહ્યું છે. બ્રહ્માંડના બધા ક્રિયા-કલાપો ભગવાનની લીલાનાં અંગ છે. ભગવાન જે કંઈ કરે છે તેમાં કોઈ અને કોઈ પ્રકારે આપણું હિત જ રહેલું હોય છે. આપણા હૃદયમાં તેમ જ બુદ્ધિમાં આ ભાવના હંમેશાં સ્થિર થઈ રહેવી જોઈએ. આને જ 'વિવેક' કહેવાય છે.

ભગવાન સર્વસમર્થ છે, સર્વના આત્મામાં રહેલો છે અને સર્વાત્મા છે હું ભગવાનનો અંશ છું, દાસ છું, ભગવત્ક્રીડાનું અંગ છું તથા મારી અહંતા મમતા નકામી છે વગેરે-વગેરે મનોભાવને 'વિવેક' કહેવાય છે. આ પ્રકારનો વિવેક રાખવાથી આપણામાંથી ચાર પ્રકારના અવિવેક દૂર થઈ જશે. એવા અવિવેકથી જન્મેલી વૃત્તિઓ નીચે પ્રમાણે છેઃ

(૧) પ્રાર્થનાની વૃત્તિઃ આપણને થોડુંક કષ્ટ પડે અથવા તો મનમાં કોઈ કામના ઉત્પન્ન થાય તો તે કષ્ટોને દૂર કરવા અથવા તો આપણી ક્ષુદ્ર કામનાઓની પૂર્તિને માટે ભગવાનની પ્રાર્થના કરવા માંડીએ છીએ. ભગવાન તો આપણી પ્રાર્થના વગર પણ બધું જ જાણે છે કે આપણી શી અપેક્ષાઓ છે અને કઈ કામનાઓની પૂર્તિમાં આપણું હિત સમાયેલું છે અને કઈમાં આપણું અહિત રહેલું છે. પરમાત્મા તો આપણા આત્મામાં નિવાસ કરે જ છે. આમ છતાં આપણા સ્વામી આપણને શું તથા કેટલું આપવા ઈચ્છે છે તે જાણ્યા વિના આપણે માગવાની ભૂલ કરી બેસીએ છીએ. આપણા હિતમાં જ પરમાત્મા આપણને કંઈક આપે છે યા તો નથી આપતા, પરંતુ આપણે તો આપણા હિતાહિતના જ્ઞાન વિના જ માગવાની અધીરાઈ કરી બેસીએ છીએ. ભગવાન સર્વજ્ઞ છે, સર્વ સમર્થ છે અને એ જે આપશે તેમાં આપણું હિત રહેલું હશે

એવા દૃઢ વિશ્વાસને મનમાં રાખીને પ્રાર્થના- કષ્ટનિવૃત્તિ યા તો કામનાપૂર્તિ માટેની યાચના- ન કરવી એ વિવેકનું પ્રથમ લક્ષણ છે.

(૨) **અભિમાનની વૃત્તિ :** આ પ્રાર્થનાત્યાગ આગળ કહી તેવી ભાવભૂમિ પર કરવામાં આવે ત્યારે તેને 'વિવેક' કહેવાય. અન્યથા પુરુષાર્થવાદી અહંકારયુક્ત મનોવૃત્તિથી યા અનીશ્વરવાદી અશ્રદ્ધાની વૃત્તિથી પ્રાર્થના ન કરવી એ વિવેકનું લક્ષણ નથી. તેથી પ્રાર્થનાત્યાગની જેમ અભિમાનનો ત્યાગ પણ આવશ્યક છે. આ વિવેકનું બીજું લક્ષણ છે.

(૩) **હઠની વૃત્તિ :** મિથ્યાભિમાન તથા પ્રાર્થનાવિહોણા જીવનવ્યવહારમાં એવું બનવાનો સહજ સંભવ છે કે આપણી અંદર અકર્મણ્યતાનું એક એવું હઠીલાપણું વિકાસ પામે છે જેનાથી અમુક પરિસ્થિતિ સામાન્ય છે કે વિશેષ છે તેનો ભેદ બરાબર સમજ્યા વિના આપણે માત્ર હાથ જોડી બેસી રહીએ છીએ.

જે કંઈ થાય છે તે બધું ભગવદિચ્છા પ્રમાણે જ થાય છે. એ સિદ્ધાંતના સહજ સ્વીકાર ન કરવો તેમ જ કોઈ કર્તવ્યને વિશેષ પ્રયત્નો દ્વારા પૂર્ણ કરવાની ભગવદાજ્ઞા દ્વારા કરાયેલી પ્રેરણા જ્યારે આપણા અંતઃકરણમાં જાગતી હોય ત્યારે જે થશે તે ભગવદિચ્છા અનુસાર જ થશે એ પ્રકારની અકર્મણ્યત્વની હઠ રાખતી વખતે આપણે એ વાત ભૂલી જઈએ છીએ કે ઉપર કહેવામાં આવેલી પ્રેરણા પણ એ પ્રકારની વિશેષ ભગવદાજ્ઞાથી જ થઈ છે. આ કારણને લીધે હઠવાદિતાપૂર્ણ સિદ્ધાંતના દુરુપયોગનો ત્યાગ કરવો જોઈએ. વિવેકનું આ ત્રીજું લક્ષણ છે.

(૪) **આગ્રહની વૃત્તિ :** એક વખત કોઈ ખાસ અવસર પર 'જે કંઈ થાય છે તે બધું ભગવદિચ્છા પ્રમાણે જ થાય છે' એ સિદ્ધાંત તરફ હઠવાદિતાપૂર્વક ન જોવું જોઈએ. વ્યવહારમાં સિદ્ધાંતપૂર્વક શું ધર્મ છે તથા શું અધર્મ છે તેનો વિચાર પ્રથમથી જ થવો જોઈએ. એ મુજબ જ કોઈ પ્રકારના કાર્યમાં પ્રવૃત્ત થવું જોઈએ યા તો એથી દૂર રહેવું જોઈએ.

ધૈર્ય: જન્મથી મૃત્યુ સુધીનાં બધા પ્રકારનાં દુઃખોને સહન કરી લેવાં તેનું નામ ધૈર્ય છે. દુઃખોને સહન કરી લેવાં તેનો અર્થ એ કે તેનો સ્વીકાર કરી લેવો- તેનો પ્રતિકાર ન કરવો. કોઈક વખત એકાદ દુઃખ સહન કરી લેવું અને

કોઈક વખત વિચલિત થઈ જવું એ કંઈ ધૈર્યનો સ્વભાવ નથી. એકસરખી રીતે સર્વ પ્રકારનાં દુઃખોને હંમેશાં સહન કરવાં એ જ પૂર્ણ ધૈર્યનો સ્વભાવ (અથવા લક્ષણ) છે.

દુઃખો અનેક પ્રકારનાં હોઈ શકે છે. જેમ કે રોગો વગેરેથી થતાં કાયિક યા ભૌતિક દુઃખો, કામ-ક્રોધ વગેરેથી થતાં ઇન્દ્રિય મન સાથે સંબંધ ધરાવતાં આધ્યાત્મિક દુઃખો તેમ જ સેવા માટે ઉપયોગી વસ્તુઓનો અભાવ અથવા એવાં અન્ય ભગવત્સંબંધી દુઃખો જેને આધિદૈવિક દુઃખો કહેવાય છે. આ રીતે ધર્મ-અર્થ-કામના પુરુષાર્થોના સમ્પાદનને માટે લૌકિક પ્રયત્ન કરવો તે આધિભૌતિક, વૈદિક પ્રયત્ન તે આધ્યાત્મિક તથા ભગવદર્થ પ્રયત્ન તે આધિદૈવિક દુઃખ માનવામાં આવે છે. કોઈ કોઈ વખત કાલજન્ય, કર્મજન્ય અથવા સ્વભાવજન્ય દુઃખો પણ આપણને પીડા આપતાં હોય છે. આ બધા પ્રકારનાં દુઃખોને સહન કરવાં તેને **'ધૈર્ય'** કહેવામાં આવે છે.

ધૈર્ય ધારણ કરવાના ચાર ઉપાય હોય છે.

(૧) અનાગ્રહ (કોઈ પ્રકારના આગ્રહનો અભાવ) - સહન કરવું તે : દુઃખોને સહન કરવાં જોઈએ, પરંતુ જાતે ચાલી-ચલાવીને દુઃખી થવાય તેવાં કામ નહીં કરવાં જોઈએ. જો આવી પડેલાં દુઃખોનો પ્રતિકાર (નિવારણ) સહજ અને સરળતાપૂર્વક થઈ જતો હોય તો દુઃખોને સહન કરે રાખવાની કોઈ જરૂર નથી અને એવો પ્રતિકાર ન થતો હોય તો વિચલિત થવાની પણ કોઈ જરૂર નથી. આ જ ધૈર્યનું વાસ્તવિક સ્વરૂપ છે.

(૨) ત્યાગ : ધૈર્ય ધારણ કરવાનો બીજો ઉપાય છે ત્યાગ. ત્યાગનો અર્થ છે આપણા તરફથી થતા બધી ઇન્દ્રિયોનાં કાર્યોને સ્થગિત કરી દેવાં. ઇન્દ્રિયોના એ વ્યાપારોને વાણીમાં અથવા મનમાં પ્રવેશ કરવામાંથી મુક્ત કરવા.

ધૈર્યને સમજાવવા શ્રી વલ્લભાચાર્ય જડભરતનું દૃષ્ટાંત આપે છે. જડભરત જેમ પોતાની મસ્ત દશામાં બેઠા રહેતા, જ્યારે રાજાના સૈનિકો જડભરતને પાલખી ઊંચકવા માટે લઈ ગયા છતાં જરા પણ આનાકાની કર્યા વગર તેઓ પાલખી ઉપાડવા લાગી ગયા. પાલખીને બરાબર ન ઉપાડવા માટે રાજા જ્યારે ગાળો દેવા લાગ્યો ત્યારે એ ગાળોને પણ મસ્ત દશામાં સાંભળી લીધી. તેનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે તેમણે બુદ્ધિમત્તાપૂર્ણ ઉત્તર આપ્યો અને રાજા

તેમનાં ચરણોમાં પડી ગયો.

આમ જડભરતની જેવો વ્યવહાર કરીને પણ ધૈર્ય ધારણ કરી શકાય છે.

(૩) અસામર્થ્યની ભાવના : ધૈર્ય ધારણ કરવાનો ત્રીજો ઉપાય છે- સ્વયં પોતાની અસમર્થતાની ભાવના કરવી.

કૃષ્ણના વિરહમાં ગોપીઓએ તથા બીજા પણ વ્રજવાસીઓએ પોતાની અસમર્થતાને જાણીને ધૈર્ય ધારણ કર્યું હતું. આમ ભગવદિચ્છાનો તથા આપણી અસમર્થતાનો વિચાર કરીને આધિદૈવિક દુઃખોને સહન કરી લેવાં જોઈએ.

આ બધા ઉપાય જો શક્ય અથવા સહેલા ન લાગતા હોય તો સર્વ દુઃખોને હરનાર શ્રીહરિનો આશ્રય સ્વીકારવો જોઈએ, કારણ કે ભગવાનનો આશ્રય કરવાથી અશક્ય વસ્તુ પણ સુશક્ય બની જાય છે. બધી દુર્લભ વાતો પણ સુલભ બની જાય છે. આ પ્રમાણે અહીં ધૈર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આશ્રયઃ ઐહિક-પારલૌકિક બધી બાબતોમાં સર્વ પ્રકારે એકમાત્ર શ્રી હરિનો જ આશ્રય સ્વીકારવો તે 'આશ્રય' કહેવાય છે. આશ્રયની દઢતાના પણ ચાર ઉપાય છે.

(૧) મન તથા વાણી દ્વારા નિરંતર શરણ ભાવના : આપણા જીવનમાં અનેક વિષમ પરિસ્થિતિઓ આપણી સામે આવતી રહે છે, જેનાથી આપણે વિચલિત થતા હોઈએ છીએ. એવી પરિસ્થિતિઓમાં જો આપણાં મન તથા વાણીમાં આપણે શરણભાવનાનું સેવન કરતા રહીએ તો આશ્રય દઢ થઈ જાય છે. આપણા જીવનમાં અનેક પ્રકારનાં આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક કષ્ટો આવતાં હોય છે. એવે વખતે આપણે ઘણી વખત વિવેક તથા ધૈર્ય જાળવી શકતા નથી; પરંતુ જો મન અને વાણીમાં શરણભાવના સ્થાપિત કરવામાં સફળ થઈ શકીએ તો આશ્રય દઢ થઈ શકે છે.

ગમે તે પ્રકારની પરિસ્થિતિ આપણી સામે આવી પડે- પાપની, ભયની, અપૂર્ણ કામનાઓની, ભક્તદ્રોહની ઇત્યાદિ પરિસ્થિતિઓમાં ભગવત્‌શરણ ભાવના કરવી એ ઉત્તમ ઉપાય છે. જ્યારે કોઈ અશક્ય કાર્યને સંપન્ન અથવા સિદ્ધ કરવાની જવાબદારી આપણા ઉપર આવી પડે ત્યારે ઉદ્વેગ, આશંકા તથા કુંઠાને કારણે આપણે ભગવાનને ભૂલી જઈએ છીએ. તે જ પ્રમાણે જ્યારે કોઈ સુશક્ય કાર્યને સિદ્ધ કરવાની જવાબદારી આપણા ઉપર આવી પડે છે ત્યારે

સફળતાની આશા, ઉત્સાહ તથા અહંકારને કારણે પણ આપણે ઈશ્વરને ભૂલી જતા હોઈએ છીએ. કાર્ય ભલે અશક્ય હોય યા તો સુશક્ય હોય તો પણ ભગવાનને શરણે જવાની ભાવના હંમેશાં આપણા મન તથા વાણી પર સ્થાપિત થઈ રહેલી હોવી જોઈએ.

માનસી સેવા, વ્યસનદશા, નિરોધ યા તો સર્વાત્મભાવના અનુભવને યોગ્ય અલૌકિક મનની સિદ્ધિને માટે પણ એકમાત્ર શ્રીહરિ જ આપણું શરણ હોય છે. મનવાણીથી નિરંતર અષ્ટાક્ષર મંત્રનું અનુસંધાન ચાલુ રાખવું જોઈએ. આશ્રયને દૃઢ કરવાનો આ પ્રથમ ઉપાય છે.

(૨) કાયિક, વાચિક તથા માનસિક રૂપમાં અન્યાશ્રયનો ત્યાગ : કાયા, વાણી તથા મનથી અન્યાશ્રયનો ત્યાગ કરવો જોઈએ. કોઈ દેવ વગેરેનું પોતાના પ્રયત્નો દ્વારા નિષ્કામ યા તો સકામ ભજન કરવું એ અન્યાશ્રય છે. ક્યાંક જતા હોઈએ ત્યારે રસ્તે જતાં કોઈ અન્ય દેવનું મંદિર માર્ગમાં આવતું હોય તો જુદી વાત છે, પણ પોતાની જાતે બીજા કોઈ દેવનાં દર્શન માટે તેમના મંદિરમાં જવું એ અન્યાશ્રય ગણાય. માર્ગમાં જતા હોઈએ ત્યારે અન્ય દેવનું કોઈ મંદિર આવી જાય ત્યારે નમન દ્વારા એ દેવ તરફ આદરભાવ પ્રકટ કરવો એ કાંઈ અન્યાશ્રય નથી, પરંતુ કોઈ લૌકિક યા અલૌકિક પ્રયોજનને વશ થઈને કોઈ અન્ય દેવની પ્રાર્થના કરવી એ અન્યાશ્રય ગણાય. 'અન્ય દેવ'નો અર્થ છે- ભગવાનનું એવું દેવરૂપ કે જેને પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં માન્ય કરવામાં આવ્યું નથી.

(૩) દૃઢ વિશ્વાસ : ભગવાન ઉપર ક્યારેય અવિશ્વાસ ન કરવો જોઈએ. હંમેશાં ચાતકના જેવો દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ. લંકામાં હનુમાનજીને જ્યારે બ્રહ્માસ્ત્ર વડે બાંધવામાં આવ્યા હતા ત્યારે રાક્ષસોને બ્રહ્માસ્ત્ર ઉપર અવિશ્વાસ થઈ ગયો હતો અને તેથી તેમણે સાંકળોથી હનુમાનને બાંધવાનો પ્રયત્ન કર્યો. તેમના અવિશ્વાસને લીધે બન્ને પ્રકારનાં બંધનો તોડી નાખીને હનુમાનજી મુક્ત થઈ ગયા. આમ ભગવાનની શક્તિમાં અવિશ્વાસ ક્યારેય ન કરવો જોઈએ. જળ વરસે યા ન વરસે, તો પણ ચાતકનો વિશ્વાસ સ્વાતિબિન્દુની બાબતમાં ક્યારેય ખંડિત થતો નથી. એવો દૃઢ વિશ્વાસ પ્રભુ ઉપર રાખવો જોઈએ.

(૪) સુખ કે દુઃખથી જે પ્રાપ્ત થાય તેનાથી નિર્વાહ કરવો : આપણને

જે કંઈ અને જેવું તથા જેટલું પ્રાપ્ત થાય તેનો મમતારહિત ઉપભોગ કરવાનું વ્રત જો આપણે લઈએ તો ન તો પ્રિય વસ્તુની પ્રાપ્તિથી હર્ષ થશે અને ન તો અપ્રિય વસ્તુની પ્રાપ્તિથી ખેદ થશે. આ પ્રમાણે પ્રાપ્ત વસ્તુના મમતારહિત ઉપભોગથી પણ ભગવદાશ્રયની દૃઢતા પ્રાપ્ત થાય છે.

આમ ગમે તે પ્રકારે પણ આશ્રયની દૃઢતાની અપેક્ષા રહે છે. નાનાં કે મોટાં, સારાં કે નરસાં, કોઈ પણ પ્રકારનાં કાર્યો કરતી વખતે જો આપણે હૃદયમાં શરણભાવનાને જાગૃત રાખવામાં સફળ થઈએ તો બીજી બધી બાબતો ધીમે ધીમે પોતાની મેળે જ સિદ્ધ થવા લાગશે.

એક દૃષ્ટિએ જોવા જઈએ તો માર્ગ તો કર્મ, જ્ઞાન તથા ભક્તિ એમ ત્રણ જ છે. પરંતુ જે જીવો આ માર્ગો પર ચાલી નથી શકતા અથવા તો ચાલતાં ચાલતાં થાકીને બેસી જવા માગે છે તેમની સાધના અધૂરી રહી જાય છે, પરંતુ થાકેલા હોય યા તો ન થાકેલા હોય એવા જે જીવો ભગવાનનાં ચરણોમાં બેસી જાય છે તેઓ ચાલ્યા વગર પણ ધ્યેય અથવા ગંતવ્ય સુધી પહોંચી જાય છે. ભગવાનનાં ચરણ યા શરણ ખુદ પોતાનામાં માર્ગ પણ છે અને ગંતવ્ય પણ છે. એટલે કે માર્ગ તેમ જ ગંતવ્ય સ્વયં ભગવાનનાં ચરણમાં યાને શરણમાં જ સમાયેલા છે.

૯. કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

કૃષ્ણાશ્રય સ્તોત્રની રચના અડેલમાં શ્રી વલ્લભાચાર્યે લાહોરના બૂલા મિશ્રને માટે કરી હતી. આનો રચનાકાલ વિ.સં. ૧૫૭૦ કહેવામાં આવે છે.

બૂલા મિશ્ર સારસ્વત બ્રાહ્મણ, તેના પિતા પુરોહિતપણાનું કામ કરે. તેઓ દસ વર્ષના થયા ત્યારે પિતાએ કહ્યું, 'બેટા, તું બ્રાહ્મણ કુળમાં જન્મ્યો છે, કંઈક થોડું ઘણું શાસ્ત્રોનું અધ્યયન કરીશ તો સન્માનભર્યું જીવન જીવી શકીશ. પિતાએ જે પંડિતની પાસે પોતાના પુત્રને વિદ્યા મેળવવા માટે મોકલ્યો તેણે કહ્યું કે પ્રથમ પાંચ-દસ રૂપિયા ભેટ તરીકે લાવીને મારી પૂજાભક્તિ કર! બૂલા મિશ્ર ગભરાઈ ગયો અને પિતા પાસે ભણવા માટે કાશી જવાની ઇચ્છા પ્રગટ કરી. ત્યાં એક પંડિતજીએ બૂલાને ભણાવવાની દયાળુતા બતાવી. પરંતુ ત્યાં ત્રણ વર્ષના ગાળામાં તે કંઈ ખાસ વિદ્યોપાર્જન કરી શક્યા નહીં. પંડિતજી કહે, બૂલા! તારા ભાગ્યમાં વિદ્યા-ભણતર નથી.

બૂલા મિશ્ર ખિન્ન થઈ ત્યાં ગંગાજીના કિનારા પર અન્ન-જળનો ત્યાગ કરીને બેસી ગયો. તેણે વિચાર કર્યો કે આ તપસ્યાથી સરસ્વતી પ્રસન્ન થઈને વિદ્યા આપશે અને જો એમ નહીં થાય તો પ્રાણ ત્યજવા ઉચિત છે. ત્રીજે દિવસે તેને સરસ્વતીની વાણી સંભળાઈ કે બધું ભગવાનની ઈચ્છા પ્રમાણે જ બને છે. તેમની ઈચ્છાથી શૂદ્ર પણ વિદ્વાન બની શકે છે અને જો ભગવાનની ઈચ્છા ન હોય તો બ્રાહ્મણ પણ મૂર્ખ જ રહી જાય છે. આ સાંભળી બૂલો 'વિષ્ણુ-વિષ્ણુ-વિષ્ણુ' એવા જપ કરતો કરતો ભૂખ્યો અને તરસ્યો ત્યાં બેસી રહ્યો. જેથી બૂલા મિશ્રને ભગવાનનો સાક્ષાત્કાર થયો અને શ્રી વલ્લભાચાર્યની પાસે અડેલ જવાની પ્રેરણા થઈ. તેથી તે શ્રી વલ્લભાચાર્ય પાસે અડેલ પહોંચ્યા. તેમણે એમનું સ્વાગત કરતાં કહ્યું- 'બૂલા, તમે ધન્ય છો. તમને ભગવાનનું દર્શન થયું!' બૂલા મિશ્રે વિનયપૂર્વક જવાબ આપ્યો, 'મહારાજ! ભગવાનનું દર્શન થવું એ આપની કૃપાનું ફળ છે, પરંતુ મને હજી ભગવાનના સ્વરૂપના અનુભવનો આનંદ પ્રાપ્ત થયો નથી.' આ સાંભળી વલ્લભાચાર્ય પ્રસન્ન થઈને બૂલા મિશ્રને અષ્ટાક્ષર તથા બ્રહ્મસંબંધની દિક્ષા આપી અને 'કૃષ્ણાશ્રયસ્તોત્ર' ગ્રંથની રચના કરી બૂલા મિશ્રને એ સ્તોત્ર શિખવાડ્યું.

આ સ્તોત્રમાં વલ્લભાચાર્યે સમજાવ્યું છે કે-

(૧) કલિયુગને કારણે ધર્માનુષ્ઠાનમાં પાખંડનો જ વિપુલ પ્રચાર જોવામાં આવે છે, જેના કારણે ભગવત્પ્રાપ્તિના કર્મ, જ્ઞાન તથા ભક્તિમાર્ગ અવરુદ્ધ થઈ ગયા છે. માટે સાધન તથા ફલના રૂપમાં એકમાત્ર શ્રીકૃષ્ણનો જ આશ્રય કરવા યોગ્ય છે.

(૨) સમગ્ર દેશ મ્લેચ્છ શક્તિઓથી ઘેરાયેલો છે. લોભ, લાલચ, કામુકતા, વ્યભિચાર, લૂંટફાટ, હિંસા-અત્યાચાર જેવાં પાપોના અતિરેકના કારણે સ્વધર્મપાલન કરનારાઓને અનેક પ્રકારની પીડા તથા દુઃખો સહન કરવાં પડે છે. એવી સ્થિતિનો સામનો કરવાને માટે કેવળ શ્રીકૃષ્ણ જ એકમાત્ર ભરોસાપાત્ર આશ્રય બની શકે છે.

(૩) બધાં પવિત્ર સ્થળો મંદિર, આશ્રમ, ગંગા વગેરે તીર્થમાં પૈસાના લોભી તથા દુષ્કર્મમાં ડૂબેલા પાખંડીઓનો પ્રભાવ વધી જવાથી આ પવિત્ર સ્થળોનો આધિદૈવિક પ્રભાવ રહ્યો નથી.

(૪) વર્તમાન યુગમાં ધર્મભાવનાથી પ્રેરાઈને ધર્મકાર્યો કરવાવાળા કર્તા દુર્લભ બની ગયા છે. કહેવાતા પંડિત લોકો પણ રાજસી-તામસી પ્રકૃતિવાળાનું જ અનુસરણ અને અનુકરણ કરી રહ્યા છે, તેથી ધનની તથા યશની લાલસા જ તેમનો મુખ્ય હેતુ બની ગયો છે. ત્યારે માત્ર શ્રીકૃષ્ણ જ આમાંથી બચાવી શકે છે.

(૫) ધર્મના આવશ્યક અંગ મંત્રોમાં પણ જેવો હોવો જોઈએ તેવો પ્રભાવ રહ્યો નથી. અયોગ્ય તથા અનધિકારી વ્યક્તિઓ દ્વારા અશાસ્ત્રીય વિધિથી અને ન્યાસ, તાત્પર્ય તથા વિનિયોગના પૂરા જ્ઞાન વગર તથા મંત્રોને માટે અપેક્ષિત વ્રત વગેરે શુદ્ધિ વિના જ મંત્રગ્રહણની પ્રથા ચાલુ થઈ ગઈ છે, જેના કારણે મંત્રની આધિદૈવિક શક્તિ લુપ્ત થઈ ગઈ છે. ફળની દૃષ્ટિએ જોતાં બધા મંત્રો પ્રભાવરહિત અને નિષ્ફળ બની ગયા છે, પરંતુ શ્રીકૃષ્ણ તો મંત્રશક્તિને અધીન નથી, ઊલટું બધી મંત્રશક્તિઓ શ્રીકૃષ્ણને અધીન છે. આ કારણે શ્રીકૃષ્ણનો જ આશ્રય લેવો યોગ્ય છે.

(૬) જગતમાં અનેક પ્રકારના વાદ ચાલી નીકળ્યા છે તેથી જે કર્મો શાસ્ત્રદષ્ટિથી આવશ્યક હોય છે તેમને આ બધા વાદો નિરર્થક માની લે છે. શાસ્ત્રોના પ્રામાણ્યનો અસ્વીકાર કરનારા વાદો અર્ધશ્રદ્ધાથી શાસ્ત્રોના પોતાના મનઘડંત અર્થ કાઢીને શાસ્ત્રીય કર્મોનાં અનુષ્ઠાન ખોટી રીતે કરવા લાગી ગયા છે, જેથી તેનાં ફળ મળતાં નથી. વાસ્તવમાં કેવળ દુનિયાને દેખાડવાને માટે જ એ કર્મોના અનુષ્ઠાનનું પાખંડ જ લોકો કરતા હોય છે, જેથી કર્મોનો પ્રભાવ જ ક્ષીણ થઈ ગયો છે. આ કારણને લીધે કૃષ્ણ જ હવે એકમાત્ર આશ્રય કરવા યોગ્ય રહી ગયા છે.

આમ, ત્રણ શ્લોકોમાં લોકનાશનું અને બીજા ત્રણ શ્લોકોમાં ધર્મનાશનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને તેથી એકમાત્ર શ્રીકૃષ્ણ જ આશ્રય કરવા યોગ્ય છે એમ દર્શાવવામાં આવ્યું છે.

(૭) કૃષ્ણ બધાનો અર્થાત્ સુસાધન, નિઃસાધન અને દુષ્ટ સાધન જીવોનો પણ ઉદ્ધાર કરવામાં સમર્થ છે. જેમ શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંધમાં દર્શાવેલ અજામિલ જેવાનો ઉદ્ધાર ભગવાનની કૃપાને કારણે શક્ય બન્યો અને તેના બધાય દોષ નરકની પીડા ભોગવ્યા વગર જ નાશ પામ્યા. આથી કર્મમાર્ગીય દૃષ્ટિથી જોતાં પણ કેવળ શ્રીકૃષ્ણ જ આશ્રય કરવા યોગ્ય છે.

(૮) જ્ઞાનમાર્ગીય દૃષ્ટિકોણથી પણ વસુ, રુદ્ર, આદિત્ય, ઈન્દ્ર તથા પ્રજાપતિ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ સુધીના તેત્રીસ કરોડ દેવતાઓએ બધા ભગવાનના અંશ કલાવતાર-રૂપ છે અને ભગવાનની સર્વભવન શક્તિરૂપા પ્રકૃતિ દ્વારા ધારણ કરવામાં આવેલ ભગવદ્રૂપ છે અર્થાત્ પ્રાકત છે. અક્ષરબ્રહ્મ દેશ, કાળ તથા સ્વરૂપથી (અસીમિત) અને પુરુષોત્તમથી અવિચ્છિન્ન છે, તો પણ એ ભગવાનનું જ્ઞેય રૂપ છે, પરંતુ ભજનીય રૂપ નથી. માટે અક્ષરબ્રહ્મનો ગણિતાનંદની જેમ જ અનુભવ થાય છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ માત્ર અગણિતાનંદના હોવાના કારણે તેમનામાં ભજનીયત્વ (ભજનકરવાપણું) હોવાથી એકમાત્ર શ્રીકૃષ્ણ જ આશ્રય કરવા યોગ્ય છે.

(૯) ભક્તિમાર્ગીય દૃષ્ટિકોણથી પણ પૂરેપૂરો વિવેક, ધૈર્ય યા તો ભક્તિના અભાવમાં પણ કોઈ ગમે તેટલું પાપાસક્ત ભલેને હોય પરંતુ દીનતાની સાથે એક વાર જીવ શરણાગતિ સ્વીકારી લે તો ઘણા દુષ્ટ આચરણવાળાને પણ સાધુ પુરુષ બનાવી દેનારી શ્રીકૃષ્ણની ભક્તિનો લાભ મળી જ જાય છે.

(૧૦-૧૧) પ્રપત્તિમાર્ગમાં એટલે કે ભગવાનને શરણે જવાના માર્ગમાં તો કર્તુમ્ (કરવાને), અકર્તુમ્ (કરેલાને મિથ્યા કરવાને) તથા અન્યથા કુર્તુમ્ (એથી ઊલટું-જુદું કરવાને) શક્તિમાન-સર્વસમર્થ તથા ભક્તોના બધા મનોરથોને પૂર્ણ કરવાવાળા શ્રીકૃષ્ણ જો શરણે આવેલા જીવોનો ઉદ્ધાર નહીં કરે તો બીજું કોણ કરશે? માટે શ્રી વલ્લભાચાર્ય બધા પુષ્ટિજીવોને ખાતરી આપવા માગે છે કે આ કૃષ્ણાશ્રયસ્તોત્રનો જે કોઈ શ્રીકૃષ્ણના સાન્નિધ્યમાં પાઠ કરશે તો તેને શ્રીકૃષ્ણનો આશ્રય પ્રાપ્ત થશે જ.

કૃષ્ણાશ્રયસ્તોત્રને કારણે બૂલા મિશ્રને વિદ્વાનોને દુર્લભ એવી માત્ર વાણીની સિદ્ધિ જ પ્રાપ્ત થઈ ન હતી, પરંતુ એથી વિશેષ સિદ્ધિ માનસી સેવામાં ઉપયોગી નીવડનાર અલૌકિક મન પણ સિદ્ધ થઈ ગયું. ઐહિક (આ લોકો સંબંધી) તથા પારલૌકિક (બીજા લોક સંબંધી) એવા બધા વિષયોમાં શ્રીકૃષ્ણનો આશ્રય બધાંને માટે હંમેશાં હિતકારી જ થાય છે. આમ કૃષ્ણાશ્રયને દૃઢ કરવા માટે આ સ્તોત્રની રચના કરવામાં આવી છે.

૧૦. ચતુઃશ્લોકી

ચતુઃશ્લોકીની રચના શ્રી વલ્લભાચાર્યે વિ.સં. ૧૫૮૦ યા તો વિ.સં.

૧૫૮૨માં કરી હતી એવી કિંવદન્તી મળે છે.

દરેક માણસના જીવનમાં ધર્મ-અર્થ-કામ-મોક્ષ રૂપ પુરુષાર્થોનું કંઈક ને કંઈક ખાસ પ્રકારનું સ્વરૂપ તથા સ્થાન હોય જ છે. એ જુદી વાત છે કે જુદા જુદા માર્ગો અનુસાર બીજભાવ, રુચિ (ગમો-અણગમો), સંગ અથવા દેશ-કાલાદિની સ્થિતિને અનુરૂપ તે તે માર્ગોના જીવોમાં પુરુષાર્થ સંબંધી ધારણાઓ જુદા જુદા પ્રકારની જોવામાં આવે છે. પુષ્ટિમાર્ગીય જીવોની ધર્માર્થકામમોક્ષ સંબંધી ધારણાઓના આદર્શ સ્વરૂપનો વિચાર આ ચતુઃશ્લોકી ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

ગોધરાના રાણા વ્યાસ જેમને અનુલક્ષીને આ ગ્રંથની રચના થયાનું મનાય છે તેમને એક વૈરાગી બાવાની સોબત મળી હતી. જેની તીર્થયાત્રાની વાતો સાંભળીને રાણા વ્યાસને લાગ્યું કે જીવનનું સાચું સુખ તીર્થોની યાત્રા કરતા રહેવામાં જ હોવું જોઈએ. અનેક તીર્થોમાં ફરવા છતાં તેમનું મન પ્રસન્ન થઈ શક્યું નહીં. શરૂઆતથી જ તેમને વિદ્યાભિમાન તથા જિતેન્દ્રિય હોવાનું અભિમાન તો હતું જ. તેમાં પાછું માતાપિતાના વારસા તરીકે પાંચ-દશ હજાર રૂપિયા મળ્યા એટલે તેમને ધનનું અભિમાન પણ થઈ ગયું! તેના કારણે કાશીના વિદ્વાનોની સાથે ટક્કર લેવાની લાલસા જાગવાથી એક દિવસ તેઓ કાશી પહોંચી ગયા. પરંતુ ત્યાં જે જે પંડિતોની સાથે તેઓ સ્પર્ધામાં ઊતર્યા એ બધાથી તેમને શાસ્ત્રાર્થમાં પરાજિત થવું પડ્યું! આનાથી નિરાશ થઈ પ્રાણત્યાગ કરવાનો વિચાર કરી ગંગાજીના કિનારા પર બેઠા અને રાત્રિના એકાંત તથા અંધકારની પ્રતીક્ષા કરવા લાગ્યા. અનાયાસે કોઈ એક વૈષ્ણવના પ્રશ્ન કે ગંગામાં ડૂબીને મરવાવાળાની શી ગતિ થાય તેના જવાબમાં તેમણે ત્યાં શ્રી વલ્લભાચાર્યની વાણી સાંભળી કે અહંકારને આધીન થઈને જળમાં ડૂબવાવાળાને સર્પયોનિ મળે છે અને આત્મહત્યાનું પાપ પણ લાગે છે, પરંતુ દીનભાવથી સંન્યાસ લઈને અને પોતાના મનને ભગવાનમાં એકાગ્ર બનાવીને જે લોકો ગંગાજીમાં પ્રાણત્યાગ કરે છે તેમની દુર્ગતિ થતી નથી.

આ વાણી રાણા વ્યાસના હૃદયમાં સોંસરવી ઊતરી ગઈ અને તેઓ દોડીને શ્રી વલ્લભાચાર્યનાં ચરણોમાં આવીને પડ્યા. તેમની આત્મકથા સાંભળી વલ્લભાચાર્યે તેમને ગંગાસ્નાન કરાવી બ્રહ્મસંબંધની દીક્ષા આપી અને તરત

જ તેમને ચતુઃશ્લોકીનો ઉપદેશ આપ્યો.

આ ચતુઃશ્લોકીના અધ્યનથી રાણા વ્યાસને પોતાના વાસ્તવિક ધર્મ, અર્થ, કામ તથા મોક્ષરૂપ પુરુષાર્થોનું જ્ઞાન થયું અને તેઓ મિથ્યા વૈરાગ્ય, ધન તથા વિદ્વત્તાના અહંકારથી મુક્ત થયા. સાથોસાથ આ અહંકારની વિફલતાથી પેદા થયેલ કુંઠા (નિષ્ફળતાની ભાવના) તથા આત્મઘાતની પણ ક્ષુદ્ર ભાવનાઓ પર કાબૂ મેળવી શક્યા.

પુષ્ટિમાર્ગીય ભક્તિ નિષ્કામ- નિરુપાધિક હોય છે. સ્વયં ભગવાનની કૃપા જ પુષ્ટિજીવના હૃદયમાં ભક્તિનું રૂપ ધારણ કરી લે છે. ભગવાનની કૃપા કંઈ જીવે કરેલાં સાધનો ઉપર આધાર રાખતી નથી. એ તો કોઈ પણ જાતના હેતુ વગર જ પ્રકટ થાય છે. એ કૃપા જ્યારે ભગવાન તરફથી ભક્તની દિશામાં વહે છે ત્યારે તેને આપણે 'પુષ્ટિ' કહીએ છીએ અને જ્યારે જીવના હૃદયમાં પ્રતિબિંબિત (પરાવૃત્ત) થઈને પાછી ભગવાનની દિશામાં અગ્રસર (વહેતી) થાય છે ત્યારે તેને આપણે 'પુષ્ટિભક્તિ' કહીએ છીએ.

આથી જેમ કૃપાની પહેલાં ન કોઈ કારણનું અસ્તિત્વ છે અને કૃપા થયા પછી ન કોઈ હેતુનું પ્રયોજન પણ, એવી જ રીતે પુષ્ટિભક્તિની પૂર્વે ન કોઈ કારણનું અસ્તિત્વ છે તેમ જ પુષ્ટિભક્તિ થયા પછી ન કોઈ હેતુ કે પ્રયોજન પણ. માત્ર અનુગ્રહ (એટલે કૃપા) જ ભક્તના હૃદયથી પરાવૃત્ત થઈને પુષ્ટિભક્તિ બની જાય છે.

સ્વાભાવિક રીતે જેવી પ્રવાહમાર્ગમાં આલોક સંબંધી પુરુષાર્થ-અર્થ તથા કામની સિદ્ધિની કામના હોય છે અથવા તો મર્યાદામાર્ગમાં ધર્માર્થકામમોક્ષરૂપ પુરુષાર્થોની સિદ્ધિની કામના હોય છે તેવી પુષ્ટિમાર્ગીય જીવના હૃદયમાં ચિરસ્થાયી હોતી નથી. પુષ્ટિભક્તોના પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અથવા મોક્ષનું સ્વરૂપ વિશિષ્ટ હોય છે. શ્રી વલ્લભાચાર્યે ચતુઃશ્લોકી ગ્રંથમાં પુષ્ટિભક્તિમાર્ગીય પુરુષાર્થોનું વિલક્ષણરૂપ સમજાવ્યું છે.

પુષ્ટિમાર્ગમાં ભગવાનની સાથે જીવનો સંબંધ રસાત્મક હોય છે. ભક્તિમાર્ગમાં ભગવાનની અનુભૂતિ સંયોગ અથવા વિયોગ એ બેમાંથી કોઈ પણ એક પ્રકારે થતી હોય છે. એ બન્ને અવસ્થાઓમાં જ્યારે ભગવાનની અનુભૂતિ થવા માંડે તેને ફલાવસ્થા માનવામાં આવે છે. ધર્મ તથા કામની સિદ્ધિ એ સાધનાવસ્થાની

પરિપક્વતા છે. જ્યારે અર્થ તથા મોક્ષની સિદ્ધિ ફલાવસ્થા છે. કારણ કે ધર્મમાં- વ્રજાધિપના ભજનમાં કેવળ સંયોગનો અનુભવ થાય છે તથા કામમાં હરિદર્શનની તીવ્ર ઈચ્છામાં કેવળ વિયોગનો અનુભવ થાય છે. જ્યારે અર્થ સ્વયં ભગવાનનું રસાત્મક સ્વરૂપ જ દ્વિદલાત્મક છે અને મોક્ષ એ ભગવાનના ભજનમાં સંયોગનો અનુભવ તથા ભગવાનના સ્મરણમાં વિયોગનો અનુભવ કરાવે છે.

પુષ્ટિભક્તનો પ્રથમ પુરુષાર્થ- 'ધર્મ'

પુષ્ટિમાર્ગમાં વ્રજાધિપ શ્રીકૃષ્ણ જ ભજનીય છે. કારણ કે ગીતા તથા શ્રીમદ્ ભાગવતના મત મુજબ શ્રીકૃષ્ણ જ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાનંદ રૂપ છે. શ્રીકૃષ્ણ બધા જીવાત્માઓના અંશી હોવાને કારણે સ્વામી છે. અને જીવાત્માઓ તેમના અંશ હોવાને કારણે સહજ દાસ છે. તેથી ભજન અર્થાત્ સેવા દ્વારા જીવાત્મા તથા પરમાત્માની વચ્ચે સર્વપ્રકારના ભાવોના રસાત્મક સંબંધો સ્થાપિત થઈ શકે છે. ભક્તની લાયકાત અથવા તો તેના મનોરથો અનુસાર શ્રીકૃષ્ણ વ્યાપિવૈકુંઠ અથવા વ્રજની લીલાઓને પ્રકટ કરી શકે છે. જેના કારણે તેઓ પૂર્ણતમ પરમાનંદ સ્વરૂપ સિદ્ધ થાય છે.

વ્રજાધિપ શ્રીકૃષ્ણનું ભજન કેવી રીતે અને કેવા ભાવથી કરવું જોઈએ તેનો ઉત્તર આપતા શ્રી વલ્લભાચાર્ય કહે છે- 'સર્વભાવથી' અર્થાત્ માતાપિતા, બંધુ-મિત્ર, પુત્ર, ધન-વિદ્યા વગેરે બધું ભગવાન જ છે, એવા ભાવની સાથે ભજન કરવું જોઈએ.

શ્રીકૃષ્ણ જ્યારે પરમાત્મા, સ્વામી, પુત્ર, મિત્ર અગર પ્રિયતમ જેવાં રૂપો ધારણ કરીને આપણા ભાવોના આલંબન (વિભાવ) બને છે, ત્યારે તેને અનુરૂપ શ્રીકૃષ્ણના પ્રત્યે ખીલેલો આપણો સ્થાયિભાવ પણ ભગવદાત્મક જ હોય છે. શ્રીકૃષ્ણના જે રૂપ સાથે આપણે સ્નેહ કરતા હોઈએ તે બાહ્ય રૂપ તથા આપણા હૃદયની અંદર રહેલો સ્નેહ એ બન્નેય આધિદૈવિક અલૌકિક પરમાનંદરૂપ હોય છે. ભક્તોના ભાવ તથા ભાવોના આલંબન બન્નેય શ્રીકૃષ્ણ હોય છે. તેથી ભક્તને આધીન થઈને ભગવાન આલંબનના રૂપમાં ભોગ્યભાવ પ્રકટ કરે છે.

અહીં કોઈ એક ખાસ સમયમાં એક કર્મકાંડની જેમ ભજનનું અનુષ્ઠાન આપણે કરવાનું કહ્યું નથી. એક જીવનપ્રણાલીના રૂપમાં હંમેશાં નિરંતર અર્થાત્ કોઈ કાલ યા સમના નિયમ વગર ભગવાનની સેવામાં તત્પર રહેવું જોઈએ

એ અભિપ્રેત છે. માટે જ શ્રીવલ્લભાચાર્ય કહે છે કે બધાય દેશ-કાલમાં પુષ્ટિજીવનું આ જ કર્તવ્ય છે- આ જ ધર્મ છે. કોઈ પણ દેશ-કાલમાં આના સિવાય અન્ય કોઈ ધર્મ પુષ્ટિજીવ માટે હોઈ શકે નહિ.

પુષ્ટિભક્તિનો બીજો પુરુષાર્થ- 'અર્થ'

પુષ્ટિભક્તિ માટે અર્થ પુરુષાર્થરૂપ સ્વયં ભગવાન જ છે. શ્રી વલ્લભાચાર્ય આજ્ઞા કરે છે કે પુષ્ટિજીવોને માટે એ જરૂરનું છે કે તે પોતાની સ્વધર્મરૂપ ભગવત્સેવાને હંમેશાં નિભાવે. ભગવાન તો ભક્તની પ્રાર્થનાની અપેક્ષા રાખ્યા વિના તેના હિતમાં અપેક્ષિત ઐહિક-પારલૌકિક યોગક્ષેમ (એટલે પ્રાપ્ત ન થયેલી વસ્તુની પ્રાપ્તિ તે 'યોગ' પ્રાપ્ત થયેલી વસ્તુનું રક્ષણ તે 'ક્ષેમ' એ બન્ને)નું દાન તથા સ્વયં પોતાના સ્વરૂપાનંદનું દાન પણ પોતાની મેળે જ કરે છે. પરમાત્મા - સ્વરૂપ અર્થનું ઉપાર્જન (પ્રાપ્તિ) આપણા સાધનથી યા વ્યાપારથી શક્ય નથી, પરંતુ જે જીવાત્માની પસંદગી પરમાત્મા કરે છે એ જીવાત્માનાં સાધનોની પરવા કર્યા વગર તેમને તે પ્રાપ્ત થાય છે. ભગવત્સેવાના અધિકારી એ જ જીવો હોય છે જેમની પસંદગી ભગવાન પોતાની સેવાને માટે કરે છે. તેથી એવા જ જીવો ભગવાનને માટે પોતાની જાતને સમર્પિત કરી શકે છે! આ પરસ્પરના સમર્પણને કારણે જીવાત્મા તથા પરમાત્માની વચ્ચે કોઈ પડદો રહેવા પામતો નથી.

શ્રીકૃષ્ણ જ્યારે સ્વામીનું રૂપ ધારણ કરે છે, ત્યારે જીવમાં દાસ્યભાવ જાગે છે, તેમના બાલરૂપ ધારણ કરવાથી આપણા હૃદયમાં વાત્સલ્યભાવ ઊભરાય છે. જ્યારે તે વિકરાળ રૂપ ધારણ કરે છે ત્યારે કંસ ભયભીત થઈ જાય છે, તે પોતાની સાથે ક્રીડાની ઇચ્છાથી કોઈ સખાને શોધતો હોય ત્યારે આપણી અંદર સખ્યભાવ ઉત્પન્ન થાય છે. શ્રીકૃષ્ણની પ્રિયતમ બનવાની ઇચ્છા જ આપણા હૃદયમાં શ્રીકૃષ્ણના તરફ મધુર પ્રેમને અંકુરિત કરે છે.

આમ અર્થ પુરુષાર્થના રૂપમાં પ્રભુ આલંબન વિભાવના રૂપમાં પોતાના રસભોક્તાના પદને છોડીને આપણા હૃદયના સ્થાયીભાવ બનવા માટે અર્થાત્ ભોગ્ય રસ બનવાને પ્રયત્નશીલ બને છે. માટે જ આપણા હૃદયને સ્વચ્છ-સાફ રાખવાની આવશ્યકતા છે. શ્રી વલ્લભાચાર્ય કહે છે- **'પ્રભુઃ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્'** અર્થાત્ પ્રભુ તો સર્વ કરવા સમર્થ છે જ, તેથી

ચિંતા ન કરતાં નિશ્ચિંતતાનું સેવન કરવું.

પુષ્ટિભક્તિનો ત્રીજો પુરુષાર્થ- 'કામ'

શ્રીકૃષ્ણનાં દર્શનની કામના જ પુષ્ટિભક્તનો કામ પુરુષાર્થ છે. અહીં કેવલ નેત્રોથી શ્રીકૃષ્ણનાં દર્શન માત્ર કરવાના સીમિત અર્થમાં કામના નહીં પરંતુ બધી ઇન્દ્રિયોથી ભગવાનની અનુભૂતિ કરવાની ઇચ્છા દર્શાવેલ છે. શ્રી વલ્લભાચાર્ય કહે છે કે સંસારવેશથી દૂષિત ઇન્દ્રિયોનું હિત એમાં સમાયેલું છે કે તે સર્વને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણની સાથે તેમને જોડી દેવામાં આવે. દર્શન-સ્પર્શ-શ્રવણ-કીર્તન-ધ્યાન વગેરે ક્રિયાઓ દ્વારા આંતરબાહ્ય બધી ઇન્દ્રિયોને ભગવાન તરફ વાળવી જોઈએ.

પરમાત્માની આત્મક્રીડાનાં જ અનેક નામરૂપોમાં અભિવ્યક્તિ એ સમગ્ર જગત છે. જીવાત્મા બ્રહ્મના ચૈતન્યની આંશિક અભિવ્યક્તિ છે. જીવાત્મા તેની અજ્ઞાનજન્ય અહંતા-મમતાને વશીભૂત થઈને કોઈ ક્ષુદ્ર પ્રયોજન ઘડી લે છે, પરંતુ શરણાગતિ અને સમર્પણથી જીવાત્માની અહંતા-મમતા છૂટે છે. ઉપનિષદમાં પરમાત્માને 'સર્વકર્મા, સર્વકામઃ, સર્વગંધઃ સર્વરસઃ, સર્વમિદમ્' કહેવામાં આવ્યા છે. શ્રીગોકુલના સ્વામીને પૂર્ણતયા હૃદયમાં ધારણ કરવા, બધી ઇન્દ્રિયોથી તેમને ચાહવા આવશ્યક છે. જો એક વાર હૃદયમાં ધારણ કરી શકીએ તો તેમને આપણે આંખોથી જોઈ શકીએ, કાનોથી સાંભળી શકીએ, હાથથી પકડી શકીએ અને ચરણોથી દોડીને પરમાત્માની નજીક પહોંચી પણ શકીએ.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે જેમની બુદ્ધિ ભગવાનમાં લાગી ગઈ હોય તેમનો કામ, કામને માટે નથી રહી જતો, જેમ શેકેલાં અથવા બાફેલાં ધાન્ય બીજ નથી બની શકતાં. બધી ઇન્દ્રિયોથી ભગવદાનુભૂતિની કામના જાગવી એટલે 'પુષ્ટિમાર્ગીય કામ' પુરુષાર્થ સિદ્ધ થઈ ગયો એમ સમજી લેવું જોઈએ.

પુષ્ટિભક્તિનો ચોથો પુરુષાર્થ- 'મોક્ષ'

સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણના બની જવું એ પુષ્ટિભક્તનો મોક્ષ છે. સર્વાત્મથી શ્રીકૃષ્ણના બની જવાનો અર્થ છે પ્રપંચની વિસ્મૃતિ અને શ્રીકૃષ્ણમાં દૃઢ આસક્તિ એટલે કે ભક્તને કૃષ્ણાનુભૂતિનું વ્યસન થઈ જાય એવી સ્થિતિ.

સંયોગમાં ભજન તથા વિયોગમાં સ્મરણ નિરંતર ચાલુ રહે તો ભક્ત મુક્તિને પામ્યો છે એમ કહી શકાય. આ અનુભૂતિ જો આ ભૂતલ ઉપર થવા માંડે

તો તેને જીવન્મુક્તિ સમજવી જોઈએ. આને જ 'નનુ નવત્વ' યા 'અલૌકિક સામર્થ્ય' પણ કહેવામાં આવે છે. નિત્યલીલા-વ્યાપિવૈકુંઠમાં જો આ અનુભૂતિ થનાર હોય તો તેને વિદેહ-મુક્તિ સમજવી જોઈએ. અર્થાત્ વૈકુંઠ વગેરેમાં સેવા માટે ઉપયોગી શરીર ધરાવવું એમ કહેવામાં આવ્યું છે.

ટૂંકમાં ધર્મ અને કામ પુરુષાર્થોનું સતત ચાલતા ચક્રના રૂપમાં ચાલુ રહેવું તેને પુષ્ટિ ભક્તિમાં મોક્ષ માનવામાં આવે છે, કારણ કે ભાગવતનિબંધમાં શ્રી વલ્લભાચાર્ય કહે છે કે ભગવાનના વિયોગમાં ભગવાનના ગુણોનું ગાન જ્ઞાનરૂપ છે તથા સંયોગમાં-પ્રત્યક્ષમાં ભજન શ્રેષ્ઠ છે. આ થવાથી જીવ ભગવાનમાં નિરુદ્ધ બની જાય છે.

પુષ્ટિભક્તિ તેની પોતાની અંદર માર્ગ પણ છે અને ગંતવ્ય પણ. સાધન પણ છે અને ફલ પણ. એટલા જ માટે સંયોગ-વિયોગમાં ભજન-સ્મરણનાં ચઢાણ- ઉતરાણોમાં નિરંતર ચાલતા રહેવું એ અહીં મુક્તિ છે. પુષ્ટિભક્તિના માર્ગ પર ચાલીને અન્યત્ર ક્યાંય પહોંચવાનું નથી હોતું. માટે શ્રી વલ્લભાચાર્ય અંતિમ શ્લોકમાં કહે છે કેવળ શ્રીકૃષ્ણનું સ્મરણ અને ભજન સતત કરતાં રહો.

૧૧. ભક્તિવર્ધિની

ભક્તિવર્ધિની ગ્રંથ શ્રી વલ્લભાચાર્યે એક લોકવાયકા પ્રમાણે વિ.સં. ૧૫૫૨માં રચ્યો હોવાનું કહેવાય છે.

એક સમયે શ્રી વલ્લભાચાર્ય ગુજરાત પધાર્યા ત્યારે પુરુષોત્તમ જોશી નામે એક વ્યક્તિ મધ્યાહ્નને સમયે એક તળાવના કાંઠે સંધ્યા કરતા હતા. ત્યારે તેઓ પણ તળાવને કાંઠે આવી સંધ્યાવંદન કરવા લાગ્યા. કોઈ દિવ્ય પુરુષ જાણી પુરુષોત્તમ જોશીએ શ્રી વલ્લભાચાર્ય પાસે આવીને નમસ્કાર કરીને પ્રશ્ન કર્યો કે

'મહારાજ! કર્મ માર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ મોટો!'

ત્યારે શ્રી વલ્લભાચાર્યે ઉત્તર આપ્યો કે જેના મનમાં જે માર્ગ દૃઢ થાય, જે માર્ગમાં જેનો વિશ્વાસ હોય, તેને ગમતો એવો એ જ માર્ગ મોટો; આમ તો મોટો ભક્તિમાર્ગ છે, જેમાં જીવ સહજ રૂપે કૃતાર્થ થાય છે, જ્યારે જ્ઞાનમાર્ગમાં તથા કર્મમાર્ગમાં કઠિનાઈથી કૃતાર્થ થવાય છે. ભક્તિના સ્વરૂપને સમજાવવા શ્રી વલ્લભાચાર્યે ભક્તિવર્ધિની ગ્રંથની રચના કરી છે.

કર્મ-જ્ઞાન-ભક્તિ

ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં અર્જુને ભગવાનને કરેલા પ્રશ્નના ઉત્તરમાં સમજાવ્યું છે કે કર્મો ન કરવા અર્થાત્ કર્મોના ત્યાગના કારણે જ્ઞાનયોગ શ્રેષ્ઠ નથી બની જતો, કારણ કે ફલની આસક્તિ વગર કરેલું કર્મ એટલે કે નિષ્કામ કર્મ પણ જ્ઞાનયોગથી મળી શકતા લાભોને મેળવી આપવા શક્તિમાન છે. કર્મનાં ફલોમાં આસક્તિ ચાલુ રહે તો જ્ઞાનમાર્ગના સાધકને માટે તેનું કાંઈ પણ મૂલ્ય નથી. જો કર્મનાં ફળો મેળવવાનું આકર્ષણ કે મોહ- ચાલુ રહે તો કર્મનો ત્યાગ એ નર્યો પાખંડ બની જાય છે.

જ્ઞાનમાર્ગી હોય કે કર્મમાર્ગી હોય પરંતુ એ બન્નેએ સ્વધર્મનું આચરણ ફલાસક્તિ વિના જ કરવું જોઈએ. ભગવાન કહે છે કે 'સ્વધર્મના ત્યાગ દ્વારા અથવા પરધર્મના આચરણ દ્વારા મનુષ્ય પોતાનાં પાપોમાં ઉમેરો કરતો રહે છે.

શાસ્ત્ર કહે છે કે કર્મ કર્યા વિના કોઈ મનુષ્ય રહી નહીં શકે માટે મનથી ઈન્દ્રિયોને સંયમમાં રાખીને, કર્મેન્દ્રિયો દ્વારા, આસક્તિ રહિત કર્મયોગને કરતા રહેવું હિતાવહ છે! તેથી નિયત કર્મોનો ત્યાગ કરવાને બદલે, નિયત કર્મોને કરતા રહેવું એ જ ઉત્તમ છે.

જ્ઞાનમાર્ગી અહંતાની ચિકિત્સા ઉપર ભાર મૂકે છે- બ્રહ્મની સાથે પોતાની અહંતાને જોડી દેવાની આ પ્રક્રિયા છે, પરંતુ આ પ્રણાલીમાં મમતાની ઉપેક્ષા થઈ જતી હોય છે. મમતાને છોડી કેવલ અહંતાને બ્રહ્મની સાથે જોડવાનો પ્રયાસ એ જ્ઞાનમાર્ગ છે.

આ બન્ને માર્ગો-કર્મમાર્ગ તથા જ્ઞાનમાર્ગની યાત્રા સફળ થતાં તે મુક્તિ સુધી પહોંચાડે છે, પરંતુ અહંતા તથા મમતામાંથી કોઈ પણ એકને સ્વસ્થ કરવાના આ બધા અપૂર્ણ પ્રયાસ હોવાથી આપણા કામ તથા ક્રોધના રોગોની પૂર્ણ ચિકિત્સા કરતા નથી. કેવલ ભક્તિયોગ જ આપણી અહંતા-મમતાને સંપૂર્ણ માત્રામાં સ્વસ્થ રાખવાની એકમાત્ર ચિકિત્સા પ્રણાલી છે.

ભક્તિ શરણાગત પુષ્ટિજીવને ભગવત્સેવામાં લગાડી તેની અહંતાને ભગવાનની સાથે જોડી દે છે. અહીં 'સોઽહમ્'ની પ્રક્રિયા નથી, પરંતુ 'દાસોઽહમ્'ની પ્રક્રિયા છે. સચ્ચાઈપૂર્વકની સેવા આપણે એની જ કરી શકીએ છીએ જેની સામે આપણો અહંકાર ઝૂકી જાય-નમી પડે.

'ભક્તિ' શબ્દ 'ભજ્' ધાતુ પરથી આવ્યો છે, જે સેવાના અર્થમાં છે. આપણી મમતા શ્રીકૃષ્ણની તરફ જોડવાની અહીં વાત છે.

ભક્તિ જ આપણા સંસાર-રોગની પૂર્ણ ચિકિત્સા છે. ભક્તિરસાયણના અનુપાન કે સેવન પુષ્ટિજીવ માટે સ્વાસ્થ્યદાયક છે. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે- 'મને તો કર્મમાર્ગીય જ્ઞાનમાર્ગીય તપસ્વી સાધકોમાં જે યોગી છે એ અધિક માન્ય લાગે છે. યોગીઓમાં પણ શ્રદ્ધાપૂર્વક જેઓ પોતાના અંતરાત્માને મારી સાથે જોડી દઈને મારું ભજન કરે છે એઓ મને બધામાં 'યુક્તતમ' લાગે છે.'

ભક્તિ એવા જીવાત્મામાં પ્રગટ થાય છે જેનું પ્રભુભક્તિને માટે વરણ કરે છે. પોતાની ભક્તિને માટે પરમાત્મા દ્વારા કરાયેલું જીવાત્માનું વરણ જીવાત્મામાં બીજભાવને રૂપે સર્વદા વિદ્યમાન રહે છે.

દૃઢ બીજભાવ તથા અદૃઢ બીજભાવવાળા જીવોને માટે ફલાત્મિકા વૃદ્ધિના ઉપાયઃ

પોતાની સેવાત્મિકા ભક્તિના હેતુથી પરમાત્મા દ્વારા સારી રીતે વાવવામાં આવેલો બીજભાવ જે જીવાત્માઓમાં દઢ થઈ જાય છે તેઓ શ્રવણકીર્તનની પ્રણાલિકા દ્વારા ભગવાનની માનસીસેવામાં સર્વદા મગ્ન રહી શકે છે. અને તેથી એવા ભક્તો ગૃહત્યાગ પણ કરી શકે છે. પરંતુ જે ભક્તોનો બીજભાવ જ દઢ ન થયો હોય તેમણે ગૃહત્યાગ ન કરવો જોઈએ. તેમણે પોતાના ઘરમાં રહીને જ ભગવત્સેવા તથા ભગવત્કથામાં પોતાની જાતને તત્પર બનાવવી જોઈએ. ત્યારે જ તેમનો બીજભાવ દઢ થશે.

ભક્તિના ત્રણ ભેદ હોય છે.

૧. ભગવત્સ્વરૂપનું બાહ્ય ભજન
૨. ભગવત્સ્વરૂપનું આંતર ભજન
૩. ભગવન્નામાત્મક ભાગવતનું શ્રવણ-ચિંતન-કીર્તન

જેનો બીજભાવ દઢ થઈ ગયો હોય અર્થાત્ પુષ્ટિભક્તિ ભગવત્પ્રેમના રૂપમાં અંકુરિત, ભગવદાસક્તિના રૂપમાં પલ્લવિત તથા ભગવદ્વ્યસનના રૂપમાં ફલિત થવા લાગી ગઈ હોય તો એવા ભક્તને ભગવાનના વિરહની તીવ્ર અનુભૂતિમાં ભગવત્સ્વરૂપનું આંતર ભજન સિદ્ધ થઈ જાય છે અને

તેનાથી આગળ વધીને સર્વોત્મભાવ સિદ્ધ થઈ જાય છે.

પોતાના ઘરમાં સ્વધર્મ-ભગવત્સેવામાં વિષયમાં એક વિલક્ષણ વાત શ્રી વલ્લભાચાર્યે સમજાવી છે કે બ્રહ્માનંદની પ્રાપ્તિને માટે મોક્ષની ઈચ્છાથી ભક્તિ કરવાવાળા લોકોએ સમજવું જોઈએ કે સાધ્ય મોક્ષને બદલે સાધનભક્તિ અધિક શ્રેષ્ઠ છે. જે જીવો મુક્ત થાય છે એમનો કેવળ આત્મા જ પરમાત્મામાં લીન થઈ જાય છે, જ્યારે ભક્તોને તો દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, ગૃહ, પરિવાર, આદિ સર્વ કંઈ તેમના ઘરમાં બિરાજતા પ્રભુની સેવામાં ઉપયોગમાં આવે છે. ભક્તોનો તો સંસાર પણ બ્રહ્માત્મક બની જાય છે. ફલની દૃષ્ટિએ જીવન્મુક્તિને બદલે ભક્તને માટે તો ભગવત્કૃપાની સાથે ગાર્હસ્થ્ય એટલે કે ઘરમાં રહેવું તે શ્રેષ્ઠતર હોય છે. તેથી બીજભાવ દૃઢ કરવાને માટે એ વસ્તુ આવશ્યક છે કે ઘરમાં સ્વધર્માચરણને નિભાવતાં નિભાવતાં અવ્યાવૃત્ત થઈને ભગવદ્ભજન કરવું જોઈએ.

જ્યાં સુધી આ દેહ છે અને આ દેહની સાથે આપણી અહન્તા-મમતા જોડાયેલી છે ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મ જ સ્વધર્મ છે. ભગવદ્ધર્મ પણ વિધર્મ યા પરધર્મના જેવો બની જાય છે. જ્યારે દેહાભિમાન શિથિલ થવા લાગે ત્યારે જ ભગવદ્દાસ્ય યા તો ભગવત્સેવા આત્મદૃષ્ટિથી જોતાં સ્વધર્મ બની જાય છે. ત્યારે વર્ણાશ્રમ ધર્મ પરધર્મ બની જાય છે. માટે દેહાભિમાન તથા આત્માભિમાનના વિવેકની સાથે વર્ણાશ્રમ ધર્મનો નિર્વાહ કરતાં કૃષ્ણભજનમાં તત્પર રહેવું જોઈએ.

ભક્તિમાર્ગીય જીવ અવ્યાવૃત્ત પણ હોઈ શકે છે અને વ્યાવૃત્ત પણ હોઈ શકે છે. તેથી બન્ને પ્રકારના જીવોમાં ભક્તિના બીજભાવની દૃઢતા માટેના ઉપાય પણ નીચે મુજબ શ્રી મહાપ્રભુજીએ દર્શાવ્યા છે.

'ભાવ'નો અર્થ થાય- આપણા અંતઃકરણમાં ધારણ કરવામાં આવેલી રુચિ અથવા તો અભિપ્રાય. એ ભાવ જો માત્ર ભગવાનની બાબતમાં હોય તો તે 'અનન્યભાવ' કહેવાય છે.

'અનન્યભાવ'વાળા ભક્તો જ અવ્યાવૃત્ત બની શકે છે. જેમની ભક્તિ અનન્યભાવિકા થઈ શકતી નથી તેઓ અવ્યાવૃત્ત નહીં બની શકે. અન્ય ભાવ આપણા દેહને તથા અંતઃકરણને વ્યાવૃત્ત દશામાં રાખશે- જેથી આપણાથી

અવ્યાવૃત્તિપૂર્વકનું ભજન સંભવિત નહીં થાય. એવી સ્થિતિમાં પુષ્ટિભક્તિમાર્ગ પર ચાલવાનો બુદ્ધિગત નિર્ણય કરેલો હોવા છતાં આપણુ હૃદય આ પૂર્વોક્ત અન્ય ભાવોની પૂર્તિના પ્રયાસમાં અહીં તહીં ભટકતું રહેશે. માટે જ શ્રી વલ્લભાચાર્ય કહે છે કે જેઓ વ્યાવૃત્ત છે તેમણે સ્વરૂપ ભજનને બદલે નામ ભજનમાં પ્રવૃત્ત થવું જોઈએ. આ જ શ્રવણ-ચિંતન-કીર્તનની પ્રણાલી દ્વારા તેનો બીજભાવ પ્રેમ-આસક્તિ-વ્યસનની અવસ્થાઓમાં વિકસિત થઈ શકશે.

બીજભાવ દૃઢ થયો છે એમ ત્યારે જ જાણવું જ્યારે આપણા દેહ તથા અંત:કરણની વ્યાવૃત્તિ બીજા દેવતાઓમાંથી, બીજા પદાર્થોમાંથી, બીજાં ફલોમાંથી ઘટતી ઘટતી, સર્વથા સમાપ્ત થઈ જાય. ઘરમાં ભગવત્સેવા જેમનાથી નિભાવી શકાતી ન હોય પરંતુ ભગવત્કથાનાં શ્રવણ-ભાવન-કીર્તનની પ્રણાલીથી જેઓ પોતાની ભક્તિના બીજભાવને દૃઢ કરવા માટે આગળ વધે છે, તેમને નીચે મુજબ અનુભવો થશે.

(૧) જ્યારે બીજભાવ ભગવત્સેવાના રૂપમાં અંકુરિત થઈ જાય અને ભગવાનમાં અનુરાગ વધવા લાગે ત્યારે ભગવદ્ભક્તિમાં અનુપયોગી પ્રત્યેક વસ્તુમાં, ઘર-પરિવાર વગેરેમાં અનુરાગ ઓછો થતો જશે.

(૨) ભગવદાસક્તિ સિદ્ધ થતાંની સાથે જ પોતાના ઘર-પરિવારમાં જે અનુરાગ હતો એ તેને બદલે તેમાં અરુચિનું રૂપ ધારણ કરવા લાગશે. ભગવદાસકત ભક્તને એવી ખાતરી થવા લાગશે કે મારા ઘર તથા પરિવાર કેવળ મારી કૃષ્ણભક્તિમાં અનુપયોગી જ નથી, પરંતુ એ બધાં મારી કૃષ્ણાસક્તિમાં કોઈ અને કોઈ રીતે બાધા પહોંચાડવાવાળા છે.

(૩) ભગવત્કથા પ્રણાલીથી ભક્તિમાર્ગ પર આગળ વધતા યાત્રીને વ્યસન દશાનો મળે છે. અહીં સુધી પહોંચવાવાળા ભક્તની દશા ઘણી તાલાવેલીયુક્ત, મૂંઝવનારી બની જાય છે. હવે તે ભગવાન વગર એક ક્ષણ પણ રહી નથી શકતો. ભગવાનના સ્વરૂપનું ચિંતન અને ભગવાનના ગુણોનું સ્મરણ કરતાં કરતાં ભક્તનું મન હવે પોતાના ભક્તિના પથ પર કોઈ રુકાવટ કે પોતે પ્રાપ્ત કરેલી દશામાં જરાપણ અવરોધને સહન નથી કરી શકતું. એ અસહિષ્ણુ એટલે કે વિપરીત સ્થિતિને સહન ન કરી શકનાર બની જાય છે. તેને શ્રીકૃષ્ણનું વ્યસન થઈ ગયું છે એમ સમજી લેવું જોઈએ!

કથાપ્રણાલીથી વ્યસનભાવ સિદ્ધ થતાં જ ઘરથી બહાર નીકળી જવું હિતકારક થાય છે. અન્યથા વ્યસન દશામાં ફલિત-અંકુરિત થવાવાળો બીજભાવ પણ સર્વાત્મભાવ યા અલૌકિક સામર્થ્યમાં પરિપક્વ નહીં થઈ શકે.

ઘરથી બહાર નીકળ્યા પછી પણ, ત્યાગી ભક્તનો સંસર્ગ તો સંસારી તથા ભગવદ્‌વિમુખ લોકોની સાથે તૂટી નહીં શકે. તેથી સર્વથા અસંગ તથા અપરિગ્રહ હોવાની સાથોસાથ જ્યાં સુધી વ્યસન દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ત્યાગ શ્રેયસ્કર નથી થતો. કેવળ ભગવત્પ્રાપ્તિની કામના હૃદયમાં રહે અને બધી કામનાઓ નિઃશેષ થઈ જાય ત્યારે જ ત્યાગમાર્ગ પર આરોહણ કરવું જોઈએ.

સ્વગૃહત્યાગ અને હરિસ્થાનવાસ

કથાપ્રણાલી દ્વારા પ્રેમાસક્તિવ્યસનની ક્રમિક અવસ્થાઓમાં જ્યારે બીજભાવ દૃઢ થઈ જાય અને ઘરમાં ભગવત્સેવાનો નિર્વાહ શક્ય ન હોય ત્યારે એવા ઘરમાં રહી શકવું તે ભગવદીયને માટે અશક્ય બની જાય છે. શ્રી વલ્લભાચાર્ય કહે છે કે એવી વ્યક્તિએ એવાં હરિસ્થાનો પર જઈને રહેવું જોઈએ જ્યાં ભગવત્સેવાપરાયણ ભક્તોનો સમૂહ નિવાસ કરતો હોય (દાખલા તરીકે વ્રજ, ચોરાશી બેઠક, જગન્નાથપુરી, શ્રીરંગ, પંઢરપુર, દ્વારકા, તિરુપતિ વગેરે વગેરે.) આ ભગવત્સેવાપરાયણ ભક્તોની સેવામાં પરિચર્યા અર્થાત્ સહાયક બનવાનો અવસર મળે તો સૌથી સારી વાત છે, અન્યથા તેમના સત્સંગનો લાભ લેવો જ જોઈએ.

પોતાના ઘરને છોડીને નીકળી પડનાર ભક્ત આ પ્રમાણે ભગવત્સેવાપરાયણ ભગવદીયોની સાથે તેમના હરિસ્થાનમાં નિવાસ કરતાં કરતાં જો ભગવત્સેવા તથા ભગવત્કથાને નિભાવી શકે છે, તો કદી તેનો નાશ થશે નહીં. આ રીતે જો પોતાના ઘરને છોડી દીધું હોય છતાં દુઃસંગથી બચવું હોય તો પુષ્ટિમાર્ગીય અન્ય ભગવદીયનો સત્સંગ પ્રાપ્ત કરતાં કરતાં ભગવત્કથાનો પણ આશ્રય જે લોકો નિભાવી શકે છે તેમનો ભક્તિમાર્ગથી બીજા સ્થળે અધઃપાત નહીં થાય.

છેવટે શ્રી વલ્લભાચાર્ય કહે છે કે અદૃઢ બીજવાળા ભક્તને માટે બીજભાવને દૃઢ કરવાનો ઉત્તમ ઉપાય એ છે કે પોતાના ઘરમાં અવ્યાવૃત્ત

થઈને ભગવત્સેવા તથા ભગવત્કથામાં તત્પર બની જવું. એ શક્ય ન હોય તો કેવલ ભગવત્કથામાં પરાયણ બનીને બીજભાવને દઢ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જ્યારે સંસારાસક્તિ ઓછી થઈ જાય ત્યારે કાં તો ભક્તિમાર્ગીય સંન્યાસ લેવો જોઈએ, અન્યથા અન્ય ભગવદીયો દ્વારા કરવામાં આવતી ભગવત્સેવામાં પરિચારક બનવું જોઈએ. એ પણ શક્ય ન હોય તો એવા સેવા-કથા-પારાયણ ભગવદીયોના સત્સંગનો લાભ લેવા માટે, ન તો તેમનાથી અધિક દૂર કે ન તો એમનાથી અધિક સમીપ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. એવો ભગવદ્ વિશ્વાસ દઢ રાખવો જોઈએ કે દરેક કલ્પમાં ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવાના જ છે. **'હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ.'**

૧૨. જલભેદ

'જલભેદ'માં ભગવત્કથાના વક્તાના ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ સ્વરૂપ નક્કી કરવામાં આવ્યાં છે. આ ગ્રંથ કોને માટે અને ક્યારે લખવામાં આવ્યો તેનો ઉલ્લેખ મળતો નથી.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમાં ભાગવતના વક્તા તથા શ્રોતાના ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ અધિકારોનું નિરૂપણ કરવામાં આવેલું છે. જ્યારે શ્રી વલ્લભાચાર્યે 'જલભેદ' તથા 'પંચપદ્યાનિ' ગ્રંથોમાં, ભાગવતમાં જણાવેલ ધર્મ, શરણાગત તથા નિર્ગુણ ભક્તિના અંગભૂત અને ભગવાનનાં સ્વરૂપ, ગુણ તથા લીલાઓનાં શ્રવણ-સ્મરણ તથા કીર્તન માટે અપેક્ષિત, વક્તાઓ તથા શ્રોતાઓના ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ અધિકારનું વિવેચન કર્યું છે.

શ્રીમદ્ ભાગવતમાં આવે છે કે- ભક્તોના મુખથી નીકળેલી વાણી, લૌકિક ભાષામાં ગાવામાં આવેલા ગેય-પદ અથવા સંસ્કૃત ભાષામાં ગાવામાં આવેલા 'ગીતગોવિંદ' જેવાં કાવ્ય પ્રાણીમાત્રનાં બધાં પાપોનો નાશ કરી દે છે.

આ જ કારણને લીધે ભાગવતમાં વક્તાના તથા શ્રોતાઓના ઓગણીસ ભેદ માનવામાં આવે છે, જેમ કે-


અધિકારી
વક્તા યા શ્રોતા
નિર્ગુણ
સગુણ
અસાધારણ
સાધારણ
સાત્ત્વિક
રાજસ
તામસ
સાત્ત્વિક
રાજસ
તામસ
સા રા તા સા રા તા સા રા તા સા રા તા સા રા તા સા રા તા

નોંધ : સા- સાત્ત્વિક, રા-રાજસ, તા- તામસ

આ વર્ગીકરણમાં 'નિર્ગુણ અધિકારી'ને ઉત્તમ માનવામાં આવ્યો છે. અસાધારણ અધિકારીના સાત્ત્વિક-સાત્ત્વિક, રાજસ-સાત્ત્વિક વગેરે નવ ભેદ થાય છે. એ 'મધ્યમ અધિકારી' છે. આ જ રીતે સાધારણ અધિકારીના પણ પૂર્વોક્ત રીતિ પ્રમાણે નવ ભેદ થાય છે અને તેમને કનિષ્ઠ માનવામાં આવ્યા છે. આ ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ કક્ષા ભક્તિ, વૈરાગ્ય તથા દ્વિવિધ જ્ઞાનની કસોટી પર ખરા ઉતરનારને ઉત્તમ, ભક્તિ રહેવા છતાં પણ વૈરાગ્યરહિત હોવાથી મધ્યમ, તથા વૈરાગ્યરહિત કેવલ શાબ્દિક જ્ઞાન તથા ભક્તિવાળા અધિકારની કનિષ્ઠ કક્ષા માનવામાં આવી છે.

તદનુસાર જ જલના ભેદ બતાવતાં શ્રી વલ્લભાચાર્ય એવું વિવેચન કરે છે કે 'ઓગણીસ ભેદ હોવા છતાં પણ વહેતું જળ તથા સ્થિર જળ આ બે મુખ્ય ભેદ છે. અહીં જળ તથા વક્તૃભાવ એ બન્નેના વીસ ભેદ સ્વીકારવામાં આવ્યા છે. શ્રોતાએ ભગવત્કથાનું શ્રવણ-સ્મરણ-કીર્તન કેવી રીતે વક્તાના સત્સંગ દ્વારા સંપન્ન કરવું જોઈએ એનો જ અહીં સંદર્ભ છે.

શ્રી મહાપ્રભુજીના મત પ્રમાણે જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ કે સિદ્ધિ તો છે ચિત્તનું શ્રીકૃષ્ણમાં તન્મય થઈ જવું તે. તેને માટે બે સાધન બતાવવામાં

આવ્યાં છે-

(૧) તદાશ્રય- પ્રપત્તિ, (૨) તદીયતા- ભક્તિ

'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં તદાશ્રયના ઉપાયરૂપ વિવેક, ધૈર્ય, તથા અનન્યાશ્રયનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જ્યારે તદીયતાના ઉપાયરૂપ આત્મનિવેદન, સર્વસમર્પણ, સર્વભાવપૂર્વક સેવા તેમ જ ભાગવત્કથાનાં શ્રવણ-સ્મરણ-કીર્તન વગેરેનું 'સિદ્ધાંતરહસ્ય', 'નવરત્ન', 'ચતુઃશ્લોકી', 'સિદ્ધાંતમુક્તાવલી' તથા 'ભક્તિવર્ધિની'માં નિરૂપણ કરવામાં આવેલું છે.

'જલભેદ'માં યોગ્ય વક્તાનું સ્વરૂપ શ્રોતાના શ્રવણગંગાના રૂપમાં સમજાવવામાં આવ્યું છે.

શ્રી હરિના સર્વ તાપહારી તથા સર્વ સુખકારી ગુણ પણ વક્તાઓના હૃદયના પાત્રમાં ભરેલા હોય ત્યારે કંઈક ભિન્ન રૂપ ધારણ કરી લે છે. જેમ જલ પોતે શીતલ, સ્વચ્છ, અવ્યક્ત મધુર મીઠાશવાળું, સર્વ શોધક તથા તાપશામક હોવા છતાં જે આધારભૂમિમાં, ઉદાહરણ તરીકે કૂવા, તળાવ, નદી, સમુદ્ર, ઝરણાં, નાળાં, ખાડા વગેરેમાં ભરાયેલું હોય છે તે આધારભૂમિના ગુણધર્મોથી યુક્ત બની જાય છે.

તૈત્તિરીય સંહિતાના સાતમા કાંડમાં જલનાં વીસ રૂપ શ્રુતિમાં ગણાવવામાં આવ્યાં છે. જેવા કે (૧) કૂપ, (૨) નહેર, (૩) ખેતરનું નાળું, (૪) નદીના જલથી બનેલો ખાડો, (૫) ગંદાં નાળાં યા મોરી (ગટર)ના જલથી બનેલા ખાડા, (૬) નદીના જલથી બનેલાં મોટાં તળાવ, (૭) પીવાલાયક પાણીવાળાં મોટાં તળાવ, (૮) સુંદર કમળ વગેરે પુષ્પવાળાં મોટાં તળાવ, (૯) નાનાં તળાવ, (૧૦) બહુ કાદવવાળાં તળાવ, (૧૧) વર્ષાનું જલ, (૧૨) સ્વેદજલ એટલે કે પરસેવો, (૧૩) ઝરણાં, (૧૪) ઝાકળનાં બિંદુ, (૧૫) વરસાદનાં નદી-નાળાં જેવા અસ્થિર પ્રવાહવાળાં જલ, (૧૬) બારેય માસ વહેતી નદીઓના સ્થિર-સર્વદા સમાન રૂપમાં વહેતાં જલ, (૧૭) નિરંતર ઉદ્ગમવાળી એવી નદીઓ જેમનું જલ વર્ષા યા ગ્રીષ્મમાં વધતું કે ઘટતું હોય, (૧૮) સમુદ્રમાં મળવાવાળી મહાનદીઓ, (૧૯) સમુદ્ર, (૨૦) બીજા પણ આમાંથી ભરાયેલાં અથવા નીચે પડેલાં જલ.

કુદરતી રીતે એકરૂપ હોવા છતાં જલ પોતાના આ આધારોના ગુણધર્મોને

અનુરૂપ અનેકરૂપતા પ્રગટ કરે છે. આવી જ રીતે ભગવાનના એકરૂપ ગુણ પણ ભગવત્કથાના વક્તાની યોગ્યતા તથા ભાવોને અનુરૂપ એકરૂપતા ધારણ કરી લે છે. જેમ કે-

(૧) ભગવદ્ગુણોના સ્વર- તાલ તથા લયના આશ્રયસહિત કરેલાં ગાન કરનાર ગાયકો વિશ્રુત ગંધર્વોના જેવા લોકો કૂવાના જેવા હોય છે. જેમ કોઈક કૂવા મીઠા જલના હોય છે તો કેટલાક ખારા જલના, કેટલાક ગાયકો સ્વર-તાલના અંગરૂપથી ભગવાનનું વર્ણન કરતા હોય છે. તો કેટલાક ભગવદ્-વર્ણનાત્મક શબ્દોના અંગરૂપથી સ્વર-તાલની યોજના કરતા હોય છે, જેમને અનુક્રમે ખારા જલવાળા કૂવાની જેમ અને મીઠા જલના કૂવાની જેવા સમજવા જોઈએ.

(૨) પુરાણકથા સંભળાવનાર કથાકારો નહેરના જેવા હોય છે. જેમ નહેરનું જળ તેનું પોતાનું નથી હોતું એવી જ રીતે પુરાણકથા સંભળાવનાર કથાકારોનો ભાવ તેમનો પોતાનો ન હોવાથી કેવળ પુરાણકથા કરતી વખતે કથાવેશથી પ્રયુક્ત હોય છે.

(૩) પોતાના કુટુંબના પોષણ માટે, ધન કમાવા માટે યા તો યશની કામનાથી જેઓ કથા કરે છે તેઓ ખેતરને જલ પહોંચાડનારી નહેરો-નીકોની જેવા હોય છે.

(૪) વેશ્યા અથવા સ્વૈરિણી સ્ત્રીઓથી ઘેરાયેલા, જુગાર તથા મદ્યપાન આદિ વ્યસનોથી પ્રમત્ત વક્તા નદીના જલથી બનેલા ગંદા જલના ખાડાના જેવા હોય છે.

(૫) ભગવાનના ગુણગાનને આજીવિકાનું સાધન બનાવીને કુટુંબનું પોષણ કરવાવાળા પૌરાણિકોના ભાવ, ઘરની ગંદી મોરીઓમાંથી નીકળતા મલિન જલ ચારે બાજુ ફેલાઈ ન જાય તે માટે જે ખાડાઓ ખોદવામાં આવે છે અને તેમાં ભરાયેલ જળ જેવા અપવિત્ર હોય છે.

(૬) નદીઓના જલથી જેમ ક્યાંક ક્યાંક જલાશય બનાવવામાં આવે છે એવી જ રીતે ગીતા, ભાગવત, પાંચરાત્રાદિ ભગવત્શાસ્ત્રોના નિરંતર અભ્યાસથી વ્યક્તિના હૃદય તથા બુદ્ધિમાં ભગવદ્-ભાવનું એક વિશાળ જલાશય જેવું ભરાઈ આવે છે.

(૭) જાતે નિરંતર શાસ્ત્રાભ્યાસ કરવો એ એક વાત છે અને શ્રોતાના સંદેહોને દૂર કરી શકવાનું સામર્થ્ય ધરાવવું એ બીજી વાત છે. તેથી સંદેહનિવારક વક્તા માની લો કે પીવાલાયક પાણીવાળા મોટા જલાશય જેવા હોય છે.

(૮) ખુદ પોતાનો ભગવત્શાસ્ત્રોનો નિરંતર અભ્યાસ હોય અને બીજાઓના સંદેહને દૂર કરવાની ક્ષમતા હોય તો પણ ક્યારેક ક્યારેક વક્તામાં પોતાનામાં ભક્તિભાવ નથી હોતો, પરંતુ એ પણ જો પ્રકટ થઈ જાય તો એવા વક્તાને સુંદર કમળવાળા રમ્ય સરોવરના જેવો ગણવો જોઈએ.

(૯) કેટલાક વક્તાઓમાં ભગત્પ્રેમ તો હોય છે, પરંતુ તેઓ પોતે અલ્પશ્રુત હોય છે. એવા વક્તાઓને નાનાં તળાવોના જેવા સમજવા જોઈએ- કે જેઓ પોતે સ્વચ્છ જલવાળા હોવા છતાં ભેંસ જેવાં પશુઓ દ્વારા મલિન બનાવી શક્ાય છે.

(૧૦) જે વક્તાઓએ સદ્ગુરુના મુખથી બહુ સારી રીતે શાસ્ત્રીય વિષયોનું શ્રવણ કર્યું હોતું નથી અને જેમનામાં ભગવદ્ભક્તિ જોઈતી માત્રામાં નથી તો પણ નિષ્કામ ધર્માચરણ-કર્માનુષ્ઠાનમાં જેમની નિષ્ઠા દૃઢ હોય એવા વક્તાઓને ભગવત્કથા-પ્રવચન કરવાની વૃત્તિ જો જાગી ઊઠે તો તેમના ભાવ પણ નાના તળાવના જેવા જ સમજવા જોઈએ.

(૧૧) જે વ્યક્તિઓનું મન યોગ્ય-ધ્યાન આદિની પ્રક્રિયામાં લાગી રહેલું હોય છે તેમના પોતાના ભાવ તો નિર્મલ હોઈ શકે છે, પરંતુ શ્રોતાઓ તેમને ઘેરી વળે ત્યારે તેમના ભાવોમાં પરિવર્તન આવવા લાગે છે. એ જ કારણને લીધે તેમના ભાવ વર્ષાના જલના જેવા બની જાય છે કે જે સ્વયં સ્વચ્છ હોવા છતાં જ્યાં પડે ત્યાંના ગુણધર્મ શીઘ્રતાથી સ્વીકારી લે છે.

(૧૨) કેવલ તપોજ્ઞાન કે વૈરાગ્યાદિની સાધનામાં મગ્ન વ્યક્તિ જ્યારે ભગવત્કથાનું પ્રવચન કરતો મળી આવે ત્યારે તેના ભાવને સ્વેદ કે પરસેવાના જલના જેવો સમજવો જોઈએ.

(૧૩) જેમ પર્વત ઉપરથી પડતા પાણીનો ધોધ કે ઝરણાનાં જલ, નિર્મળ, શીતલ, મધુર, મનોહારી, તાપહારી તથા સુખકારી લાગે છે. તેમ ભગવત્કૃપાને કારણે અથવા મહાન ભગવદીયોની કૃપાને કારણે, જેમને સ્વયં શ્રીહરિના દિવ્ય,

મધુર ગુણોનું અલૌકિક જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હોય તો એવા વક્તાઓના મુખથી ભગવદ્ ગુણગાન સાંભળવું એ તો કોઈ એક મનોહારી ઝરણાની સામે પહોંચી જવા જેવો એક સુખદ પ્રસંગ હોય છે.

(૧૪) સકામ ઉપાસનાના અંગભૂત શ્રૌત યા પૌરાણિક, વરુણ, ઈન્દ્ર, દુર્ગા, ગણપતિ, ભૈરવ, નવગ્રહ આદિ દેવતાઓના ઉપાસક વક્તા જો શ્રીકૃષ્ણની કથા કરતા હોય તો તેમના ભાવોને ઝાકળનાં બિંદુઓના જેવા સમજવા જોઈએ કારણ કે ઝાકળના જલબિંદુ જે સ્થાન પર પડે છે ત્યાં પુષ્કળ પ્રમાણમાં ઊભરાયેલાં નજરે ચડે છે. પરંતુ એ વાસ્તવિકતા નથી હોતી.

(૧૫) વર્ણાશ્રમ ધર્મને નિભાવતા શ્રીકૃષ્ણની નવધા ભક્તિમાં તત્પર વક્તાઓમાં ક્યારેક પ્રેમાવેશને કારણે ભગવદીય ધર્મોનું સ્ફુરણ થતું રહે છે. તેમના ભાવને વરસાદી નદીના પ્રવાહના જેવો સમજવો જોઈએ.

(૧૬) કેટલીક નદીઓ બારે માસ વહેતી હોય છે. તેમનામાં ન તો પૂર આવે છે કે ન તો તેમનું જલ ઘટે છે. એવી જ રીતે ભગવત્કથામાં જેમને પ્રેમાવેશનું પૂર પણ આવતું નથી અને તેમની રુચિ પણ કદી ઓછી થતી નથી એવા મર્યાદામાર્ગીય વક્તાઓના ભાવ સ્થિર પ્રવાહવાળી નદીના જેવા હોય છે.

(૧૭) કેટલીક નદીઓના ઉદ્ગમ સ્થાન પર નિરંતર પાણી ઊભરાઈ રહેતું હોય છે. તેથી તેમનો પ્રવાહ કદી અટકતો નથી, પરંતુ વર્ષાને કારણે તથા તડકાને કારણે એમના જલ સ્તરમાં નિરંતર વધઘટ થતી રહે છે. એવી જ રીતે જે વક્તાઓનો ભાવ તેમની આસપાસની વ્યક્તિઓની સંગતિને કારણે ક્યારેક વધતા રહેતા હોય છે અને ક્યારેક ક્ષીણ થતા રહેતા હોય છે.

(૧૮) કેટલીક મહાનદીઓ સમુદ્રગામિની એટલે કે સાગર તરફ જનારી હોય છે જે ઋતુચક્રથી પ્રભાવિત થતી નથી. તેમનામાં પૂર આવે છે પરંતુ જલ કદી ઓછું થતું નથી. જે વક્તાઓના ભાવ સંગદોષથી પ્રભાવિત થયા વગરના રહે છે તેમને સમુદ્રગામિની મહાનદીઓના જેવા ગણવા જોઈએ.

(૧૯) સમુદ્રોના અનેક ભેદ શાસ્ત્રોમાં વર્ણવેલા છે. જેવા કે-

ખારા પાણીવાળા, શેરડીના રસ જેવા સ્વાદયુક્ત પાણીવાળા, મદિરાના સ્વાદયુક્ત પાણીવાળા, ઘીના સ્વાદયુક્ત પાણીવાળા, દૂધના સ્વાદયુક્ત પાણીવાળા, દહીં-મઠાના સ્વાદયુક્ત પાણીવાળા અને અમૃત જળના સ્વાદયુક્ત પાણીવાળા.

તે જ રીતે વક્તાઓના ભાવ પણ અનેકવિધ હોય છે, જે અનુક્રમે-

શ્રીરામ કે શ્રીકૃષ્ણને સાક્ષાત્ પરમેશ્વર ન માનીને કેવળ મહાપુરુષ અર્થાત્ મહાન મનુષ્ય માનવાવાળા હોય છે. જેના ભાવોથી ભક્તની તૃષા મટી શકતી નથી.

પરમાત્માને અપ્રાકૃત ગુણધર્મોથી યુક્ત માનવા છતાં પણ અવતારોને પ્રાકૃત ગુણધર્મયુક્ત માનવાવાળા વક્તાઓના ભાવ શેરડીના સ્વાદવાળા જળના જેવા હોય છે.

જાતે મોહવશ થઈને જે ભગવાનના ગુણોને માયિક માને છે તથા બ્રહ્મને નિર્ગુણ, નિરાકાર, નિર્ધર્મક માને છે તેવા વક્તાઓની ભગવત્કથાનું શ્રવણ મદિરાના સ્વાદયુક્ત પાણીના આચમન જેવું હોય છે.

ભગવાનના દયાળુતા આદિ ગુણો પર જે ભાર દેતાં દેતાં ભગવત્કથા કરે છે તેમના મુખેથી ભગવદ્-ગુણગાન સાંભળવું એ ઘીના સ્વાદયુક્ત પાણીવાળા સાગરના આચમનની જેમ ભક્તિબલને વધારનાર હોય છે.

શ્રીહરિના સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વ દુઃખહર્તા આદિ ગુણો પર ભાર દેતાં દેતાં જેઓ ભગવત્કથા કરે છે તેમની પાસેથી ભગવદ્ ગુણગાન સાંભળવા એ ક્ષીરોદકના આચમન જેવું હોય છે, જે સ્વાદિષ્ટ-શક્તિવર્ધક તથા પવિત્ર હોય છે.

કેવલ વૈદિક મર્યાદાઓની સ્થાપનાના મર્યાદિત પ્રયોજનને પ્રસ્તુત કરીને જે વક્તા ભગવદવતાર ચારિત્રોની વ્યાખ્યા કરતા હોય છે તેમના ભાવ દધિમંડના જેવા હોય છે. જે સુપાચ્ય તથા સ્વાદિષ્ટ હોવા છતાં માખણ તેમાંથી નીકળી ગયું હોવાથી સારહીન હોય છે.

શુદ્ધોદક સમુદ્રને જ શ્રી વલ્લભાચાર્ય **'અમૃતોદ'** પણ કહે છે.

પ્રાકૃત યા માયિક ગુણોથી રહિત શ્રીવિષ્ણુના બધા અપ્રાકૃત-દિવ્ય-શુદ્ધ સચ્ચિદાનંદરૂપ ગુણોનાં વર્ણન, સ્મરણ, કીર્તન કરવાવાળા વિચક્ષણ વક્તાઓ અમૃતોદ સિંધુના સમાન છે, તેમના વચનામૃતનું પાન તો વસ્તુતઃ જીવનનો અતિ દુર્લભ લહાવો છે. એમનામાંથી કેટલાક પુષ્ટિભક્તિમાર્ગીય છે અને કેટલાક મર્યાદામાર્ગીય છે, પરંતુ બધા અમૃતોદ સિંધુના સમાન છે.

જેમ વિષ્ણુદૂતોનાં વચન અજામિલના કાનોમાં પડ્યાં કે તરત એની કૃતિ, મતિ અને ભાવના- એ બધામાં ચમત્કારિક પરિવર્તન આવી ગયું. તેમ અકસ્માત

પણ આ અમૃતોદની તુલ્ય વક્તાઓનાં એકાદ વચન નિશ્ચયપૂર્વક સુખપ્રદ હોય જ છે, તેમનાં વચનામૃતોના સતત શ્રવણથી રાગ-અજ્ઞાન-કામ-ક્રોધ આદિ મનોવિકાર દૂર થઈ જાય છે. તેના દ્વારા પરમાનંદની અભિવ્યક્તિ થઈ જાય છે અને શ્રોતા કૃતાર્થ બની જાય છે.

આ સિવાય અન્ય જે વક્તા યા તેમના ભાવ હોય છે તેમને એ જ કૂપ વગેરે ઓગણીસ જલસ્થાનોમાંથી બહાર કાઢેલા અથવા પડી રહેલા જલના જેવા સમજવા જોઈએ. તદનુસાર તેમની પાસેથી કથા-શ્રવણ કરવાના ફલના પણ યથાર્થ સ્વરૂપનો વિચાર કરવો જોઈએ.

આ રીતે વિષ્ણુના એકરૂપ ગુણ તે તે જીવોની વાણી પર કેવાં અનેકરૂપ ધારણ કરી લે છે અને કેવાં ફલ તેમનાથી મળે છે વગેરે વાતોનું બાબતોનું નિરૂપણ શ્રી વલ્લભાચાર્યે આ ગ્રંથમાં કર્યું છે.

૧૩. પંચપદ્યાનિ

જલભેદમાં બતાવેલ વક્તાના અધિકાર તથા સ્વરૂપ તથા તદનુસાર તેમના મુખથી શ્રવણ-કીર્તનના ફલના વિવરણ પછી શ્રોતાના અધિકાર તથા સ્વરૂપનું નિરૂપણ શ્રી વલ્લભાચાર્ય 'પંચપદ્યાનિ'માં કરે છે.

ભગવત્કથાનું શ્રવણ-સ્મરણ-કીર્તન ભગવત્સ્વરૂપની સેવાની સાથે સાથે સેવાના અનવસરમાં ચાલતું રહે તો એ ભક્તિના પૂર્ણ આવિર્ભાવનો ઉપાય બને છે. પરંતુ કોઈ વ્યક્તિને ભગવત્સ્વરૂપ સેવાની સગવડ આજીવન સંભવિત નથી બનતી. એવી સ્થિતિમાં કેવલ ભગવત્કથાના શ્રવણ-સ્મરણ-કીર્તનની પ્રણાલી અપનાવવાથી પણ પ્રેમ-આસક્તિ-વ્યસન-સર્વાત્મભાવ યા અલૌકિક સામર્થ્ય આદિના ક્રમિક પગથિયા પર ભક્તિનું આરોહણ શક્ય બની જાય છે.

તદનુસાર સેવાની સાથોસાથ જે કથાના શ્રવણ-સ્મરણ-કીર્તનનો પણ જે લોકો સતત નિર્વાહ કરી શકે છે એ ઉત્તમ શ્રોતા હોય છે. અથવા સેવાના અનુકલ્પના રૂપમાં જેઓ ભગવત્કથાનું નિરંતર શ્રવણ કરતા હોય છે, એ મધ્યમ પ્રકારના શ્રોતા હોય છે જેઓ ક્યારેક ક્યારેક શ્રવણ કરવાનો લાભ મેળવી શકે છે તેઓ નિમ્ન પ્રકારના શ્રોતા હોય છે. આ દૃષ્ટિએ શ્રોતાના ઉત્તમ, મધ્યમ કે નિમ્ન પ્રકારોને નક્કી કરવામાં આવે છે.

બીજી એક દૃષ્ટિ એ છે કે શુદ્ધપુષ્ટિ, પુષ્ટિપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ તથા પ્રવાહપુષ્ટિના

અધિકારી ભેદ અનુસાર શ્રોતાની વિવિધ કક્ષાઓ નક્કી કરવામાં આવે. શુદ્ધપુષ્ટિ યા પુષ્ટિપુષ્ટિ આદિ અધિકારોની પહેચાન 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથમાં આપવામાં આવેલી છે.

ત્રીજી દૃષ્ટિ એ છે કે શ્રોતાના ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ અધિકારની. વક્તાના જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય ગુણોને અનુરૂપ (૧) શ્રવણ માટે આતુરતા, (૨) રુચિ તથા (૩) બીજાં સાધનો માટેનો દુરાગ્રહ અને એવા દુરાગ્રહથી ઉત્પન્ન થતાં ક્ષુદ્ર ફલોમાં અનાસક્તિ, એમ ત્રણેય ગુણો જે શ્રોતામાં મળી આવતા હોય તે ઉત્તમ, બે ગુણો મળતા હોય તે મધ્યમ અને કોઈ પણ એકાદ ગુણની હાજરી તેના નિમ્ન અધિકારનું દ્યોતક છે.

શ્રોતાના વર્ગીકરણની ચોથી દૃષ્ટિ- પુષ્ટિમાર્ગીય ઉત્તમ, મર્યાદામાર્ગીય મધ્યમ તથા પ્રવાહમાર્ગીય યા ચર્ષણી શ્રોતાને અધમ માનવાની પણ હોઈ શકે છે.

પાંચમી દૃષ્ટિ મુજબ જેવી રીતે શાસ્ત્રાર્થ પ્રકરણના અંતિમ ભાગમાં ભગવત્સેવા કરવાવાળાઓના વિવિધ અધિકાર દર્શાવવામાં આવ્યા છે તેમ ભગવત્કથાના શ્રવણાધિકારનાં પણ ઉપલક્ષણ માનવામાં આવી શકે છે.

આ જ રીતે કથારતિના પણ બે પ્રકાર સંભવિત હોઈ શકે છે. (૧) સામાન્ય રુચિ તથા (૨) ઉત્કટ રતિ. આ બેના પરસ્પર મિશ્રણમાંથી અનેક પ્રકારના વિકલ્પો બની શકે છે. જેવા કે-

(૧) કથાશ્રવણની ઉત્કટ રતિ તથા કથાના ઉભય પક્ષ- પ્રમાણ પક્ષ અને પ્રમેય પક્ષમાં જિજ્ઞાસા ધરાવવાવાળા ઉત્તમાધિકારી જ્ઞાની-ભક્ત જેવા માનવા જોઈએ.

(૨) કથાશ્રવણમાં ઉત્કટ રતિ ન હોય તો પણ તેમાં સામાન્ય રુચિ ધરાવનાર તથા કથાના ઉભય પક્ષોમાંથી શબ્દનિષ્ઠ જિજ્ઞાસુ મધ્યમાધિકારી જ્ઞાની જેવા માનવા, ગણાવા જોઈએ.

આ વિભિન્ન દૃષ્ટિકોણથી શ્રવણાધિકારનો વિચાર કરીએ તો 'પંચપદ્યાનિ'ના પાંચ પદ્યોમાં ભિન્ન ભિન્ન કક્ષાના પાંચ અધિકારીઓની ચર્ચા શ્રીવલ્લભાચાર્યે કરી છે. જે નીચે મુજબ છે-

મુખ્યાધિકારી એકવિધ છે અને અમુખ્યાધિકારી ત્રણ પ્રકારના છે. આમ

કુલ ચાર પ્રકારના અધિકારીઓની ચર્ચા છે. 'મુખ્ય' તથા 'ઉત્તમ'ને સમાનાર્થી માનીને તથા ઉપક્રમ અને ઉપસંહારમાં એક જ અધિકારીને વિવક્ષિત માનીને કુલ ત્રિવિધ અધિકારીઓની અહીં ચર્ચા છે. આરંભના પ્રથમ શ્લોકમાં મુખ્ય ભક્તિમાર્ગીય દ્વિવિધ અમુખ્ય શ્રોતા તથા એક પ્રપત્તિમાર્ગીય શ્રોતાનું વર્ણન છે જે વાત શ્રી વલ્લભાચાર્ય પાંચ શ્લોકમાં કહી રહ્યા છે તે આ પ્રમાણે છે:

અ. (૧) ભગવત્ ચરિત્રમાં અરુચિની નિવૃત્તિ, (૨) ભક્તિનું પ્રાકટ્ય, (૩) સાંસારિક તૃષ્ણાની નિવૃત્તિ, (૪) અંતઃકરણની શુદ્ધિ અને (૫) ભગવદીયોના સત્સંગરૂપ સખ્યની વૃદ્ધિ

આ પાંચ પરિણામ જે શ્રોતામાં પ્રકટ થઈ રહ્યાં હોય તેને ભગવત્કથાના શ્રવણને મુખ્યાધિકારી ગણવો જોઈએ.

ભગવત્કથાની પ્રણાલીથી તેમના અંતઃકરણની શુદ્ધિ થઈ ગયેલી હોવાના કારણે કેવલ જ્ઞાની યા વિરકતોની જેમ વૈદિક ફલ સ્વર્ગ-મોક્ષ-અપવર્ગની કામના તેમના મનમાં રહી નથી જતી. આ કારણને લીધે તેમને વેદમાં પણ વૈરાગ્ય થઈ જાય છે. એવા શ્રોતા ભગવલ્લીલાના શ્રવણની ઉત્સુકતાને કારણે નિરંતર ભગવદીયોનો સત્સંગ શોધતા રહે છે.

નિરોધની સિદ્ધિના કારણે તેમને ભક્તિમાર્ગીય મુખ્ય શ્રોતા ગણવા જોઈએ.

બ. કેટલાક શ્રોતાઓના મન શ્રીકૃષ્ણભક્તિના રસથી એટલાં આર્દ્ર બની જાય છે કે કથાશ્રવણના સમયમાં તેઓ ભગવત્સ્મૃતિથી વિહ્વળ બની જાય છે. ભગવત્કથાના શાબ્દિક પ્રમાણપક્ષમાં તેમની રુચિ તીવ્ર નથી હોતી. પરંતુ અર્થનિષ્ઠા-કથાના પ્રમેય અર્થાત્ ભગવત્સ્વરૂપ-ગુણધર્મ-લીલાના શ્રવણમાં તેમની નિષ્ઠા ઘણી પ્રબળ હોય છે. આ જ અર્થનિષ્ઠાના કારણે તેમનામાં જ્ઞાનની લાલસા ઓછી હોવા છતાં પણ પ્રેમની સ્પષ્ટ વિદ્યમાનતાના કારણે એમને ભક્તિમાર્ગીય મધ્યમ કક્ષાના શ્રવણાધિકારી ગણવા જોઈએ.

ક. કેટલાક અન્ય શ્રોતાઓમાં એવી અર્થનિષ્ઠા નથી હોતી, પરંતુ શબ્દનિષ્ઠા તીવ્ર હોય છે. પરિણામે પ્રમાણવિવેચનની પ્રક્રિયા દ્વારા તેમને નિઃસંદિગ્ધ જ્ઞાનની પ્રાપ્તિની લાલસા રહેતી હોય છે. એવા શ્રોતાઓની આસ્થા તો સ્પષ્ટ હોય છે કે કેવલ શ્રીકૃષ્ણ જ સર્વભાવથી ભજનીય છે, પરંતુ ભાવ નિરંતર જાગેલો રહેતો હોતો નથી. એવા શ્રોતાઓ ભક્તિમાર્ગની અંતર્ગત કનિષ્ઠ

પ્રકારના શ્રવણાધિકારી છે.

૬. પ્રપત્તિમાર્ગીય જીવ અન્યમાર્ગીય શ્રોતાઓની સરખામણીમાં ઉત્તમાધિકારી ગણી શકાય, પરંતુ દેશ-કાલ-દ્રવ્ય-કર્તા-મંત્ર-કર્મ આદિ અનેકવિધ ધાર્મિક સાધનોના અભિમાનને છોડીને શ્રીકૃષ્ણની સ્વરૂપ-ગુણધર્મ-લીલાઓના શ્રવણ-સ્મરણ-કીર્તનમાં જ્યારે એના મનની અનન્ય રુચિ જાગવી જોઈએ. જો આમ ન થાય તો તેઓ ઉત્તમાધિકારી ન ગણી શકાય.

૧૪. સંન્યાસનિર્ણય

'સંન્યાસનિર્ણય' ગ્રંથની રચના વિ.સં. ૧૫૧૫માં બદરિકાશ્રમની યાત્રાના અવસર પર નરહરિ સંન્યાસીને માટે કરવામાં આવી હતી એવી એક કિંવદન્તી છે.

એક સમયે નરહરિ સંન્યાસી બદરિકાશ્રમ ફરતા ફરતા આવ્યા ત્યાં તેમને શ્રી વલ્લભાચાર્યના દર્શન થયા ત્યારે નરહરિ સંન્યાસીએ શ્રી વલ્લભાચાર્યને વિનંતી કરી 'મહારાજ, મેં પહેલાં સંન્યાસ ગ્રહણ કર્યો હતો. પછી ભક્તિમાર્ગમાં આવ્યો. સંન્યાસના પ્રકારો તો હું જાણું છું, પણ ભક્તિમાર્ગમાં કયો સંન્યાસનો પ્રકાર છે તે મને કૃપા કરી કહો.' ત્યારે શ્રી વલ્લભાચાર્યે **'સંન્યાસનિર્ણય'** ગ્રંથની રચના કરી અને નરહરિ સંન્યાસીને સંભળાવ્યો જેના કારણે તેમના હૃદયમાં પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત સ્થિર થયો અને શ્રી ઠાકોરજીની લીલાનો અનુભવ થયો. 'સંન્યાસનિર્ણય' ગ્રંથની રચના શ્રી વલ્લભાચાર્યને તૃતીય ભગવદાજ્ઞાની પછી થયેલા પશ્ચાતાપને દૂર કરવા માટે જ થઈ હોવાનું મનાય છે.

શ્રી ગુસાંઈજીરચિત 'સર્વોત્તમસ્તોત્ર'માં પ્રસ્તુત **'વિરહાનુભવૈકાર્થ-સર્વત્યાગોપદેશકઃ'** અર્થાત્ વિરહનો અનુભવ કરાવવા માટે જ સર્વત્યાગનો ઉપદેશ કરનારા એવા શ્રી વલ્લભાચાર્યના નામની અહીં સાર્થકતા જણાય છે.

'સંન્યાસનિર્ણય' ગ્રંથમાં મધ્યમાધિકારીના ત્યાગના પ્રકારને પ્રતિપાદ્ય વિષય માનવામાં આવ્યો છે. છતાં ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ જ અહીં અપેક્ષિત છે કારણ કે સંન્યાસની બ્રાહ્મણદેહને માટે આવશ્યકતા શાસ્ત્રસંમત માનવામાં આવી છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં ફલાનુભૂતિ આ ભૂતલ પર જ મળે તેને ઉત્તમ માનવામાં આવેલી છે.

શ્રી વલ્લભાચાર્ય ભક્તિવર્ધિની ગ્રંથમાં સમજાવે છે કે ભગવત્કથાના

શ્રવણાદિથી જ્યારે સ્નેહ ઉત્પન્ન થાય છે ત્યારે સાંસારિક વિષયોમાંથી અનુરાગ દૂર થઈ જાય છે- ભગવદાસક્તિ સ્થિર થઈ જાય ત્યારે ભગવત્સેવામાં અનુપયોગી ઘરમાં ભક્તની અરુચિ થઈ જાય છે- ભગવત્સેવાર્થ ઉપયોગમાં ન આવવાવાળાં ઘર તથા ઘરની બધી વસ્તુઓ ભક્તની ભક્તિમાં બાધક લાગવા માંડે છે- ધીરે ધીરે આ રીતે જ્યારે કૃષ્ણભક્તિ વ્યસનદશા પર પહોંચી જાય છે ત્યારે જીવ કૃતાર્થ બની જાય છે. એવી વ્યસનદશા પર પહોંચવાવાળી વ્યક્તિને માટે પણ ભગવત્સેવાર્થ અનુપયોગી ઘરમાં સતત નિવાસ કરવો એ ક્યારેક ભક્તિમાં અડચણનો હેતુ બની શકે છે. ભક્તિનો વિનાશક બની શકે છે. તેથી ભક્તિની દૃઢતાને માટે કેવળ કૃષ્ણદર્શનની તીવ્ર લાલસાથી જેઓ ગૃહત્યાગ કરી શકે છે, તેમને સર્વોત્કૃષ્ટ પરા સુદૃઢ ભક્તિનો લાભ થાય છે.

શ્રી વલ્લભાચાર્યે 'સર્વનિર્ણય' નિબંધમાં સંન્યાસ, ત્યાગ, ભક્તિ આદિ અનેક વિષયોનું નિરૂપણ કર્યું છે જે બધા દૈવી જીવોને લક્ષ્યમાં રાખીને કરવામાં આવેલો ઉપદેશ છે. તેઓ સમજાવે છે કે પુષ્ટિમાર્ગીય સાધક જો અવ્યાવૃત્ત બનીને પોતાના ઘરમાં ભગવત્સેવાને નિભાવી શકતો હોય તો ગૃહત્યાગ યા સંન્યાસ અનાવશ્યક છે. ત્યાગમાં વાણી અને મનનો જ ભગવાનમાં વિનિયોગ થાય છે. સર્વે ઇન્દ્રિયોનો થતો નથી. ઘરમાં રહેનારનું તો બધા જ પ્રકારે ભજન સિદ્ધ થાય છે અને પરિજન એટલે કુટુંબીજન પણ કૃતાર્થ થાય છે. તેથી આ ભજનમાં પૂર્ણતા છે અન્યથા પોતાના ઘરમાં ભગવત્સેવા ન નભે ત્યારે અર્થાત્ કોઈ એક પુષ્ટિભક્ત વ્યાવૃત્ત થાય ત્યારે સર્વપ્રથમ તેને સ્વવર્ણાશ્રમોચિત ધર્મોનું પાલન કરતાં કરતાં ભગવત્કથામાં શ્રવણ- મનન- કીર્તન દ્વારા ભક્તિના બીજભાવને દૃઢ બનાવવો જોઈએ. બીજભાવ દૃઢ થઈ જાય ત્યારે પોતાના ઘરમાં ભગવત્સ્વરૂપનાં સેવા-દર્શન-સ્પર્શન આદિનું સંયોગસુખ ન મળવાના કારણે તથા પરિવારને લગતી ઝંઝટોમાં ભગવદ્વિપ્રયોગજન્ય દુઃખાનુભૂતિમાં પણ વિક્ષેપોને જોતાં ગૃહત્યાગ કરી દેવો ઉચિત છે.

વાસ્તવિક વૈરાગ્ય વ્યક્તિને કોઈક સીમા સુધી ઉપર ઉઠાવી શકે છે, પરંતુ વૈરાગ્યહીન ત્યાગ મનુષ્યને વધુ નીચે ધકેલી દે છે. માટે શ્રી વલ્લભાચાર્ય કહે છે કે કોઈ વસ્તુનો વ્યર્થ ત્યાગ કરવા કરતાં તેને ભગવાનને સમર્પિત કરી દેવી એ ઉચિત વાત છે.

શ્રી વલ્લભાચાર્ય સંન્યાસનો નિર્ણય વૈરાગ્યના સંદર્ભમાં આપવાનું પસંદ કરતા નથી. કર્મ, જ્ઞાન યા ભક્તિમાંથી કોઈ એકની સાથે જયારે વૈરાગ્ય પ્રકટ થાય ત્યારે સંન્યાસ યા ત્યાગનો વિચાર પ્રાસંગિક બને છે, તેમ તેઓ માને છે.

કર્મ, જ્ઞાન તથા ભક્તિના ત્રણ પ્રમુખ ભેદ તથા તદંતર્ગત બીજા પણ ઉપભેદોને નજરમાં રાખીએ તો પ્રસ્તુત 'સંન્યાસનિર્ણય' ગ્રંથમાં કુલ આઠ પ્રકારના સંન્યાસીઓની બાબતમાં આપણને નીચે પ્રમાણે નિર્ણય મળે છે.


સંન્યાસ
કર્મમાર્ગીય
ભક્તિમાર્ગીય
જ્ઞાનમાર્ગીય
કર્મફલ ત્યાગરૂપ (૧)
ચતુર્થ આશ્રમરૂપ (૨)
જ્ઞાનાર્થ (૭)
જ્ઞાનોત્તર (૮)
ભક્ત્યર્થ
ભક્ત્યુત્તર
ભક્તિસાધક શ્રવણાદિ નિર્વાહાર્થ (૩)
ભક્તિબાધક ગૃહાદિ ત્યાગાર્થ (૪)
વિહહાનુ ભવાર્થ (૫)
પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ સ્વભાવસિદ્ધ (૬)

(૧) કર્મફલ-ત્યાગરૂપ કર્મમાર્ગીય સંન્યાસ

જ્યાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી જે તે વર્ણ અને આશ્રમના ધર્મ જ સ્વધર્મ ગણાય એટલે નિત્ય નૈમિત્તિક કર્મ પણ સ્વધર્મ ગણાય અને ત્યારે ભગવદ્ધર્મ પણ વિધર્મ થઈ જાય છે. આવો ખુલાસો શ્રી વલ્લભાચાર્યે સુબોધિનીમાં કર્યો છે.

શ્રી વલ્લભાચાર્યના મતે નિયત કર્મનો ત્યાગ ઉચિત નથી હોતો. તેથી

બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય યા વાનપ્રસ્થમાંથી કોઈ પણ એક આશ્રમમાં નૈષ્ઠિક વ્રત ધારણ કરીને સ્વાશ્રમોચિત કર્તવ્યોનું જે લોકો નિષ્કામ અનુષ્ઠાન કરે છે તેને આત્મસુખરૂપ કર્મમાર્ગીય મોક્ષની પ્રાપ્તિ થાય છે. ગીતામાં પણ ભગવાને આ કારણથી જ આ કર્મોના ત્યાગને અનુચિત માન્યો છે.

કર્મસંન્યાસ અને કર્મયોગમાં કર્મયોગની ઉત્તમતા દર્શાવતાં કહ્યું છે કે જે મનુષ્ય ફલાસક્તિ છોડીને કર્મો બ્રહ્મને અર્પણ કરીને બધાં કર્મો કરે છે, એ જેમ કમળનું પત્ર પાણી વડે ભીંજાતું નથી તે રીતે તે પોતે પાપથી લિપ્ત થતો નથી. તેથી જ કર્મમાર્ગમાં કામ્યકર્મ અથવા કર્મફલાશાના ત્યાગને તો ઉચિત માન્યો જ છે પરંતુ નિયત કર્મોના ત્યાગને ઉચિત માનવામાં નથી આવ્યો.

પુષ્ટિમાર્ગીય જીવને માટે કર્મમાર્ગીય દૃષ્ટિકોણથી દેહાભિમાન હોય ત્યાં સુધી આશ્રમધર્મનો ત્યાગ ઉચિત નથી; તથા સાધનદશામાં પણ ગૃહત્યાગ ઉચિત કર્તવ્ય નથી.

(૨) ચતુર્થાશ્રમરૂપ કર્મમાર્ગીય ત્યાગ

જેમ નૈષ્ઠિક વ્રતની સાથે બ્રહ્મચર્ય, ગૃહસ્થયા, વાનપ્રસ્થ આશ્રમોનું વિધાન છે એવી જ રીતે ક્રમશઃ ચતુર્થાશ્રમમાં પ્રવેશ કરવાનું પણ વિધાન છે.

ભાગવતમાં પણ વાનપ્રસ્થની રીત સમજાવીને ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ ધર્મનું નિરૂપણ કરવામાં આવેલું છે. તેની અંતર્ગત ત્રિદંડ સંન્યાસની રીત પણ સમજાવવામાં આવેલી છે. આથી ચતુર્થાશ્રમરૂપ સંન્યાસગ્રહણ પણ એક નિયત કર્તવ્ય સમાન જ છે.

શ્રી ભાગવતમાં ભગવાન કહે છે કે જ્ઞાન અને કર્મને ભક્તિની જરૂર છે પણ ભક્તિને જ્ઞાન અને કર્મની જરૂર નથી તેથી જ જે યોગી મારી ભક્તિથી યુક્ત હોય અને મારા ચિંતનમાં મગ્ન રહે તેને જ્ઞાન અથવા વૈરાગ્યની પ્રાયઃ આવશ્યકતા હોતી નથી.

કર્મ, તપસ્યા, જ્ઞાન, વૈરાગ્ય, યોગાભ્યાસ, દાન, ધર્મ અને બીજા કલ્યાણ કરનારાં સાધનોથી જે કંઈ સ્વર્ગ, મોક્ષ, મારું પરમ ધામ અથવા કોઈ પણ વસ્તુ પ્રાપ્ત થાય છે, તે બધી મારો ભક્ત મારા ભક્તિયોગના પ્રભાવથી જ અનાયાસ પ્રાપ્ત કરી લે છે. તેથી આવા પુષ્ટિજીવોને માટે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ પણ અનાવશ્યક બની જાય છે.

(૩) ભક્તિસાધક શ્રવણાદિના નિર્વાહ દ્વારા ભક્તિની પ્રાપ્તિ માટે સંન્યાસ

શ્રી ભાગવતના કથન મુજબ સ્નેહાત્મિકા ભક્તિના સાધક શ્રવણ-કીર્તન-સ્મરણ-પાદસેવન-અર્ચન-વંદન-દાસ્ય-સખ્ય-આત્મનિવેદનરૂપ નવ અંગોનાં નિર્વિઘ્ન અનુષ્ઠાનને માટે સંન્યાસ લેવામાં પાંચ અડચણો છેઃ

(૧) સંન્યાસધર્મ મુજબ વ્યક્તિએ નિરપેક્ષ અને એકાકી વિચરણ કરવું જોઈએ. જ્યારે ભક્તિના નવવિધ અંગ શ્રવણ વગેરેના અનુષ્ઠાનને માટે કોઈક ભક્તિમાન સહયોગીની સત્સંગની અપેક્ષા રહે છે.

(૨) શ્રવણને માટે વક્તા, કીર્તન-સ્મરણને માટે ગ્રંથ-તુલસીમાલા-ગોમુખી, અને પાદસેવન-અર્ચન આદિને માટે ભગવદ્વિગ્રહ, અર્ચન સામગ્રી, પુષ્પ, નૈવેદ્યાદિ યા અર્ચનાપાત્ર આદિ અનેક સાધનોની રક્ષા કરવામાં ચિત્તના વ્યગ્ર હોવાની સંભાવના રહે છે. જ્યારે સંન્યાસી વસ્ત્ર ધારણ કરે તો માત્ર કૌપીન તેમ જ અશ્રમોચિત દંડ અને કમંડલ સિવાય બીજી કોઈ પણ વસ્તુ પોતાની પાસે રાખી ન શકે.

(૩) સંન્યાસના કારણે આશ્રમમાં અવસ્થિત હોવાનું અભિમાન જાગે છે. જ્યારે ભક્તિમાં તો 'દાસ' બનવાનું દૈન્ય અપેક્ષિત હોય છે.

(૪) ભક્તિનાં શ્રવણાદિ અંગોની પુનઃપુનઃ આવૃત્તિ વિહિત છે- જ્યારે સંન્યાસીને માટે નિરંતર એકાકી પરિભ્રમણ શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે.

(૫) ભક્તિનાં અંગભૂત શ્રવણાદિ નવવિધ ધર્મોનું અંતિમ પ્રયોજન ભગવત્સેવાર્થ યોગ્યતા સંપાદન કરવાનું છે, જ્યારે સંન્યાસ ધર્મ સાધકને સિદ્ધાંત માન્ય સેવાના સ્વરૂપ માટે અયોગ્ય બનાવી દે છે.

(૪) ભક્તિબાધક ગૃહાદિના ત્યાગ દ્વારા ભક્તિની પ્રાપ્તિને માટે સંન્યાસ

'ભક્તિવર્ધિની'માં ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે કૃષ્ણમાં વ્યસન થઈ જાય ત્યારે ગૃહસ્થીઓને ગૃહસ્થજીવન તેથી તેમનો પરિત્યાગ કરવો જ જોઈએ, પરંતુ ભક્તિનો બીજભાવ દૃઢ ન થયો હોય એવી સ્થિતિમાં વાત અહીં ત્રણ પ્રકારની વિપ્રતિપત્તિઓ દ્વારા સમજાવવામાં આવી છેઃ

(૧) ત્યાગ કર્યા પછી ભિક્ષાટનને માટે પુનઃ ગૃહસ્થોનાં દ્વાર પર જવું પડે છે. તેમના ઘરનું અન્ન ભગવાનને નિવેદિત કરેલું હોય એ જરૂરી નથી તેથી

એવા અન્નથી મતિ ભ્રષ્ટ થઈ શકે છે.

(૨) કલિયુગના પ્રભાવના કારણે બધું બહારથી છોડી દીધા પછી પણ સાહજિક રીતે સંભવ છે કે આંતરિક આસક્તિ યા વાસના ન પણ તૂટે અને વ્યક્તિ ત્યાગીને બદલે પાખંડી બની જાય.

(૩) આ રીતે ત્યાગનો પાખંડ કરવાવાળા વિષયાક્રાંત વ્યક્તિના દેહમાં ક્યારેય હરિના આવેશનો સંભવ જ નથી.

તેથી પુષ્ટિ જીવોએ આ પ્રકારની અદૃઢ બીજભાવવાળી ભક્તિની સાધનાવસ્થામાં આશ્રમરૂપ યા કોઈ પણ પ્રકારનો ત્યાગ યા સંન્યાસ ન લેવો જોઈએ.

(૫) ભગવદ્વિરહાનુભવાર્થ ભક્ત્યુત્તર સંન્યાસ

શ્રી વલ્લભાચાર્યે ભક્તિનો વ્યસનદશાપર્યન્ત વિકાસ દર્શાવ્યો છે જે સિદ્ધ થયા પછી સ્વગૃહમાં નિશ્ચયપૂર્વક ભગવત્સેવા ન નભતી હોય અને તીવ્ર વિપ્રયોગની અનુભૂતિમાં ઘરબારની ઝંઝટોના કારણે વિઘ્નરૂપ તો ગૃહત્યાગની છૂટ આપી છે. આ સંન્યાસ બીજભાવની દૃઢતા થયા પછી કરવામાં આવેલો હોવાથી ક્યારેય પણ ભક્તને પદભ્રષ્ટ નથી કરતો.

(૬) પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિના સ્વભાવથી જ પ્રયુક્ત ભક્તિ પછીનો સંન્યાસ

ભક્તિમાર્ગીય મધ્યમાધિકારરૂપ સંન્યાસ, જે ગોપિકાઓની લોક-વેદત્યાગપૂર્વક સર્વાત્મભાવવાળી ભક્તિની ભાવના કરતી વખતે કરવામાં આવે છે, તે ગોપિકાઓનો પરિત્યાગ ન તો આશ્રમરૂપ છે ન તો વૈધ છે. ચતુર્થાશ્રમ સંન્યાસ ફક્ત બ્રાહ્મણ પુરુષોને માટે જ કહેલો છે. ગોપિકાઓનો ત્યાગ કોઈ શાસ્ત્રવિધિથી પ્રેરિત નહોતો, પરંતુ તેમના ચિત્તની ભગવાનમાં ઊંડી લગનીથી પ્રેરાયેલો હતો. તેમની ભગવાનમાં આસક્તિનું તે સહજ અંગ હતું. વસ્તુતઃ ગોપિકાઓનો કેવલ પ્રેમભાવથી વિવશ બનીને કરવામાં આવેલો ત્યાગ હતો. ત્યાગનો આ પ્રકાર બહુ દુર્લભ છે.

(૭) જ્ઞાનાર્થ સંન્યાસ

પુષ્ટિમાર્ગીય જીવને માટે જ્ઞાનાર્થ સંન્યાસ બહુ જ લાભકારી નથી હોતો; જ્ઞાનાર્થ સંન્યાસ લેતાં પહેલાં પૂર્વાશ્રમનાં વેદાધ્યયન, દાન, યજ્ઞ આદિ કર્તવ્યો

દ્વારા ચિત્તને શુદ્ધ કરવાની આવશ્યકતા હોય છે. ત્રણ પ્રકારનાં ઋણો - દેવઋણ, પિતૃઋણ, આચાર્યઋણ- એ અદા કર્યા પછી મનને મોક્ષમાં જોડવું. પરંતુ મોક્ષને લાયક બન્યા વગર સંન્યાસનું સેવન કરે તો તેનું અધઃપતન થાય છે. માટે જ શ્રી વલ્લભાચાર્ય પુષ્ટિજીવોને કહે છે કે પ્રપંચની વિસ્મૃતિ અને ભગવદ્ આસક્તિ વગર જો સંન્યાસ લેવામાં આવે તો બ્રહ્માનંદ પ્રાપ્ત ન થાય અને પુષ્ટિજીવોને તો બ્રહ્માનંદની આગળનો ભજનાનંદ લેવાનો છે.

(૮) જ્ઞાનોત્તર સંન્યાસ

જ્ઞાનોત્તર સંન્યાસ વૈરાગ્ય પ્રકટ થયા પછી સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે. એ કારણથી આને માટે આજ્ઞા નહીં પરંતુ અનુજ્ઞા ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ આદિમાં જોવા મળે જ છે.

પરંતુ પુષ્ટિમાર્ગીય જીવોને માટે આ પ્રકારના જ્ઞાનોત્તર સંન્યાસના, તેના ફલની તથા જ્ઞાનની પણ ખાસ મહત્તા નથી.

ભક્તિમાર્ગમાં પણ દોષસંભાવના તથા તેનું નિરાકરણ

જે પ્રકારના દોષ કર્મમાર્ગમાં તથા જ્ઞાનમાર્ગમાં દર્શાવવામાં આવ્યા, જેમ કે પાખંડ યા વિષયાસક્તિ આદિ, તે પ્રકારના દોષો ભક્તિમાર્ગમાં પણ ત્રણ પ્રકારે સંભવિત છે (૧) કાલના પ્રભાવથી, (૨) જીવાત્માના સ્વભાવથી, (૩) પરમાત્માની ઈચ્છાથી.

(૧) કલિયુગમાં કરેલા બધા દોષો-દ્રવ્ય, દેશ, કાલ વગેરે પ્રકારના જે મનુષ્યોથી થવાનો સંભવ છે તે બધાને ચિત્તમાં રહેલા ભગવાન પુરુષોત્તમ દૂર કરે છે.

સ્વયં ભગવાન પણ ગીતામાં કહે છે કે ઘણો દુરાચારી હોય તે મનુષ્ય પણ અનન્ય ભાવથી મને ભજે તો તે ધર્માત્મા બને છે.

(૨) જીવાત્માના સ્વભાવથી દોષોત્પત્તિની સંભાવના હોવા છતાં ભક્તિની વ્યસનદશા એક વખત વિકસિત થઈ જાય ત્યારે જો ગૃહત્યાગ કરવામાં આવે તો તે સમયે ભટકી પડવાનો ભય પણ રહેતો નથી.

(૩) ગોપિકાઓને જ્ઞાનોપદેશ દ્વારા સ્વયં ભગવાને વિરહપીડાથી ઉગારવાનું વિચારી ઉદ્ધવજીને તેમણે વ્રજમાં મોકલ્યા હતા. ભગવાનને ખબર હતી કે ઉદ્ધવના જ્ઞાનોપદેશથી વ્રજભક્તોના ભાવનું ખંડન થવાને બદલે સ્વયં ઉદ્ધવજીના

જ્ઞાનના અભિમાનનું ખંડન થઈ જશે.

ભાગવતજીમાં ભગવાન કહે છે કે હું ભક્તને આધીન છું. એની પાસે હું સ્વતંત્ર નથી. હું ભક્તને જોઈને પ્રસન્ન થાઉં છું. સત્પુરુષ એવા મારા ભક્ત વિના હું મારા આત્માને પણ ઇચ્છતો નથી.

ઉપસંહાર:

આ રીતે શ્રીકૃષ્ણની કૃપાથી શ્રી વલ્લભાચાર્ય દ્વારા કરવામાં આવેલો સંન્યાસનિર્ણય ભક્તિના દૃઢ થયા પછી જ લઈ શકાય છે - અન્યથા જ્ઞાનમાર્ગીય યા કર્મમાર્ગીય રીતથી પુષ્ટિમાર્ગમાં સંન્યાસ લેવો એ કાર્ય, પુષ્ટિનાં પગથિયાં ચડતી વખતે અધ:પતિત થવાનું કારણ બનશે એવું તેમનું મંતવ્ય છે.

૧૫. નિરોધલક્ષણમ્

વાર્તાસાહિત્યમાં પ્રસંગ આવે છે - રાજા દુબે અને માધો દુબેનાં માતા-પિતા માંદાં પડ્યાં ત્યારે તેમણે બન્ને દીકરાઓને શ્રી રણછોડજી દર્શન કરાવવા આજ્ઞા કરી. તેમણે એક પાલખીમાં માતા-પિતાને બેસાડી શ્રી રણછોડરાયજીનાં દર્શન કરાવ્યાં. તે સમયે શ્રી વલ્લભાચાર્ય દ્વારકામાં બિરાજતા હતા. તેઓશ્રી બહુ સારી કથા કહે છે એવી જાણ થતાં બન્ને ભાઈ ત્યાં ગયા. તે વખતે શ્રી વલ્લભાચાર્ય નંદમહોત્સવનું વર્ણન કરી રહ્યા હતા તે સાંભળી તે બન્ને ભાઈઓએ નંદાલયની લીલાનો પ્રગટ અનુભવ કર્યો.

બીજા દિવસે બન્ને ભાઈએ શ્રી વલ્લભાચાર્ય પાસે જઈ પોતાને શરણે લેવા વિનંતી કરતાં તેમણે બ્રહ્મસંબંધ કરાવ્યું અને ભગવદ્ સેવા કરવાનો ઉપદેશ આપ્યો અને કહ્યું બધાં સ્થળોએથી મનને મુક્ત કરીને મનનો નિરોધ કરી ભગવત્સેવા કરજો. દુબેએ આપશ્રીને વિનંતી કરી કે 'મહારાજ! નિરોધનું સ્વરૂપ શું છે?'

'નિરોધ' એટલે શું તે જાણવાની ઉત્કંઠા જોઈ શ્રી વલ્લભાચાર્યે નિરોધલક્ષણ ગ્રંથ રચી બન્ને ભાઈઓને તેનો પાઠ કરાવી કહ્યું, 'તમને બન્ને ભાઈઓને નિરોધ સિદ્ધ થશે.'

ભગવાનનું ભક્તોમાં અને ભક્તોનું ભગવાનમાં તલ્લીન થઈ જવું એ કથાનું શ્રી ભાગવાતના દશમસ્કંધમાં 'નિરોધલીલા'ના રૂપમાં વર્ણન થયું છે. ભગવાનની આ નિરોધલીલાના ફલસ્વરૂપ 'તે ભક્તોની એવી સ્થિતિ થઈ ગઈ કે તેઓ

સૂતાં-જાગતાં, ચાલતાં, વાર્તાલાપ કરતાં, ક્રીડા કરતાં, સ્નાન કરતાં અને ભોજન કરતાં કરતાં પણ પોતાની બધી સૂધ-બૂધ ખોઈને કેવળ શ્રીકૃષ્ણમાં જ તલ્લીન રહેવા લાગ્યા. યોગશાસ્ત્રમાં બતાવેલ કેવળ ચિત્તવૃત્તિના નિરોધને ભક્તિમાર્ગમાં અપર્યાપ્ત માનવામાં આવ્યો છે. પુષ્ટિભક્તિરૂપ નિરોધ શ્રીકૃષ્ણના સંયોગ અને વિયોગની ઊંડાઈથી અનુભૂતિ કરવા માટે છે. કેવળ ચિત્તવૃત્તિ જ નહીં, પણ દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત, આત્મા તથા અન્ય પણ આત્મીય વસ્તુ અને પરિજનોનો શ્રીકૃષ્ણના ભજનમાં કે સેવામાં વિનિયોગ કરવો અથવા તેમ કરવા તેમને તત્પર બનાવવા એ જ પુષ્ટિમાર્ગીય નિરોધ છે.

આ ભક્તિયોગમાં નિરોધની વ્યાખ્યા તેનાં (૧) કારણલક્ષણ, (૨) સ્વરૂપલક્ષણ, (૩) કાર્યલક્ષણ તથા (૪) પ્રયોજનલક્ષણના આધારે ચાર રીતે આપવામાં આવ્યા છે.

(૧) કારણલક્ષણ

શ્રી ભાગવતજીમાં કહેવાયું છે કે 'નિરોધ' એટલે પરબ્રહ્મનું પોતાની બધી શક્તિઓ સાથે અને વડે સ્થિત થવું, આમ નિરોધના કારણલક્ષણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વલ્લભાચાર્યે ભાગવતાર્થ નિબંધ વિવેચન સમજાવ્યું કે પોતાની કલ્પી કે ચિંતવી ન શકાય એવી શક્તિઓની સાથે શ્રીકૃષ્ણનું આ ભૂતલ પર ક્રીડા માટે પ્રગટ થવું તેને નિરોધ કહેવામાં આવે છે. 'નિરોધ'ના આ પ્રકારના અર્થમાં કે 'નિરોધ' શબ્દનો રૂઢાર્થ નહીં, પરંતુ યૌગિકાર્થ કહેવાયો છે. ભક્તોનો તેમને વિમુક્ત કરવા માટે ભગવાન દ્વારા જે 'રોધ' (અટકાવ) કરવામાં આવે છે, તેને 'નિરોધ' કહે છે, કારણ કે જેમનો શ્રીકૃષ્ણ દ્વારા નિરોધ થાય છે તેઓ સંસારથી મુક્ત થઈ જાય છે.

ભક્તો પ્રબળ આકર્ષણને લીધે પ્રપંચને ભૂલીને શ્રીકૃષ્ણમાં અનન્યતાપૂર્વક આસક્ત થઈ ગયા હતા તે ભાગવતજીના દશમ સ્કંધની લીલાઓમાં બતાવવામાં આવ્યું છે. વાત્સલ્યભાવવાળાં નંદ-યશોદાની આ ગતિ થઈ. સખ્યભાવવાળાં ગોપબાળકોની પણ આ જ ગતિ થઈ. માધુર્યભાવવાળાં ગોપીઓની પણ આ જ ગતિ થઈ. વ્રજનાં તો પશુ, પક્ષી, વૃક્ષ, પર્વત, નદી વગેરે સૌની આવી જ ગતિ થઈ એવું વર્ણન તેમાં કરવામાં આવ્યું છે. મથુરાલીલા કે દ્વારકાલીલા સાથે સંકળાયેલા ભક્તોની પણ પ્રપંચની વિસ્મૃતિ અને શ્રીકૃષ્ણમાં આસક્તિ

તેમાં વર્ણવવામાં આવી છે.

આ જગતમાં ભગવાને કરેલી લીલાને કારણે ભક્ત પ્રપંચને ભૂલીને ભગવાનમાં અનન્યતાથી આસક્ત થઈ જાય તો સમજવું કે ભગવાનની તે લીલા ભક્તના મનનો ભગવાનમાં નિરુદ્ધ થવાનું કારણ જ છે.

અવતારકાળમાં પોતાના સ્વરૂપના આકર્ષણથી ભગવાન ભક્તોને પોતાનામાં નિરુદ્ધ કરે છે, જ્યારે અનવતાર કાળમાં સ્વયં ભગવાન પ્રગટ ન હોવાથી ભગવદ્ગુણોનું એવું માહાત્મ્ય છે કે ગુણ ગાનાર ભક્તનો ભગવાનમાં નિરોધ થઈ જ જાય છે. એટલે કે ભગવાનના ગુણોનું સંકીર્તન કરવાથી પણ પ્રપંચની વિસ્મૃતિ અને ભગવદાસક્તિ સુલભ થઈ જાય છે. આમ ભગવલ્લીલાથી પ્રત્યક્ષ સંબંધની માફક પરોક્ષમાં તેમનાં શ્રવણ-સ્મરણ-કીર્તન પણ પ્રપંચ-વિસ્મૃતિ અને ભગવદાસક્તિરૂપ નિરોધનું કારણ બને છે.

(૨) સ્વરૂપલક્ષણ

પ્રપંચને સર્વથા ભૂલીને ભગવાનમાં જ અનન્યતાપૂર્વક આસક્ત થઈ જવું તે નિરોધનું સ્વરૂપલક્ષણ છે. પ્રપંચની વિસ્મૃતિ થાય અને કૃષ્ણાસક્તિ થાય છે તેનું નિરોધ તરીકે વર્ણન થયું છે. નિરોધલક્ષણ ગ્રંથમાં ભક્તિ કરવાવાળા જીવો માટે અનન્યતાપૂર્વક ભગવાનમાં નિરુદ્ધ કેમ થવું તેના ઉપાય સમજાવ્યા છે.

શ્રી વલ્લભાચાર્ય સમજાવે છે કે જે ભક્ત પોતાના ગૃહસ્થાશ્રમની સાથે રાજા દુબે અને માધો દુબેની જેમ ઘરમાં રહીને ભગવાનની સેવા અને કથા બન્ને નિભાવે છે તેને માટે ગૃહત્યાગ નિરર્થક છે.

જે જીવથી સ્વગૃહમાં સેવા ન થઈ શકતી હોય તેણે પરગૃહમાં તે ગૃહસ્થ ભગવદીયના સહાયક બનીને તે જે ભગવત્સેવા કરતો હોય તેમાં સહયોગ આપવો અથવા તેની પરિચર્યા કરવી; અને જ્યારે તે ભગવત્કથા કરતો હોય ત્યારે શ્રોતા તરીકે તેમાં જોડાવું. નિરોધની સિદ્ધિને માટે આ પણ એક ગૌણકલ્પનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તે ગૃહત્યાગના વિકલ્પરૂપે સ્વીકારાયો છે.

(૩) કાર્યલક્ષણ

જે ભક્ત પ્રપંચની વિસ્મૃતિ સાથે ભગવાનમાં આસક્તિ જોડી શકે છે તેને ભગવાનના સંયોગ તથા વિયોગની અનુભૂતિ તીવ્ર બની જાય છે. જેમ વ્રજભક્તોના વર્ણનમાં જણાય છે કે ગોપીઓને તો ગોવિંદનાં દર્શનમાં જ

પરમાનંદ હતો. જ્યાં સુધી તેમને દર્શન ન થાય ત્યાં સુધી તેમને એક ક્ષણ પણ સો યુગો જેવી થઈ જતી હતી. નિરોધનું સ્વરૂપ ઉત્પન્ન થતાં જ નિરોધનો પ્રભાવ અથવા વ્યસનદશા દેખાવા લાગે છે. ભગવત્સંયોગમાં પરમાનંદની અનુભૂતિ અને એક ક્ષણ પણ ભગવદ્‌વિયોગ સહન ન કરી શકાય તેને નિરોધનું કાર્ય ગણવામાં આવે છે.

ભગવાનના અનાવતાર કાળમાં ભગવત્સેવાનો અવસર ભગવાનના સંયોગની અનુભૂતિ છે તથા અનવસર વિયોગાનુભૂતિ છે.

(૪) પ્રયોજનલક્ષણ

શ્રી ભાગવતમાં તથા શ્રી વલ્લભાચાર્ય રચિત ભાગવતાર્થ નિબંધમાં કહ્યું છે કે પરમાત્માનું પોતાની સર્વ શક્તિઓ વડે અહીં પ્રગટ થવું તે નિરોધ છે. અન્યથા ભાવનો ત્યાગ કરી પોતાના વાસ્તવિક સ્વરૂપમાં સ્થિત થવું તે મુક્તિ છે. આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જે તત્ત્વમાં પ્રકાશિત થાય છે તે પરબ્રહ્મ જ આશ્રય છે. કૃષ્ણમાં નિરોધ કરવાથી ભક્તો મુક્ત થઈ જાય છે તેવા ભક્તોનો આશ્રય હરિ જ છે એવું મુક્તોનું વર્ણન ત્યાં આવે છે.

આ ભૂતલ પર ભક્તોની વચ્ચે ભગવત્ક્રીડા સાધનનિરોધ છે અને એવી લીલાને કારણે જ્યારે ભક્ત જગતને ભૂલીને જગદીશમાં અનન્યતાપૂર્વક આસક્ત થઈ જાય છે તો તે ફલનિરોધ છે. અવતાર કાળમાં ભૂતલ પર પ્રગટ થવાવાળા ભગવદ્રૂપની લીલા, જેનું પ્રયોજન જીવાત્માને સર્વાત્મભાવનું દાન કરવાનું છે તે 'નિરોધ' કહેવાય છે, તેમ જ સાયુજ્યમુક્તિ અથવા આશ્રયભાવાપત્તિ પ્રદાન કરવા માટે જે વિયોગાનુભવ ભગવાન કરાવે છે અને આ પ્રકારના તીવ્ર વિયોગમાં, ભક્તનું નિરંતર ભગવાનના ગુણગાનમાં તલ્લીન થઈ જવું એ પણ નિરોધ છે.

અનવતાર કાળમાં આ લીલાનું સ્થાન સેવા લઈ લે છે અને ગુણગાનનું સ્થાન ભગવત્કથાનું શ્રવણ-સ્મરણ-કીર્તન લઈ લે છે.

ભાગવતના દશમસ્કંધમાં ભગવાનની લીલાનું વર્ણન ચાર પ્રકારે કરવામાં આવ્યું છે.

(૧) પ્રમાણ-નિરોધ : ભગવાનની પ્રમાણરૂપા નિરોધલીલાઓના કારણે ભક્ત પોતાના સ્વભાવને અનુરૂપ ભગવાને ધારણ કરેલા રૂપને જાણી જાય

છે. તેવી લીલાને 'પ્રમાણનિરોધ' કહેવામાં આવે છે.

(૨) પ્રમેય-નિરોધ : ભગવાનની પ્રમેયરૂપા નિરોધલીલાને કારણે ભક્ત-સ્વભાવ અનુરૂપ ધારણ કરેલું ભગવાનનું રૂપ-પ્રમેય ભક્તના હૃદયમાં બધી રીતે આરૂઢ થઈ જાય છે. તેથી એવી લીલાને 'પ્રમેયનિરોધ' કહેવામાં આવે છે.

(૩) સાધન-નિરોધ : ભગવાનની સાધનરૂપા નિરોધલીલાઓને કારણે ભક્તસ્વભાવ અનુરૂપ ધારણ કરેલા ભગવાનના રૂપની પ્રાપ્તિનાં સાધનોમાં ભક્ત તત્પર બની જાય છે. તેથી એવી લીલાને 'સાધનનિરોધ' કહેવામાં આવે છે.

(૪) ફલ-નિરોધ : ભગવાનની ફલરૂપ નિરોધલીલાઓને કારણે ભક્ત-સ્વભાવ અનુરૂપ ધારણ કરેલી ભગવદ્રુપની લીલામાં ભક્ત સંમિલિત થઈ જાય છે. તેથી એવી લીલાને 'ફલનિરોધ' કહેવામાં આવે છે.

નિરોધકાર્ય સંયોગસુખ-વિયોગદુઃખની ભાવના

જે ભક્તોથી સેવા અને કથા બન્ને કરી શકાય છે તેમણે પોતાના ભાવને અનુરૂપ સેવા કરતી વખતે ગોકુલની ભાવના અને કથાના સમયે વૃંદાવનની ભાવના કરવી જોઈએ.

ગોચારણને માટે પ્રતિદિન ભગવાન વૃંદાવન પધારે છે ત્યારે ગોકુલમાં વાત્સલ્યભાવવાળાં નંદ-યશોદા વગેરે ભક્તોને તથા શૃંગારભાવવાળી ગોપીઓને જેવી વિપ્રયોગી દુઃખની અનુભૂતિ થાય છે તેવી દુઃખાનુભૂતિ વિરહવેદના અમને ક્યારે થશે? તથા સાયંકાળે ગોચારણ કરીને ભગવાન ગોકુલ પાછા પધારે છે ત્યારે ગોકુલમાં ગોપીઓને તથા બીજા બધા વ્રજવાસીઓને પણ અનેક રીતે ભગવત્સેવા દ્વારા જેવું સંયોગસુખ મળે છે. તેવું સુખ સેવાના સમયે ભગવાન મને ક્યારે પ્રદાન કરશે? આ પ્રમાણે સંયોગ-વિયોગ-રૂપ અવસ્થામાં નિરોધનાં કાર્ય સુખ-દુઃખની ભાવના કરવી જોઈએ.

જે ભક્તોથી સેવા-કથા એકસાથે નથી નભી શકતી એવા મધ્યમ અધિકારીઓએ પહેલાં તીવ્ર વિપ્રયોગ-વેદનાની ભાવના કરવી જોઈએ અને પછી કથાશ્રવણ કાળમાં અંતર્નિષ્ઠાની સાથે આંતરસંયોગસુખની ભાવના કરવી જોઈએ.

નિરોધનાં કારણભૂત ગુણગાનની આવશ્યકતા

જેમ ઘી ચોપડેલી ગરમ રોટલી અને લૂખી સૂકી વાસી રોટલીના સ્વાદમાં બહુ ફરક પડે છે તેમ જ સ્નેહભાવની ઉષ્માવાળા ભગવદીયના મુખેથી ભગવત્કીર્તનનું શ્રવણ જેટલું સુખદ હોય છે તેટલું લૌકિક પ્રયોજનની પૂર્તિને ભગવત્કથા કરવામાં પ્રવૃત્ત થનારી વ્યક્તિના મુખથી ભગવત્કથા સાંભળવી સુખદ નથી બનતી.

સદાનંદ શ્રીકૃષ્ણ દ્વારા નિરુદ્ધ અર્થાત્ પુષ્ટિમાર્ગમાં અંગીકૃત જીવોએ બધી લૌકિક આસક્તિઓ છોડીને કેવળ ભગવાનના ગુણગાનમાં તેમણે તત્પર થઈ જવું જોઈએ. ગુણગાનને કારણે અંતે સર્વત્ર બ્રહ્મરૂપતાની અનુભૂતિ ભક્તને પોતાના દેહ-ઈન્દ્રિય-અંતઃકરણ તથા આત્માથી પણ થવા લાગશે. પ્રપંચની જરાયે અનુભૂતિ જીવને ન રહે તો પછી તેની સ્મૃતિ ક્યાંથી થશે? પરિણામે પ્રપંચની વિસ્મૃતિ અને ભગવદાસક્તિ-રૂપ નિરોધ સિદ્ધ થઈ જાય છે.

ભગવાનના માર્ગમાં આચાર્યની મહત્તા અસાધારણ છે. તેથી સ્વયં ભગવાને પણ આજ્ઞા કરી છે કે આચાર્યને સાક્ષાત્ ભગવદ્રૂપ જ સમજવા જોઈએ- આચાર્યના માધ્યમથી જ ભગવાન પોતાની અભિવ્યક્તિ કરે છે.

ઉપર વાર્તામાં આપણે જોયું છે કે રાજા અને માધો દુબેને આપશ્રીએ આજ્ઞા કરી હતી કે ‘હવે તમે તમારે ઘરે જઈને સેવા કરજો. દૈવી જીવ આવે તેને નામ સંભળાવજો. તેથી જે તમારો સંગ કરશે તેને નિરોધ સિદ્ધ થશે!’

નિરોધનું સ્વરૂપ

મુક્તિ અર્થાત્ સાયુજ્ય અને વૈકુંઠાદિલોકમાં સેવાપયોગી દેહની તુલનામાં નિરોધની મહત્તા એ છે કે જીવને આ ભૂતલ પર જ ભગવદનુભૂતિ થાય છે. આ અનુભૂતિ જીવન્મુક્તિના જેવી જ છે. સાયુજ્યમુક્તિમાં જીવાત્મા પરમાત્મામાં લીન થઈ જાય છે. વૈકુંઠાદિ લોકોમાં નૂતન સચ્ચિદાનંદાત્મક દિવ્ય દેહ, જો સેવા-ઉપયોગી મળતો હોય તો એવા દિવ્ય દેહેન્દ્રિયોથી ભગવદાસક્તિ થવાનો સંભવ છે, પરંતુ ભક્તને તો આ ભૂતલ પર આ દેહેન્દ્રિયોથી પોતાના પ્રિયતમ પરમાત્માની તાત્કાલિક અનુભૂતિ થઈ શકે છે.

કેવલગુણકૃત નિરોધ

આ કેવલગુણકૃત નિરોધ દ્વારા જો ભગવાન સુખદાન ન કરતા હોત તો

એમને દયાળુને બદલે ક્રૂર જ માનવા પડે, કેમ કે પ્રપંચ વિસ્મરણને કારણે લૌકિક સુખો છૂટી જવાથી, ભગવાન જો ભક્તને ભગવત્સ્મરણની પ્રક્રિયામાં સુખદાન ન કરતા હોય તો ભક્તિ દુઃખનિવર્તક જ માનવામાં આવે, સુખપ્રદ નહીં પરંતુ ગુણકૃત નિરોધમાં પણ એટલું સામર્થ્ય છે કે ભક્ત સાંસારિક કલેશ અને ભગવદ્ વિરહજન્ય કલેશ, બન્નેથી પાર થઈ શકે છે.

હરિકથાનાં શ્રવન-કીર્તનમાં બે સાવધાનીઓ રાખવાની આવશ્યકતા છે. એક તો હરિકથાને સ્પર્ધા-ઈર્ષા-દ્વેષની આપણી તુચ્છ મનોવૃત્તિઓને સંતુષ્ટ કરવાનું માધ્યમ ન બનાવવું અને બીજી સાવધાની એ કે હરિકથાને ઉદરપૂર્તિ, યશ, કીર્તિ કે ફંડફાળો ભેગો કરવાના લોભથી ન કરવામાં આવે. અન્યથા ભક્તિમાર્ગીય ઉત્કૃષ્ટ નિરોધ સિદ્ધ કરવામાં તે હરિકથા નિષ્ફળ જશે.

ગુણ-સ્વરૂપ-ઉભયકૃત-નિરોધ

અવતારકાળમાં તો પ્રભુના સ્વરૂપનું પ્રાકટ્ય સ્વેચ્છાથી થાય છે. અનાવતાર કાળમાં સ્વરૂપ પ્રગટ ન થતું હોવાને કારણે સ્વરૂપકૃત નિરોધની સંભાવનાના કહેવાયું છે કે ભગવદાનિવર્ભાવ માટે જ્ઞાન કે ભક્તિની આવશ્યકતા છે.

ગીતામાં કહ્યું છે તેમ 'જે લોકો મને જેવી રીતે ભજે છે તેઓને હું પણ તેવી રીતે ભજું છું. અર્થાત્ સિદ્ધ થાઉં છું.' તે વચનો અનુસાર ભગવાનની મૂર્તિની સાક્ષાત્ વ્રજાધિપ તરીકે સાચા હૃદયથી ભાવના કરવાથી તેમાં વ્રજાધિપનું રૂપ પ્રગટ થાય છે. ભગવાનના આ કૃપામય સંકલ્પ અને ભક્તના ભાવનામય સંકલ્પના બળથી પ્રકટ હરિમૂર્તિનું ધ્યાન હૃદયમાં, ભક્તે સદા નિરંતર ધરવું જોઈએ. જેથી ભગવાનના આ સ્વરૂપમાં અંતઃકરણનો નિરોધ થઈ જાય છે.

આપણી બધી ઈન્દ્રિયનો પ્રત્યક્ષરૂપે ભગવત્સ્વરૂપમાં વિનિયોગ એટલે કે ભગવત્કાર્ય માટે ઉપયોગ કરવાથી અનવતારકાળમાં તથા ગુણ-સ્વરૂપ-ઉભયકૃત નિરોધ શક્ય બની જાય છે અને ભક્તને ભગવત્સેવા તથા ભગવત્કથા દ્વારા પ્રપંચવિસ્મૃતિ અને ભગવદાસસક્તિ સિદ્ધ થઈ જાય છે.

૧૬. સેવાફલમ્ વિવરણમ્

સેવાફલ અને તેના વિવરણની રચના શ્રી મહાપ્રભુજીએ આગ્રામાં વિષ્ણુદાસ છીપાને માટે વિ.સં. ૧૫૮૨માં કરી હતી એમ માનવામાં આવે છે. વિષ્ણુદાસ

આગ્રા પાસેના ગામમાં એક છીપાના ઘરમાં જન્મ્યા હતાં. પિતાનો વસ્ત્રો છાપવાનો ધંધો હોઈ તેઓ આગ્રા વસ્ત્રો વેચવા જતા. એક સમયે શ્રી વલ્લભાચાર્ય આગ્રા પધાર્યા ત્યારે તેમણે વિષ્ણુદાસ પાસે સારી છીંટનું કાપડ જોઈ પોતાના સેવક કૃષ્ણદાસને તે ખરીદવા કહ્યું. ચાર ગણા દામ કહેવા છતાં કૃષ્ણદાસે કોઈ ભાવતાલ કર્યા વગર વિષ્ણુદાસ પાસેથી બધા તાકા ખરીદી લીધા. વિષ્ણુદાસને પોતાને વધુ દામ લેવાનો પસ્તાવો થતાં વિચાર આવ્યો કે આ કોઈ મહાત્મા છે અને તેમનો પૈસો મારા ઘરમાં આવશે તો મારું આખું ઘર વૈરાગી બની જશે. તેમણે કૃષ્ણદાસ પાસે જઈ તાકા પાછા લઈ પૈસા પરત કરવા આગ્રહ કર્યો. તાકા ન આપવા હોય તો પણ પૈસા પાછા લેવા વિનંતી કરી. કૃષ્ણદાસે કહ્યું, અમારા આચાર્ય કોઈના પૈસા લેતા નથી અને વસ્ત્ર તો પાછા મળશે જ નહીં. વિષ્ણુદાસે આચાર્યશ્રીને મળવાની ઈચ્છા પ્રગટ કરતાં કૃષ્ણદાસ તેમને શ્રી વલ્લભાચાર્ય પાસે લઈ ગયા.

ઉપનિષદમાં કહ્યું છે કે **'પરમાત્મા જેને ખોળે છે તે જ પરમાત્માને ખોળી શકે છે! પરમાત્મા જેને મળવા ઈચ્છે છે તે જ પરમાત્માને મળી શકે છે.'** ત્રણ પરિક્રમાઓ કરતાં શ્રી વલ્લભાચાર્ય વિષ્ણુદાસને શોધી રહ્યા હતા. માટે જ વિષ્ણુદાસે 'શ્રીઆચાર્યજી'ને મળવાની જિજ્ઞાસા દાખવી.

વાર્તામાં કહેવાયું છે કે 'શ્રી વલ્લભાચાર્યે વિષ્ણુદાસને યમુનાજીમાં સ્નાન કરાવી નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. વિષ્ણુદાસની વિનંતીથી શ્રી વલ્લભાચાર્યે 'સેવાફલ' ગ્રંથ લખી વિષ્ણુદાસને સંભળાવ્યો. તેમની જિજ્ઞાસા જાણી આ ગ્રંથને વિસ્તારથી સમજાવવા તેમણે 'સેવાફલ'ની ટીકા કરીને વિષ્ણુદાસને સમજાવી. આથી વિષ્ણુદાસને માર્ગના બધા સિદ્ધાંતો હૃદયારૂઢ થયા. તેઓ હવે થોડાં કપડાં છાપે અને આગ્રા જઈ તે વેચી આવે અને તેનાથી પોતાનો નિર્વાહ કરે. બાકીના સમયે રાતદિવસ માનસીસેવામાં મગ્ન રહે.

આ ગ્રંથમાં સેવાફલના રૂપમાં વર્ણિત 'અલૌકિક સામર્થ્ય', 'સાયુજ્ય' તથા 'વૈકુંઠાદિષુ સેવોપયોગિદેહ'ની વ્યાખ્યાઓ આપવામાં આવી છે. જેમ કેઃ

(૧) આ ત્રણે ફલ પુષ્ટિસૃષ્ટિના ત્રણ અવાન્તર વર્ગ પુષ્ટિપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ, તથા પ્રવાહપુષ્ટિની ત્રણ પ્રકારની કક્ષાના જીવોનું ફલ છે.

(૨) તનુનવત્વરૂપ અલૌકિક સામર્થ્ય ભગવદ્‌વિરહની ફલાત્મિકા અનુભૂતિ

છે. સાયુજ્ય ભગવત્સંયોગની ફલાત્મિકા અનુભૂતિ છે. નવતનુત્વસ્વરૂપ સેવોપયોગી દેહ ઉભય સાધારણ અધિકારકોટીનું ફલ છે.

(૩) અલૌકિક સામર્થ્ય પુષ્ટિભક્તિનું ફલ છે. તથા સાયુજ્ય અને સેવોપયોગી દેહ મર્યાદાભક્તિનું ફલ છે.

(૪) અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને સેવોપયોગિદેહ ક્રમશઃ ઉત્તમ, મધ્યમ તથા સાધારણ કોટીનાં ફલ છે.

(૫) સંયોગાનુભૂતિરૂપ સાયુજ્ય પરમ ફલ છે. વિયોગાનુભૂતિરૂપ અલૌકિક સામર્થ્ય તથા સેવોપયોગી દેહ અધિકારસિદ્ધરૂપ અવાન્તર ફલ છે.

(૬) અલૌકિક સામર્થ્ય અને સાયુજ્ય પુષ્ટિભક્તિનાં ફલ છે તથા સેવોપયોગી દેહ મર્યાદાભક્તિનું ફલ છે.

(૭) અલૌકિક સામર્થ્ય અતિ-અંતરંગ સેવાનું ફલ છે. અંતરંગ સેવાનાં દ્વિવિધ સાયુજ્યરૂપ ફલ હોય છેઃ કેવળ આત્માથી અનુભવાતું સાયુજ્ય અને અલૌકિક-દેહ-ઇન્દ્રિય-અંતઃકરણ-આત્માથી અનુભવાતું સાયુજ્ય, જ્યારે સેવોપયોગી દેહ બહિરંગ સેવાનું ફલ છે.

(૮) સર્વેન્દ્રિયોની ભગવત્પરતા અલૌકિક સામર્થ્ય છે. દેહનાશક વિગાઢ ભાવથી અન્યસ્ફૂર્તિ-રહિત આંતરસંયોગ સાયુજ્ય છે. માનસીસેવાની સિદ્ધિ થયા પછી વૈકુંઠાદિ ભગવદ્ધામોમાં જેવો દેહ હોય છે તેવી સેવોપયોગી દેહની સિદ્ધિ તૃતીયફલ છે.

આ ભૂતલ પર સેવા કરતાં કરતાં બધી ઇન્દ્રિયોથી ભગવદનુભૂતિના રૂપમાં જીવમાં અલૌકિક સામર્થ્ય પ્રગટ થાય છે. તે જ પુષ્ટિમાર્ગીય જીવન્મુક્તિ છે. તેને 'ફલનિરોધ', 'સર્વાત્મભાવ', 'વ્યસનોત્તર-કૃતાર્થતા', 'તનુનવત્વ' કે 'માનસી-સેવા' જે કહેવું હોય તે કહો પણ તે એક જ અવસ્થાનાં વિભિન્ન પાસાઓનું નિરૂપણ છે.

સંક્ષેપમાં (૧) અલૌકિક સામર્થ્ય સર્વાત્મભાવરૂપ હોવાને કારણે સંયોગ કે વિયોગ બન્ને અવસ્થાઓમાં ફલનિરોધરૂપ છે. તેને 'તનુનવત્વ' કે 'માનસીસેવા' પણ કહી શકાય છે. પુષ્ટિભક્તોને માટે એ જીવન્મુક્તિના જેવી અનુભૂતિ છે. (૨) સાયુજ્ય વિદેહમુક્તિ છે. પુરુષોત્તમમાં લીન થઈ જવાનું છે. (૩) વૈકુંઠ આદિ લોકોમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ નવતનુત્વ છે. તેને 'બ્રહ્મભાવાપત્તિ'

અથવા 'આશ્રયભાવાપત્તિ' પણ કહેવામાં આવે છે.

સમગ્ર ષોડશગ્રંથમાં સેવાફલ ગ્રંથ શ્રી વલ્લભાચાર્યના સ્વયંકૃત વિવરણ સહ સૂત્રાત્મક ભાષામાં લખવામાં આવેલો ગ્રંથ છે.

આ સૂત્રોના અર્થ નીચે પ્રમાણે છે-

(૧) જે પ્રકારની સેવા કહી છે તે સિદ્ધ થાય ત્યારે ફળ હવે હું કહું છું.

સિદ્ધાંતમુક્તાવલીમાં કહ્યા પ્રમાણે કૃષ્ણની સેવા સદા કરવી, માનસી તેનું પરમ ફળ છે. ચિત્તનું પ્રભુમાં તત્પર થઈ જવું તેનું નામ સેવા છે અને તે તનુવિત્તજા સેવા કરવાથી જ સિદ્ધ થાય છે, ચતુશ્લોકીમાં હંમેશાં સર્વભાવથી વ્રજાધિપ શ્રીકૃષ્ણનું ભજન કરવું તે મારો પોતાનો ધર્મ છે. આનાથી બીજો કોઈ ધર્મ ક્યારે પણ હોઈ શકે નહીં તથા ભક્તિવર્ધિનીમાં ભક્તિના બીજને દૃઢ કરવાના પ્રકાર ગૃહમાં સ્થિત થઈ સ્વધર્મ નિભાવતા, અવ્યાવૃત થઈ કૃષ્ણને ભજવા અને પૂજા, શ્રવણ, કીર્તન ઈત્યાદિ દ્વારા ચિત્તને તેમાં પરોવેલું રાખવું.

(૨) જ્યારે ભગવાન અલૌકિકનું દાન કરે છે ત્યારે મુખ્ય મનોરથ સિદ્ધ થાય છે.

યમુનાષ્ટક કરેલ વિનંતી કે 'હે મુકુન્દપ્રિયા શ્રીયમુનાજી, મને તો તમારી સમીપતામાં જ આ પ્રકારનું તનુનવત્વ પ્રાપ્ત થાઓ કે મુરારિ પ્રભુમાં રતિ કાંઈ દુર્લભ નહીં રહે. આમાં વ્યક્ત થતી મનોરથની સિદ્ધિ જ્યારે ભગવાન અલૌકિક સામર્થ્યનું દાન કરે છે ત્યારે તે થવા સંભવ છે.

(૩) અહીં સેવામાં ફળ અલૌકિક સામર્થ્ય અથવા અધિકારરૂપી સાયુજ્ય અથવા સેવોપયોગી દેહ, વૈકુંઠ વગેરે થાય છે. ત્યાં કાલ નિયમન કરતો નથી.

પુષ્ટિજીવોને તેમનું ફળ ભગવત્સ્વરૂપ જ મળે છે- ભગવાન જ જ્યારે ફલ બને છે કારણ કે તેઓ કાલ, કર્મ, કર્તા, મંત્ર, દ્રવ્ય, દેશ, સ્વભાવ વગેરે સાધનોને આધીન નથી. પુષ્ટિભક્તિમાં તો ભગવાન જ નિયામક છે, કાલ, કર્મ, સ્વભાવ વગેરે નહીં.

(૪) ભગવાન દ્વારા કૃપા ન થાય તો સેવામાં ઉદ્વેગ, પ્રતિબંધ અથવા ભોગ બાધા કરે છે.

કાલ, કર્મ, સ્વભાવ વગેરે ફલ અથવા અધિકારમાં નિયામક નથી. છતાં

પણ ફલદાન કે અધિકાર સંપાદન કરાવવાની ભગવાનની ઈચ્છા ન હોય તો ભગવત્સેવામાં ઉદ્વેગ, પ્રતિબંધ અથવા ભોગ બાધક બની શકે છે.

જેમ સેવાનાં ત્રણ ફળ માનવામાં આવ્યાં છે, તેમ વિઘ્નો પણ ત્રણ માનવામાં આવ્યાં છે.

પ્રતિબંધ બે પ્રકારના હોય છેઃ એક સાધારણ અને બીજો ભગવત્કૃત. સાધારણ પ્રતિબંધનું નિવારણ ચતુરાઈપૂર્વક કરવું જોઈએ. લોકચાતુરીનું પ્રયોજન ભગવત્સેવા જીવ નિર્વિઘ્ને કરી શકે તે જ હોવું જોઈએ.

ભગવત્કૃત પ્રતિબંધનું નિરાકરણ કરવું જીવના સામર્થ્યની બહાર છે.

(૫) ભગવાન સર્વથા કૃપા ન કરવા માગે ત્યારે ભગવાન દ્વારા પ્રતિબંધ થાય છે, ત્યારે ભગવાન ફળ નહીં આપે તેમ માનવું. ત્યારે અન્યની સેવા પણ વ્યર્થ થઈ જાય છે, તેમ તત્ત્વનો નિર્ધાર કરવો કે આ આસુરી જીવ છે. ત્યારે વિવેક રાખી જ્ઞાનમાર્ગમાં સ્થિતિ કરવી, અન્યથા બાધક ત્રણે સાધનોનો પરિત્યાગ કરવો એમ ઉપાય જણાવ્યો છે.

પુષ્ટિમાર્ગીય જીવ દૈવી હોવાને કારણે કદી પ્રવાહમાર્ગીય અથવા આસુરી સૃષ્ટિનો થઈ શકતો નથી, છતાં પણ સંભવ છે કે તેનાં દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણોમાં કોઈ વખતે અથવા કોઈ જન્મમાં આસુર ભાવોનો આવેશ થઈ પણ જાય. તેથી જે જન્મમાં પુષ્ટિભક્તના દેહેન્દ્રિયાદિમાં દૈવી ગુણોનો આવેશ પ્રબલ નથી થતો, તે જન્મમાં પુષ્ટિપ્રભુ તે જીવથી ફલાત્મિકા સેવા લેવા ઈચ્છતા નથી, એમ સમજી લેવું જોઈએ.

ભગવન્માર્ગમાં ભગવાનની ઈચ્છા વિના કોઈ વિઘ્ન આવી શકતું નથી અને ભગવાનની ઈચ્છાને કારણે આવેલા વિઘ્નને કોઈ દૂર કરી શકતું નથી. તેથી પુષ્ટિજીવને પ્રભુ જ્યારે સંસારાસક્તિમાં ફસાયેલો રાખવા ઈચ્છે છે તો અન્યાશ્રય અથવા અન્ય ભજનથી કંઈ પણ થઈ શકશે નહીં.

ઉદ્વેગ થવાના હેતુ, સાધારણ પ્રતિબંધના હેતુ તથા લૌકિક ભોગના હેતુઓનો ત્યાગ કરવાથી સેવાનો નિર્વિઘ્ન નિર્વાહ સહેલો થઈ જાય છે.

(૬) ભોગમાં પણ બાધકોનો પરિત્યાગ કરવો એ એક સાધન માન્યું છે.

ભોગ પણ બે પ્રકારના હોવાનો સંભવ છેઃ એક લૌકિક ભોગ અને બીજો અલૌકિક ભોગ. લૌકિક ભોગ ત્યાજ્ય હોય છે. ભગવાનને અસમર્પિત,

અનિવેદિત વસ્તુઓનો ઉપભોગ ભગવત્સેવામાં બાધક બને છે.

(૭) ભોગમાં રુકાવટ વિનાનું એક સાધન માનેલું છે કેમ કે મહાન અલૌકિક વસ્તુના ભોગ એટલે પ્રથમ ફળની અંતર્ગત તેને ગણવામાં આવે છે.

ભગવાનને સમર્પિત ભગવત્પ્રસાદ રૂપ સ્રક્ (ફૂલમાળા), ગંધ, વસ્ત્ર, અલંકાર, અન્ન, ગૃહ તથા પારિવારિક જન, સંસારના મોહના નહીં, પરંતુ ભગવદ્ભાવના વર્ધક હોય છે. બ્રહ્મને સમર્પિત બધું જ બ્રહ્માત્મક બની જાય છે. જેમ ગંદા નાળાનું જલ ગંગામાં મળવાથી ગંગાજળ બની જાય છે. અન્ય માર્ગમાં ભોગનાં સાધન અન્ન, વસ્ત્ર, ગૃહ, પરિવાર વગેરેને બાધક માનવામાં આવે છે પણ પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવાના અંગરૂપ બનતાં તેમને સાધક માનવામાં આવ્યાં છે.

(૮) વિઘ્ન સાથેનો અલ્પભોગ પણ બળવાનઘાતક સિદ્ધ થાય છે.

નાશવંત ભોગોને નિન્દિત ભોગ ગણી તેનો પરિહાર કરીને ભગવાનને સમર્પિત કરીને જે મળે તેનો જ ઉપભોગ કરવો. આહારશુદ્ધિથી સત્ત્વશુદ્ધિ થાય છે, સત્ત્વશુદ્ધિથી નિશ્ચિત ચિરકાલીન સ્મૃતિ પ્રાપ્ત થાય છે, અને સ્મૃતિ પ્રાપ્ત થતાં જ બધી ગ્રંથિઓમાંથી વિમુક્ત થવાય છે.

(૯) આ બન્ને પ્રતિબંધો સદા બળવાન છે એમ માનવું.

લૌકિક ભોગ અને ભગવત્કૃત પ્રતિબંધ ભગવત્સેવામાં બહુ બળવાન પ્રતિબંધક હંમેશાં બની રહે છે. તેમાં લૌકિક ભોગનો ત્યાગ તો શક્ય છે, પણ ભગવત્કૃત પ્રતિબંધનું નિવારણ કરવું શક્ય નથી.

(૧૦) ભગવાન દ્વારા કરવામાં આવતા પ્રતિબંધમાં જ્ઞાનસ્થિતિના અભાવમાં સંસાર નિશ્ચિત હોવાથી ચિંતા સર્વથા છોડી દેવી.

કઈ કઈ સ્થિતિઓમાં ભગવત્સેવા છોડી દેવી જોઈએ તે બતાવતાં કહ્યું છે કે-

(૧) આસુરાવેશને લીધે આપણી ઇન્દ્રિયોને ભગવત્સેવામાં સ્વતઃ પ્રવૃત્તિ કરવાનું સંભવિત ન લાગતું હોય તો હઠપૂર્વક તેમને ભગવત્સેવામાં લગાડવાથી વિક્ષેપ ઉત્પન્ન થઈ જાય છે. એવી સ્થિતિમાં વૈષ્ણવે સેવા છોડી દેવી જોઈએ.

(૨) અતિ ઘડપણ આવી ગયું હોય, કોઈ શારીરિક વ્યાધિને લીધે જીવનમાં ભગવત્સેવા કરવાની શક્તિ ન રહે તો સેવા છોડી દેવી જોઈએ.

(૩) પારિવારિક, સામાજિક કે રાજનૈતિક દૃષ્ટિએ આપણે જેને આધીન રહેવું પડે તેવી વિવશતાને કારણે ભગવત્સેવા ન કરી શકાય તેમ હોય તો તે કારણે પણ ભગવત્સેવામાં પ્રતિબંધ થવા સંભવ છે.

(૪) સેવા કરતા રહેવા છતાં પણ નિરંતર ચિત્તમાં અન્ય વ્યાસંગ (આસક્તિ) કે વ્યગ્રતા રહેતાં હોય તો ભગવત્સેવાની યોગ્ય ભાવના હૃદયમાં કદાપિ પ્રગટ થતી નથી.

(૫) પરિવારના સભ્યો આપણી ભગવત્સેવા માટે આપણે જે ભાવના તેમની પાસેથી ઈચ્છતા હોઈએ તે ભાવનાથી રહિત હોય અથવા ભગવત્સેવામાં પ્રતિકૂળ હોય, પણ તેઓ આપણે જે સેવા કરતા હોઈએ તેમાં લૌકિક હેતુવશ સહયોગ આપવામાં બંધાયેલા હોય તો તેમને આપણી સેવા પીડાજનક લાગશે. એવી પરપીડાજનક ભગવત્સેવા જીવે ન કરવી જોઈએ. શ્રી વલ્લભાચાર્ય સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરે છે કે ઉપર કહેલી પરિસ્થિતિઓમાં સેવા છોડીને, તેના વિકલ્પમાં ભગવત્કથાને અનુકલ્પ (અવેજી પ્રકાર) તરીકે સ્વીકારવામાં આવી છે.

નવરત્ન ગ્રંથમાં કહ્યા પ્રમાણે જ્યારે ઉદ્વેગ થાય ત્યારે હરિ પરમાત્મા જે કાંઈ કરશે તે તેની લીલા છે એમ માનીને ચિંતા છોડી દેવી અને સર્વાત્મભાવથી નિત્ય 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ મંત્ર સતત બોલતા રહેવું જોઈએ.

(૧૧) સેવાના ફલના અભાવમાં ભગવાન આધિદૈવિક સેવાના ફલને દાન કરવા ચાહતા નથી એમ માનવું.

સેવા નિરંતર કરવા છતાં પણ અલૌકિક સામર્થ્ય પ્રગટ થવાનું કોઈ ચિહ્ન ન દેખાય તો સેવામાં આપણી ન્યૂનતા છે તેવું નહીં માની લેવું, પરંતુ ભગવાનની આધિદૈવિકી સેવાનું સુખદાન કરવાની ઈચ્છા નથી એમ સમજવું જોઈએ. કારણ કે પુષ્ટિમાર્ગીય ફલ કે અધિકારની પ્રાપ્તિ ભગવાનની આપવાની ઈચ્છા પર આધારિત છે, સાધન કરવાના અભિમાન પર નહીં.

(૧૨) ત્રીજું ભોગાભાવ સિદ્ધ ન થતો હોય તો ઘર બાધક છે એમ સમજવું. તૃતીય ફલભોગનો અભાવ થાય ત્યારે તો ગૃહસ્થાશ્રમ પણ બાધક થઈ જાય છે. પણ ભોગનો અભાવ થવો જરૂરી છે. ભોગનો અભાવ એટલે ભોગોમાં અરુચિ થવી, પરમાત્મામાં રુચિ થવી જોઈએ.

સ્વગૃહમાં નિરંતર સેવા કરતા રહેવા છતાં પણ ભોગાભાવ જો સિદ્ધ ન

થતો હોય તો ગૃહાસ્થાશ્રમના ઘરને બાધક સમજવું જોઈએ. આવી પરિસ્થિતિમાં કથાશ્રવણ, પરિચર્યા અથવા ગૃહત્યાગના અનુકલ્પો અપનાવવાની વાત સમજાવવામાં આવી છે.

(૧૩) ભગવાન ફલદાતા છે અને તે ભક્ત સિવાય કોઈને આધીન નથી એમ સદા ભાવન કરવું, અન્ય સર્વ મનોભ્રમ છે. તેથી તદીય વૈષ્ણવો સાથે આત્મનિવેદન, પરમાત્માની કૃપા, દાતૃતાનું ભાવન કરવું જેથી ભગવાન કૃપા કરવામાં વાર ન કરે.

ભગવાનની ફલદાન કરવાની ઈચ્છા કોઈના હાથની વાત નથી. તે તો ભગવાનના હાથની વાત છે. પરંતુ ભગવાન દયાળુ પણ છે. તે કેવળ સર્વેશ્વર નથી, સર્વાત્મા પણ છે. તેથી જે જીવનું પુષ્ટિમાર્ગમાં ભગવાને વરણ કરી લીધું હોય તેને પુષ્ટિભક્તિનું દાન કરવામાં પ્રભુ વધારે વિલંબ નહીં કરે. આ પ્રમાણે પુષ્ટિજીવે ભગવાનના પુષ્ટિફલદાતા હોવાની ભાવના નિરંતર કરતા રહેવી જોઈએ.

(૧૪) ગુણોના ક્ષોભમાં પણ આમ જ જોવું અને ભાવન કરવું એવી મારી મતિ છે.

ગૃહત્યાગનો વિકલ્પ કોઈ ભગવદીયની સત્સંગતિમાં રહીને ભગવત્પરિચર્યા કરવી અને ભગવત્કથાનાં શ્રવણ-કીર્તનમાં સંમિલિત થવાનું બતાવ્યું છે; પરંતુ તે વખતે જે ભગવદીયનો સત્સંગ આપણે કરવા ઈચ્છતા હોઈએ તેનામાં માનવ-સ્વભાવ સુલભ દોષદર્શન થવાને કારણે ભક્તિભાવમાં બાધા પહોંચે તો એકાંતવાસની યોગ્યતાનો પણ ત્યાં વિચાર કરવામાં આવ્યો છે. અને અતિ નિકટ પણ નહીં અને બહુ દૂર પણ નહીંની નીતિ પ્રમાણે વર્તવું તે સમજાવ્યું છે.

(૧૫) અહીં કુસૃષ્ટિ જે કાંઈક ઉત્પન્ન થાય છે તે ભ્રમ છે.

શ્રી વલ્લભાચાર્યના અન્ય ગ્રંથો નિબંધ, ભાષ્ય કે શ્રીસુબોધિનીજીમાં પણ સેવાનો ઉલ્લેખ મળે છે, પરંતુ ભગવત્સેવાનું સાંગોપાંગ સ્વરૂપ જેવું સેવાફલમાં વર્ણિત થયું છે તેવું અન્યત્ર સુલભ નથી.

પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા દ્વારા કોઈ પ્રકારના ફલની કામના કરવાની નથી. સેવાનું ફલ તો સેવા જ છે. તેથી વિવરણમાં 'સેવાયાઃ ફલત્રયમ્' નહીં કહેતાં 'સેવાયાં ફલત્રયમ્' કહેવામાં આવ્યું છે.

ઉપસંહાર : આમ ષોડશગ્રંથોમાંથી નિ:શંકપણે સિદ્ધ થાય છે કે પુષ્ટિજીવોને માટે સ્વગૃહમાં શ્રીકૃષ્ણના પુષ્ટિસ્વરૂપની સેવા વ્રજભક્તોના ભાવથી ભાવનાત્મક રીતે અનુસરણ કરતાં કરતાં, પોતાનાં તન, મન અને ધનનો ભગવાનમાં વિનિયોગ કરવો અને તેના અનોસરમાં ભગવદ્ભાવમાં વૃદ્ધિ કરનારી ભગવત્કથાનું શ્રવણ, સ્મરણ, કીર્તન કરવું તે પુષ્ટિજીવનું પ્રથમ અને ચરમ કર્તવ્ય છે. જ્યાં ત્યાં ભટકનારા ચિત્તની બધી વૃત્તિઓનો નિરોધ ભગવત્સેવા અને ભગવત્કથામાં કરવો જોઈએ, કારણ કે જે નિરુદ્ધ થયેલા છે તે જ અહીં આનંદ અહર્નિશ પ્રાપ્ત કરે છે એ નિયમ ધ્રુવ અને ન તોડી શકાય તેવો છે. ષોડશગ્રંથોની આ ફલવૃત્તિ છે.

◆

૫

તત્ત્વાર્થદીપ નિબંધ

(Tattvarthdeep Nibandh)

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાના હાર્દને પ્રગટ કરવા અનેક સ્વતંત્ર ગ્રંથોની રચના કરી છે. જેમાં ષોડશગ્રંથો ઉપરાંત પત્રાવલંબન તેમ જ તત્ત્વાર્થદીપ નિબંધ આજે ઉપલબ્ધ છે. પ્રાપ્ત પત્રાવલંબન ગ્રંથ અપૂર્ણ છે, જ્યારે ષોડશગ્રંથોમાં કેવળ સ્વ સિદ્ધાંતોના વિશિષ્ટ વિચારોનું જ પ્રતિપાદન હોવાથી તેમાં સર્વ વિષયનો સમાવેશ થતો નથી. એ દૃષ્ટિએ તત્ત્વાર્થદીપ નિબંધ શ્રી વલ્લભાચાર્યજીના સ્વતંત્ર વિચાર તરીકે સ્વીકારી શકાય એવો ગ્રંથ છે. તેમના અણુભાષ્ય ગ્રંથમાં બ્રહ્મસૂત્રનું, અને શ્રી સુબોધિની ભાગવતનું હાર્દ સમજાવવા માટે આલેખાયેલ છે. જ્યારે તત્ત્વાર્થદીપ નિબંધ તાત્ત્વિક નિર્ણય કરી સ્વમતના નિરૂપણ માટે છે. આ દૃષ્ટિએ પણ તત્ત્વાર્થદીપ નિબંધની ઉપયોગિતા વિશેષ જણાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ગ્રંથોમાં તત્ત્વાર્થદીપ નિબંધ સૌથી છેલ્લો ગ્રંથ છે, પરંતુ જિજ્ઞાસુને પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં પ્રવેશ કરવા માટે અને ભાગવતનો રહસ્યાર્થ સમજવા માટે તે પહેલો ગ્રંથ ગણી શકાય. તેમણે લખેલ શ્રીસુબોધિનીજીમાં તત્ત્વદીપ નિબંધનો ઉલ્લેખ જોવામાં આવે છે. આમ તત્ત્વદીપ નિબંધની રચનાથી પૂર્વે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ભાગવતની ટીકા લખી હતી. આ ગ્રંથના અધ્યયન વિના શ્રી વલ્લભાચાર્યના અન્ય ગ્રંથોનો બોધ થવો કઠિન અને અસંભવ છે.

અનુબંધ ચતુષ્ટય

શ્રી વલ્લભાચાર્યજી નિજજનોને સ્વ સ્વરૂપનો બોધ શ્રી સુબોધિની અને નિબંધ પ્રકાશના મંગલાચરણમાં કરાવી આપે છે. તત્ત્વાર્થદીપ નિબંધનો ઉપક્રમ પરમકાષ્ટાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણાખ્ય તત્ત્વ જ છે એમ સિદ્ધ કરી આપવા માટે છે અને તેથી તેના મંગલાચરણમાં **"નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાભ્યુત કર્મણે"** કહીને પરમતત્ત્વરૂપે અદ્‌ભુત કર્મા શ્રીકૃષ્ણને ઓળખાવે છે.

મંગલાચરણમાં **'અનુબંધ ચતુષ્ટય'**નું આલેખન કરવાની એક પ્રાચીન પ્રણાલી છે. તદનુસાર તત્ત્વાર્થદીપ નિબંધમાં **નીચે** દર્શાવેલ ચાર વાત (અનુબંધ ચતુષ્ટય)નું નિરૂપણ કરવામાં આવ્યું છે.-

૧. **પ્રયોજન** - પરમતત્ત્વ (રસાત્મક શ્રીકૃષ્ણ)નું ફલરૂપત્વ પ્રતિપાદન.

૨. **અધિકારી** - એ પરમતત્ત્વને પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનાર ભગવદ્ભક્ત.

૩. **વિષય** - 'ભગવદ્ભક્તિ' - દૈન્ય (દીનતા) અને પ્રપત્તિ વિના પરમ તત્ત્વ/ ભગવદ્પ્રાપ્તિ થાય નહીં, માટે તે વિષય.

૪. **સંબંધ** - પ્રતિપાદ્ય - પ્રતિપાદક ભાવ સંબંધ.

આમ વ્યાસદર્શનાનુસારી વેદાત્મ શ્રીકૃષ્ણ પ્રમાણરૂપ છે, પરમ કાષ્ટાપન્ન રસાત્મક શ્રીકૃષ્ણ પ્રમેય છે, શ્રીકૃષ્ણની શરણાગતિ એ જ પ્રપત્તિરૂપ સાધન છે અને રસાત્મા શ્રીકૃષ્ણ જ ફલ છે.

'તત્ત્વદીપ નિબંધ' નામનું તાત્પર્ય

અનુબંધ ચતુષ્ટયનો વિચાર કર્યા પછી તત્ત્વાર્થદીપના ઉપક્રમનો વિચાર કરવા માટે ગ્રંથના નામનો શબ્દાર્થ જાણવો આવશ્યક છે. તત્ત્વ શબ્દ પ્રમેયવાચક છે. વેદોક્તતત્ત્વની દીપ્તિ અર્થાત્ પ્રમેયની દીપ્તિ જેમાં હોય તે **'તત્ત્વદીપ'**. અત્રે દીપ શબ્દ પ્રમાણસિદ્ધ જ્ઞાનરૂપ તેજસ્વિતાનો બોધક છે. અર્થાત્ પ્રમાણ દ્વારા સિદ્ધ તત્ત્વ (પ્રમેય)ના જ્ઞાનની આભા એટલે 'તત્ત્વદીપ'.

પ્રભુ સર્વનો ઉદ્ધાર કરવા સદા પ્રયત્નશીલ છે. માટે સર્વોદ્ધાર પ્રયત્નાત્મા મૂલસ્વરૂપ શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો. પ્રભુ શ્રીકૃષ્ણ સર્વને ઉધ્ધાર કરવા પ્રયત્નશીલ છે. તેથી પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન આપી લોકોને પ્રભુ તરફ વાળવા તેમણે સ્વયં વેદવ્યાસરૂપે શ્રીમદ્ભાગવતની રચના કરી. તત્પશ્ચાત વૈશ્વાનરાવતાર એવા શ્રી વલ્લભાચાર્ય સ્વરૂપે તત્ત્વદીપનિબંધ ગ્રંથમાં તત્ત્વ-પ્રમેયની દીપ્તિ- પ્રમાણસિદ્ધ તેજસ્વિતા છે એમ પ્રકાશ વડે દેખાડી આપ્યું છે. અર્થાત્ પ્રભુ 'સર્વોદ્ધાર પ્રયત્નાત્મા' હોવાથી સર્વને નિજ સ્વરૂપનું મૂલરૂપત્વ જણાવવા માટે વ્યાસરૂપે પોતે જ શ્રીમદ્ભાગવત પ્રકટાવ્યું અને વલ્લભસ્વરૂપે વાણીની અધિષ્ઠાત્રી દેવતાનું સ્વરૂપ ધરી ભાગવતના તત્ત્વ-પ્રમેય-ની દીપ્તિનું દર્શન કરાવ્યું.

નિબંધનાં ત્રણ પ્રકરણો

તત્ત્વદીપ નિબંધના મુખ્ય ત્રણ પ્રકરણ છે. (૧) શાસ્ત્રાર્થ પ્રકરણ, (૨) સ્વનિર્ણય પ્રકરણ અને (૩) ભાગવતાર્થ પ્રકરણ. શાસ્ત્રાર્થ પ્રકરણને 'ગીતાર્થ પ્રકરણ' પણ કહેવામાં આવે છે. જોકે ભાગવતાર્થ પ્રકરણની પેઠે ગીતાર્થ કે શાસ્ત્રાર્થ પ્રકરણમાં ભગવદ્‌ગીતાના પ્રતિપાદ્ય સર્વ પદાર્થોનો વિચાર દૃષ્ટિગોચર થતો નથી; છતાં 'એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતામ્' એ ન્યાયે અત્રે 'શાસ્ત્ર' શબ્દ ગીતાનો વાચક છે, એમ સ્વીકારાયો છે અને તેથી તેને શાસ્ત્રાર્થ પ્રકરણ કહેવામાં આવે છે.

સર્વનિર્ણય પ્રકરણમાં વેદાદિ શાસ્ત્રોનું તાત્પર્ય અને પ્રમાણ સહિત પ્રમેયના સ્વરૂપનો નિર્ધાર કરવામાં આવ્યો છે. અર્થાત્ શાસ્ત્રો પર પોતાનો નિર્ણય બતાવવામાં આવ્યો છે. તૃતીય ભાગવતાર્થ પ્રકરણમાં શ્રી વલ્લભાચાર્યે ભાગવતના જે સાત પ્રકારના અર્થો કર્યા છે, જે છે - શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ. આમ સપ્તધા અર્થ કરીને સર્વનો અવિરોધ સિદ્ધ કરી જાણે તો મુક્તિ થાય એમ કહેવામાં આવ્યું છે. તે પૈકી પ્રથમ ચાર અર્થોનો સમાવેશ આ ભાગવતાર્થ પ્રકરણમાં થાય છે.

આ રીતે ઉપરોક્ત ત્રણ મહાપ્રકરણોમાં તત્ત્વદીપ નિબંધ પરિપૂર્ણ થાય છે, જે વાસ્તવિક રીતે વેદાર્થનું પ્રતિપાદન કરનારો એક મહાનિબંધ ગ્રંથ છે. અથવા તો વેદાર્થના સારરૂપ શ્રીમદ્‌ભાગવતના અર્થનો નિર્ણય કરનારો જ આ મહાનિબંધ છે. પ્રથમ પ્રકરણ શાસ્ત્રાર્થ પ્રકરણમાં ભાગવતાર્થ પ્રકરણોક્ત તત્ત્વોનો ઉપોદ્‌ઘાત અને દ્વિતીયમાં ભાગવતોક્ત પ્રમેય સાધન માટે પ્રામાણ્ય-અપ્રામાણ્યનિર્ણય અને તે તે શાસ્ત્રનો ભાગવત સાથે સમન્વય કરવા માટે તે તે શાસ્ત્રોક્ત પ્રમેયના વસ્તુસ્વરૂપનો નિર્ણય બતાવવામાં આવ્યો છે. શ્રીમદ્‌ભાગવતોક્ત પ્રમેયનો નિર્ણય એટલે જ વેદાર્થનું નિરૂપણ કે વેદાર્થનો તત્ત્વનિર્ધાર. વેદ અને શ્રીમદ્‌ભાગવત અભિન્ન પદાર્થ છે. વેદ શબ્દરૂપ છે તો ભાગવત અર્થરૂપ છે. વેદ પ્રમાણરૂપ છે તો ભાગવત પ્રમેયરૂપ છે. વેદ શ્રીકૃષ્ણનું શ્રીઅંગ છે તો ભાગવત આત્મરૂપે છે. પ્રથમ દીપ છે તો દ્વિતીય પ્રકાશ છે. એકનું અસ્તિત્વ જ બીજાની ઉપર નિર્ભર છે; વેદનું તત્ત્વ ભાગવત વિના જાણી

શકાય નહીં. તત્ત્વાર્થદીપ નિબંધનો પાયો વેદ છે અને શિખર ભાગવત છે. શાસ્ત્રાર્થ પ્રકરણ વેદશરીરનું પ્રતિપાદન કરે છે. સર્વનિર્ણય પ્રકરણ અંગ-પ્રત્યાંગોનું પ્રતિપાદન કરે છે અને ભાગવતાર્થ પ્રકરણ પરમકાષ્ઠાપન્ન રસાખ્ય શ્રીકૃષ્ણની લીલાનું વર્ણન કરે છે.

આ સમગ્ર ગ્રંથ પદ્યમાં અર્થાત્ શ્લોક કે કારિકામાં છે. આ ગ્રંથના ગાંભીર્યનો વિચાર કરી સ્વયં શ્રી વલ્લભાચાર્યે તે કારિકાઓ પર વિશેષ પ્રકાશ પાડવા ગદ્યમાં ભાષ્ય રચ્યું છે જે ‘પ્રકાશ’ નામથી ઓળખાય છે. આ ‘પ્રકાશ’ ગ્રંથ પર પાછળથી આચાર્યો- વિદ્વાનોએ અનેક ટીકાઓ લખી છે, જે નીચે મુજબ છે-

(૧) લેખકાર શ્રી પુરુષોત્તમજી દ્વારા ટીકા **‘આવરણ ભંગ’**.
(૨) શ્રી કલ્યાણરાયજી દ્વારા ટીકા **‘યોજના’**.
(૩) શ્રી પુરુષોત્તમજી દ્વારા **‘યોજના’**.
(૪) શ્રી કલ્યાણરાયજી દ્વારા **‘ટિપ્પણી’** અને
(૫) શ્રી ગટ્ટુલાલજી દ્વારા **‘સત્સ્નેહભાજન’**.

આ બધામાં ‘પ્રકાશ’ ગ્રંથ પર સૌથી વિસ્તૃત અને વિદ્વત્પૂર્ણ ટીકા **‘આવરણભંગ’** ગણાય છે.

હવે આપણે આ ત્રણેય પ્રકરણોને સંક્ષિપ્તમાં વિચારીએ.

(૧) શાસ્ત્રાર્થ પ્રકરણ

પ્રથમ જણાવ્યું તેમ શાસ્ત્રાર્થ પ્રકરણને જ ‘ગીતાર્થ પ્રકરણ’ પણ કહે છે. ક્રમ અનુસાર શાસ્ત્રાર્થ પ્રકરણ સૌથી પહેલા લખાયું હોવું જોઈએ, કારણ કે તે પછી જે લખવાના છે તેનો તેમાં નિર્દેશ શ્રી વલ્લભાચાર્યે કર્યો છે. શાસ્ત્રાર્થ પ્રકરણમાં કુલ ૧૦૪ કારિકા છે. સત્વાદિગુણવાળા ભગવદ્ભક્તો શાસ્ત્રાર્થના અધિકારી છે. તેઓ પ્રમાણ બળવાળા હોય છે. તેથી શાસ્ત્રાર્થ પ્રકરણમાં પ્રમાણબળનો વિચાર કરીને વિવેચન કર્યું છે. પ્રમાણ = પ્રમા, કરણમ્ = યથાર્થ જ્ઞાનનું સાધન કે કારણ. પ્રત્યક્ષ અનુમાન ઈત્યાદિ પ્રમાણોમાં શ્રીવલ્લભાચાર્યજી શબ્દપ્રમાણનો સ્વીકાર કરે છે. એ દૃષ્ટિએ શબ્દ અર્થાત્ ચાર શાસ્ત્રો પ્રમાણ છે. જેને ‘પ્રમાણચતુષ્ટય’ કહે છે. તેનો ઉલ્લેખ શ્રી વલ્લભાચાર્યે આ પ્રકરણમાં કર્યો છે.

'વેદાઃ શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ ।
સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તચ્ચતુષ્ટયમ્'

અર્થાત્ વેદો, ગીતા, વ્યાસ સૂત્રો અને ભાગવત એ ચાર પ્રમાણો તેમણે સ્વીકાર્યા છે.

પૂર્વપ્રમાણના સંદેહની નિવૃત્તિ કરનાર ઉત્તર પ્રમાણ છે. અર્થાત્ વેદોમાં ઉદ્‌ભવતિ શંકાનું નિવારણ ગીતાથી થાય છે. ગીતામાં ઉદ્‌ભવતિ શંકાનું સમાધાન બ્રહ્મસૂત્રમાં મળે છે. જ્યારે ભાગવત સર્વ સંદેહની નિવૃત્તિ કરે છે. આ ચાર પ્રમાણોથી જે વિરુદ્ધ નથી તે સર્વનો શ્રી વલ્લભાચાર્યજી પ્રમાણરૂપ સ્વીકાર કરે છે અને જે આ ચાર પ્રમાણોથી વિરુદ્ધ હોય તે ક્યારેય પ્રમાણ થઈ શકે નહીં તેમ તેઓ માને છે.

શ્રી વલ્લભાચાર્યના મતે શાસ્ત્રાર્થ એટલે **'શાસ્ત્રનો યથાર્થ અર્થ'**. શાસ્ત્રનો અર્થ તેમણે નિમ્ન શ્લોકમાં વિશેષ સ્પષ્ટ કર્યો છે.

'એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્ એકો દેવો દેવકીપુત્ર એવ
મન્ત્રોઽપ્યેકસ્તસ્ય નામાનિ કર્મોઽપ્યેકં તસ્ય દેવસ્ય સેવા'

આ શ્લોક મુજબ શાસ્ત્ર એટલે ગીતા, દેવકીપુત્ર શ્રીકૃષ્ણે ગાયેલી ગીતા અથવા ગીતોપનિષદ. આ અર્થ અનુસાર શાસ્ત્રાર્થ પ્રકરણને ગીતાર્થ પ્રકરણ પણ કહે છે. જોકે અહીં તેમણે ગીતાની વ્યાખ્યા નથી આપી. ગીતામાં ભગવાન જે કહેવા માગે છે એ તેમણે પોતાના શબ્દોમાં અભિવ્યક્ત કર્યું છે. તેથી આ અર્થમાં એમ કહી શકાય કે

ભાગવત એ વ્યાસજીએ કરેલી ગીતાની વ્યાખ્યા છે;
શાસ્ત્રાર્થ પ્રકરણ મહાપ્રભુજીએ કહેલી ગીતાની વ્યાખ્યા છે.

શાસ્ત્રાર્થ પ્રકરણમાં ગીતાના તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. જીવ અને બ્રહ્મનું સ્વરૂપ, ભક્તિનું લક્ષણ, જડનું સ્વરૂપ અને સૃષ્ટિનું નિરૂપણ વગેરે ગીતામાં નિરૂપેલા વિષયોનો શાસ્ત્રાર્થ પ્રકરણમાં સમાવેશ છે. આને કારણે જ શાસ્ત્રાર્થપ્રકરણને ગીતાર્થપ્રકરણ કહેવામાં જે સ્વારસ્ય છે તે સહજ સમજી શકાય તેમ છે. શાસ્ત્રાર્થપ્રકરણમાં નીચે જણાવેલા ગીતોક્ત વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છેઃ-

વિષય	શ્લોક
૧ જડસ્વરૂપપ્રતિપાદન	૨૩
૨ અવિદ્યાનું સ્વરૂપ	૨૪
૩ બ્રહ્મવ્યાપક છે છતાં સાકાર છે	૨૫
૪ ચેતન અને જડની વિસ્ફુલિંગવત્ સૃષ્ટિ	૨૮
૫ જડ, જીવ અને અંતરાત્મા	૩૦
૬ વિદ્યા અને અવિદ્યા માયાવિનિર્મિત હોવા છતાં ભગવાનની શક્તિ છે	૩૧
૭ પંચપર્વા અવિદ્યા અને જીવન્મુક્તનું સ્વરૂપ	૩૩
૮ બ્રહ્મભાવથી લય થાય છે	૩૫
૯ બ્રહ્મભાવ થવાનો પ્રકાર	૩૬
૧૦ નાનાવિધ સૃષ્ટિપ્રકાર	૩૭
૧૧ માયાસૃષ્ટિ	૩૮
૧૨ વિયદાદિ સૃષ્ટિપ્રકાર	૩૯
૧૩ ભગવદ્ભજનની સિદ્ધિ માટે તત્ત્વમસ્યાદિ વાક્યો	૪૧
૧૪ ભક્તિનું લક્ષણ	૪૨
૧૫ ભગવત્સ્વરૂપ પ્રતિપાદન અને શ્રુતિઓનો સમન્વય	૪૩-૪૪
૧૬ પંચપર્વા વિદ્યા	૪૫-૪૬
૧૭ ભક્તિનું સામાન્યતઃ નિરૂપણ	૪૭-૪૯
૧૮ બ્રહ્માનંદમાં પ્રવિષ્ટને કયું ફલ પ્રાપ્ત થાય?	૫૦-૫૧
૧૯ જીવસ્વરૂપ	૫૩
૨૦ જીવની વ્યાપકતા શી રીતે?	૫૪
૨૧ પ્રકાશક ચૈતન્ય	૫૫
૨૨ આભાસ-પ્રતિબિમ્બવાદનું ખણ્ડન	૫૬-૫૮
૨૩ મતાન્તરનિરાસ	૫૪-૬૦
૨૪ તત્ત્વમસ્યાદિ વાક્યનું સ્વારસ્ય	૬૧
૨૫ વિદ્યાની પ્રાપ્તિનો પ્રકાર	૬૩
૨૬ જીવની સર્વજ્ઞતા શી રીતે?	૬૪
૨૭ બ્રહ્મસ્વરૂપ નિર્ણય	૬૫
૨૮ સજાતીય-વિજાતીય-સ્વગત ભેદ-વર્જિત બ્રહ્મસ્વરૂપ	૬૫
૨૯ બ્રહ્મ જ જગતનું સમવાયિ કારણ છે	૫૭-૭૧
૩૦ અવતારરૂપે આવિર્ભાવતિરોભાવ	૭૨-૭૪
૩૧ વ્યોમવદ્બ્રહ્મ	૭૫
૩૨ વૈષમ્ય નૈર્ઘૃણ્ય દોષનો પરિહાર	૭૬-૭૭
૩૩ મતાન્તર પરિહાર	૭૮-૯૨
૩૪ સાંખ્યમત	૯૩-૧૦૦
૩૫ પ્રેમરૂપેં ભગવદ્ભજન	૧૦૧-૧૦૩

ઉપર જણાવ્યા મુજબ ગીતોક્ત લગભગ સર્વ વિષયોનો સમાવેશ શાસ્ત્રાર્થપ્રકરણમાં થઈ જાય છે. આમ 'શાસ્ત્રાર્થપ્રકરણ'માં પ્રભુના પ્રમાણબલનું નિરૂપણ કર્યું છે; જ્યારે 'સર્વનિર્ણયપ્રકરણ'માં પ્રમેયબલનું નિરૂપણ કરવામાં

આવ્યું છે. પ્રમાણ શાસ્ત્ર છે અને પ્રમેય શાસ્ત્રસિદ્ધ પદાર્થ છે.

તત્ત્વાર્થદીપ નિબંધ ગ્રંથમાં શ્રી ભાગવતના તત્ત્વાર્થને પ્રકટ કરતાં સૌ પ્રથમ શ્રી વલ્લભચાર્યજી શાસ્ત્રાર્થના પ્રમાણરૂપ પ્રભુના સ્વરૂપનો બોધ કરાવતું મંગલાચરણ કરે છે-

"નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાય્મુતકર્મણે ।
રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ" ॥

જે રૂપ અને નામના વિભેદે જગત્‌રૂપ છે, જે રૂપ અને નામના વિભેદે ક્રીડા કરે છે અને જેથી- જેમાંથી - (અભિન્નનિમિત્તોપાદાનત્વે) રૂપ અને નામના વિભેદે જગત્ છે એવા અદ્‌ભુતકર્મા, લોકવેદાપ્રસિદ્ધ ભગવાન્ શ્રીકૃષ્ણને નમસ્કાર હો.

ઉપર કહ્યું તેમ વેદનું નિરપેક્ષ પ્રામાણ્ય સ્વીકારીને પણ સંદેહ નિવૃત્ત્યર્થ શ્રીકૃષ્ણવાક્યો, અર્થાત્ ગીતાજી, વ્યાસસૂત્રો અને શ્રીમદ્‌ભાગવત (જે પ્રભુની રસાત્મકતા સિદ્ધ કરી તેમની નિત્ય લીલાનો બોધ કરાવે છે)નું પ્રામાણ્ય શ્રી વલ્લભાચાર્યે સ્વીકાર્યું છે. વાસ્તવિક રીતે તો વેદને જ અક્ષરશઃ પ્રમાણત્વે સ્વીકારવામાં આવ્યો છે.

તેઓ સ્પષ્ટ કરે છે કે સ્મૃતિઓ અને પુરાણોની પણ એકવાક્યતા ઉપરોક્ત પ્રમાણથી સિદ્ધ કરી શકાય છે, અર્થાત્ વેદાનુકૂલ સર્વ જ વાઙ્‌મય પ્રમાણ છે અને તેથી વિરુદ્ધ સર્વ કાંઈ અપ્રમાણ છે.

પરિભાષા

આ ગ્રંથમાં સ્પષ્ટતા કરતાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે વેદાંતમાં બ્રહ્મ, સ્મૃતિઓમાં પરમાત્મા અને ભાગવતમાં ભગવાન્ શબ્દથી પરમતત્ત્વનો જ બોધ કરાવવામાં આવ્યો છે, તેથી તેઓ તે તે પ્રકારના ત્રિવિધ વિચારમાં બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન્ શબ્દનો જ પ્રયોગ કરે છે.

દુર્ગા, ગણપતિ, શિવ ઇત્યાદિની ઉપાસનાના પ્રકારો પણ શાસ્ત્રોમાં મળે છે, તે સર્વ પ્રભુનાં જ જુદાં જુદાં અંશ-કલા યુક્ત રૂપો છે. મૂલરૂપ તો શ્રીકૃષ્ણ જ છે માટે શ્રીકૃષ્ણનું જ સેવન કરવું જોઈએ.

ત્રિવિધ નિષ્ઠા

તેઓ સમજાવે છે કે જ્ઞાનનિષ્ઠા ત્યારે જાણવી કે જ્યારે સર્વજ્ઞતા પ્રાપ્ત થાય,

કર્મનિષ્ઠા ત્યારે સમજવી કે જ્યારે ચિત્તપ્રસાદ થાય અને ભક્તિનિષ્ઠા ત્યારે કહી શકાય કે જ્યારે શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય.

જગતનું સ્વરૂપ

જ્યાં સુધી જડ, જીવ અને અંતર્યામીનો બોધ ન થાય ત્યાં સુધી રસાત્મક પ્રભુની અભિવ્યક્તિ થતી નથી. પ્રપંચ અર્થાત્ જગત એ ભગવાનનું કાર્ય છે. તેમના મતે તે પ્રાકૃત-પ્રકૃતિનું કાર્ય નથી, પરમાણુજન્ય નથી, વિવર્તાત્મા-મિથ્યા નથી કે અદષ્ટાદિ દ્વારા પણ ઉત્પન્ન થયો નથી. માયા પ્રભુની એક સર્વભવનરૂપા શક્તિ છે, તે પ્રભુમાં જ સ્થિતિ કરે છે. તે માયા વડે પ્રભુએ સ્વાત્મરૂપ પ્રપંચને પ્રકટ કર્યો છે. અત્રે પ્રપંચ શબ્દ જગદ્વાચક છે, સંચારવાચક નથી. પ્રભુની એક શક્તિ અવિદ્યા પણ છે. તે અવિદ્યા વડે જીવને અહંતા મમતા બંધાય છે. તે જ સંસાર છે. સંસાર અવિદ્યાના સંબંધને લીધે હોવાથી તે મિથ્યા છે, પણ પ્રપંચ તો ભગવત્કાર્ય હોવાથી- તે સત્ય જ છે.

જીવનું સ્વરૂપ

શાસ્ત્રાર્થ પ્રકરણમાં તેમણે જીવનું સ્વરૂપ દર્શાવ્યું છે. 'બહુસ્યાં પ્રજામેય' શ્રુતિ વાક્ય પ્રમાણે ભગવદિચ્છાથી અગ્નિમાંથી જેમ વિસ્ફુલિંગ- તણખા- પ્રકટ થાય, તેમ આકાશવદ્ વ્યાપક અને માયાંશવેષ્ટિત બ્રહ્મ સર્વતઃ શ્રીહસ્ત, ચરણારવિન્દ, શ્રીમસ્તક અને નેત્રયુક્ત હોવા છતાં, એ અનંતમૂર્તિ બ્રહ્મ અંશરૂપે જીવોને પ્રકટ કરે છે. સૃષ્ટિની આદિમાં સર્વ જીવો વિસ્ફુલિંગ ન્યાયે જ પ્રકટ થયા છે. તેમાં કારણત્વે બ્રહ્મની ઈચ્છા જ છે.

પ્રભુના ચિદંશથી જીવ પ્રકટ થયા, સદંશથી જડ અને આનંદાંશથી અંતર્યામી આ રીતે સત્, ચિત્ અને આનંદાંશથી જડ, જીવ અને અંતર્યામી પ્રાકટ્યનો ક્રમ જણાવ્યો છે.

વિદ્યા અને અવિદ્યા

વિદ્યા અને અવિદ્યા એ બન્ને પ્રભુની શક્તિઓ જ છે, એ બન્ને માયાને સ્વાધીન છે. તેથી જ વિદ્યા અને અવિદ્યા એ બન્ને જીવમાં જ હોય છે. કારણ કે જીવને જ દુઃખીત્વ અને અનીશિતા છે. અવિદ્યા વડે જીવ બદ્ધ થાય છે અને સંસારને પ્રાપ્ત થાય છે, જ્યારે વિદ્યાથી ભગવત્સાક્ષાત્કાર થતાં પ્રભુમાં પ્રવેશ થાય છે. વિદ્યા અને અવિદ્યાના ભેદ નીચે મુજબ પાડી શકાય.


શ્રીકૃષ્ણ
શ્રી, પુષ્ટિ, વગેરે પૈકી બે શક્તિઓ.
વિદ્યાશક્તિ
અવિદ્યાશક્તિ
વૈરાગ્ય
સાઙ્ખ્ય
યોગ
તપ
ભક્તિ
સ્વરૂપાજ્ઞાન
દેહાધ્યાસ
ઈન્દ્રિયાધ્યાસ
પ્રાણાધ્યાસ
અંતઃકરણાધ્યાસ

ઉપરોક્ત અવિદ્યા અને વિદ્યાનું સ્વરૂપ જાણીએ તો અવિદ્યાનો વિદ્યા વડે નાશ કરી શકાય. વિદ્યા વડે અવિદ્યાનો નાશ થતાં જીવન્મુક્તિ પ્રાપ્ત થાય છે. દેહેન્દ્રિય પ્રાણાન્તઃકરણનો અધ્યાસ નિવૃત્ત થતાં સ્વસ્વરૂપનું જ્ઞાન થાય છે, આનંદાંશનો પ્રકાશ થતાં બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે.

આમ, જડ જીવાત્મક સૃષ્ટિ પ્રભુ પોતે જ ઉત્પન્ન કરે છે. તે જ આ સૃષ્ટિનું અભિન્નનિમિત્તોપાદાનકારણ છે.

વિવિધ પ્રકારે સૃષ્ટિક્રમ

નિરૂપાધિક પરબ્રહ્મ જ સર્વનું એકમાત્ર કારણ છે છતાં સૃષ્ટિ ક્રમની ઉત્પત્તિ વિવિધ પ્રકારે થાય છે. (૧) ક્યારે સાક્ષાત્ પ્રભુ સ્વયં સૃષ્ટિ ઉત્પન્ન કરે, (૨) ક્યારેક પુરુષ દ્વારા સૃષ્ટિ ઉત્પન્ન કરે, (૩) કોઈક વેળા આત્માથી આકાશાદિક્રમે સૃષ્ટિ ઉત્પન્ન કરે, (૪) કોઈક વેળા પ્રભુ પોતે જ સર્વ સૃષ્ટિરૂપે પ્રકટ થાય અને (૫) કોઈક વાર ઈન્દ્રજાલની પેઠે સર્વ માયાથી પણ સર્જે. પ્રભુ અચિંત્ય અને અનંતશક્તિ ધરાવે છે, તે ગમે તે પ્રકારે સૃષ્ટિ ઉત્પન્ન કરી શકે છે જેનું વર્ણન શ્રુતિઓમાં જોવા મળે છે.

ભક્તિનું સ્વરૂપલક્ષણ

પંચરાત્રાદિમાં ભક્તિની વ્યાખ્યા કરતાં કહેવાયું છે કે **માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક પ્રભુમાં સ્નેહ હોય તે જ ભક્તિ કહેવાય** અને તેથી જ (ભક્તિથી જ) મુક્તિ છે, બીજી રીતે નથી એમ વર્ણવ્યું છે. ભાગવતમાં 'ભાવ' શબ્દનો અર્થ ભક્તિ જ થાય છે. ભાવ એટલે દેવાદિવિષયિણી રતિ.

રતિ શબ્દનો અર્થ છે સ્નેહ અને આથી જ 'સા પરાનુરક્તિરીશ્વરે' ઇત્યાદિ સૂત્રોમાં શાણ્ડિલ્યાદિ મહર્ષિઓ પ્રભુમાં અતિશય સ્નેહને જ 'ભક્તિ' એ નામથી ઓળખાવે છે. સ્નેહ માહાત્મ્યજ્ઞાન વિના સંભવતો નથી. માહાત્મ્યજ્ઞાન સાથે એવો સ્નેહ છે. સુદૃઢ હોય અને સૌ કોઈ કરતાં અધિક હોય તેને જ ભક્તિ કહેવાય.

સર્વ શ્રુતિઓની એકવાક્યતા

ઉપરોક્ત કારિકાઓનો વિચાર કરતાં કેટલીક શ્રુતિઓની એકવાક્યતા સાધી શકાય તેમ છે, પરંતુ જેમાં ઉપાસ્યનું નિરૂપણ છે તેવી શ્રુતિઓની એકવાક્યતા સાધી શકાય તેમ છે, છતાં તેવી શ્રુતિઓનું તાત્પર્ય ભક્તિમાં ન હોવાથી સર્વશ્રુતિઓની એકવાક્યતા સાધી શકાય નહીં, માટે પ્રભુનાં પૃથક્ સ્વરૂપોનો વિચાર શાસ્ત્રાર્થપ્રકરણમાં નીચે મુજબ બતાવવામાં આવ્યો છે.

પ્રભુ એક, સમ, અખિલ દોષરહિત અને સર્વત્ર જ પૂર્ણ ગુણવાળા હોવા છતાં પણ શ્રુતિમાં પંચાત્મક, દ્વાદશાત્મક, દશાત્મક અને અસઙ્ખ્ય રૂપવાળા છે એમ વર્ણન કરવામાં આવ્યું છે. તેમને અનેક ઉપમાઓ આપવામાં આવેલી હોવાથી તેવા પણ છે. પ્રભુ નિર્દોષ એવા સંપૂર્ણ ગુણો જેમાં વિદ્યમાન્ છે એવું શરીર ધારણ કરનારા છે, સ્વતંત્ર છે, અચેતનશરીર અને તેના ગુણોથી રહિત છે (અર્થાત્ અલૌકિક આનંદમય શ્રીઅંગવાળા છે), આનંદ માત્ર કરપાદમુખોદરાદિ છે અને સર્વત્ર જ જડ, જીવ અને અંતર્યામી એવા ભેદથી પણ રહિત છે- કારણ કે તે સર્વનું જ કારણ પ્રભુ પોતે જ છે.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે પ્રભુ આવા અલૌકિક આકારવાળા હોવાથી સર્વ જ આકારનિરૂપિકા શ્રુતિઓ આ પ્રકારના જ આકારનું નિરૂપણ કરે છે. આમ સર્વશ્રુતિઓની એકવાક્યતા સિદ્ધ થઈ શકે છે.

પ્રેમભક્તિનું ફલ

અહિં પ્રેમાત્મિકા ભક્તિનું ફલ દર્શાવવામાં આવ્યું છે. જ્યારે ભાગવતશાસ્ત્રમાં વિશ્વાસ થાય ત્યારે તે પ્રકારની ભક્તિનું ફલ પ્રાપ્ત થાય છે જેનો બ્રહ્માનંદમાં પ્રવેશ થયો હોય તેને સંઘાતના પરિત્યાગપૂર્વક બ્રહ્મમાં લય થતા સ્વરૂપાનંદ કે સ્વરૂપ વડે આનંદાનુભાવ થાય. પરંતુ વ્રજભક્તતુલ્ય મહાભાગવત ભક્તોને સર્વેન્દ્રિયો અને અંતઃકરણ દ્વારા પણ આનંદાનુભવ થાય છે. આથી જ

ભગવદ્ભક્તોને જીવન્મુક્તિની અપેક્ષાએ ગૃહસ્થાશ્રમ જ વિશેષ ફલદાયક નીવડે છે. ભક્તિમાર્ગીય સાધન અને ફલ એ બન્ને ઉત્કૃષ્ટ હોવા છતાં તેમાં સર્વનો પ્રવેશ થતો નથી કારણ કે અન્ય શાસ્ત્રો જીવને મોહ પમાડનારાં હોવાથી તેમના અવલોકનથી જીવને મોહ ઉત્પન્ન થતાં તે બુદ્ધિમાં મલિનતા ઉત્પન્ન કરે છે.

જીવસ્વરૂપનિર્ણય

ચિત્સ્વરૂપનો વિચાર કરતાં જીવને ડાંગરના અગ્રભાગ જેવડો બતાવવામાં આવ્યો છે, ગંધની પેઠે ચૈતન્ય પણ પ્રસરણશીલ હોવાથી તે શરીરવ્યાપી છે. જ્યારે ભગવદાવેશ થાય ત્યારે વ્યાપકત્વાદિ ભગવદ્ધર્મોનું પણ શ્રવણ થાય છે. આનંદાંશની અભિવ્યક્તિ થતાં તેમાં કોટિબ્રહ્માંડોની પ્રતીતિ પણ થાય છે. પ્રકાશક હોવાથી જ્યોતિઃપદનો પણ પ્રયોગ થયેલો દેખાય છે. તે કાંઈ પ્રાકૃતઃ ઈન્દ્રિયોથી ગ્રાહ્ય નથી. યોગથી કે દિવ્ય-ભગવદ્દૃષ્ટિથી તે પ્રકાશે છે. **તત્ત્વમસિ** ઈત્યાદિ મહાકાવ્યોનો વિચાર અહીં કારિકામાં કરવામાં આવ્યો છે. ઉપક્રમ અને ઉપસંહારનો વિચાર કર્યા વિના કોઈ પણ વાક્યનો તાત્પર્યાર્થ કળી શકાય નહીં માટે અહીં કારિકામાં ઉપક્રમ અને ઉપસંહારની એકવાક્યતાનો પણ વિચાર કરવામાં આવ્યો છે. અવિકૃત પરિણામવાદને અનુસરી જીવની અંશત્વે બ્રહ્મરૂપતા આ મહાવાક્યમાં છે એવો નિર્દેશ અહીં ઉપલબ્ધ થાય છે. બ્રહ્મ સર્વરૂપ હોવાથી જડ જીવના પૃથક્કરણપૂર્વક સર્વની બ્રહ્મતાનું નિરૂપણ અહીં છે. અલૌકિક વેદનું પ્રમેય પણ અલૌકિક જ હોય, તેથી તેમાં લૌકિક યુક્તિઓનો પ્રવેશ એ સર્વથા અયોગ્ય છે.

બ્રહ્મસ્વરૂપનિર્ણય

જડ અને જીવના સ્વરૂપનો નિર્ણય કર્યા પછી ક્રમપ્રાપ્ત બ્રહ્મસ્વરૂપનો નિર્ણય કરવામાં આવ્યો છે. સચ્ચિદાનંદસ્વરૂપ બ્રહ્મ છે, તે વ્યાપક છે, અવ્યય છે, સ્વતંત્ર છે, સર્વશક્તિ છે, સર્વજ્ઞ છે, પ્રાકૃતગુણવર્જિત છે, તેમાં સજાતીય-વિજાતીય અને સ્વગત (જડ, જીવ અને અંતર્યામી)ના ભેદ નથી. તે સત્યાદિ અપરિમિત ગુણોથી યુક્ત છે, સૃષ્ટિ-સ્થિતિ-પ્રલયકર્તૃરૂપ ગુણથી પણ યુક્ત છે, સર્વાધાર છે, માયાને વશમાં રાખનાર છે, આનંદાકાર છે, અક્ષરથી ઉત્તમ- પર છે, પ્રપંચમાં દેખાતા પદાર્થોથી પણ વિલક્ષણ છે, જગતનું સમવાયી અને નિમિત્તકારણ પણ તે જ

છે. પ્રપંચમાં રમણ કરે છે. નિજસ્વરૂપમાં રમણ કરતી વેળા પ્રપંચને સંકેલી લે છે, સર્વવિભક્તિ અને સર્વપ્રકારોનો અર્થ ભગવાન જ છે, પ્રકૃતિ, પુરુષ અને કાલરૂપ પણ તે જ છે. અંતર્યામીબ્રાહ્મણોક્ત સ્વરૂપ પણ તે જ છે, આ રીતે શ્રુતિમાં પ્રાપ્ત થતા સર્વ વાદોને અનવસર પ્રાપ્ત થાય છે તે સર્વથી એકવાક્યતા થાય છે. અર્થાત્ જ સર્વવાદાનવસરરૂપ પણ પ્રભુ જ છે અને નાના વાદને અનુરોધિ પણ તે જ છે. અંતમૂર્તિ છે, કૂટસ્થ ચલ જ છે, સર્વવિરુદ્ધધર્માશ્રય છે, લૌકિક યુક્તિઓથી અગોચર છે. અવતારદિરૂપે આવિર્ભાવથી અને અવતાર સમાપ્તિરૂપ તિરોભાવથી સર્વને નટવત્ મોહ પમાડી શકે છે. ઇન્દ્રિયોના સામર્થ્યથી તે અદશ્ય છે પણ સ્વેચ્છાથી તે દશ્ય પણ છે જ. જ્યારે શુદ્ધસત્ત્વ આનંદરૂપમાં ફલિત થાય છે. કાલાદિ પણ તેમાં પ્રતિબિંબિત થાય છે. પ્રભુ આત્મરૂપે જ - સૃષ્ટિને ઉત્પન્ન કરે છે તેથી **વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય** દોષ પણ લાગુ પડતો નથી. (વૈષમ્ય એટલે વિષમતા અને નૈર્ઘૃણ્ય એટલે નિર્દયતા) અથવા પ્રભુ કર્મસાપેક્ષ હોવાથી વૈષમ્ય- નૈર્ઘૃણ્ય દોષથી પ્રસક્તિ થતી નથી. એ પ્રભુ જ જગત્કર્તા છે.

પરમત નિરાકરણ

બ્રહ્મસ્વરૂપનો નિર્ણય કરીને શ્રી વલ્લભાચાર્યે પરમતની સમીક્ષા કરી છે. તેઓ કહે છે કે કેટલાક મહાબુદ્ધિમાનો (?) શ્રુતિઓના ખરા અર્થનો બાધ કરીને પરબ્રહ્મ જગતનું કારણ નથી એમ પ્રતિપાદન કરે છે. જગતને માયાને કારણે દેખાતું વિવર્ત અર્થાત્ પ્રતિબિંબ માને છે. અવિદ્યાના કારણે આત્મા જ બધ્ધ અવસ્થામાં 'જીવ' રૂપ બને છે અને જ્ઞાન પ્રાપ્ત થતાં અવિદ્યા દૂર થાય છે અને તે 'અહં બ્રહ્માસ્મિ' થાય છે. શ્રી વલ્લભાચાર્યજી એ ઉપરોક્ત શબ્દ પ્રમાણોના આધારે એ પરમતનો છંદ ઉડાડી જગતના સાતત્યને, તેના બ્રહ્મ રૂપત્વને સાબિત કરી બતાવ્યું છે.

વળી માયાવાદનો આશ્રય લેવાથી જ્યારે સર્વ જ મિથ્યા છે, તો મુક્તિનોયે નાશ થશે. જેમ સ્વપ્નમાં જોયેલ હાથી મિથ્યા હોવાથી સ્વપ્નમાં મેળવેલો હાથી સ્વપ્ન નષ્ટ થતાં નષ્ટ થાય છે, તેમ મિથ્યા જગત્માં સ્થિતિ કરીને મેળવેલી મુક્તિ પણ મિથ્યા ઠરે. આમ માયાદિનું કર્તૃત્વ શ્રુતિ અને સૂત્રથી પણ વિરુદ્ધ જ છે.

જ્યાં જ્યાં અકર્તૃત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, ત્યાં માહાત્મ્યજ્ઞાન કરાવવા માટે જ તેમ કહ્યું છે અને પ્રભુ વિરુદ્ધ ધર્માશ્રય છે, એમ સિદ્ધ કરી આપવા માટે કહ્યું છે.

પુરાણોમાં માયિકત્વનું વર્ણન છે, તેનું તાત્પર્ય વૈરાગ્ય માટે જ છે. તે ઉપરથી એમ સાબિત થાય છે કે જગત્‌ને અવિદ્યા માત્ર કહેવાનું પ્રયોજન દૈવેતર સૃષ્ટિને મોહ પમાડવા માટે જ છે.

જ્યારે અખંડ-અદ્વૈતનું ભાન થાય ત્યારે સર્વ જગત્ બ્રહ્માકારત્વે જ દેખાય છે. બ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ હોવાથી જગત્ બ્રહ્મથી ભિન્ન છે એમ કહેવું પણ અયુક્ત જ છે.

શાસ્ત્રાર્થોપસંહાર

ઉપસંહાર કરતાં શ્રી વલ્લભાચાર્ય સમજાવે છે કે (૧) વૈરાગ્ય, (૨) જ્ઞાન, (૩) યોગ, (૪) પ્રેમ, (૫) તપ ઈત્યાદિ ગમે તે પ્રકારના કોઈ પણ એક જ સાધનથી પ્રભુને ભજે તો સિદ્ધિ-મોક્ષની પ્રાપ્તિ થાય. જ્ઞાનમાર્ગમાં જગત્‌ના લયના ઘણા પ્રકારો જણાવ્યા છે. તે સર્વ જ કોઈ પણ પ્રકરણને અનુસરનારા ન હોવાથી મનઃશુદ્ધિ માટે જ છે એમ સમજવું.

જ્યારે દૃઢ-અદ્વૈતજ્ઞાન થાય ત્યારે વૈરાગ્ય પ્રાપ્ત થતાં ગૃહાદિની આસક્તિ છૂટી જાય છે અને સંસાર નિવૃત્તિ થાય છે.

આ રીતે સર્વ પ્રકારનો નિશ્ચય કરીને શ્રી વલ્લભાચાર્ય કહે છે કે સર્વ પદાર્થો પ્રભુની દ્વારા જ ઉત્પન્ન થાય છે અને પ્રભુ જ સર્વમય છે, એવા મુખ્ય જ્ઞાનયુક્ત જીવ સ્નેહ વડે શ્રવણાદિ પ્રકારે પ્રભુને ભજે, એ જ ઉત્તમ ભક્તિમાર્ગ છે. શાસ્ત્રાર્થનું જ્ઞાન ન હોય અને પ્રેમયુક્ત થઈને પ્રભુને ભજે તે મધ્યમાધિકારી કહેવાય. અથવા એવો અધિકારી હીનાધિકારી પણ હોય. પરંતુ જ્યારે જ્ઞાન અને પ્રેમ એ ઉભયનો અભાવ હોય ત્યારે આચરેલા શ્રવણાદિક પાપનાશક હોવાથી ધર્મરૂપ થાય છે. આવા ભક્તોને પ્રમેય બલથી પ્રભુકૃપા કરીને સિદ્ધિ (મોક્ષ)નું દાન કરે તે પણ શક્ય છે. કિંતુ પ્રમેય બલ વિના તેમને સિદ્ધિ નથી એ નિર્વિવાદ છે.

આ રીતે શાસ્ત્રાર્થ પ્રકરણમાં સર્વ પ્રમાણ વાક્યોની એકવાક્યતા સિદ્ધ થાય છે. આ પ્રકારની એકવાક્યતા સંપૂર્ણ વેદ, રામાયણ સહિત મહાભારત અને

જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ઇત્યાદિ માર્ગોનું, પ્રપંચ- જગતના પદાર્થોનું તેમ જ પ્રમાણાદિનું યથાર્થ સ્વરૂપ શું છે તેનો નિશ્ચયાત્મક બોધ આ પ્રકરણમાં થાય છે, જેના કારણે અસંભાવના તથા વિપરીત ભાવનાદિ નિવૃત્ત થાય છે. જેમ બ્રહ્મમીમાંસામાં (બ્રહ્મસૂત્રોમાં) સમન્વય, અવિરોધ, સાધન અને ફલ એમ ચાર અધ્યાયમાં વેદાર્થ નિશ્ચય કરવામાં આવ્યો છે તેમ અત્રે પણ પ્રમાણ, પ્રમેય, ફલ અને સાધનથી વેદાર્થનો નિશ્ચય કર્યો છે. તદુપરાંત ઉપરોક્ત અસંભાવના ઇત્યાદિ કરી રીતે ઉદય પામે તો તેને નિવૃત્ત કરવા પ્રમાણાદિના બલાબલનો નિશ્ચય કરવો, અર્થાત્ કયું પ્રમાણ સબળ હોઈ સ્વીકારવા યોગ્ય છે, કયું પ્રમાણ નિર્બળ હોઈ સ્વીકારવા યોગ્ય નથી, તેમ જ માન્ય પ્રમાણોમાં પણ પરસ્પર વિરોધ હોય ત્યાં કયા પ્રમાણને સ્વીકારવું અને કયા પ્રમાણને ન સ્વીકારવું ઇત્યાદિ સર્વનો નિર્ણય અત્રે બતાવવામાં આવ્યો છે.

સર્વ નિર્ણય પ્રકરણની કુલ ૩૨૩ કારિકાઓ છે. ઉપરોક્ત બતાવેલ નિર્ણય પ્રમાણના સ્વરૂપનો નિર્ણય કર્યા વિના થઈ શકે નહીં. માટે ૧-૮૩ કારિકા પર્યંત પ્રમાણ પ્રકરણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વેદ અને વેદને અનુસરતાં પ્રમાણ, બધા પ્રમાણોમાં બલિષ્ઠ છે. એક શંકા ઉદ્‌ભવે કે જીવ, જડ અને અંતર્યામી એ ત્રણ જો બ્રહ્મના અંશ છે તો પછી તેઓમાં પરસ્પર તારતમ્ય કેમ છે? જડ, જીવ તથા અંતર્યામી બ્રહ્મથી અભિન્ન છે, તો પછી એમનામાં અને બ્રહ્મમાં શો વિશેષ ફેર છે? આ બાબતને સમજવા સર્વનો સ્વરૂપનિર્ણય કરવો આવશ્યક ગણાય. આ બાબતનો નિર્ણય શ્રી વલ્લભાચાર્યે સર્વ નિર્ણયના પ્રમેય પ્રકરણની કારિકાઓ ૮૪થી ૧૮૦માં કર્યો છે. આમ પ્રમાણ પ્રકરણ પછી પ્રમેય પ્રકરણની આવશ્યકતા પણ સિદ્ધ થઈ જાય છે. હવે બીજી શંકા એમ પણ ઉદ્‌ભવે કે વેદમાં તો કર્મ, જ્ઞાન તથા ભક્તિ આદિ સાધનો દર્શાવ્યાં છે છતાં ભક્તિ એ સર્વથી અધિક શા માટે? આ શંકાના નિરાકરણ માટે સર્વ સાધનોના ફલનું તથા તેઓને વિશે થતાં સુખ તથા દુખના તારતમ્ય- ન્યૂનાધિક્યનું નિરૂપણ કરવું આવશ્યક ગણાય. એ નિરૂપણ શ્રી વલ્લભાચાર્યે સર્વનિર્ણયના ફલ પ્રકરણમાં ૧૮૧થી ૨૮૮ સુધીની કારિકાઓમાં કર્યું છે. અહીં ફલ પ્રકરણની આવશ્યકતા સ્પષ્ટ થવા છતાં ભક્તિના ફલના જેવું જ ફલ જો વેદોક્ત માર્યાદિક સાધનોથી થઈ જતું હોય તો પછી વેદમાં કહેલા માર્યાદિક (મર્યાદામાર્ગમાં બતાવેલ) સાધનમાં

અને ભક્તિરૂપ સાધનમાં શો વિશેષ ભેદ રહ્યો છે તે સમજી શકાતું નથી. આ શંકાની નિવૃત્તિ માટે સાધનના સ્વરૂપનો નિર્ણય શ્રી વલ્લભાચાર્યે સર્વનિર્ણયના સાધન પ્રકરણ ૨૮૯થી ૩૨૩ સુધીની કારિકાઓ કર્યો છે.

આ રીતે શ્રી વલ્લભાચાર્યે સર્વનિર્ણયમાં પ્રમાણ, પ્રમેય, ફલ તથા સાધનની સ્પષ્ટતા કરતાં શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહેલો સિદ્ધાંત સુદઢ થાય છે. તે રીતે સર્વતત્ત્વના નિર્ણયનો ઉપદેશ કરે એવું આ સર્વનિર્ણય પ્રકરણ છે જે બુદ્ધિમંત સાત્વિક ભગવદ્ભક્ત અધિકારીઓને ઉપદેશવા માટે છે.

સર્વનિર્ણય પ્રકરણનો ઉપસંહાર કરતાં શ્રી વલ્લભાચાર્ય અંતિમ કારિકાઓ કહે છે કે લોકમાં પ્રેમથી વિશેષ અન્ય મુખ્ય સાધન કશું જ નથી. મનની રુચિથી થયેલ પ્રેમમાં દોષ દર્શન હોતું નથી. ભગવાનના વિષયમાં શાસ્ત્ર જ્ઞાન વગર અર્થાત્ તેમના માહાત્મ્ય જ્ઞાન વગર લોક દૃષ્ટિથી દોષની સંભાવના રહેલી હોય છે. માટે જ શાસ્ત્રજ્ઞાન આવશ્યક છે. સર્વશાસ્ત્રનો યથાર્થ નિર્ણય કરવાવાળું, ભગવાનના સર્વ માહાત્મ્યને સમજાવનારું અને ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવાવાળું શાસ્ત્ર શ્રીમદ્ ભાગવત છે.

ભાગવત શ્રવણ કરવાનાં ત્રણ અંગ છે- (૧) ભાગવતના તાત્પર્યનું સારી રીતે જેને જ્ઞાન હોય તેવા વક્તા આવશ્યક છે. (૨) જે ભગવદ્ભક્ત હોય તેના મુખેથી તેનું શ્રવણ કરવું જોઈએ અને (૩) શ્રવણ કરનારનું હૃદય વૈરાગ્યયુક્ત હોવું જોઈએ. અધિકારી શ્રોતા દ્વારા ભાગવતના શ્રવણ માત્રથી ભક્તિનો ઉદય થાય છે. જે વિરક્ત, અસંભાવના- વિપરીત ભાવનારહિત હોય, સુહૃદ હોય. તીર્થાદિકના સેવનથી જેનું અંતઃકરણ શુદ્ધ થયેલ હોય એવા વિદુર તેમ જ ઉદ્ધવ તુલ્ય ભક્તને લીલા માત્રના શ્રવણથી ભક્તિ ઉત્પન્ન થાય છે તેમાં કોઈ શંકા નથી.

આમ ઉત્પન્ન થયેલ ભક્તિ સ્થિર ન રહેતાં તેમાં દિનપ્રતિદિન વૃદ્ધિ પામે અને અંતતોગત્વા શ્રીકૃષ્ણરૂપ ફલની પ્રાપ્તિ કરાવી શકે તે હેતુથી શ્રી વલ્લભાચાર્યે આ પછીનું તૃતીય પ્રકરણ- ભાગવતાર્થ પ્રકરણ પ્રસ્તુત કર્યું છે.

(૩) ભાગવતાર્થ પ્રકરણ

ભાગવતાર્થ પ્રકરણ 'તત્ત્વાર્થદીપ નિબંધ'નું ત્રીજું પ્રકરણ છે. શ્રી વલ્લભાચાર્યે પ્રથમ શાસ્ત્રાર્થ પ્રકરણમાં જ આનો નિર્દેશ કરેલ છે- **'શાસ્ત્રાર્થ સ્ય સંક્ષેપ**

રૂપત્વાદ વિસ્તારાર્થમ્ ભાગવત રૂપં તૃતીયં પ્રકરણ' અર્થાત્ લઘુ ભક્તિ શાસ્ત્ર ભગવદ્ગીતા છે, જ્યારે બ્રહદ ભક્તિ સારથી શ્રીમદ્ ભાગવત છે. સર્વનિર્ણય પ્રકરણના ઉપસંહારની કારિકામાં તેમણે આજ વાતનો પુનરોચ્ચાર કર્યો છે. ત્યાં તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે સર્વશાસ્ત્ર નિર્ધારક ભગવન્માહાત્મ્યજ્ઞાપક, સર્વ સંદેહ નિવારક, અંતકરણશોધક અને ભગવત્પ્રેમોત્પાદક અનુપમ ભક્તિશાસ્ત્ર શ્રીમદ્ ભાગવતના ગૂઢ ભક્તિ તત્ત્વોનું સમ્યક જ્ઞાન ન થાય અથવા અન્યથા જ્ઞાન હોય તો ભક્તિફળ પ્રાપ્ત થઈ શકે નહીં.

અખિલ બ્રહ્માંડ નાયક પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણનું નામ-સ્વરૂપાત્મક સ્વરૂપ એજ દ્વાદશ સ્કન્ધમાં આલેખાયેલ શ્રીમદ્ ભાગવત મહાપુરાણ છે જેનું વર્ણન વેદમાં **'દ્વાદશાંગો વૈ પુરુષઃ'** શ્રુતિ દ્વારા પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ ભાગવતના દ્વાદશ સ્કંધમાં ક્રમશઃ દશવિધલીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, જે સર્વે પરસ્પર એકબીજાના પૂરક પણ છે. પ્રથમ સ્કંધ 'અધિકાર' વર્ણનમાં અધિકારી જીવના સાધન, દ્વિતીય સ્કંધમાં 'સાધન' વર્ણનમાં સાધનયુક્તોના શ્રવણ, તૃતીય સ્કંધ સર્ગલીલા વર્ણન, ચતુર્થ સ્કંધ- વિસર્ગલીલામાં સૃષ્ટિ જીવોના ધર્માદિ પુરુષાર્થ સાધન, પંચમ સ્કંધ- સ્થાન લીલામાં પુરુષાર્થ પ્રાપ્ત જીવોને તેમની મર્યાદા દ્વારા સ્થાપિત કરવા, છઠ્ઠા સ્કંધમાં પોષણ લીલા જેમાં તે જીવો પર કરેલ અનુગ્રહ, સાતમા સ્કંધમાં ઊતિ લીલામાં અનુગ્રહ પ્રાપ્ત જીવોના વૈષમ્ય, નૈર્ધૃણ્ય દોષની નિવૃત્તિ કાજે વાસના, આઠમા સ્કંધમાં મનવન્તર કથામાં વાસનાઓની નિવૃત્યર્થ સધ્ધર્મ, નવમા સ્કંધની ઈશાનુકથામાં નિવૃત્ત દોષ શુદ્ધ જીવોને ભક્તિ પ્રાપ્તિ, દશમા સ્કંધમાં નિરોધલીલામાં ભક્તોની ભગવદાસક્તિ, અગિયારમાં સ્કંધની મુક્તિલીલામાં ભગવદાસક્ત જીવોની સ્વરૂપ દ્વારા વ્યવસ્થિતિ અને બારમા સ્કંધ- આશ્રયલીલામાં ભગવત્વ્યવસ્થિત જીવોનો ભગવદાશ્રય ઈત્યાદિ ઉપરોક્ત પ્રકારે ક્રમશઃ ભગવલીલાનું વર્ણન કરવામાં આવ્યું છે. આ ભાગવતોક્ત દશ લક્ષણી અલૌકિક વિરુદ્ધ ધર્માશ્રયી દશવિધ લીલા દશધા ભક્તિમાં ભાવભક્તિ અખિલ બ્રહ્માંડનાયક શ્રી પ્રભુની મહારાસ લીલાનું માહાત્મ્યમય વર્ણન કરવામાં આવ્યું છે.

માટે જ શ્રી વલ્લભાચાર્યે નિબંધમાં ભાગવતાર્થ પ્રકરણને પ્રકટ કર્યું જેનાથી પુષ્ટિભક્તિ શાસ્ત્રનું ફલ, ભાગવતના સમ્યક તાત્પર્ય જ્ઞાન દ્વારા, અસંભાવના-

વિપરીત ભાવનાનો અભાવ થશે, અંતઃકરણ શુદ્ધ થશે, તેમ જ અન્યથા જ્ઞાન નિર્મૂલ થવાથી ભગવત્પ્રેમની ઉત્પત્તિ અને નિત્ય ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થશે. તેથી આ પ્રકરણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

સામાન્યતઃ શ્રીમદ્ ભાગવતને સમજવું અત્યંત કઠિન છે પરંતુ શ્રી વલ્લભાચાર્યે ભાગવતનો શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, અધ્યાયાર્થ, વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ એમ સાત પ્રકારે પરસ્પર અવિરોધ બતાવી અર્થઘટન કરી તેનો ગૂઢ તત્ત્વબોધ કર્યો છે, જેથી આ કથાનો વાસ્તવિક ભગવદ્ રસાનુભવ થઈ શકે. તેઓ કહે છે-

'શાસ્ત્રે સ્કંધે પ્રકરણેઽધ્યાયે વાક્યે પદેઽક્ષરે
એકાર્થં સપ્તધા જાનન્ન વિરોધેન મુચ્યતે.'

આ સાત પ્રકારે કરેલ અર્થમાં પ્રથમ ચાર અર્થ તત્ત્વાર્થદીપ નિબંધના ભાગવતાર્થ પ્રકરણમાં તથા બાકીના ત્રણ પ્રકારના અર્થ શ્રી વલ્લભાચાર્યે સુબોધિનીમાં સ્પષ્ટ કર્યા છે. આમ તે સ્વતંત્ર ગ્રંથ હોવા છતાં આ બન્ને ગ્રંથો પરસ્પર સંકળાયેલ છે.

◆

૬

સદ્‌વસ્તુ શાસ્ત્ર
(Meta Physics)

ભૌતિક વિષયોના વિજ્ઞાનને અંગ્રેજીમાં 'Physics' કહેવાય છે. જે ભૌતિક નથી- અભૌતિક કે આધ્યાત્મિક છે એવા ચિંતનને સદ્‌વસ્તુ શાસ્ત્ર કે અધ્યાત્મશાસ્ત્ર કહેવાય છે. અંગ્રેજીમાં તેને 'Metaphysics' કહે છે. 'વેદાંત' એ પણ પારલૌકિક વિષયોનું ચિંતન છે. પાશ્ચાત્ય એવમ્ ભારતીય તત્વવેત્તાઓએ **'પરમ સત્તા'** (Ultimate Reality) વ્યક્તિનું પોતાનું સ્વરૂપ શું?, (Who am I?), સૃષ્ટિનું સર્જન કઈ રીતે થયું હશે? વગેરે વિષયો પર પણ ઘણું ચિંતન કરેલું છે અને પ્રત્યેક વિચારકોએ પોતપોતાની વિચારધારા અને તેનાં કારણો આપ્યાં છે. સૃષ્ટિની સત્તા અથવા અસ્તિત્વ વિશેના શાસ્ત્રને **'સત્તાશાસ્ત્ર'** અથવા **'અસ્તિત્ત્વશાસ્ત્ર'** કહેવાય છે. અંગ્રેજીમાં તેને 'Ontology' કહે છે. 'Ontos' એટલે Being- હોવું અથવા અસ્તિત્વ ધરાવવું.

'Metaphysics' નામ આકસ્મિક રીતે ઉત્પન્ન થયું છે. એરિસ્ટોટલનાં લખાણોના સંકલનકર્તાએ તેમનાં સામાન્ય અન્વેષણિક લખાણોને તેમના તત્ત્વજ્ઞાન વિષયક લખાણો પછી મૂક્યાં. આમ પાછળનાં લખાણોનો વિષય 'Physics' હતો એટલે પૂર્વનાં લખાણો 'Meta Physics' તરીકે ઓળખાયાં અને તેથી અધ્યાત્મચિંતન Meta Physicsના નામે ઓળખાવા માંડ્યું.

'વલ્લભવેદાંત'ને પણ 'સદ્‌વસ્તુ શાસ્ત્ર' અથવા **'અધ્યાત્મ દર્શન'** કહેવાય. શ્રી વલ્લભાચાર્યે તેમ જ અન્ય આચાર્યોએ શાસ્ત્રોનું દોહન કરી તેના આધારે પોતપોતાનું વિશિષ્ટ 'દર્શન' વિશ્વને આપ્યું છે.

૧. સૃષ્ટિના સર્જન વિશે વિચારો

સૃષ્ટિના સર્જન વિશેની વિવિધ વિચારધારાઓ નીચે મુજબ પ્રસિદ્ધ થયેલ છે.

(૧) સૃષ્ટિનું સર્જન શૂન્યમાંથી થયેલું છે (Out of Nothing). આ ખ્રિસ્તી ધર્મની માન્યતા છે.

(૨) ભારતીય ષડદર્શનની નૈયાયીકો અને વૈશેષિકીઓની ધારણા મુજબ

વિશ્વની રચના પરમાણુઓથી થયેલી છે.

(૩) 'પ્રકૃતિ' અને 'પુરુષ' દ્વારા જગતનું સર્જન થયું છે તેમ સાંખ્ય દર્શન તથા મધ્વ સંપ્રદાય માને છે.

(૪) 'વિવર્તવાદ' અથવા જગત એ બ્રહ્મનું વિવર્ત- પ્રતિબિંબ છે. (It is an appearance of Brahm, but not Real) એ શંકરાચાર્યનો મત છે.

(૫) વલ્લભાચાર્ય 'બ્રહ્મ' પોતે જ પોતાની ઈચ્છાથી જગતરૂપ બન્યા છે અર્થાત્ બ્રહ્મ જ જગતનું 'અભિન્ન- નિમિત્તોપાદાન કારણ' છે, તેથી તે તેનું આધિભૌતિક સ્વરૂપ છે એમ પ્રતિપાદિત કરે છે.

તેમના મતે બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મ છે, જ્યારે 'પુરુષોત્તમ' સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ એ બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે. એ જ પરમોચ્ચ તત્ત્વ- ultimate Reality છે, જે સચ્ચિદાનંદ, ષડગુણ સંપન્ન સ્વરૂપ છે. તેમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવા છ ગુણો એટલે કે 'ભગ' (Qualities) રહેલ છે અને તેથી તેમને **'ભગવાન'** કહેવાય છે. સત્- ચિત્- આનંદ એ ભગવાનમાં રહેલ તત્ત્વો (Attributes) છે.

જગતની ઉત્પત્તિનું કારણ ભગવાનની સ્વયંની ઈચ્છા (will) છે. પોતાની ઈચ્છાના કારણે પોતાનામાંથી અક્ષર બ્રહ્મ રૂપે અસ્તિત્વ પામી ક્રમશઃ પ્રકૃતિ અને પુરુષની રચના થઈ, જેમાંથી અનેકાનેક જીવોની ઉત્પત્તિ થઈ છે તેમ શ્રી વલ્લભાચાર્ય માને છે. (આવો જ વિચાર પ્લેટોના શિષ્ય પ્લોટિનસે વ્યક્ત કરેલો પરંતુ ખ્રિસ્તી પાદરીઓએ તેનો વિરોધ કરેલો કારણ કે તે તેમના ધર્મ વિરુદ્ધની માન્યતા હતી.)

આ જડ-જીવાત્મક જગતની ઉત્પત્તિ અક્ષરબ્રહ્મમાંથી પ્રકૃતિ દ્વારા થઈ છે. અક્ષરબ્રહ્મ અવ્યક્ત (Unmenifested) છે, જે 'Involve' થાય તે જ 'Evolve' થઈ શકે. જગત બ્રહ્મમાં નિહિત હોઈ તે કાર્યરૂપે પ્રગટ થાય છે. અર્થાત્ કાર્ય એ કારણમાં સમાવિષ્ટ હોય છે. મહર્ષિ અરવિંદ પણ આમ જ માને છે. આ સત્કાર્યવાદનો વિચાર (concept) છે. ભગવાન જગતનું ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ છે. જગતના રૂપમાં ઈશ્વર જ વિકસિત (Expand અને Extend) થયા છે, અને જે અદૃશ્ય (invisible) છે તે દૃશ્યમાન (Visible) બને છે.

શંકરાચાર્ય માયાને **અજ્ઞાન** અથવા **અવિદ્યા** (Cosmic Ignorance અથવા Collective Ignorance) કહે છે અને તેના કારણે જગતનો ભાસ થાય છે તેમ માને છે. માટે તેઓ તેને **'મિથ્યા'** કહે છે. પ્રશ્ન થાય કે માયા ક્યાં રહે છે? તે બ્રહ્મની અંદર રહી શકતી નથી. શ્રી વલ્લભાચાર્યજી માયાને ભગવાનની શક્તિ માને છે. તે બ્રહ્માથી જ ઉત્પન્ન થાય છે. અવિદ્યા એ માયાનું રૂપ છે. અક્ષર બ્રહ્મમાંથી જીવ-આત્મા છૂટા પડ્યા છે. તે બ્રહ્મના અંશ છે. પરંતુ અજ્ઞાનના કારણે તેમનામાં 'અહંતા' (ego centric attribute) પ્રગટે છે. આ 'હું' છું અને આ 'મારું' છે, તેવી ભાવના ઉત્પન્ન થાય છે. આનું કારણ અવિદ્યા છે. ઈશાવાસ્ય ઉપનિષદ કહે છે- **ઈશાવાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્, તેન વ્યક્તેન ભુંજીથા મા ગૃધઃ કસ્ય સ્વિધ્ધનાઃ'** અર્થાત્ વિશ્વમમાં જે કાંઈ આ સર્વ જગત છે, એટલે કે સ્થાવર- જંગમ રૂપી જગત છે, તે ઈશ્વરના અધિકારમાં છે અર્થાત્ તેનું જ છે. કેવળ તેના દ્વારા સોંપાયેલ ધનનો જ ઉપયોગ કરવો યોગ્ય છે, અધિકની ઈચ્છા ન કરવી જોઈએ.' આપણે સંપત્તિના માલિક નથી. ટ્રસ્ટી એ ટ્રસ્ટની મિલકતનો માલિક નથી હોતો, કેવળ તેનો વ્યવસ્થાપક હોય છે તેમ આ મિલકત ભગવાનની છે. પરંતુ અહંતા-મમતાને કારણે આપણે બધું મારું છે તેમ માની બેસીએ છીએ. આ ખોટી માન્યતા છે, જેને 'સંસાર' કહેવામાં આવે છે, જે મિથ્યા (Unreal) છે. આ વિચારધારા શ્રી વલ્લભાચાર્યજીની છે. તેઓ વિષયતાને 'સંસાર' કહે છે. આપણે સાચું ખોટું- ગમવું ન ગમવું (likes and dislikes)- રાગ અને દ્વેષ ઉત્પન્ન કરીએ છીએ. આવી બધી માન્યતાઓ આપણે પેદા કરી છે. આમ સંસાર એ વાસ્તવિક જગત નથી તે આપણું સર્જન છે.

આપણો ઉદ્દેશ્ય આવી માન્યતામાંથી મુક્ત થવાનો છે. શ્રી વલ્લભાચાર્યજી આ સંસારને છોડવાની વાત કરે છે. આપણામાં રહેલી અહંતા- મમતાના ત્યાગનો ઉપદેશ આપે છે. અને તે છૂટે તો જ ભક્તિ થઈ શકે અથવા અહંતા-મમતાનો ત્યાગ તે જ 'ભક્તિ'. 'હે ઈશ્વર, આ બધું મારું નથી, તારું છે' તેવી માન્યતા દ્દઢ થાય તો ભક્તિ પ્રગટે.

શ્રી વલ્લભાચાર્યજી જીવોના અધિકાર પ્રમાણે તેમનું વર્ગીકરણ કરે છે. પ્રવાહી જીવો સંસારમાં ભટક્યા કરે છે, તેને ભગવાન કે તેમની ભક્તિમાં

રુચિ થતી નથી. મર્યાદા જીવો સાધન કરે છે. તેમાં તેઓને આનંદ આવે છે. તેનાથી આગળ વધતાં તે પુષ્ટિજીવ બની ભગવાનની કૃપાનો અધિકારી બની શકે છે.

જીવાત્મામાં ભગવાનનો સત અને ચિત્ તત્ત્વોનો આવિર્ભાવ હોય છે. અને આનંદ અથવા રસતત્ત્વ તિરોહિત હોય છે. જે તત્ત્વો છુપાયેલ છે તેને ભક્તિ દ્વારા પ્રગટ કરવાનાં છે. આપણામાં તે આનંદ મેળવવાની ભૂખ જાગવી જોઈએ. જો ભૂખ ન લાગી હોય તો મિષ્ટાનનો આનંદ માણી શકાતો નથી. ભૂખ લાગે તો તે મિષ્ટાનનો અનુભવ કરી શકીએ. સુષુપ્ત અવસ્થામાં આપણે સાતત્ય (Reality)ની નજીક જઈએ છીએ.

૨. સૃષ્ટિ વિશે શ્રી વલ્લભાચાર્યજીનો દૃષ્ટિકોણ

ઉપરોક્ત વર્ણનથી આપણે સમજવું જોઈએ કે

(૧) વલ્લભાચાર્યજીના દૃષ્ટિકોણથી જગતની સ્થિતિ શું છે- અર્થાત્ તે બ્રહ્મનું જ આધિભૌતિક રૂપ હોઈ સત્ય છે.

(૨) જગત એ પ્રકૃતિનું કોઈ સ્વતંત્ર નિર્માણ (Product of independant prakruti) નથી.

(૩) જગતનું નિર્માણ શૂન્યમાંથી (Out of Nothing) અથવા પંચમહાભૂતના પરમાણુઓમાંથી બનેલું નથી.

(૪) ઈશ્વર જ જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ છે, માટે તેને ઈશ્વરથી અલગ પાડી શકાતું નથી. તે અભિન્ન છે. તેનું અસ્તિત્વ ઈશ્વરથી અલગ નથી.

આપણે આવો દૃષ્ટિકોણ અપનાવવાની આવશ્યકતા છે. જગત કેવળ ચોરો અને બધી પ્રકારની ખરાબીઓથી જ ભરેલું છે તેમ માની લેવાની જરૂર નથી. માટે બધા જીવોને ધિક્કારવાની વૃત્તિ રાખવી જોઈએ નહીં. તે ભગવાનની લીલા-રમતનો એક ભાગ છે. તેમ માની તેમાંથી આનંદ પ્રાપ્ત કરવો જોઈએ. જગત એ ભગવાનની આત્મસૃષ્ટિ છે. માટે જ આપણે ત્યાં 'શેતાન'ની કલ્પના નથી.

(૫) જગત એ ભગવાનના 'સત્' તત્ત્વમાંથી ઉત્પન્ન થયેલ છે.

(૬) જગત એ કેવળ દેખાવ પૂરતું (Appearance) નથી પરંતુ વાસ્તવિક છે, જ્યારે 'સંસાર' અવાસ્તવિક છે. તે ઈશ્વરની વ્યાપકતાનું દર્શન છે જે સાધના

દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. (પાશ્ચાત્ય ફિલોસોફીમાં સાધનાનો પ્રકાર નથી જ્યારે ભારતીય તત્ત્વદર્શન સાધના પ્રણાલી ઉપર ભાર મૂકે છે.)

(૭) જગતને ઈશ્વરનાં વિવિધ નામ અને રૂપો દ્વારા જાણી શકાય છે. (Revealed by many forms and many names) તેને જ તેમની આત્મસૃષ્ટિ કે ‘Self extension’ અથવા ‘Self expansion’ કહેવાય છે.

(૮) આ સૃષ્ટિનિર્માણનો હેતુ ભગવાનની સ્વયંની લીલાર્થે છે (It is a sport or activity of God). તેનો હેતુ તેની બહાર નથી. તેનો હેતુ લીલા માત્ર છે. દેખાતી અસફળતાઓ પણ લીલાનો જ એક ભાગ છે તેમ સમજવું.

અસફળતાને વિશેષ મહત્ત્વ ન આપવું જોઈએ. અસફળતાઓ એ મનુષ્યની ગુરુ છે. (They are great teachers.) માણસ તેનામાંથી જ આગળ વધવાની પ્રેરણા લે છે. ભૂલ કરવી એ મનુષ્યસ્વભાવ છે (To eor is human). મોટા માણસ તે જ કહેવાય જે તેમની ભૂલોનો સ્વીકાર કરે. જે તેવી ભૂલોનો નિર્દેશ કરે તેમનો ઉપકાર- આભાર માનવો જોઈએ. જેઓ ભૂલોમાંથી શીખે છે તે તેનાથી પણ મોટો (Great) કહેવાય. કોઈ આપણી ટીકા કરે તો જ આપણને આપણી ભૂલો સમજી શકાય. જ્યારે બીજાની આંખથી જોવાની ટેવ પાડીએ તો આપણી ભૂલોની સમજ પડે. ભૂલો બતાવે તેને ‘ગુરુ’ માનવો જોઈએ. આ આખીયે પ્રશિક્ષણની પ્રણાલી છે.

જગતનાં બધાં જ કાર્યો ભગવાનની લીલાનો ભાગ હોઈ તેમાં આનંદનો અનુભવ કરવો જોઈએ. રમત તેના નિયમો મુજબ અને પૂરા દિલથી રમવી જોઈએ. એમ સમજીએ કે આ ભગવાનની લીલા છે, આપણે ભગવાનની આ લીલામાં-રમતમાં ભાગીદાર છીએ તો તેમાં આનંદનો અનુભવ થાય.

(૯) સત્કાર્યવાદ પ્રમાણે કારણરૂપ બ્રહ્મનું અસ્તિત્વ પહેલાં હતું. તેમાં કાર્યરૂપ જગત છુપાયેલ હતું. તે પ્રગટ થયું ત્યારે આપણે આ જગતને જોઈ શકીએ છીએ. આમ ‘અવ્યક્ત’માંથી ‘વ્યક્ત’ થવાની આ પ્રક્રિયા છે. પ્રલય વખતે ફરીને જગતને બ્રહ્મ પોતાનામાં સમાવી લેશે. જગતનો તિરોભાવ થશે. તેનો નાથ થતો નથી. આને જ **‘અવિકૃત પરિણામ’** કહે છે. જેમ સોનું અને સોનાના દાગીનામાં તેનું પરિવર્તન અથવા જેમ કરોળિયો પોતાનામાંથી લાળ કાઢી જાળું બનાવે અને તેને પાછું પોતાનામાં સમેટી લે તે જ પ્રકારની આ જગતની

ઉત્પત્તિ-સ્થિતિ અને લયની પ્રક્રિયા છે.

(૧૦) જગતનું અસ્તિત્વ એ ઈશ્વરના સત્ તત્ત્વનું પ્રગટ થવું છે. (Becomnig of world is manifestation of being). 'સત' (attribute of God)- **Being** અને **Becoming**માં તફાવત છે. 'Being'- અપરિવર્તનશીલ- 'Unchange' છે, જ્યારે 'Becoming' પરિવર્તન અથવા 'Change' છે.

(૧૧) જગત સત્ય છે. સંસાર અસત્ય છે, કારણ કે સંસાર અહંતા-મમતા (Egocentric attitude)ના કારણે છે. વિષય સાચો છે, વિષયતા ખોટી છે. સંસાર એ વિષયતા છે. તે 'Subjective' છે, જ્યારે વિષય 'Objective' છે.

૩. શ્રી વલ્લભાચાર્યજીની વિચારધારાનો આધાર

ઉપરોક્ત વિચારધારા શ્રી વલ્લભાચાર્યજીએ નિમ્ન શાસ્ત્રો જેને 'શબ્દપ્રમાણ' કહેવાય છે તેના આધારે પ્રતિપાદિત કરી છે.

(અ) સ્વયં ઈશ્વર પ્રદત્ત જ્ઞાન અથવા સ્વયં સ્ફૂરિત જ્ઞાન તે **'વેદ'**.

(બ) તેનું ભાષ્ય (Summary) એ **'બ્રહ્મ સૂત્રો'**, જેની રચના વ્યાસજીએ કરેલ છે.

(ક) મહાભારતમાં શ્રીકૃષ્ણે કહેલી **'ગીતા'** જે પણ વેદોનું જ દોહન અથવા અર્થઘટન છે.

(ડ) **ભાગવત**- આ પુરાણ પણ વેદનો સાર હોઈ બધા સંતોએ સ્વીકાર કર્યો છે.

શ્રી વલ્લભાચાર્યજી ભાગવતને મુખ્ય પ્રમાણરૂપ માને છે, કારણ કે તેમાં વેદના સિદ્ધાંતોની છણાવટ કરવામાં આવી છે અને તેથી તેનું વિશેષ મહત્ત્વ છે. એમ કહેવાય કે કોઈ વિદ્વાનની પરીક્ષા કરવી હોય તો તેને ભાગવત વિશે પૂછવું- **'વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા'**. ભાગવત એ આસાન ગ્રંથ નથી. તેને સમજવા તેના પ્રત્યે આદર થવો જોઈએ. વાછરડું પ્રેમપૂર્વક ગાય પાસે જાય તો તેને દૂધ મળે. ભાગવતને મિત્ર, તત્ત્વજ્ઞાની અને પથપ્રદર્શક (Friend, Philosopher and Guide)ના રૂપમાં જોવું જોઈએ.

'વેદ' એ જગતને ભગવાન દ્વારા પ્રાપ્ત વિશિષ્ટ દેન છે. જગતની રચના એ કોઈ પહેલી ઘટના નથી. પ્રત્યેક સર્જનમાં ભગવાન દ્વારા વેદ પ્રગટ થાય છે.

૪. પરમોચ્ચ તત્ત્વ વિશે શ્રી વલ્લભાચાર્યજીનો દૃષ્ટિકોણ

૧. શ્રી વલ્લભાચાર્યજીના મતે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ એ સર્વોચ્ચ તત્ત્વ છે જેનું અસ્તિત્વ કોઈને કોઈ રૂપમાં સર્વત્ર છે. શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેમાં અલૌકિક આનંદ છે, જ્યારે આપણો આનંદ અશાશ્વત છે માટે આપણે ક્યારેક સુખમાં પણ દુ:ખનો અનુભવ કરીએ છીએ.

શ્રી વલ્લભાચાર્યજી ભગવાનના રસસ્વરૂપને મહત્ત્વ આપે છે. માટે તેમણે પોતાના **'મધુરાષ્ટક'** ગ્રંથમાં ભગવાનની મધુરતા (sweetness)નું વર્ણન કર્યું છે. **'મધુરાધિપતે રખિલં મધુરમ્'**- સમગ્રપણે તેમનું સ્વરૂપ મધુર છે, તેમ તેઓ કહે છે. શ્રુતિ પણ બ્રહ્મને **'રસો વૈ સઃ'** કહે છે- He is lord of sweetness. રસશાસ્ત્રમાં વિવિધ રસોનું વર્ણન છે. સાહિત્યમાં નવ પ્રકારના 'રસ' બતાવવામાં આવ્યા છે. 'ભક્તિ રસ' એ દશમો રસ છે. શ્રીકૃષ્ણમાં દશે રસોનો આનંદ માણી શકાય છે. ગોપીજનો શ્રીકૃષ્ણની સાથે ઓતપ્રોત (Intimate) હતા અને તેથી તેઓ અલૌકિક આનંદ માણી શક્યા. 'Aesthetics' એટલે સૌંદર્યશાસ્ત્ર. શ્રીકૃષ્ણનું સૌંદર્ય દિવ્ય છે- માટે તેમના રસરૂપ સ્વરૂપનું વર્ણન કરતું શાસ્ત્ર એ દિવ્ય 'સૌંદર્યશાસ્ત્ર' (Divine Aesthetics).

પ્રત્યેક રસ આનંદ આપે છે. રુદ્ર રસ- (Anger) પણ આનંદનું માધ્યમ બની શકે. ભગવાનનો સંયોગ જે સુખાનંદ આપે તેટલો જ તેનો વિયોગ (Seperation) પણ આનંદ આપનારો હોય છે.

શ્રી વલ્લભાચાર્યજીનું ભક્તિ શાસ્ત્ર- માધુર્ય ભક્તિ સાથે- સૌંદર્ય (Aesthaties) સાથે સંબંધ ધરાવે છે. તે કેવળ માનસશાસ્ત્રીય (Psycologiphy) દૃષ્ટિકોણથી નહીં પરંતુ અધ્યાત્મવાદી (Metaphysical) દૃષ્ટિકોણ છે- અર્થાત્ વ્યક્તિ નિરપેક્ષ સૌંદર્યની વાત છે. સુંદરતા જોનારની આંખમાં હોય છે તેમ કહેવાય છે. શ્રીકૃષ્ણનું સૌંદર્ય એવું અપ્રતિમ છે. તે સ્વરૂપનિષ્ઠ ન હોતા આત્મનિષ્ઠ છે. (It is objective- not related to the beholder).

ભગવાનને **'ભગવાન'** એટલા માટે કહેવાય છે કે તેઓ ષડગુણ સંપન્ન છે, અર્થાત્ તેમનામાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણો રહેલા છે. 'ભગ' એટલે ગુણો. આ ગુણો યુક્ત જે છે તે 'ભગવાન'.

ઐશ્વર્ય એટલે સમર્થ (Almighty), વીર્ય- (Valour), યશ (Fame), શ્રી-

(Beauty & wealth), જ્ઞાન- (knowledge) અને વૈરાગ્ય- (detachment). 'હું' અને મારું (I and Mine) આ મમકારને છોડવાનું છે, જે કઠિન છે. જે ઈશ્વર સાથે એકાકાર થઈ શકે તે છોડી શકે છે.

ઉપરોક્ત સર્વે ઈશ્વરના આધ્યામિક ગુણો (Metaphysical Attributs) છે.

ઈશ્વર કરુણામય અથવા દયાવાન- (All Compassionate), નિષ્પક્ષ (Impartial) અને પ્રેમમૂર્તિ (Love) છે (God is Love and Love is God)- 'પ્રેમ' શબ્દ ઈશ્વરનો પર્યાય છે, કારણ કે સત્ય એટલે જ પ્રેમ. ભાગવત કહે છે, **'સત્યં પરં ધીમહી.'** માણસ જેમ જેમ અંતિમ સત્ય- (Ultimale Reality) તરફ આગળ વધે છે ત્યારે તેને પ્રેમનો અનુભવ થાય છે. એક પ્રકારનું ખેંચાણ-આકર્ષણ થાય છે તેને 'Eros' અથવા 'Love' કહેવાય છે. પ્લેટોની એકેડેમીમાં દાખલ થવા ગણિત (Maths) જાણવું આવશ્યક હતું. તેનો નિયમ હતો- No maths- No Entry. મેથેમેટિક્સનો અમૂર્ત (abstract objects)ની સાથે સંબંધ છે. તેથી મેથેમેટિક્સ વગર ભૌતિકશાસ્ત્ર (Physics) જાણી શકાય નહીં. તે જ પ્રમાણે જેમ જેમ આપણે 'Eros' તરફ આગળ વધીએ ત્યારે સત્ય માટેનો આપણો પ્રેમ વધતો જાય છે.

૫. અક્ષરબ્રહ્મ

અક્ષરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણનું નિજધામ છે, પરંતુ શ્રીકૃષ્ણ પૂર્ણાનંદ છે. જ્યારે અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે અર્થાત્ શ્રીકૃષ્ણથી ઊતરતી કક્ષામાં છે. તેને શંકરાચાર્ય જે નિર્ગુણ બ્રહ્મની વાત કરે છે તેની સમકક્ષ ગણી શકાય. નિર્ગુણ બ્રહ્મ કરતાં સગુણ બ્રહ્મ ઉચ્ચતર ગણાય, કારણ કે અક્ષરમાં આનંદ અને રસની માત્રા સીમિત છે. તે બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે. તેમાં સત્ અને ચિત્ તત્ત્વ પૂરેપૂરા પ્રગટ હોવા છતાં આનંદ અને રસ સીમિત છે. તે જ્ઞાન માર્ગીનું ગંતવ્ય છે. તેથી જ્ઞાની આનંદ અને રસનો અનુભવ કરી શકતો નથી. રસાનંદની અનુભૂતિ માટે ભક્તિ આવશ્યક છે. ભક્તિમાર્ગના અનુયાયીનું લક્ષ્ય શ્રીકૃષ્ણને પામવાનું હોય છે, જ્યારે જ્ઞાનમાર્ગી 'અક્ષર' સુધી જઈ શકે છે. જ્યારે મનુષ્ય 'EROS' સુધી જાય ત્યારે કૃષ્ણ તેને પોતાની તરફ ખેંચે છે. અક્ષર સુધી પહોંચ્યા પછી આત્મા મુક્ત થઈ જાય છે, અર્થાત્ તે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. તેનાથી તે આગળ જઈ શકતો નથી. મોક્ષ એ એક સર્વોચ્ચ સ્થિતિ નથી

અથવા મંજિલ નથી. શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે તેનાથી આગળના લક્ષ્ય સુધી પહોંચવા ભક્તિ જરૂરી છે. ભક્તિ દ્વારા જ જીવ ભગવાનને પામી શકે છે. માટે ભક્તિને 'પાંચમો પુરુષાર્થ' કહ્યો છે.

જો આ સૃષ્ટિને ભગવાનની લીલા માનવામાં આવે તો હાર-જીત, આશા-નિરાશાનો પ્રશ્ન રહે નહીં. તે એક વૈશ્વિક લીલા છે (It is a cosmic game). આપણો દૃષ્ટિકોણ કેવો છે તેના ઉપર આપણી માનસિકતા નિર્ભર કરે છે. જો આપણે ઈશ્વરની લીલા યથાર્થ રૂપે સમજીએ તો કોઈ શિકાયત કે ગણગણાટનો પ્રશ્ન રહેતો નથી, કોઈ ફરિયાદ કરવાનું કે હોવાનું કોઈ કારણ નથી. આવી માનસિકતા કેળવવા ભક્તિ આવશ્યક છે, વાસ્તવિક જીવનમાં આધ્યાત્મિક દૃષ્ટિકોણ કેળવવો આવશ્યક છે. જીવનમાં આવતી પ્રત્યેક મુશ્કેલી આપણને ઈશ્વરની ભક્તિ તરફ દોરી જાય છે.

૬. અંતર્યામી

પ્રાણી માત્રમાં ઈશ્વરનો નિવાસ છે- તે હૃદયમાં સ્થિત ઈશ્વરના સ્વરૂપને 'અંતર્યામી' કહેવાય છે. તે અંદર રહી જીવને નિયંત્રિત કરે છે. આપણી અંદર રહેલ અંતર્યામી તે પુરુષોત્તમનું જ સ્વરૂપ છે.

૭. જગત

જગત એ પુરુષોત્તમનું આધિભૌતિક સ્વરૂપ છે. પરમ તત્ત્વમાં જે સામર્થ્ય છે તે બાહ્ય સ્વરૂપે પ્રગટે છે. તેના સત્ તત્ત્વનો આવિર્ભાવ તે 'જગત' છે. બીજી રીતે કહીએ તો 'Potential becomes Actual,' જેમ ઘઉંના દાણામાં વૃક્ષ થવાનું સામર્થ્ય રહેલું છે. જ્યારે તેને ઉગાડીએ ત્યારે તેમાં રહેલું સામર્થ્ય પ્રગટ થાય છે. આના મૂળમાં સ્વયં ભગવાનની ઈચ્છા રહેલી છે. બ્રહ્મ સ્વેચ્છાથી જગત રૂપ ધારણ કરે છે. શંકરાચાર્ય બ્રહ્મની આવી કોઈ ઈચ્છાને માન્યતા આપતા નથી, જ્યારે શ્રી વલ્લભાચાર્યજી જગતને બ્રહ્મ પોતાની ઈચ્છાથી પોતાની લીલાર્થે રચ્યું હોવાનો વિચાર આપે છે. જો આપણે એવો જ દૃષ્ટિકોણ અપનાવીએ તો જીવન જીવવું મુશ્કેલ લાગે નહીં. ભગવાનની લીલા એ છૂપાછૂપીની રમત છે (Game of hide and seek). તે આપણી અંદર જ રહેલ છે, જેને આપણે શોધવાનો છે અને પામવાનો છે. જગતની આ સારી રમત એ આવિર્ભાવ- તિરોભાવનો ખેલ છે (It is a game of manifestation and concealment).

૮. જીવ

તત્ત્વદર્શનમાં આપણે ત્રણ 'જ' કાર વિશે ચિંતન કરીએ છીએ. જગદીશ, જગત અને જીવ. જીવ એ ભગવાનનો અંશ છે. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે: **'મમૈવાંશો જીવ લોકે'**, બ્રહ્મ સાથેનો આપણો સંબંધ અંશ-અંશીનો છે. આપણે અંશ (Part) છીએ, તે સંપૂર્ણ (Whole) છે. (Whole is greater than part. Infinite Whole includes everything and excludes nothing.) આ પ્રકારનો દૃષ્ટિકોણ કેળવવામાં જીવનનો આનંદ છે. સાધનામાં આનંદ છે અને સાધના એ આ રમતનું જ સ્વરૂપ છે.

આમ અધ્યાત્મશાસ્ત્ર (Metaphisics) અથવા સદ્‌વસ્તુશાસ્ત્ર (Ontology) એ જગદીશ, જગત અને જીવને સમજવા માટે વિવિધ વિચારધારાઓ મુજબનું તત્ત્વચિંતન છે.

◆

૭

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ

(Suddhadvait Brahmvad)

‘શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ’ વિષયમાં બે શબ્દો છે- **‘શુદ્ધાદ્વૈત’ અને ‘બ્રહ્મવાદ.’** આ બન્ને શબ્દોનો પણ જો વિગ્રહ કરવામાં આવે તો ‘શુદ્ધાદ્વૈત’ની સંધિ છૂટી પાડતાં બે શબ્દો મળે છે- **‘શુદ્ધ’** + **‘અદ્વૈત’**. તદનુસાર ‘બ્રહ્મવાદ’ પણ **‘બ્રહ્મ’** અને **‘વાદ’** એ બે શબ્દોનો શબ્દસમૂહ છે. પ્રથમ આપણે ‘શુદ્ધાદ્વૈત’નું તાત્પર્ય સમજીએ.

કોઈ બે તત્ત્વો હોય તેને ‘દ્વૈત’ કહેવાય. તેનાથી વિપરીત, જે બે નથી પરંતુ ‘કેવળ એક જ છે’ એમ કહેવું હોય તો તેને **‘અદ્વૈત’** કહેવાય. અર્થાત્ કોઈ બે દેખાતી વસ્તુમાં ભેદ ન હોય, બન્ને વાસ્તવિકરૂપે એક જ હોય અથવા એક સિવાય અન્ય કાંઈ ન હોય ત્યારે તે ‘અદ્વૈત’ કહેવાય.

તત્ત્વદર્શનમાં આપણે પરમ તત્ત્વ વિશે વિચાર કરી રહ્યા છીએ. શ્રુતિ કહે છે -**‘સદ્ એવ સોમ્ય ઈદમ્ અગ્રી અસીત્ એકમ એવ અદ્વિતીયમ્’.** અર્થાત્ પ્રારંભમાં માત્ર એક જ ‘પરમ તત્ત્વ’ હતું, એક સિવાય અન્ય કોઈ તત્ત્વ નહોતું (In the begining there was only one Real Entity, Only one and that too without second). બધા જ આચાર્યો આ શ્રુતિના આધારે સ્વીકારે છે કે જો કોઈ પરમ તત્ત્વ છે તો તે એક માત્ર **‘સત્ય’** છે, જે **‘બ્રહ્મ’**ના નામથી ઓળખાય છે. બ્રહ્મના સાતત્યના સ્વીકાર પછી બીજો સવાલ ઊઠે છે જગતના અસ્તિત્વનો. આ જડ-ચેતનાત્મક જે વિશ્વ દશ્યમાન છે તેનું સ્વરૂપ શું છે? શ્રી શંકરાચાર્યના મતે જગત એ બ્રહ્મનું **‘વિવર્ત’** છે, માયાના કારણે પ્રગટ થયેલ તે બ્રહ્મનો આભાસ માત્ર છે અને તેથી તે સત્ય નથી, મિથ્યા છે. માટે તેઓ કહે છે **‘બ્રહ્મ સત્ય જગન્મિથ્યા.’** આમ તેઓ ‘બ્રહ્મ’ના અદ્વૈતને સ્વીકારે છે. અર્થાત્ બ્રહ્મ સિવાય અન્ય કોઈ પરમ તત્ત્વ- સાતત્ય નથી તેમ તેઓ માને છે અને તેથી તેમની વિચારધારા **‘કેવલાદ્વૈતવાદ’** કહેવાય છે.

શ્રી વલ્લભાચાર્યજી ઉપરોક્ત માન્યતાથી અલગ મત ધરાવે છે. ઉપર કહ્યું

તેમ તેઓ 'બ્રહ્મ'ને માયાના કારણે દેખાતો આભાસ માત્ર ન માનતા તેને બ્રહ્મનું જ વ્યાપક સ્વરૂપ હોઈ સત્ય માને છે. બ્રહ્મનો અર્થ જ **'વ્યાપ્ત હોવું'** એમ થાય છે. એટલે કે જે પરમ સત્ય બ્રહ્મ છે તેનું જ વ્યાપક સ્વરૂપ તે આ જગત છે. આમ 'બ્રહ્મ' અને 'જગત' એ બે અલગ તત્ત્વો નથી પરંતુ એક જ છે, બન્નેનું 'અદ્વૈત' સ્વરૂપ છે. માટે જ તેઓ 'બ્રહ્મ' અને 'જગત' બન્નેને સત્ય માને છે, બન્નેમાં અભેદ માને છે, 'અદ્વૈત' માને છે. આમ શ્રી વલ્લભાચાર્યજીની વિચારધારા પણ અદ્વૈત વિચારધારા છે પરંતુ શંકરાચાર્યના 'કેવલાદ્વૈત'થી તેનું તારતમ્ય બતાવવા તેને શુદ્ધ-અદ્વૈત અર્થાત્ **'શુદ્ધાદ્વૈત'** કહે છે. તેમના મતે બ્રહ્મનું જગતરૂપે અસ્તિત્વ ધરાવવું તેમાં માયા ઈત્યાદિ અન્ય કોઈ તત્ત્વ સમાહિત નથી, બન્નેનું અદ્વૈત એકદમ શુદ્ધ સ્વરૂપમાં છે અને તેથી જ તેમનો મત 'શુદ્ધાદ્વૈત' કહેવાય છે.

'શુદ્ધાદ્વૈત' શબ્દનું સ્પષ્ટીકરણ શ્રી વલ્લભાચાર્યજીના વંશજ ગો.શ્રી ગિરિધરજીએ પોતાના **'શુદ્ધાદ્વૈત માર્તંડ'** નામક ગ્રંથમાં કરતાં કહ્યું છે-

શુદ્ધાદ્વૈત પદં જ્ઞેયઃ સમાસ કર્મ ધારયઃ ।
અદ્વૈતે શુદ્ધયોઃ પાહુઃ ષષ્ઠી તત્પુરુષ બુધાઃ ॥
માયા સમ્બન્ધ રહિતં શુદ્ધમિત્યુચ્યં બુધૈઃ ।
કાર્ય કારણ રુપં હિ શુદ્ધૈ બ્રહ્મ ન માયિકમ ॥

અર્થાત્-

'શુદ્ધાદ્વૈત' પદમાં શુદ્ધં ચં અદ્વૈતમ્' એ પ્રમાણે કર્મ ધારય સમાસ જાણવો, એટલે કે 'શુદ્ધ છે તેવું અદ્વૈત'. બ્રહ્મ-જગત વચ્ચે અદ્વૈત રહેલું છે તે શુદ્ધ છે, જેનો માયા સાથે કોઈ સંબંધ નથી, તે માયાના સંબંધ રહિત છે માટે 'શુદ્ધ' કહ્યું છે. બીજી રીતે ષષ્ઠી તત્પુરુષ સમાસની દૃષ્ટિથી જોતાં- બ્રહ્મ શુદ્ધ અને જગત પણ શુદ્ધ, એ બન્ને શુદ્ધ તત્ત્વોનું અદ્વૈત એટલે 'શુદ્ધાદ્વૈત'. આ બન્ને શુદ્ધમાં ભેદ નથી.

અહીં શાંકર મતવાદીઓનું એ કથન કે જગત માયિક છે, નશ્વર છે, બ્રહ્મ તો માયાની સાથેના સંબંધના કારણે જ જગતનું કારણ બને છે, અન્યથા ન બની શકે. એવા મતના નિરાકરણ માટે 'અદ્વૈત' પદ સાથે 'શુદ્ધં' પદ જોડવામાં આવ્યું છે. **આમ શ્રી વલ્લભાચાર્યની 'અદ્વૈત' વિચારધારામાં 'શુદ્ધાદ્વૈત'**

શબ્દપ્રયોગ બ્રહ્મ અને જગતના શુદ્ધ એકત્વને- અદ્વૈતને સ્પષ્ટ કરવા માટે કરવામાં આવ્યો છે.

હવે આપણે **'બ્રહ્મવાદ'** વિશે વિચારીએ. બ્રહ્મવાદમાં બે શબ્દો છે- 'બ્રહ્મ' અને 'વાદ.' અહીં વાદ એ વિવાદ કે વિખવાદના અર્થમાં નથી પરંતુ તે 'ચર્ચા'ના અર્થમાં વપરાયો છે. કહેવાયું છે- **'વાદે વાદે જાયતે તત્ત્વબોધ'**. ચર્ચામાંથી સત્યનું દર્શન થાય. વાદ વિના સત્યને સમજી શકાય નહીં. સાંભળ્યા પછી, વાંચ્યા પછી જો ચર્ચા ન થાય તો સાંભળેલું કે વાંચેલું ખોવાઈ જાય. માટે કાંઈપણ વાંચ્યા કે સાંભળ્યા પછી તેના પર ચર્ચા કરવી આવશ્યક છે. શ્રુતિ વાક્ય છે- **'સર્વં ખલ્વિંદ બ્રહ્મ.'** આ સર્વ કાંઈ તે બ્રહ્મ જ છે. બ્રહ્મ સ્વયં જ સર્વત્ર વ્યાપક બની વિલસી રહ્યું છે. વધુમાં શ્રુતિ કહે છે- **'તદ્ ઐકસત બહુસ્યામ પ્રજાયેય ઈતિ'** (That one Real Entity wished: Let me become many, let me multiply myself.) ઉપરોક્ત બન્ને શ્રુતિવાક્ય એ જ શ્રી વલ્લભાચાર્યજીના **'બ્રહ્મવાદ'**ની આધારશિલા છે. જગતમાં જે કાંઈ જડ-ચેતન સૃષ્ટિ દૃશ્યમાન છે તે સર્વ કાંઈ બ્રહ્મનાં જ વિવિધ રૂપ અને નામ છે. જે કાંઈ છે તે 'બ્રહ્મ' જ છે અને બ્રહ્મ સિવાય કશું જ નથી. આ જ 'બ્રહ્મવાદ'નું દૃષ્ટિબિંદુ છે. માટે જ શ્રી વલ્લભાચાર્યજી નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણના મંગલાચરણમાં કહે છે-

"નમો તસ્મૈ ભગવતે કૃષ્ણાયાભ્દુત કર્મણે,
રૂપ નામ વિભેદેન જગત ક્રીડતિ યો યતઃ"

અર્થાત્-

જે રૂપ અને નામના વિભેદે જગતરૂપ છે, જે રૂપ અને નામના વિભેદે ક્રીડા કરે છે, અને જેથી- જેમાંથી- (અભિન્નનિમિત્તો પાળનત્વે) રૂપ અને નામથી જગત્ છે એવા અદ્ભુત કર્મા ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર હો.

પોતાની 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' વિચારધારાને પ્રસ્તુત કરવા શ્રી વલ્લભાચાર્યે ચાર શબ્દ પ્રમાણનો આધાર લીધો છે. તેઓ શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહે છેઃ

"વેદાઃ શ્રીકૃષ્ણ વાકયાનિ, વ્યાસ સુત્રાણી ચૈવહિ,
સમાધિ ભાષા વ્યાસસ્ય, પ્રમાણં તચ્ચતુષ્ટયમ્."

તેમણે વેદ, ગીતા, વ્યાસ સૂત્રો અને ભાગવત એ ચારેય શાસ્ત્રોની

એકવાક્યતાના આધારે પોતાના ‘શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ’ને પ્રતિપાદિત કર્યો છે. ઉપનિષદમાં પ્રતિપાદ્ય બ્રહ્મને સ્વીકારવા માટે તો વેદાંતની બધી જ વિચારધારાઓ બ્રહ્મવાદી છે, પરંતુ તે બધા ‘શુદ્ધાદ્વૈતવાદી’ ન કહેવાય. પાશ્ચાત્ય જગતમાં પણ ‘આદર્શ અદ્વૈતવાદ’ (Idealistic Monism) દૃષ્ટિગોચર થાય છે, જેમાં બાહ્ય જગતને કાલ્પનિક માની તેના અધિષ્ઠાનભૂત તત્ત્વના અદ્વૈત હોવાની તુલનામાં બાહ્ય જગતને વાસ્તવિક માની તેના ઉપાદાનકારક તત્ત્વના ભાવરૂપ ‘અદ્વૈત’ હોવાના સિદ્ધાંત વાસ્તવવાદી અદ્વૈત (Realistic Monism) આપણને પ્લોટિનસ, જોન્હ સ્કોટસ, અરિજેના, કુસા નિકોલસ, તોમાસો કેમ્પાનેલા, બાસ્કસ્પિનોઝા, શીલિંગ અને એ એન. વાઈટહેડ જેવા દાર્શનિકોના ચિંતનમાં પણ મળે જ છે. તે બધા કોઈને કોઈ પ્રકારે શુદ્ધાદ્વૈતવાદનું જ સમર્થન કરે છે. તેથી શુદ્ધાદ્વૈતવાદના પ્રત્યેક પ્રકારમાં તેનો બ્રહ્મવાદ પર જ અવલંબન સિદ્ધ થતું નથી, અને માટે જ શ્રી વલ્લભાચાર્યજીને જે અભિપ્રેત છે તેવા શુદ્ધાદ્વૈતવાદ અને બ્રહ્મવાદની વચ્ચે પારસ્પરિક સંબંધની સ્પષ્ટતા આવશ્યક બની જાય છે.

આપણા સર્વે આચાર્યો- શંકરાચાર્ય, રામાનુજાચાર્ય ઈત્યાદિએ પોતાનો સમગ્ર સમય સમાજને સત્યનું દર્શન કરાવવામાં વ્યતીત કર્યો હતો. શ્રી વલ્લભાચાર્યજીએ પણ પોતાનું જીવન સમાજને સત્ય દર્શન કરાવવા માટે મનન-ચિંતનમાં ગાળ્યું હતું. તેમના સમયમાં સમાજ નિરાશ હતો. જુદા જુદા આચાર્યોના રહસ્ય, તેમનું ચિંતન એકબીજાના ખંડન મંડન માટે નહોતા. વાસ્તવમાં એક વિચારબિંદુ શરૂ થયું. ત્યાંથી વચમાં જે કડીઓ ખૂટતી હતી તેને જોડવાનું કાર્ય આચાર્યે કર્યું. શંકરાચાર્યથી શરૂ થયેલ વિચારધારા- રામાનુજાચાર્ય- મધ્વાચાર્ય વગેરેથી શ્રી વલ્લભાચાર્યજીએ ખૂટતી કડીઓ પૂરી કરી. તે પછી સવા પાંચસો વર્ષમાં બીજા કોઈ આચાર્ય થયા નથી.

‘બ્રહ્મ’ શબ્દ ‘બ્રુ’ ધાતુ ઉપરથી બન્યો છે. તેનો અર્થ થાય છે ‘વ્યાપક’. જે સર્વત્ર વ્યાપક છે તેનું નામ **‘બ્રહ્મ’**. આકાશ, જગત વગેરે વ્યાપક છે. તેનાથી બ્રહ્મ જુદું કેમ હોઈ શકે? કારણ કે બ્રહ્મ સચ્ચિદાનંદ છે. તે સદાત્મક, ચિદાત્મક અને આનંદાત્મક છે. સત્‌નો અંશ છે તે જગત અને ચિત્‌નો અંશ જેમાં છે તે જીવ તથા આનંદનો અંશ તે આપણામાં રહેલ ‘અંતર્યામી.’

શંકરાચાર્યના મત પ્રમાણે જગત, જીવ અને અંતર્યામી વિશે આપણે જાણીએ તો તેનાથી શ્રી વલ્લભાચાર્યજીનો મત સમજવો સહેલો થઈ પડે. શંકરાચાર્ય **'બ્રહ્મ સત્ય-જગત મિથ્યા'** કહે છે. તેમના મતે બ્રહ્મ જ કેવળ સત્ય છે તે સિવાય જગત, અંતર્યામી વગેરે કશું સત્ય નથી. જેમ દોરડામાં સર્પની ભ્રાંતિ થાય તેમ જગત એ પણ વિવર્ત માત્ર હોઈ અસત્ય છે. તેને તેઓ માયામાં પડતું બ્રહ્મનું પ્રતિબિંબ કહે છે. આથી તે સત્ય નથી. તેઓ અવતારોને પણ સત્ય નથી માનતા. તેમના મતે અંતર્યામી નામનું તત્ત્વ પણ નથી. તેઓ વેદને પ્રમાણ નહીં, પરંતુ પરમાત્મા સુધી પહોંચવાનું પ્રસ્થાન યાને સાધન માને છે અને તે જ મુજબ બ્રહ્મસૂત્ર તથા ગીતાને પણ બીજાં બે પ્રસ્થાનો ગણે છે. તેઓના મતે જીવ બ્રહ્મનો અંશ નથી, પરંતુ સ્વયં બ્રહ્મનું સ્વરૂપ છે. પરંતુ માયાના કારણે અજ્ઞાનનો અંધકાર વ્યાપ્ત હોઈ તે આત્મારૂપ છે. અજ્ઞાન દૂર થતાં તે બ્રહ્મરૂપ બની જાય છે. માટે જ તેઓ 'અહં બ્રહ્માસ્મિ'ની સ્થિતિ તે રૂપમાં સમજાવે છે. વેદની પરમાર્થ દશાને તેઓ સ્વીકારતાં નથી, પરંતુ જેમ દાદરનાં પગથિયાં ચઢી ઉપર પહોંચતાં દાદરની આવશ્યકતા રહેતી નથી તેમ વેદને પ્રસ્થાન માત્ર માને છે. તેમના વાદને 'માયાવાદ' પણ કહેવામાં આવે છે.

શ્રી વલ્લભાચાર્યજીએ 'માયાવાદ'નું ખંડન કરી 'બ્રહ્મવાદ'નું સ્થાપન કરવાનું કાર્ય કર્યું છે. માટે જ શ્રી ગુંસાઈજીએ સર્વોત્તમ સ્તોત્રમાં તેમનું એક નામ 'માયાવાદ નિરાકર્તા' અને 'સાકાર બ્રહ્મવાદૈક સ્થાપકઃ' કહ્યું છે. તેમ 'સાકાર બ્રહ્મવાદ'ની સંકલ્પના નવીન નથી પરંતુ વેદ-ઉપનિષદમાં જે હતું તેનું સંકલન કરી તેમણે તેની સ્થાપના કરી છે.

અકર્મણ્ય બનેલા સમાજમાં ઉત્સાહ અને આનંદ ભરવાનું કાર્ય શ્રી વલ્લભાચાર્યજીએ કરેલું છે. સત્-ચિત્ અને આનંદ એ ત્રણેય તત્ત્વો પરમાત્મામાં રહેલ છે. માયા એ પરમાત્માની શક્તિ છે. અનેક બ્રહ્માંડોમાં બ્રહ્મ એક જ છે. માટે જ શ્રુતિ કહે છે- **'એકમેવાદ્વિતીયમ્ બ્રહ્મ'**- તે એક જ અને અદ્વિતીય છે. તેનાથી વધીને કે તેના સમાન બીજું કોઈ નથી. તેનામાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી, અર્થાત્ તે ભેદશૂન્ય છે. એટલે કે તેના સમાન કોઈ અન્ય આપણને મળશે નહીં. ભેદ અનેક પ્રકારના છે જેમ કે સજાતીય- વિજાતીય અને સ્વગતભેદ. સજાતીય ભેદ એટલે એક ગાય અને બીજી ગાય વચ્ચેનો ભેદ

અર્થાત્ એક જ જાતિમાં રહેલો ભેદ, વિજાતીય ભેદ એટલે ઘડો અને કપડું આમ બે અલગ અલગ વસ્તુમાં રહેલો ભેદ અને સ્વગત ભેદ એટલે અંતર્યામીમાં રહેલો ભેદ- અંતર્યામી એ પરિચ્છિન્ન છે, તેવો ભેદ બ્રહ્મમાં નથી. બ્રહ્મમાં સર્વભૂવન સામર્થ્ય છે. અંતર્યામી આનંદાંશ હોવા છતાં તેમાં અને બ્રહ્મમાં સ્વગત ભેદ છે. આ ત્રણેય પ્રકારના ભેદ જેમાં નથી એવા 'એકમેવ-અદ્વિતીય' બ્રહ્મ છે.

આ જગત એ ઈશ્વરનો સદંશ છે. સદંશ એ ઈશ્વરનું જગતસ્વરૂપનું છે- જગત જડ છે. સત્ એટલે 'હોવું'. જ્યાં 'છે' ક્રિયાપદ લાગે તે 'સત'. તેમાં ચૈતન્ય નથી. જગતમાં આનંદ નથી. શ્રી વલ્લભાચાર્યજીના મતે જગત બ્રહ્મરૂપ સદંશ હોવા છતાં નિરાનંદ છે. જગતમાં આનંદ છે જ નહીં. આપણે જે આનંદ માણીએ છીએ તે ક્ષણિક છે તે સાધન અપેક્ષિત આનંદ છે. જગત નિરાનંદ છે, જીવ એ પરમાત્માનો ચિદાંશ છે. 'ચિત્' એટલે ચૈતન્ય. જીવમાં ચૈતન્ય છે અને સત્ અંશ પણ છે. પણ આનંદ નથી. તેથી જીવ ગુપ્તાનંદ છે. તેમાં આનંદ ગુપ્ત અવસ્થામાં અથવા તિરોહિત છે. આપણે તે આનંદને પ્રગટ કરવા પ્રયત્ન કરવો પડે. 'બ્રહ્મ' 'સદાનંદ' છે અથવા 'પૂર્ણાનંદ' પણ કહેવાય. બ્રહ્મની સર્વભુવન રૂપે શક્તિમાંથી જગત બને છે. તેની સાથે બ્રહ્મની બે શક્તિઓ- આવિર્ભાવ અને તિરોભાવની રહેલી છે. બ્રહ્મ કેટલાકમાં આનંદનો આવિર્ભાવ કરે છે તો કેટલાકમાં તિરોભાવ કરે છે. ભેદમાં પણ અભેદ છે. તેનાથી જુદું છતાં અલગ નહીં. ભેદમાં પણ અભેદ બતાવવાની શ્રી વલ્લભાચાર્યજીની શક્તિ અતુલ છે. જીવમાં પણ સત્-ચિત્-આનંદ હોવા છતાં તેમાં આનંદાંશ તિરોહિત છે, જ્યારે સદંશ અને ચિદંશ પ્રગટ છે. જીવ એ બ્રહ્મનો અંશ છે. તે નથી બ્રહ્મનું સ્વરૂપ કે નથી તેનું પ્રતિબિંબ કે નથી તેનો આભાસ. તે વાસ્તવિક છે. જગત પણ સત્ય, જીવ પણ સત્ય અને અંતર્યામી પણ સત્ય છે. ત્રાણે પ્રકારમાં ભેદ નહીં તેવો બ્રહ્મ છે. આમ જગત એ પરમાત્માનું જ સ્વરૂપ છે. જ્યારે ઘડો માટીમાંથી બનેલો હોય તો તેમાં માટી સિવાય અન્ય શું હોઈ શકે. બ્રહ્મમાંથી જગત બન્યું હોય તો તે બ્રહ્મરૂપ જ હોય તે સ્વાભાવિક છે. પ્રથમ એક જ બ્રહ્મ હતો. તેના જેવું બીજું કાંઈ ન હતું તો જગત શેમાંથી અને કેવી રીતે ક્યાં બેસીને બનાવ્યું? જેમ માટીમાંથી ઘડો બનાવવા ચાકડો, ડંડો, કુંભાર,

જમીન ઉપર બેસીને બનાવવાની પ્રક્રિયા ઇત્યાદિ જોઈએ તો જગતનું નિર્માણ કરવા આ બધાં સાધનો ક્યાંથી આવ્યાં? પરંતુ બ્રહ્મ પોતે જ જગતનું ઉપાદન કારણ છે અને નિમિત્ત કારણ પણ છે માટે શ્રી વલ્લભાચાર્યજી બ્રહ્મને જગતનું **'અભિન્ન નિમિત્તોપાદન કારણ'** કહે છે, અર્થાત્ તે બ્રહ્મ કરતાં અભિન્ન છે અને તે જ નિમિત્ત કારણ તેમ જ ઉપાદાન કારણ છે. આ પ્રક્રિયા સમજાવવા ઉપનિષદે કરોળિયાનું ઉદાહરણ આપ્યું છે. જેમ કરોળિયો જાળું બનાવે છે ત્યારે તે માટેનો પદાર્થ પોતાનામાંથી કાઢીને જાળું ગૂંથે છે, તે જ પ્રમાણે ઈશ્વરે જગતમાંના પદાર્થો પોતાનામાંથી જ પોતે જ ઉત્પન્ન કર્યા છે. અને જો બ્રહ્મ સત્ય હોય તો પછી જગત પણ સત્ય જ હોય. જેમ સોનામાંથી બનેલું કંગન તે સોનું જ છે. મુંડકોપનિષદમાં કહ્યું છે કે જેમ અગ્નિના ગોળામાંથી કણો વ્યૂચરણ થાય તેમ બ્રહ્મમાંથી જીવો છૂટા પડ્યા છે. જેમ અગ્નિમાંથી તણખા છૂટા પડે ત્યારે તે અગ્નિરૂપ હોય તેમ જીવ બ્રહ્મમાંથી છૂટા પડ્યા છે. જ્યારે અગ્નિમાંથી તણખા છૂટા પડે ત્યારે તે અગ્નિરૂપ હોય તેમ જીવ બ્રહ્મમાંથી છૂટા પડતાં સચ્ચિદાનંદ સ્વરૂપ જ હતો તેમાં સત્-ચિત્ અને આનંદ એ ત્રણે તત્ત્વો મોજૂદ હતાં. પરંતુ પરમાત્માએ વિચાર કર્યો કે સૃષ્ટિની રચનાનો હેતુ પોતાના વિહાર માટે- નિજ લીલાર્થે છે અને તેને માટે ભિન્નતા જોઈએ. બ્રહ્મસૂત્રમાં 'પરાવિદ્યાનાં પર...' કહ્યું છે. આ જીવમાં રહેલો આનંદ તિરોહિત થઈ ગયો એટલે જેમ તણખામાંથી અગ્નિ સ્વરૂપે બાળવાની શક્તિ અદશ્ય થઈ જાય છે તેમ જીવમાંથી આનંદાંશ તિરોહિત થઈ ગયું. તેથી તેને અવિદ્યા વળગી. અવિદ્યા અને અજ્ઞાન એ બે જુદી જુદી વસ્તુ છે. અવિદ્યા જ્ઞાની, અજ્ઞાની બધાને વળગેલી હોય છે. અવિદ્યા એટલે 'અહંતા' અને 'મમતા'- 'હું' અને મારાપણાનો વિચાર. તેના કારણે ઈશ્વરમાં રહેલા ષડગુણો તેનામાંથી તિરોધાન થઈ ગયા અને તેથી માયાનાં બંધન તેને લાગ્યાં.

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના મુખ્ય મુદ્દા

૧. પરબ્રહ્મ :-

શ્રી વલ્લભાચાર્યજી નિબંધમાં કહે છે જેને શ્રુતિમાં 'બ્રહ્મ' કહ્યા છે, સ્મૃતિ પરમાત્મા તરીકે ઓળખાવે છે અને ભાગવતમાં ભગવાન કહ્યા છે એ સર્વ પરમતત્ત્વ (ultimate Reality) પરબ્રહ્મનાં જ જુદાં જુદાં નામ છે. શ્રી

વલ્લભાચાર્ય તેનો ઉલ્લેખ 'પુરુષોત્તમ' અથવા 'કૃષ્ણ' તરીકે પણ કરે છે.

એ પરમ તત્ત્વ શુદ્ધ છે, અદ્વૈત છે, સર્વ વ્યાપક છે (Omnipresent), સર્વ સામર્થ્યવાન છે (Omnipotent), સર્વજ્ઞ છે (Omniscient), કોઈ દેશ, કાલ કે અવસ્થા એનાથી રહિત નથી. તે નિર્મળ છે, દોષોથી રહિત છે. એ માયાને આધીન નથી પરંતુ માયા તેની શક્તિ છે અને તેને વશ છે.

તત્ત્વાર્થદીપનિબંધમાં બ્રહ્મના સ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ આપતાં શ્રી વલ્લભાચાર્ય કહે છે- બ્રહ્મ સચ્ચિદાનંદ છે, વ્યાપક છે. અખંડ ઐશ્વર્યવાળો છે. તે નાનામાં નાનો અને મોટામાં મોટો છે. બ્રહ્મમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ ષડગુણો રહેલા છે તે પ્રાકૃત ગુણ રહિત છે, નાશ રહિત છે. બ્રહ્મ સજાતીય, વિજાતીય તેમ જ સ્વગત ભેદ રહિત છે અને નિત્ય સ્વાભાવિક સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, દાન, સંતોષ, સરલતા, શમ, દમ, સમતા, તપ, અપરાધ સહન કરવો. શાસ્ત્રને વિચારનાર, સ્વરૂપવાન, વૈરાગ્ય યુક્ત, શુરતા, તેજ, સ્મૃતિ, સ્વતંત્રતા, ક્રિયાશીલન, ક્રાંતિ, ધીરતા, કોમલતા, બુદ્ધિવૈભવ, વિનય, સુસ્વભાવ, ભોગની યોગ્યતા, ગંભીરતા, સ્થિરતા એવા હજારો ગુણોથી યુક્ત છે. ષડગુણ યુક્ત અલૌકિક ધર્મો તેમાં રહેલા હોઈ તે 'સગુણ' પણ છે અને પ્રાકૃત ગુણો રહિત હોવાથી 'નિર્ગુણ' પણ છે.

શ્રી વલ્લભાચાર્યજીએ સમગ્ર વેદને માન્ય ગણી બ્રહ્મને કર્તુમ, અકર્તુમ અને અન્યથા કર્તુમ એવા સર્વ સામાન્યવાન હોવાના કારણે તેમનામાં રહેલ વિરુદ્ધ ધર્મોનો સ્વીકાર કરે છે અને તેથી તેને 'વિરુદ્ધ ધર્માશ્રયી' કહે છે. બ્રહ્મમાં આ પ્રમાણે વિરુદ્ધ ધર્મો રહેલા છે- (૧) તે નિરાકાર હોવા છતાં સાકાર છે, (૨) નિર્ગુણ હોવા છતાં સગુણ છે, (૩) નિર્ધર્મક હોવા છતાં સધર્મક છે, (૪) અણુ કરતાં પણ અણુરૂપ હોવા છતાં મહાન પણ છે, (૫) તે અનંતરૂપી હોવા છતાં એક જ છે, (૬) તે અચલ હોવા છતાં ચલાયમાન છે, (૭) તે અકર્તૃ હોવા છતાં સર્વકર્તૃ છે, (૮) તે અવિભક્ત હોવા છતાં વિભક્ત છે, (૯) અગમ્ય હોવા છતાં ગમ્ય છે, (૧૦) તે અદૃશ્ય હોવા છતાં દૃશ્યમાન છે, (૧૧) તે અપક્ષપાતી હોવા છતાં પક્ષપાતી છે, (૧૨) તે સ્વતંત્ર હોવા છતાં પરતંત્ર છે, (૧૩) તે સર્વજ્ઞ હોવા છતાં ભક્ત પાસે મુગ્ધ-અજ્ઞાની બની રહે છે, (૧૪) તે નિર્ભય, નિરપેક્ષ અને ચતુર હોવા છતાં ભક્ત પાસે ભયભીત અપેક્ષાવાળુ

અને બાળક જેવું મુગ્ધ છે, (૧૫) તે આત્મારામ છે છતાં રમણ કરે છે, (૧૬) તે પૂર્ણકામ હોવા છતાં અપૂર્ણકામ છે, (૧૭) તે નિર્વિશેષ હોવા છતાં સવિશેષ છે, (૧૮) તે અનિર્વચનીય હોવા છતાં તેનો ગુણાનુવાદ કરી શકાય છે.

ઉપરોક્ત વિરુદ્ધ ધર્માશ્રયી બ્રહ્મનાં પ્રમાણો આપણને ઉપનિષદો, બ્રહ્મસૂત્રો, ભાગવતજી ઈત્યાદિમાંથી મળે છે- જેવા કે:

'ઉભય વ્યપદેશાત્વ હિ કુંડલવત્' (બ્ર.સુ. ૩.૨૭)- જેમ સર્પ સીધો હોય છે અને અનેક આકાર અને કુંડલરૂપ ધારણ કરે છે તેમ બ્રહ્મ પણ ઉભય- નિર્ગુણ અને અનંતગુણવાળું છે.

'યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ' (તૈ.ઉ. ૨.૪) પરમાત્માનું વચન એવા પ્રકારનું છે જ્યાં મન સાથે વાણી પહોંચી શકતી નથી અને જ્યાંથી તે પાછા ફરે છે.

'આનદં બ્રહ્મણો વિદ્વાન ન-બિભેતિ કુતશ્ચન' (તૈ.ઉ. ૨.૪) જે બ્રહ્મનો આનંદ જાણે છે, ભોગવે છે, તે કોઈનાથી બીતો નથી.

'કશ્ચિદ્ ધીરઃ પ્રત્યગાત્માન મૈક્ષત્' (ક.ઉ., ૨.૪૧) કોઈક ધીર પુરુષે આત્માનાં પોતાની અંદર દર્શન કર્યાં.

'આત્મનિ ચૈવં વિચિત્રાશ્ચ હિ' (બ્ર.સુ. ૨.૧.૨૮) અનેક પ્રકારની સૃષ્ટિ પણ પરમાત્મામાં જ થાય છે, કારણ કે પરમાત્માની શક્તિઓ ખરેખર વિચિત્ર, અચિંત્ય છે.

'આત્મારામો પ્યરી રમત' (ભા. ૧૦.૨૬.૪૨) ભગવાન આત્મારામ છે છતાં પણ રમણ કરે છે

ઈત્યાદિ

બ્રહ્મને 'સચ્ચિદાનંદ' કહ્યા છે કારણ કે તેમાં સત્, ચિત્, અને આનંદ એ ત્રણ તત્ત્વો નિહિત છે, જેના દ્વારા પોતે કોઈ એક અથવા બે તત્ત્વો તિરોહિત કરી આ જડ-ચેતન સૃષ્ટિની રચના કરી છે.

૨. અક્ષરબ્રહ્મ :-

ભગવદ્ ગીતાના ૧૫મા અધ્યાયમાં ભગવાન કહે છે-

'યસ્માત્ક્ષરમતી તો હમક્ષરાદપિચોત્તમઃ, અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમ' અર્થાત્ હું ક્ષરથી ઉત્તમ છું, અક્ષરથી પણ ઉત્તમ છું એથી જ લોક

અને વેદમાં મને 'પુરુષોત્તમ' કહે છે.

શ્રી વલ્લભાચાર્ય તત્ત્વાર્થદીપનિબંધના સર્વ નિર્ણયની કારિકામાં અક્ષરનું લક્ષણ આપતાં કહે છે, **'પ્રકૃતિઃ પુરુષશ્ચૌમૌ પરમાત્મા ભવત્પુરા, યદૂપં સમધિષ્ઠામ તદક્ષર મુદીર્યતે'**- અર્થાત્ પરમાત્મા પુરુષોત્તમ જે રૂપનું અધિષ્ઠાન કરીને પ્રકૃતિ અને પુરુષમાં દ્વિરૂપ ધારણ કરે છે તે 'અક્ષર' છે. આમ અક્ષર તે પરબ્રહ્મનું અધિષ્ઠાન છે.

શ્રી વલ્લભાચાર્યે બ્રહ્મનાં ત્રણ સ્વરૂપો બતાવ્યાં છે- (૧) આધિભૌતિક (જગત), આધ્યાત્મિક (અક્ષર બ્રહ્મ) અને આધિદૈવિક (પુરુષોત્તમ), જેમ ગંગાજીનાં જલરૂપ, તીર્થરૂપ (માહાત્મ્ય) અને દેવીરૂપ એવાં ત્રણ સ્વરૂપો છે. તેઓ અક્ષરબ્રહ્મને ભિન્ન ન માનતાં પરબ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ માને છે, જે નિત્ય છે. તેમાંથી પ્રકૃતિ- પુરુષ ઉત્પન્ન થયા છે અને કાળ, કર્મ તથા સ્વભાવથી જગત સર્જાયું છે.

અક્ષરબ્રહ્મને સમજાવવા ગુલાબ અને તેની સુગંધની ઉપમા આપી શકાય. ગુલાબ એ 'પુરુષોત્તમ' છે અને ગુલાબની સુગંધ જે તેનાથી અભિન્ન હોવા છતાં સર્વત્ર ફેલાયેલ રહે છે તેમ 'અક્ષરબ્રહ્મ' સર્વ વ્યાપ્ત (વ્યાપક) છે. અક્ષરબ્રહ્મ પુરુષોત્તમનો આધાર છે, પરમધામ છે. ભગવાન હંસાકાર છે ત્યાં અક્ષરબ્રહ્મ એ હંસાકાર પ્રભુના પુચ્છરૂપ છે. અક્ષરબ્રહ્મ તેજોમય, નિર્ગુણ, નિરાકાર, રંગરૂપહીન છે અને તેથી વેદો પણ તેનું વર્ણન 'નેતિ નેતિ' કહી કરે છે. આવા અનિર્દેશ્ય અક્ષરબ્રહ્મને યોગી મુનિઓ ધ્યાન દ્વારા પ્રાપ્ત કરે છે અને તેઓ અંતે તેમાં વિલીન થઈ જાય છે. અક્ષરબ્રહ્મ એ ધામી શ્રીકૃષ્ણનું ધામ છે. ધામી પુરુષોત્તમ એ અક્ષરબ્રહ્મથી પર છે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પૂર્ણ આનંદવાળા છે, જ્યારે અક્ષરબ્રહ્મનો આનંદ મર્યાદિત છે. માટે જ શ્રી વલ્લભાચાર્ય કૃષ્ણાશ્રય ગ્રંથમાં કહે છે, **'ગણિતાનંદ કં બ્રહત, પૂર્ણાનંદો હરિ.'**

જે જીવો મોક્ષ ઇચ્છે છે તેઓનો લય અક્ષરબ્રહ્મમાં થાય છે. જીવનું બ્રહ્મમાં વિલીન થઈ જવું તે જ 'મોક્ષ'. જ્ઞાનમાર્ગમાં અક્ષર જ સેવ્ય છે. અક્ષરબ્રહ્મ જ્ઞાનીને પરમફલરૂપ જણાય છે, જ્યારે ભક્તને તે પુરુષોત્તમના ધામરૂપ જણાય છે. આમ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ કૂટસ્થ છે તો પણ પુરુષોત્તમથી તે ન્યૂન છે કારણ કે ઉપર કહ્યું તેમ હરિ પૂર્ણ આનંદવાળા છે, જ્યારે અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે.

૩. જગત :-

શ્રી વલ્લભાચાર્યના મતે પર બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ જગત છે. અગાઉ કહ્યું તેમ શ્રુતિ વાક્ય પ્રમાણે બ્રહ્માંડના સર્જન પહેલાં પરમ સત્ય બ્રહ્મ એકલાં જ હતાં. અન્ય કાંઈ નહોતું. શ્રુતિ કહે છે- **'એકોહં બહુ સ્યામ'**. પોતે ક્રીડા કરવા જગત રચવાની ઈચ્છા કરી અને પોતાના સત્ અંશમાંથી તેમણે આ જગતની રચના કરી. આમ જગતની રચના કરવાનું કાર્ય ઈશ્વરે પોતે જ કર્યું. પોતાના સ્વરૂપમાંથી જગત પ્રગટ કર્યું. માટે જગત બ્રહ્મનું જ રૂપ છે. જગત ભગવાનથી અલગ નથી.

શંકરાચાર્ય જગતને માયિક માને છે અને એટલે તેને મિથ્યા કહે છે. તેઓના મતે જેમ અંધકારમાં આપણને દોરડીમાં સર્પની ભ્રમણા થાય છે. તેમ માયિક જગત આપણને આપણા અજ્ઞાન વશ સત્ય લાગે છે, પરંતુ વસ્તુતઃ તે માયાએ ઊભી કરેલી ભ્રમણા છે.

શ્રી વલ્લભાચાર્ય આ મતનો સ્વીકાર કરતા નથી. તેઓ જગતની સત્યતા સિદ્ધ કરવા નીચે મુજબ ઉદાહરણો આપી સમજાવે છે.

શાસ્ત્રોક્ત કાર્ય-કારણ મીમાંસા દ્વારા માટી અને ઘડાનું દૃષ્ટાંત આપી તેઓ કહે છે કે જેમ માટીમાંથી કુંભાર ઘડો તૈયાર કરે છે. તેમાં માટી એ તેનું ઉપાદાન કારણ છે, કુંભાર અને તેના ઓજાર- ચાકડો, દંડ ઈત્યાદિ નિમિત્ત કારણ છે અને તેમાંથી તૈયાર થનાર ઘડો એ તેનું કાર્ય છે. તે જ પ્રમાણે કાર્યરૂપ જગતની ઉત્પત્તિમાં ઉપાદાન અને નિમિત્ત કારણરૂપે સ્વયં બ્રહ્મ જ છે. બ્રહ્મે પોતે પોતાનામાંથી જ આ જગતનું નિર્માણ કર્યું છે અથવા બ્રહ્મ પોતે જ પોતાની ઈચ્છાથી સ્વયં આ જગતરૂપે પરિણમ્યા છે.

કરોળિયાના ઉદાહરણ દ્વારા શ્રી વલ્લભાચાર્ય સમજાવે છે કે જેમ કરોળિયો પોતાની ઈચ્છાથી પોતાના મોંમાંથી લાળ કાઢીને જાળું બનાવે છે અને ફરીથી પોતાના મોંમાં તેને લીન કરી દે છે, તે જ પ્રમાણે બ્રહ્મ પોતાનામાંથી જગતને પ્રગટ કરે છે, તેનો વિસ્તાર પણ કરે છે અને પુનઃ જગતને પોતાનામાં લય કરે છે. આ સમગ્ર પ્રક્રિયામાં બ્રહ્મમાં તત્ત્વતઃ કશો ફેરફાર થતો નથી. ત્રણેય અવસ્થામાં બ્રહ્મ જગતરૂપે અને જગત બ્રહ્મરૂપે રહે છે. માટીમાંથી ઘડો બનતાં તેનું રૂપ અને નામ બદલાય છે છતાં ઘડામાં માટીનું તત્ત્વ જેમનું તેમ નિહિત

રહે છે તે જ પ્રમાણે બ્રહ્મ જ્યારે જગતરૂપે પરિણામ પામે છે ત્યારે અનેક રૂપ અને નામ બદલાય છે. પરંતુ ન તો તેથી બ્રહ્મમાં તત્ત્વતઃ કોઈ બદલાવ આવે છે કે ન જગતરૂપે રૂપાંતરિત થતાં તેમાંથી બ્રહ્મત્વનું તત્ત્વ નાશ પામે છે. બીજી રીતે કહીએ તો અવ્યક્ત બ્રહ્મ સ્વયં વ્યક્ત જગતના રૂપે પરિવર્તિત થાય છે.

શ્રી વલ્લભાચાર્ય સોનું અને સોનાના દાગીનાનું ઉદાહરણ આપી **'અવિકૃત પરિણામવાદ'**ના માધ્યમથી જગતના સાતત્યને સિદ્ધ કરે છે. કારણમાંથી કાર્યમાં પરિવર્તન થવું એ એક 'પરિણામ' છે. આવું પરિવર્તન વિકૃત પ્રકારનું હોઈ શકે અને 'અવિકૃત' પ્રકારનું પણ હોય. જેમ દૂધમાંથી દહીં જમાવવામાં આવે ત્યારે કારણરૂપ દહીં એ કાર્યરૂપ દૂધનું વિકૃત પરિણામ કહેવાય, કારણ કે તે કાયમી ફેરફાર છે. દહીંમાંથી પુનઃ દૂધના રૂપે પરિવર્તન થઈ શકતું નથી. આનાથી વિપરીત, જ્યારે સોનામાંથી વિવિધ અલંકારો હાર, બંગડી, બુટ્ટી ઈત્યાદિ બનાવવામાં આવે ત્યારે તે અલંકારોમાં સોનાનું તત્ત્વ જેમનું તેમ અસ્તિત્વ ધરાવે છે. તે કોઈ પ્રકારનો વિકાર પામતું નથી અને તેથી અલંકારોને ગાળી નાખતાં તે પુનઃ સોનાના મૂળ રૂપમાં આવી જાય છે. આ પ્રકારનું પરિણામ પામવું તેને **'અવિકૃત પરિણામ'** કહેવામાં આવે છે. શ્રી વલ્લભાચાર્ય સમજાવે છે કે જગત એ બ્રહ્મનું અવિકૃત પરિણામ છે. કારણ કે જગત રૂપે પરિણમ્યા બાદ પણ બ્રહ્મનું અસ્તિત્વ તેમાં અકબંધ રહે છે અને બ્રહ્મ જ્યારે ઈચ્છે ત્યારે જગતનો પોતાનામાં લય કરી નાખે છે, પોતાના મૂળ સ્વરૂપમાં અંતર્નિહિત થઈ જાય છે. હવે જો સોનું સત્ય છે તો તેમાંથી પરિણામ પામતા સોનાના અલંકારો પણ સત્ય જ હોય. તદનુસાર જો બ્રહ્મને સત્ય માનીએ તો તેનું કાર્યજગત મિથ્યા કઈ રીતે હોઈ શકે? તે પણ સત્ય જ હોય. માટે શ્રી વલ્લભાચાર્ય બ્રહ્મ અને જગત બન્નેને સત્ય માને છે અને બન્નેના 'અદ્વૈત'નો સ્વીકાર કરે છે.

પોતાની ઉપરોક્ત માન્યતાને સિદ્ધ કરવા શ્રી વલ્લભાચાર્ય અનેક શ્રુતિ, બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવતનાં પ્રમાણો આપે છે.

૪. જીવનું સ્વરૂપ :-

મુંડક ઉપનિષદમાં કહ્યું છે કે **'યથા સુદીપ્તાત્પાવકાત્ ક્ષુદ્રા વિસ્ફૂલિંગા**

વ્યુચ્ચરન્તિ એવમેવૈતસ્માદાત્મનઃ સર્વે પ્રાણાઃ સર્વે લોકાઃ સર્વે જીવાઃ વ્યચ્ચરણા રમણીય ચરણા’ અર્થાત્ જેમ અત્યંત પ્રજ્વલિત થયેલા અગ્નિમાંથી સૂક્ષ્મ તણખા નીકળે છે તેમ એ આત્મામાંથી સર્વ પ્રાણ, સર્વ લોક અને બધા જ જીવોનું વ્યુચ્ચરણ થાય છે (છૂટા પડે છે). શ્રી વલ્લભાચાર્ય પણ તત્ત્વાર્થદીપનિબંધમાં કહે છે- **‘બહુસ્યાં પ્રજાયેયેતિ વીક્ષા તસ્ય હયભૂત્સતી, તદિચ્છા માત્ર તસ્તસ્માદ બ્રહ્માભૂતાંશ ચેતનાઃ’** અર્થાત્ એકમાંથી અનેક થવાની સત્ય સંકલ્પ એવા પ્રભુની ઈચ્છા થતાં તે ઈચ્છા માત્રથી બ્રહ્મમાંથી અંશરૂપ જીવનું વ્યુચ્ચરણ થયું.

આમ જીવોની ઉત્પત્તિ સમજાવતાં શ્રી વલ્લભાચાર્ય સમજાવે છે કે બ્રહ્મ એક હતા. એકમાંથી અનેક થયાં. તેમણે ઈચ્છા કરી તેથી અગ્નિમાંથી તણખા છૂટા પડે તેમ પોતાનાં સત્ અને ચિત્ તત્ત્વોમાંથી અનેક સૂક્ષ્મ અંશો રૂપે પ્રગટ થયા. આ સૂક્ષ્મ અંશો ‘જીવ’ કહેવાયા. જીવ જ્યારે બ્રહ્મમાંથી છૂટો પડ્યો ત્યારે બ્રહ્મનું આનંદ તત્ત્વ તેમાંથી તિરોહિત હતું, જ્યારે સત્ અને ચિત્ તત્ત્વ પ્રગટ રહ્યું. આનંદ અંશ તિરોધાન થવાથી બ્રહ્મનું સ્વરૂપ અને શક્તિઓ પણ જીવમાંથી તિરોહિત થઈ ગયાં. પરિણામે જીવ દીન, હીન અને દોષવાન બન્યો. જીવમાંથી પરમાત્માના છ દિવ્ય ગુણોનો તિરોભાવ થતાં જીવમાં નીચે મુજબ વિકારો આવ્યા (૧) ‘ઐશ્વર્ય’ જતાં દીનતા અને પરાધીનતા આવી, (૨) ‘વીર્ય’ જતાં બધું દુઃખ સહન કરવાનું આવ્યું, (૩) ‘યશ’ જતાં સર્વ પ્રકારની હીનતા આવી, (૪) ‘શ્રી’ જતાં જન્મમરણની આપત્તિઓ આવી, (૫) ‘જ્ઞાન’ જતાં અહંકાર, બુદ્ધિ અને અવિદ્યા આવ્યાં અને (૬) ‘વૈરાગ્ય’નો લોપ થતાં વિષયાશક્તિ આવી. જીવ પોતાના મૂળ સ્વરૂપને અને પરમાત્મા સાથેના તેના મૂળ સંબંધને ભૂલી ગયો. પરિણામે તેણે પૃથ્વી પર જે ધારણ કર્યું તેને મુખ્ય માન્યું અને પોતાને ગૌણ માન્યો. પાંચ અધ્યાસો દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને સ્વરૂપ વિસ્મૃતિ લાગ્યા, જેના કારણે તે સ્વભાવે દુષ્ટ બન્યો. છતાં તે પરમાત્માનો અંશ રહ્યો. જીવની દશામાં ચૈતન્ય એ જ એનો મુખ્ય ધર્મ છે.

શુદ્ધાદ્વૈત મત પ્રમાણે જીવ એ બ્રહ્મનો અંશ છે. તે અણુ છે તથા નિત્ય છે. તેનું સ્વરૂપ ચૈતન્ય છે. છતાં તે જ્ઞાતા છે અને ભોક્તા પણ છે.

શ્વેતાશ્વેતર ઉપનિષદમાં જીવનું સ્વરૂપ આ રીતે સમજાવ્યું છે- **'અંગુષ્ટ માત્રો રવિતુલ્ય રૂપઃ સંકલ્પાદ્યહંકાર સમન્વિતો યઃ'**- અર્થાત્ જીવ સંકલ્પ અને અહંકારયુક્ત છે. તે સૂર્યના જેવા પ્રકાશવાળો છે. અંગુષ્ટ જેવડો છે અને પોતાના ગુણથી આરાગ્ર માત્ર છે. જ્ઞાનચક્ષુવાળા પુરુષોએ જીવને દેવથી ભિન્ન પણ જોયેલો છે. શ્રુતિ કહે છે જીવ ડાંગરની અણી જેવડો છે. વાળના સોમા ભાગનાય સોમા ભાગ જેવડો જીવ છે. ગીતામાં ભગવાન કહે છે- **'મમૈવાંશો જીવલોકે જીવ ભૂતઃ સનાતનઃ'**. શુદ્ધાદ્વૈત મત પ્રમાણે જીવ, જીવાત્મા અને આત્મા એ એક જ તત્ત્વનાં નામ છે, જોકે શ્રુતિ- સ્મૃતિ ઇત્યાદિમાં અનેક જગ્યાએ આત્મા શબ્દ પરમાત્માના અર્થમાં પણ વપરાયેલ છે.

જીવાત્માની ત્રણ અવસ્થાઃ જીવની ત્રણ અવસ્થા હોય છે (૧) શુદ્ધ, (૨) બધ્ધ અથવા સંસારી અને (૩) મુક્ત.

(૧) શુદ્ધઃ બ્રહ્મમાંથી છૂટા પડ્યા પછી જીવમાં આનંદ અંશનો તિરોધાન થવાથી પછી જ્યાં સુધી જીવ અવિદ્યાનો સંબંધ નથી થતો ત્યાં સુધીની અવસ્થામાં જીવને 'શુદ્ધ જીવ' કહેવામાં આવે છે.

(૨) બધ્ધ : અવિદ્યાનો સંબંધ થવાથી જીવ અહંતા મમતાવાળો બને છે અને જન્મમરણના બંધનમાં બંધાય છે. આ અવસ્થામાં જીવને 'બધ્ધ' કે 'સંસારી' કહેવામાં આવે છે.

(૩) મુક્તઃ જ્યારે જીવ સત્સંગ દ્વારા, ભગવદ્ કૃપા દ્વારા પોતાનું અજ્ઞાન દૂર કરી પ્રભુના ધામની પ્રાપ્તિ કરે છે ત્યારે જીવને 'મુક્ત' કહેવામાં આવે છે.

૫. સંસાર :-

સામાન્યતઃ લોકો 'જગત' અને 'સંસાર' એ બન્ને શબ્દને પર્યાયવાચી માને છે. બ્રહ્મવાદી સિવાયના બધા 'જગત' અને 'સંસાર' વચ્ચેના ભેદને પારખતા નથી હોતા. શ્રી વલ્લભાચાર્યજી આ ભેદને શાસ્ત્રીય રીતે સમજાવે છે. 'જગત' એ બ્રહ્મનું જ આધિભૌતિક સ્વરૂપ હોઈ તે 'સત્ય' છે પરંતુ 'સંસાર'ની વ્યાખ્યા તેમના મતે જીવે અવિદ્યાના કારણે અહંતા એટલે અહંપણાથી અને મમતા એટલે મમત્વથી ભરપૂર- હું અને મારું જે કલ્પી લીધું છે, તેને 'સંસાર' કહે છે. આ સંપૂર્ણપણે મનઘડત અને કલ્પના દ્વારા ઊભો કરાયેલ હોઈ તે અસત અથવા મિથ્યા છે. 'આ મારું' અને 'આ તારું' એવી બુદ્ધિ ઉત્પન્ન થવી એ

અવિદ્યાનું કાર્ય છે, હુંપણાનો અને મારાપણાનો ભાવ એ અવિદ્યાના કારણે હોય છે, જેના કારણે જીવ બંધાય છે. બદ્ધ અવસ્થામાં આવે છે. ગીતામાં ભગવાન કહે છે, **'અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ'** અર્થાત્ જ્ઞાન અજ્ઞાનથી ઢંકાયેલું છે અને તેથી અજ્ઞાની જીવો મોહ પામે છે. આમ અવિદ્યા વડે જ્યારે જીવને બંધન પ્રાપ્ત થાય છે ત્યારે 'સંસારી' કહેવાય છે.

આથી આપણે જગત અને સંસાર વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે સમજી લેવો જોઈએ. જગત સત્ય હોઈ તેનો ક્યારેય વિનાશ થતો નથી, જ્યારે 'સંસાર' નાશવંત છે.

૬. આવિર્ભાવ- તિરોભાવ :-

શ્રી વલ્લભાચાર્યના મત પ્રમાણે બ્રહ્મમાંથી જડ-જીવાત્મક જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં ભગવાનની આવિર્ભાવ અર્થાત્ વ્યક્તતા અને તિરોભાવ એટલે અદશ્યતા રૂપી બે વિશિષ્ટ શક્તિ જ ભાગ ભજવે છે. માયાવાદમાં અધ્યારોપ અને તે પછી અપવાદ એ રીત સ્વીકારવામાં આવી છે, જ્યારે બ્રહ્મવાદની વિચારધારા એથી વિલક્ષણ છે. બ્રહ્મમાંથી જડાત્મક સૃષ્ટિ પ્રગટ થવામાં તેમાં સત્ અને આનંદ તત્ત્વનું તિરોધાન થઈ જાય છે અને ચૈતન્ય યુક્ત જીવસૃષ્ટિમાં કેવલ આનંદ તત્ત્વ તિરોહિત રહે છે. આમ આવિર્ભાવ-તિરોભાવને બ્રહ્મની શક્તિરૂપે સ્વીકારતાં તે બન્ને નિત્યત્વ કે અનિત્યત્વનો પ્રશ્ન રહેતો નથી. એટલે કે જગતને બ્રહ્માત્મક સમજવામાં બાધ આવતો નથી કે જીવને ભગવદંશ અને અભિન્ન માનવામાં આપત્તિ રહેતી નથી કારણ કે તેમાં બ્રહ્મ પોતે પોતાની ઈચ્છા મુજબ એક અથવા બે તત્ત્વોને તિરોહિત કરી દે છે, અપ્રગટ રાખે છે અને જ્યારે પોતાનામાં સમાવવાની દશામાં જે તત્ત્વોને તિરોહિત કરેલ હતાં તેનો પુનઃ આવિર્ભાવ કરે છે.

આમ આવિર્ભાવ- તિરોભાવના સિદ્ધાંત દ્વારા શ્રી વલ્લભાચાર્ય સ્વ સિદ્ધાંતના પ્રત્યેક પાસાને સારી રીતે સ્પષ્ટ કરે છે.

૭. અંતર્યામી :-

શ્રી વલ્લભાચાર્ય તત્ત્વાર્થદીપનિબંધમાં સ્પષ્ટ કરે છે કે **'જડોજીવોન્તરાત્મેતિ વ્યવહારસ્ત્રિધા મતઃ'** અર્થાત્ આમાં સદંશથી જડ, ચિદંશથી જીવ અને આનંદાંશથી અંતર્યામીની ઉત્પત્તિ છે. જેમ જીવ અનેક છે તેમ અંતર્યામી અનેક

છે. આ અંતર્યામીનું સ્વરૂપ પ્રત્યેક જીવ સાથે અસ્તિત્વ ધરાવે છે, જે વિશે શ્રુતિમાં પ્રમાણ મળે છે-

'દ્વા સુપર્ણા સયુતા સખાયા સમાનં વૃક્ષં પરિષ સ્વજાતે,
એકસ્તયોઃ પિપ્પલં સ્વાદ્વત્ય નશ્નનન્યો અભિવ્યાકશીતે'

અર્થાત્ બે મિત્ર જોડિયાં પક્ષી એકસરખા વૃક્ષ પર ભેટીને રહ્યાં છે. આમાંનો એક પીપળાનું સ્વાદુ ફળ ખાય છે, બીજો ખાધા વગર ટગર ટગર જોયા કરે છે. કઠોપનિષદના **'ગુહાં પ્રવિષ્ટૌ પરમેપરાર્ધે'** વાક્ય દ્વારા પણ જીવ અને અંતર્યામી બન્નેનો હૃદય ગુહામાં પ્રવેશ બતાવેલો છે.

શ્રી વલ્લભાચાર્ય બ્રહ્મસૂત્ર- 'ગુહાં પ્રવિષ્ટાવાત્મનૌ' તેમ જ ઉપરોક્ત શ્રુતિવાક્યના આધારે સમજાવે છે કે જે બેનો નિર્દેશ છે તેમાં એક જીવ અને બીજો અંતર્યામી છે. પ્રત્યેક દેહમાં એ બન્ને જોડીરૂપ રહેલ છે. આમાંનો અંતર્યામી માત્ર જીવની સાથે સાક્ષીવત રહેલ છે. જીવ જ્યારે કાંઈ સારું નરસું કરવા ઈચ્છે છે ત્યારે તેને તે સારી કે નરસી ક્રિયાના પરિણામનો ખ્યાલ આવે છે. એ ખ્યાલ અંતઃનિહિત અંતર્યામીની સહસ્થિતિનું પરિણામ છે. ફલનો ભોક્તા તો જીવ છે. અંતર્યામીને તે કશું નથી. જીવની માફક અંતર્યામી પણ નિરાકાર વગેરે ધર્મોવાળો છે.

૮. માયા :-

શુદ્ધાદ્વૈત મતાનુસાર માયા પરબ્રહ્મની સ્વરૂપા શક્તિ છે જે હંમેશાં પરબ્રહ્મથી વેષ્ટિત રહે છે. જેમ સૂર્યથી તેનો પ્રકાશ ભિન્ન નથી તેમ બ્રહ્મની આત્મ માયા તેનાથી ભિન્ન નથી. એક શક્તિમાન છે, બીજી શક્તિ છે. માયા પરબ્રહ્મને આધીન છે અને સર્વ કાર્ય પરબ્રહ્મની ઈચ્છા અર્થાત્ આજ્ઞા મુજબ કરે છે. શ્રી વલ્લભાચાર્યે સુબોધિનીમાં માયાનાં બે સ્વરૂપો બતાવ્યાં છે. એનું એક રૂપ- 'વ્યામોહિકા' છે, જે ભગવાનના ચરણની દાસી છે અને બીજું રૂપ 'કારણ' છે, જેનાથી ભગવાન જગતનો આવિર્ભાવ, તેનું પાલન અને તિરોભાવ કરે છે.

૯. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના મુખ્ય સિદ્ધાંતો :-

(૧) બ્રહ્મ સત્ય છે, (૨) જગત પણ સત્ય છે, (૩) જીવ બ્રહ્મ નથી પરંતુ તે બ્રહ્મનો એક અંશ છે, (૪) આ 'હું કરું છું' એ 'અહંતા' અને 'આ મારું' છે એ 'મમતા' એમ માનવું તેનું નામ સંસાર છે. અહંતા મમતાત્મક સંસાર

મિથ્યા છે, (૫) બ્રહ્મમાં સત્, ચિત્ અને આનંદ એમ ત્રણ તત્ત્વો રહેલાં છે, માટે તેને 'સચ્ચિદાનંદ' કહેવાય છે, (૬) જીવ બ્રહ્મમાંથી છૂટો પડ્યો છે. તેમાં સત્ અને ચિત્ એમ બે તત્ત્વો પ્રગટ છે, જ્યારે આનંદ અંશ તિરોહિત થયેલ છે, (૭) જગતના જડ પદાર્થોમાં 'સત્' તત્ત્વ જ પ્રગટ રૂપે છે જ્યારે 'ચિત્' અને 'આનંદ' તત્ત્વો તિરોહિત છે. (૮) જગતમાં દશ્યમાન જડ-ચેતન પદાર્થોમાં જુદાં જુદાં નામ અને રૂપ ધારણ કરીને બ્રહ્મ જ રહેલ છે, અર્થાત્ જગત એ બ્રહ્મનું વ્યાપક સ્વરૂપ છે, (૯) માયા બ્રહ્મની શક્તિ છે જે તેમની ઈચ્છા અને આજ્ઞાનુસાર કાર્ય કરે છે, (૧૦) બ્રહ્મ વિરુદ્ધ ધર્માશ્રયી છે, (૧૧) અક્ષરબ્રહ્મ એ પરબ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે જે અવ્યક્ત, અનિર્દેશ્ય, કૂટસ્થ, ગણિતાનંદ, અચિંત્ય એવું ભગવદ્ધામ છે, (૧૨) આવિર્ભાવ- તિરોભાવ એ બ્રહ્મની શક્તિ છે, (૧૩) અંતર્યામી એ બ્રહ્મનું આનંદાંશ સ્વરૂપ છે જે પ્રત્યેક જીવની સાથે સાક્ષીવત્ રહે છે.

◆

૮

વાલ્લભ મત - શાંકર મત - તુલનાત્મક સમીક્ષા

(Doctrine Vallabhacharya & Sankarachary - A comparative study)

શાંકર વેદાંતનું મુખ્ય સૂત્ર છે- '**બ્રહ્મ સત્યમ્ જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ** ના પરઃ' આ શંકરાચાર્યની વિચારધારાનું કેન્દ્રબિંદુ છે કે બ્રહ્મ સત્ય છે; જગત મિથ્યા છે અને જીવ એ બીજું કશું નથી પણ બ્રહ્મ જ છેઃ આ સૂત્ર જ શાંકર મત અને વાલ્લભ વિચારધારાના તારતમ્યને સ્પષ્ટ કરે છે કારણ કે શ્રી વલ્લભાચાર્યના મતે 'બ્રહ્મ સત્ય છે, જગત પણ સત્ય છે અને જીવ એ બ્રહ્મનો અંશ છે.'

શ્રી વલ્લભાચાર્યે પોતાની 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'ની વિચારધારાને પ્રતિપાદિત કરવા શબ્દપ્રમાણનો આશ્રય લીધો છે અને વેદ, વ્યાસ સૂત્રો, ગીતા તેમ જ ભાગવત એ ચાર પ્રમાણોને સ્વીકારી તેમની એકસૂત્રતાના આધારે પોતાનો મત પ્રગટ કર્યો છે, જ્યારે શંકરાચાર્ય વેદ, બ્રહ્મસૂત્રો અને ગીતાને 'પ્રસ્થાનત્રયી' ગણાવે છે. અર્થાત્ તેમના મતે આ ત્રણ શાસ્ત્રોના જ્ઞાન દ્વારા બ્રહ્મને જાણી શકાય છે, અનુભવી શકાય છે. આ 'પ્રમાણચતુષ્ટય' અને 'પ્રસ્થાનત્રયી' વચ્ચેનું તારતમ્ય એ આ બન્ને મહાન આચાર્યોની વિચારધારા વચ્ચેના ભેદને ઉજાગર કરે છે.

શ્રી વલ્લભાચાર્યની વિચારધારાના પ્રમુખ મુદ્દા આપણે પૂર્વ પ્રકરણમાં જાણ્યા. બન્ને આચાર્યોની વિચારધારાની સમીક્ષા કરતાં પહેલાં શંકરાચાર્યના મતને સંક્ષિપ્તમાં સમજી લઈએ.

શંકરાચાર્ય 'અદ્વૈતવાદ'ને સ્વીકારે છે. તેઓ શ્રુતિવાક્ય પ્રમાણે એકમાત્ર 'બ્રહ્મ'ને જ પરમ સત્ માને છે. બ્રહ્મ નિર્ગુણ- નિરાકાર છે. બ્રહ્મ સિવાય કે તેનાથી ભિન્ન એવું કશું 'સત' તત્ત્વ નથી માટે તેને 'કેવલાદ્વૈત' કહ્યું છે. બ્રહ્મ જ પરમાર્થિક સત્ છે. ઈશ્વર, જગત, જીવ, સૃષ્ટિ વગેરે બધાની સત્યતાનું તેમણે ખંડન કર્યું છે. માયાને પણ તેમણે અસત્ય કહી છે. પછી ભલે તે બ્રહ્મની અભિન્ન શક્તિ હોય કારણ કે જો માયાને પણ તેઓ 'સત્' માને તો તેમનાં દર્શનમાં

‘દ્વૈતવાદ’ પ્રવેશે.

કેવલાદ્વૈતના સિદ્ધાંત મુજબ બ્રહ્મ અર્થાત્ પરમાત્મા જ જગતમાં જડચેતનરૂપે વ્યાપી રહ્યો છે. જે કાંઈ આકાર-પ્રકારનો ભેદ વર્તાય છે તે બ્રહ્મના સ્વરૂપના અજ્ઞાનને લીધે છે. જીવ, જગત અને બ્રહ્મનો વાસ્તવિક અભેદ અનુભવાય એટલે અજ્ઞાન નાશ પામે અને સર્વ કાંઈ આત્મસ્વરૂપ જ છે એવી પ્રતીતિ થતાં દુન્યવી બંધનો આપોઆપ ખરી પડે.

શંકરાચાર્ય અનુભવ (અપરોક્ષ અનુભૂતિના અર્થમાં)ને જ પ્રમાણરૂપ પ્રાધાન્ય આપે છે, છતાં ઉપનિષદો બ્રહ્મસૂત્રો અને ભગવદ્ ગીતા પ્રસ્થાનત્રયીનો આધાર લઈ ‘બ્રહ્મ’નું નિરૂપણ કરે છે. તેઓ કહે છે, નિર્ગુણ બ્રહ્મ જ વાસ્તવિક પરમાર્થિક સત્તા (Absolute Reality) છે, પરંતુ વ્યવહારમાં ઉપાસના નિમિત્તે સગુણ ઈશ્વરની કલ્પના કરવામાં આવે છે. નિર્ગુણ બ્રહ્મ એ સગુણ બ્રહ્મનું પારમાર્થિક રૂપ છે.

તેઓ ઈશ્વરને સગુણ, સાકાર અને સવિશેષ બ્રહ્મ કહે છે. નિર્ગુણ બ્રહ્મ નિર્વિશેષ અને નિરાકાર છે. ઈશ્વર સર્વજ્ઞ, સ્વતંત્ર, સર્વ વ્યાપક અને એક છે, અંતર્યામી છે. જગતનો સર્જક, પાલક અને સંહારક છે. તે નિત્ય તેમ જ અપરિવર્તનશીલ છે. ઈશ્વરનું કશું કારણ હોઈ શકે નહીં આથી તે કારણશૂન્ય છે. કર્મના નિયમોનો અધ્યક્ષ છે. તે વ્યક્તિત્વપૂર્ણ (Personal) છે અને ઉપાસનાનો વિષય છે.

શ્રુતિવચનોનો આધાર લઈ આત્મ તત્ત્વનું નિરૂપણ કરતાં શંકરાચાર્ય કહે છે કે આત્મા સાક્ષી, દૃષ્ટા, સચ્ચિદાનંદ સ્વરૂપ, દેહ, ઇન્દ્રિય- મન- બુદ્ધિથી ભિન્ન અને બધાંનો પ્રકાશક, શુદ્ધ, ચૈતન્ય સ્વરૂપ, નિત્યમુક્ત, અ-કર્તા, અ-ભોક્તા અને નિર્વિકાર છે. આત્મા એ જ પરમાત્મા છે. તે કર્તા-કર્મના ભેદથી પર છે અને કાર્ય-કારણ સંબંધથી પર છે, તે દિક્ કાલાતીત છે. બ્રહ્માંડ તથા જીવોનો પરમ આધાર છે. તે અનંત, અનશ્વર અને સર્વવિદ્યમાન છે. તે ન તો જ્ઞાત છે કે ન તો જ્ઞેય છે, પરંતુ સ્વયં જ્ઞાનસ્વરૂપ છે.

આત્મા તેના સ્વાભાવિક રૂપમાં શુદ્ધ ચૈતન્ય અને આનંદ સ્વરૂપ છે. પરંતુ અજ્ઞાનરૂપી ઉપાધિને લઈને અવિદ્યા વડે સીમિત થવાથી એ જ આત્મા જીવ તરીકે પ્રતીત થાય છે. હકીકતમાં આત્મા એક જ છે પણ નામરૂપ સમૂહની

ઉપાધિને લઈને તે અનેક ભાસે છે.

તેમના મતે 'જીવ' શરીરના અધ્યક્ષ અને પ્રાણને ધારણ કરનાર ચેતન તત્ત્વનું નામ છે. આત્માની સત્તા 'પારમાર્થિક' છે, જ્યારે જીવની સત્તા 'વ્યાવહારિક' છે. આત્મા જ્યારે શરીર, મન, ઈન્દ્રિયો આદિ ઉપાધિઓથી ઘેરાયેલો હોય છે ત્યારે તે જીવ બની જાય છે.

બ્રહ્મના માયા સાથેના સંબંધને પરિણામે 'ઈશ્વર' અને બ્રહ્મના અવિદ્યા સાથેના સંબંધને પરિણામે 'જીવ' બને છે. આમ જીવ અને ઈશ્વર બન્ને એક રીતે જોતાં તો બ્રહ્મના 'વિવર્ત' છે. ઈશ્વર તથા જીવ બન્નેની સત્યતા વ્યાવહારિક દૃષ્ટિએ જ છે. પારમાર્થિક દૃષ્ટિએ જોતાં બન્ને અસત્ય છે.

જગતના સ્વરૂપ અંગે સમજાવતાં શંકરાચાર્ય કહે છે કે વિશ્વનો જે પરિવર્તન પામવાનો સ્વભાવ છે તે 'જગત' શબ્દથી સુચવાય છે. જગત એટલે બધા દૃશ્ય પદાર્થોનો સમુદાય. ઈન્દ્રિયો વડે જેનો અનુભવ થાય છે એ વિવિધતાપૂર્ણ સ્થળ, કાળ અને કાર્ય-કારણના નિયમની મર્યાદાવાળું જગત અપૂર્ણ અને આભાસરૂપ છે. પાર્થિવ જગતની વસ્તુઓ સદાકાળ ટકતી નથી એ અર્થમાં શંકરાચાર્ય જગતને માયા અને મિથ્યા માને છે. તેમના મતે જગત વિકાર ધર્મવાળું, સાપેક્ષ ભાવવાળું, 'Relatively real' છે, જ્યારે પરમાત્મા અનાદિ, અનંત, નિર્વિકલ્પ અને નિર્વિકાર છે. એ અર્થમાં તેઓ જગતને માયાને કારણે ભાસ થતું બ્રહ્મનું વિવર્ત માને છે. જગતના મિથ્યત્વને સમજાવવા શંકરાચાર્ય રજ્જુ અને સર્પનું ઉદાહરણ આપે છે. જેમ અંધકારમાં રજ્જુને આપણે સર્પ સમજી બેસીએ છીએ પરંતુ પ્રકાશ થતા સત્ય એવા રજ્જુનું જ્ઞાન થાય છે, તેમ આ જગત માયાને કારણે બ્રહ્મનું પ્રતિબિંબિત સ્વરૂપ માત્ર છે. જ્ઞાનનો ઉદય થતાં આ માયાવી જગત અદૃશ્ય થઈ જતાં વાસ્તવિક બ્રહ્મનો અનુભવ થઈ શકે છે.

માયાને સમજાવતાં શંકરાચાર્ય કહે છે કે માયાશબલ બ્રહ્મ (ઈશ્વરની આત્મ અભિવ્યક્તિ કરવાની)ની જે શક્તિ તે માયા છે. તે સંસારના બીજરૂપ છે અને ઈશ્વરની પ્રકૃતિ છે. માયા ઈશ્વરની માત્ર સહાયક શક્તિ છે તથા પરમેશ્વરના આશ્રયે રહેલી છે. પરમજ્ઞાનીની દૃષ્ટિએ માયા કલ્પિત છે, પરંતુ અજ્ઞાનીની દૃષ્ટિએ તે સાચી છે. જ્યારે સાધકની દૃષ્ટિએ તે અનિર્વચનીય છે. માયાને લીધે જગત ભિન્ન ભિન્ન સ્વરૂપે ભાસે છે, છે તેનાથી અન્યરૂપે ભાસે છે. જગતના

અસ્તિત્વમાં માયાના મહત્ત્વના કારણે શંકરાચાર્યના મતને **'માયાવાદ'**ના નામથી પણ ઓળખાય છે.

અવિદ્યા અથવા અજ્ઞાન એ જીવનાં સર્વ દુઃખોનું મૂળ કારણ છે. વિદ્યા અથવા જ્ઞાન મનુષ્યને દુઃખમાંથી મુક્તિ અપાવે છે. અવિદ્યા એટલે બુદ્ધિ દ્વારા મળેલું અને બુદ્ધિમાં જ રહી ગયેલું જ્ઞાન. તેનાથી અહંભાવ જન્મે છે. ગીતા કહે છે તેમ અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું છે, (જેમ ગર્ભ ઓરથી ઢંકાયેલો હોય છે તેમ). એટલે પ્રાણીઓ મોહ પામે છે. અવિદ્યા અથવા અજ્ઞાન આપણને મોહાંધ બનાવે છે અને યથાર્થ સ્વરૂપનું દર્શન થવા દેતું નથી. અજ્ઞાનને કારણે ઊભા થતાં આવરણ અને વિક્ષેપોને દૂર કરવાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ શક્ય બને છે. આત્મજ્ઞાની મનુષ્યને એ ભેદાનુભવ થાય છે.

માટે જ શંકરાચાર્ય જ્ઞાનમાર્ગના પુરસ્કર્તા છે. મનુષ્યને જ્યારે બ્રહ્મના સ્વરૂપનું-સ્વ સ્વરૂપનું સાચું જ્ઞાન થાય છે ત્યારે સંસારી બનેલો જીવ મુક્ત બની 'આત્મા' સ્વરૂપે પ્રગટ થાય છે. **'તત્વમસિ'** અથવા **'અહં બ્રહ્માસ્મિ'** એ મહાવાક્યો આ જ સંદર્ભમાં કહેવાય છે, તેમ શંકરાચાર્ય પ્રતિપાદન કરે છે.

સમીક્ષા :-

શંકરાચાર્યના ઉપરોક્ત સિદ્ધાંતોના પરિપેક્ષ્યમાં શ્રી વલ્લભાચાર્યના 'શુદ્ધાદ્વૈત' દૃષ્ટિકોણથી સમાલોચના કરતાં પહેલાં તેના પર સામાન્યતઃ આલોચનાત્મક દૃષ્ટિકોણ, જે અન્ય વિચારધારાઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે તે વિશે નીચેના મુદ્દા વિચારણીય છે.

૧. બ્રહ્મને જ એકમાત્ર 'સત્' અને સૃષ્ટિ પ્રપંચને 'અસત્' સાબિત કરવા માટે શંકરાચાર્યે માયાનો આશ્રય લીધો છે. તે વિશે કેટલાક વિદ્વાનોએ તેમણે (શંકરાચાર્યે) માયાને અનિર્વચનીય કહીને તેની કશી પરિભાષા આપવામાંથી મુક્ત કરી દીધી છે. તેનાથી કોઈ સ્પષ્ટતા થતી નથી. ટીકાકારોનું એમ કહેવું છે કે કાં તો માયાની પરિભાષા નિશ્ચિત કરી દેવી જોઈએ અથવા તો એ (માયા) જાળને જ સમેટી લેવી જોઈએ. કેટલાક તેમની આ માયાને 'સોનાની ઘોડી' કહે છે કારણ કે તે જોવામાં તો સુંદર લાગે છે પણ સવારીના કામમાં તે આવી શકે તેમ નથી.

૨. વળી બીજો એક આક્ષેપ તેમના પર એ કરવામાં આવે છે કે સંસાર અસત્ય છે, તે સ્વપ્નવત્ અને અયથાર્થ છે, કેવળ બ્રહ્મ (અદ્વૈત) જ પરમાર્થતઃ સત્ય છે તો

તેઓ આ વાતને અંતતઃ ચુસ્તપણે વળગી ન રહેતાં બૌદ્ધ દર્શન અંતર્ગત વિજ્ઞાનવાદનું ખંડન કરતી વખતે તેમણે પોતાના જ સિદ્ધાંતોનું ખંડન કર્યું છે.

૩. વેદાંતના અધ્યયન માટે તેમણે શૂદ્રોને અધિકાર આપ્યો નથી (બ્ર.સુ શાં ભા. ૧-૩-૩૪, ૩૮). શ્રુતિ પ્રમાણ પર તેમનું દર્શન આધારિત હોવા છતાં તેમણે શૂદ્રના આ અનધિકારના પ્રમાણમાં કોઈ શ્રુતિવાક્ય ટાંક્યું નથી. જો વેદ- ઉપનિષદ વગેરે શૂદ્રોના વેદ અધ્યયનથી વિરુદ્ધ જતાં હોય તો છંદોગ્ય ઉપનિષદ અજ્ઞાત્‌જન્મા એવા સત્યકામને બ્રહ્મવિદ્યાનો અધિકારી બનાવત નહીં.

૪. સાંખ્યના સિદ્ધાંતોનું ખંડન કરતાં શંકરાચાર્યે તેમને શ્રુતિ વિરુદ્ધ કહ્યા છે પરંતુ સાંખ્ય સિદ્ધાંતોનાં ઘણાં મંતવ્યો શ્રુતિ સંમત છે. પરમાર્થ સત્યનો આધાર લેનાર શંકરાચાર્ય માટે આ અયોગ્ય છે.

૫. પરમાર્થતઃ અદ્વૈત તથા અભેદની જોડાજોડ વ્યાવહારિક સત્યનું નિરુપણ કરીને તેમનો વાદ વાસ્તવિક રૂપમાં વ્યાવહારિક સ્તરથી ઉપર ન ઊઠવાના કારણે ઘણા ઢોંગી ધુતારાઓ 'અહં બ્રહ્માસ્મિ' તથા જગન્મિથ્યાનો જયઘોષ કરી સમાજને અવળે માર્ગે દોરવા પ્રશસ્ત થયા છે.

૬. કેવલા દ્વૈતવાદ 'માત્ર જ્ઞાનથી જ મોક્ષ મળે છે' એમ માનતો હોઈ કર્મને તેમાં અવકાશ નથી. એટલું જ નહીં, પરંતુ સર્વ આશ્રમોમાં સંન્યાસ માર્ગ જ શ્રેષ્ઠ તથા કૈવલ્ય માટે અનિવાર્ય ગણાતો હોવાથી તે માર્ગને અનુસરનારા માટે તે સહજ નથી રહ્યો અથવા તેઓ નિરુદ્યમી, આળસુ અને જગતને બોજારૂપ બને છે.

શંકરાચાર્યે પોતાના 'અદ્વૈત' સિદ્ધાંતના પ્રતિપાદન માટે શ્રુતિ, બ્રહ્મસૂત્ર અને ગીતા એ 'પ્રસ્થાનત્રયી'નો આધાર તો લીધો છે પરંતુ તેનો સમગ્રપણે સ્વીકાર કર્યો નથી.'શ્રુતિ' તે પરમાત્મા પાસેથી ઋષિઓએ સાક્ષાત શ્રવણ કરેલી વાણી છે. વેદ યાને ઈશ્વરના નિઃશ્વસિત ઉચ્ચારરૂપ જ્ઞાનભંડાર એ જ શ્રુતિ છે. એ વેદ ઋષિઓએ અંતરમાં જોયો છે, એનો શબ્દ સાંભળ્યો છે. પોતે રચ્યો નથી પણ પરમાત્માએ સ્વયં પ્રગટ કર્યો છે એવો ઋષિઓનો અનુભવ છે અને તેથી એનું કર્તૃત્વ ઋષિઓનું પોતાનું મનાતું નથી, પણ ઈશ્વરનું મનાય છે. સંહિતા, બ્રાહ્મણ અને આરણ્યક તથા ઉપનિષદ એટલા વૈદિક કાળના ગ્રંથોનો 'શ્રુતિ'માં સમાવેશ થાય છે. આ વેદો તથા ઉપનિષેદો તે પૂર્ણતાને પામેલા આત્માઓએ કરેલા

સાક્ષાત્કારની નોંધરૂપ છે. આમ વેદ અથવા શ્રુતિ એ બ્રહ્મદર્શન યા સાક્ષાત્કારની નોંધ છે, તેનું વિવરણ નથી. એટલે શ્રુતિનું પ્રામાણ્ય અંતિમ છે.

આમ છતાં અનેક સ્થળોએ શંકરાચાર્યે શ્રુતિની મર્યાદા જણાવી છે તથા સત્યને અન્યથા સિદ્ધ કરવામાં શ્રુતિની અસમર્થતા પણ દર્શાવી છે. શંકરાચાર્યને મન શ્રુતિનું મહત્ત્વ ગ્રંથોના શબ્દોથી નહીં પણ તેમાં અંકિત સત્ય પરથી આંકવાનું છે. માટે તેમણે શ્રુતિઓનો સમગ્રપણે સ્વીકાર કર્યો નથી.

શ્રી વલ્લભાચાર્યના મતે જો 'શ્રુતિ'ને પ્રમાણરૂપ સ્વીકારવામાં આવે તો તેનો સમગ્રપણે સ્વીકાર કરવો જોઈએ. તેઓ કહે છે, **"તસ્માત્ પ્રમાણમેવા ષુ સર્ત્તવ્યં ન યુક્તિ; યુક્તિ ગમ્યા તુ અબ્રહ્મવિદ્યા- નનુ તથાપિ કાચિત વેદાનુ સારિણી મુક્તિર્વક્તવ્યા શાસ્ત્ર સાફલ્યા યેતિ ચેત્ વિરોધ એવ નાશંકનીયઃ વસ્તુ સ્વભાવત્"** અર્થાત્ વસ્તુ પરિજ્ઞાનને માટે જે સાધન નિર્ધારિત છે, તેને તેનાથી જ પારખવું જોઈએ. વેદ પ્રતિપાદ્ય વિષયને વેદ દ્વારા જ જાણવું જોઈએ, કલ્પના અથવા મુક્તિ દ્વારા નહીં. મુક્તિ કાલ્પનિક હોય છે, વૈદિક નહીં. જો વેદ કોઈ એવા પદાર્થનું નિરૂપણ કરવા ઇચ્છતું હોય જેમાં આપણી તાર્કિક દૃષ્ટિથી કોઈ અંતર્વિરોધ હોય તો તે અન્તર્વિરોધના આધાર પર એક વચનને પ્રમાણ માનવું અને બીજાને અપ્રમાણિક અથવા ગૌણ માનવું ઉચિત નથી.

આગળ તેઓ કહે છે કે 'શાસ્ત્રોમાં બ્રહ્મ વિશેનું જે પ્રમાણે નિરૂપણ કરવામાં આવ્યું હોય, તેને તે જ રૂપમાં સ્વીકાર કરવો તે ન્યાય છે. પરસ્પર વિરોધી વિધાનો દ્વારા બે કે અધિક વિરોધી ધર્મોનું બ્રહ્મના વિશે વિધાન હોય તો બ્રહ્મને વિરુદ્ધ ધર્મોનો આશ્રય માનવો તે જ ઉચિત છે.'

અણુભાષ્યમાં પણ એ જ વાતનો ઉલ્લેખ કરતાં તેઓ કહે છે કે 'પોતાની બુદ્ધિથી વેદાર્થની પરિકલ્પના કરીને વૈદિક તત્ત્વનો વિચાર સંભવ નથી. વેદાંતોથી બ્રહ્મનું જે પ્રકારનું સ્વરૂપ અવગત થતું હોય તેને તેવું જ માનવું જોઈએ, લેશમાત્ર પણ તેનાથી વિપરીત કલ્પના કરવી એ દોષરૂપ છે.

ઉપરોક્ત વિધાનો શ્રી વલ્લભાચાર્યનાં અર્થઘટનો, વ્યાખ્યાઓને વધુ યથાર્થ, શાસ્ત્રસંમત અને યોગ્ય ઠરાવે છે.

ઉપરોક્ત સંદર્ભમાં **કે. નારાયણ** તેમના પુસ્તક 'Philosophy of the Vallabh School of Vedant'માં લખે છે કે 'It is evident that in formulative the above conception of Reality, Samkar has attached primary importance to the nirgun srutis in comparision to those that describe its character as full of infinite attributes, infinite knowledge, power and action, as a Being that the source of origination, sustenance and destruction of world order namely Sagun srutis. Throughout his comentaries on upanishads and the Brahmsutra, Samkara seems to convey the impressions that it is the 'Nirgun sruti' that really imparts the true instruction about the real nature of the Ultimate Reality and the 'Sagun-srutis' are only secondary. અર્થાત્ શંકરાચાર્યે નિર્ગુણ શ્રુતિને મુખ્ય અને સગુણ શ્રુતિને ગૌણ ગણીને પોતે નિર્ગુણ બ્રહ્મને પારમાર્થિક અને સગુણ બ્રહ્મ અથવા ઈશ્વરને વ્યાવહારિક બ્રહ્મરૂપે પ્રતિપાદિત કર્યા છે, જે શ્રી વલ્લભાચાર્યના દૃષ્ટિકોણથી અયોગ્ય છે.

શંકરાચાર્ય માયા·જન્મ અવિદ્યાના કારણે આત્માને સંસારી જીવ સ્વરૂપે વર્ણિત કરે છે. જેનો સ્વીકાર કરતાં તેમના અદ્વૈતવાદનું ખંડન થાય છે કારણ કે માયા એક એવું સામર્થ્યવાન તત્ત્વ ઊભરી આવે છે જે આત્મા પર આવરણ બની શકે છે. બીજી બાજુ તેઓ 'આત્મા સો પરમાત્મા'નું પ્રતિપાદન કરે છે. શ્રી વલ્લભાચાર્ય આ વિધાનનું ખંડન કરતાં જીવ અને આત્મા અથવા જીવાત્મા બ્રહ્મના ઉપનિષદના વિધાનને આધારે બ્રહ્મના ચિત્ અને સત્ તત્ત્વમાંથી છૂટા પડેલ અંશરૂપ બતાવે છે જે સત્ય છે, જ્ઞાતા છે, ભોક્તા છે.

જગતની ઉત્પત્તિ માટે શંકરાચાર્ય તેને મિથ્યા અર્થાત્ **'સતાસત વિલક્ષણ'** કહે છે અને તેથી તેને માટે અનિર્વચનીય શબ્દપ્રયોગ કરે છે. વિવર્તવાદનો સ્વીકાર કરતાં શંકરાચાર્ય જગતને માયામાં બ્રહ્મનું વિવર્ત- પ્રતિબિંબ માત્ર માને છે. આ વિચારધારાનું ખંડન કરતાં શ્રી વલ્લભાચાર્ય જગતને કારણરૂપ બ્રહ્મનું કાર્ય બતાવે છે અને તેથી સત્કારણનું પરિણામ સત્કાર્ય જ હોય માટે જગત પણ બ્રહ્મની માફક સત્ય જ હોવાનું પ્રતિપાદન કરે છે. તેઓ જગતને બ્રહ્મનું **અવિકૃત પરિણામ** માને છે, જેમાં બ્રહ્મ જગતનું અભિન્ન ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ છે.

આમ 'જીવ' અને 'જગત' એ બન્નેના સાતત્યના સ્વીકાર સાથે શ્રી વલ્લભાચાર્ય

શંકરાચાર્યની એ વિશેની વિચારધારાનું ખંડન કરે છે. તેઓ જગતના જડ-ચૈતન્ય પદાર્થોની બ્રહ્મની આવિર્ભાવ-તિરોભાવ શક્તિના કારણે ઉદ્ભવતાં અસ્તિત્વને સ્પષ્ટ કરે છે.

સંક્ષિપ્તમાં વાલ્લભ મત અને શાંકર મતના તારતમ્યને નીચે મુજબ વર્ણવી શકાય.

વાલ્લભમત - શુદ્ધાદ્વૈત	શાંકર મત - કેવલાદ્વૈત
૧ વલ્લભાચાર્યનો તત્ત્વદર્શીય દૃષ્ટિકોણ 'બ્રહ્મવાદ' તરીકે ઓળખાય છે.	શંકરાચાર્યનો તત્ત્વદર્શીય દૃષ્ટિકોણ 'માયાવાદ' તરીકે ઓળખાય છે.
૨ 'બ્રહ્મ' વિરુદ્ધધર્માશ્રયી હોઈ તે નિર્ધર્મક એવમ્ સધર્મક, નિર્ગુણ તેમ જ સગુણ, નિરાકાર તથા સાકાર બન્ને છે.	'બ્રહ્મ' નિર્ધર્મક, નિર્ગુણ નિરાકાર છે પરંતુ માયાના કારણે તે સગુણ-સાકાર રૂપ ધારણ કરે છે.
૩ પુરુષોત્તમ એ બ્રહ્મનું સર્વોચ્ચ સ્વરૂપ છે જે અક્ષરબ્રહ્મથી ઉચ્ચતર છે.	'અક્ષર બ્રહ્મ' માત્ર જ બ્રહ્મનું સર્વોચ્ચ સ્વરૂપ છે.
૪ બ્રહ્મ સચ્ચિદાનંદ હોઈ તેમાં સત્, ચિત્ અને આનંદ તત્ત્વ નિહિત છે.	બ્રહ્મમાં પરમ તત્ત્વ 'જ્ઞાન' છે.
૫ 'માયા' એ બ્રહ્મની દિવ્ય શક્તિ છે.	માયા એ અવિદ્યા અથવા અજ્ઞાનની જનની છે, જેના કારણે 'જગત' મિથ્યા હોવા છતાં સત્ય હોવાનો ભાસ થાય છે.
૬ બ્રહ્મ જગતનું ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ છે.	બ્રહ્મના પારમાર્થિક સ્વરૂપને જગતના સર્જન સાથે કાંઈ લેવાદેવા નથી, પરંતુ માયાના કારણે જગત એ બ્રહ્મનું વિવર્ત છે.
૭ જગત એ વિશિષ્ટ સર્જન નહીં પરંતુ બ્રહ્મનું જ વ્યાપક સ્વરૂપ છે.	'જગત' એ જે નથી તે રૂપમાં માયાના કારણે દેખાય છે.

૮	શુદ્ધાદ્વૈત વિચારધારા 'અવિકૃત પરિણામવાદ'માં માને છે.	કેવલાદ્વૈત વિચારધારા 'વિવર્તવાદ'માં માને છે.
૯	વલ્લભાચાર્ય શબ્દપ્રમાણને સ્વીકારી પ્રમાણચતુષ્ટય- વેદ, વ્યાસ સૂત્રો, ગીતા અને ભાગવતને આધારરૂપ ગણે છે.	શંકરાચાર્ય 'પ્રસ્થાનત્રયી'- વેદ- બ્રહ્મસૂત્ર અને ગીતાના આધાર સાથે અનુભવને પણ પ્રમાણ માને છે.
૧૦	'જીવ' (આત્મા) બ્રહ્મનો અંશ છે, ચૈતન્ય રૂપ છે. તે અનંત છે, જ્ઞાતા તેમ જ ભોક્તા છે.	'આત્મા' એ 'બ્રહ્મ'નું જ સ્વરૂપ છે પરંતુ અવિદ્યાના કારણે 'જીવ' સ્વરૂપ ધારણ કરે છે. એક હોવા છતાં માયાના કારણે અનેક રૂપ દેખાય છે. તે જ્ઞાતા કે ભોક્તા નથી.
૧૧	'જગત' અને 'સંસાર' એ બન્ને ભિન્ન છે. જગત બ્રહ્મનું જ વ્યાપક રૂપ હોઈ સત્ય છે, જ્યારે જીવ માની લીધેલ અહંતા- મમતાત્મક સંકલ્પના એ સંસાર છે જે મિથ્યા છે.	જગત અને સંસાર બન્ને એક જ છે અને મિથ્યા છે.
૧૨	ભગવાનનો સાક્ષાત્કાર ભક્તિ દ્વારા થઈ શકે છે.	જ્ઞાન એ જ મોક્ષપ્રાપ્તિનું સાધન છે.
૧૩	ભક્તિમાર્ગીય મોક્ષ એટલે ભગવાનની અલૌકિક લીલાના આનંદની અનુભૂતિ.	મોક્ષ એટલે અક્ષરબ્રહ્મમાં આત્માનું એકાકાર થઈ જવું.
૧૪	ભક્તિ એટલે માહાત્મ્ય જ્ઞાનપૂર્વક ભગવાનમાં સુદઢ સર્વતોધિક સ્નેહ.	કીર્તન-અર્ચન ઇત્યાદિ નવ પ્રકારની નવધા ભક્તિ જે ઉચ્ચતમ જ્ઞાનની પૂરક છે.
૧૫	જગત સ્વરૂપ બ્રહ્મનું સર્જન એ પોતાની લીલા માટે આત્મરમણ માટે છે.	બ્રહ્મનો આવો કોઈ હેતુ નથી.

૧૬	જીવાત્મા અને બ્રહ્મનો સંબંધ અંશ-અંશીનો છે.	આત્મા એ જ પરમાત્મા છે, તે સિવાય અન્ય કોઈ સંબંધ નથી.
૧૭	જગત એ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે.	જગત એ બ્રહ્મનું કોઈ સ્વરૂપ નથી પરંતુ કેવળ આભાસ છે.
૧૮	મોક્ષ એ આનંદયુક્ત સ્થિતિ છે.	'મોક્ષ'માં આનંદનું અસ્તિત્વ નથી.
૧૯	જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય એ બ્રહ્મની આવિર્ભાવ-તિરોભાવની પ્રક્રિયા છે.	જગત માયાને કારણે અધ્યારોપ અથવા ઉપાધિના કારણે છે.
૨૦	આત્મા એ અણુ છે.	આત્મા વિભુ છે.
૨૧	સંપૂર્ણ વેદને પ્રમાણ તરીકે સ્વીકારે છે.	નિર્ગુણ શ્રુતિઓને મુખ્ય ગણે છે, જ્યારે સગુણ શ્રુતિઓને ગૌણ માને છે.
૨૨	પુરુષોત્તમ અથવા કૃષ્ણ એ બ્રહ્મનું સર્વોચ્ચ આધિદૈવિક સ્વરૂપ છે.	સર્વોચ્ચ બ્રહ્મ નિરાકાર હોઈ પુરુષોત્તમ અથવા કૃષ્ણએ તેનાથી ઊતરતું બ્રહ્મનું ઉપાસનીય સાકાર સ્વરૂપ છે.
૨૩	ભગવાને પોતાની ઈચ્છાથી પોતાની લીલા માટે સૃષ્ટિનું સર્જન કરેલ હોઈ તેમાં ભેદભાવ દશ્યમાન થાય છે.	જગતમાં રહેલ ભેદભાવ માયાને કારણે દશ્યમાન થાય છે.

સચ્ચિદાનંદ બ્રહ્મ પોતાની ઈચ્છાથી આત્મરમણ માટે જીવોનું વ્યુચ્ચરણ કઈ રીતે કરે છે તે નિમ્ન તાલિકાથી સમજી શકાય છે.

બ્રહ્મ સચ્ચિદાનંદ રમણ ઈચ્છા માટે વ્યુચ્ચરણ

શુદ્ધ જીવ ચિદંશ (આનંદનો તિરોભાવ)


દૈવી જીવ
આસુરી જીવ
પુષ્ટિ-પુષ્ટિ
પુષ્ટિ-મર્યાદા
પુષ્ટિ-પ્રવાહ
પુષ્ટિભક્તિ
નિઃસાધન
દુઃસાધન

૯

પરમ સત્તા - પરમોચ્ચ તત્ત્વ

(Ultimate Reality)

યુગોથી માનવીએ પોતાના વિચારમાં જેને સર્વોચ્ચ ગણ્યું છે તેને ઓળખવાના, તેને પ્રાપ્ત કરવા સતત પ્રયાસો કર્યા છે. માનવ જ્ઞાનના ઉષઃકાળથી આ અભીપ્સા અવિરતપણે જોવા મળે છે. પોતાની સામાન્ય કક્ષાની માનસિક મર્યાદાને કારણે વ્યક્તિ પોતાના સત્‌ને સંપૂર્ણ ઐક્યમાં પિછાની શકતો નથી અને તેથી ક્રમશઃ આગળ વધે છે. માનવીની જ્ઞાનની શોધ મૂળભૂત ત્રણ તત્ત્વો સાથે સંકળાયેલ છે. આ છે- માનવી, વિશ્વ અને ઈશ્વર. આ ત્રણેય કક્ષાના સત્‌ની એકતાનું પ્રત્યક્ષીકરણ અગત્યનું છે. મહર્ષિ અરવિંદ કહે છે કે ‘વ્યક્તિને અને વિશ્વને નકારીને બ્રહ્મ અર્થાત્ પરમ સત્તાને સ્વીકારી શકાય નહીં.’

પરમ સત્તા- ultimate Reality વિશે ભારતીય તેમ જ પાશ્ચાત્ય તત્ત્વદર્શકોએ વિવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. પ્રો. સેમ્યુઅલ એલેકઝાન્ડર અનુસાર પોતાની તદ્દન સરળ અને સૌથી મૂળભૂત અભિવ્યક્તિમાં વિશ્વ બધાને સમાવતું સ્થળ કાળ છે. પોતાના પ્રાણ-શક્તિ કે જીવન-શક્તિ Elan-Vitalના સિદ્ધાંતમાં બર્ગસાં પ્રાણમય બ્રહ્મનો ખ્યાલ આપે છે. તેમના મતે પ્રાણશક્તિ સનાતન એવા સર્જનનો સિદ્ધાંત છે. તેઓ અંતિમ ‘સત્’ને સતત થતું પરિવર્તન કે પ્રક્રિયા જ ગણે છે. પ્રાણશક્તિના સ્ફોટ કે સ્રોતનું કેન્દ્ર પણ માત્ર પ્રક્રિયા જ છે. બાહ્ય પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાની હેગલ (Hegal) માનસિક બ્રહ્મનો ખ્યાલ પ્રતિપાદિત કરે છે. તેના મતે જેનું આ વિશ્વ બાહ્ય અભિવ્યક્તિ છે તે આત્મ-ચેતનાનો, આત્મા-ભિન્નતા અને આત્મ-પરલક્ષિતાનો સિદ્ધાંત બ્રહ્મ છે. તે કહે છે કે સત્ય એ સમગ્ર છે. આમ તેના મતે **‘પરમ સત્તા’** (Ultimate Reality) એ સંપૂર્ણ વિચાર છે અને એ વિચારનો સિદ્ધાંત **‘સાતત્ય’**નો છે. શંકરાચાર્ય અને બ્રેડલે (Bradley) માને છે કે વિચાર દ્વારા પરમ સત્તાને જાણી શકાય નહીં. સત્તા સંબંધ-વિહીન પ્રત્યક્ષ અનુભવ છે. પરમ સત્તાનું સ્વરૂપ આ પ્રકારનું છે. આ કક્ષા સિવાયની સંપૂર્ણ કે મર્યાદિત કક્ષાઓને બ્રેડલે **‘આભાસ’** કહે છે; જ્યારે

શંકરાચાર્ય તેને '**માયા**' કહે છે. આમ બન્નેના મતે જે મર્યાદિત છે તે પરમ સત્તા અર્થાત્ બ્રહ્મ નથી. આમ બ્રેડલે અનુસાર બ્રહ્મ અમૂર્ત રીતે બુદ્ધિગમ્ય હોવા છતાં માનવ અનુભવ દ્વારા વાસ્તવમાં પ્રાપ્ત કરી શકાય નહીં. શંકરાચાર્ય બ્રહ્મનો વાસ્તવિક અનુભવ થઈ શકે તેમ માને છે. તે માટે તેઓ '**પ્રસ્થાનત્રયી**'નો આધાર સ્વીકારે છે, અર્થાત્ વેદ, બ્રહ્મસૂત્ર અને ગીતા એ ત્રણ શાસ્ત્રોને જ્ઞાનપ્રાપ્તિના સ્રોત ગણે છે. આ ગ્રંથો દ્વારા મનુષ્ય બ્રહ્મનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી બ્રહ્મત્વનો અનુભવ કરી શકે છે. શંકરાચાર્ય બ્રહ્મને અચલિત, સર્વવ્યાપી, અનંત, આત્મપ્રકાશિત અને સ્થળ-કાળથી પર કહે છે. તેમના મતે બ્રહ્મ અનભિવ્યક્ત અને અનિર્ણિત છે. આ નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ છે.

પાશ્ચાત્ય પ્રસિદ્ધ તત્ત્વવેત્તા **ડેકાર્ટ** કાર્ય-કારણના સિદ્ધાંતને જન્મજાત વિચાર તરીકે સ્વીકારે છે, જે અંતઃસ્ફૂરણા દ્વારા પ્રાપ્ત સિદ્ધાંત છે. તે મુજબ શૂન્યમાંથી કંઈ પણ ઉદ્‌ભવી શકે નહીં. (Ex-nihilio- Nothing comes out of nothing). તેથી દરેક પરિણામને કારણ હોવું જોઈએ. તે કહે છે કે ''મારા વિચારોમાં એક વિચાર ઈશ્વરનો વિચાર છે, જે પૂર્ણ-અનંત તત્ત્વનો વિચાર છે. તે તેને અનંત, નિત્ય, કૂટસ્થ, સ્વતંત્ર, સર્વદી દ્રવ્ય સમજે છે. **સ્પિનોઝાના** તત્ત્વજ્ઞાનમાં 'પરમ સત્તા' કેન્દ્રિય સત્ય છે અને તેના સંદર્ભમાં અન્ય સર્વ પદાર્થોનો વિચાર કરવામાં આવે છે. સ્પિનોઝા તેના 'Ethics'નો પ્રારંભ ઈશ્વરના પ્રત્યયના પૃથક્કરણ સાથે કરે છે અને અન્ય સર્વ વિચારોને તેના ઈશ્વરના આ કેન્દ્રિય વિચાર સાથે સંબંધિત કરવા પ્રયાસ કરે છે. સામાન્ય ભાષામાં જે સૃષ્ટિ (cosmos) કહેવાય છે તેને સ્પિનોઝા ઈશ્વરનાં લક્ષણોના પ્રકારો (Modes) કહે છે. **લાઈબ્નિઝના** મતે પરમ સત્તા (ઈશ્વર) એક અદ્વિતીય, સાર્વત્રિક (સર્વે પદાર્થોમાં સમાન રીતે કારણ યા પ્રથમ સિદ્ધાંતના અર્થમાં), અનિવાર્ય, અપરિમિત, નિરપેક્ષ રીતે પૂર્ણ (શક્તિમાં, જ્ઞાનમાં, પ્રજ્ઞામાં અને ભલાઈમાં) છે અને તે અત્યંત વાસ્તવિક તત્ત્વ છે. તે પ્રાથમિક ઐક્ય યા મૂળભૂત સરલ દ્રવ્ય છે, જેમાંથી સર્વે સર્જિત કે નિષ્પન્ન ચિદણુઓ પ્રતિક્ષણ દિવ્યતાનાં સતત સ્ફુરણો (fulgurations) વીજળીની જેમ ક્ષણિક ઝબકારા કે એકાએક નિષ્પત્તિ દ્વારા ઉદ્‌ભવે છે. તે શુદ્ધ ચૈતન્ય છે.

તદનુસાર **થેલ્સ** વગેરે પ્રાચીન યુનાની ચિંતકોથી માંડી ભિન્ન ભિન્ન

પાશ્ચાત્ય તત્ત્વ ચિંતકો- **સોક્રેટિસ, પ્લુટો, એરિસ્ટોટલ, બ્રુનો, ફ્રાન્સિસ બેકન, થોમસ હોબ્બસ, જ્હોન લોક, ફિકટે, શીલિંગથી લઈ રસેલ** ઇત્યાદિ એ પરમ સત્તા વિશે પોતપોતાના વિચારો પ્રગટ કર્યા છે. જેમાં ક્યાંક એકરૂપતા છે તો ક્યાંક ભિન્નતા પ્રદર્શિત થાય છે.

ભારતીય અધ્યાત્મવાદમાં પરમ તત્ત્વ (Ultimate Reality) વિશેનું ચિંતન કેવલ કુતૂહલવશ નહીં પરંતુ તેનું જ્ઞાન મનુષ્યને ભૌતિક બંધનોમાંથી મુક્ત કરે છે તેવી દૃઢ માન્યતાના આધારે કરવામાં આવ્યું છે. ભાગવતમાં કહ્યું છે ‘ઈશ્વર વિશેનું જ્ઞાન અને તેનો સાક્ષાત્કાર માનવને હૃદયની ગ્રંથિઓમાંથી મુક્ત કરે છે અને તેનાં સંશયો અને કર્મોનું નિવારણ કરે છે’ (ભા. ૧, ૨-૨૧). માટે પરમ તત્ત્વનું જ્ઞાન (knowledge of Ultimate Reality) મોક્ષપ્રાપ્તિ તેમ જ આધ્યાત્મિક પરમોન્નતિ માટે આવશ્યક છે.

અહીં આપણને તેના સ્વરૂપ વિશે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. તે જીવિત છે કે નિર્જીવ (Existent or Non-existant), ચેતન છે કે અચેતન (conscious or unconscious), આનંદમય છે કે દુઃખમય (Blissful or Painfull), સીમિત છે કે અસીમિત (Determinate or Indeterminate), સાકાર કે નિરાકાર (Formless or with forms), સગુણ કે નિર્ગુણ (qualitative or qualityless). આ બધી શંકાઓનું નિરાકરણ ત્યારે જ થઈ શકે જ્યારે આપણે પરમ સત્ય (Reality) શું છે તે જાણીએ. સત્ય અને અસત્ય વચ્ચેનું તારતમ્ય સમજીએ ત્યારે જ તેને જાણી શકાય. ભારતીય તત્ત્વદર્શનમાં ‘સત્ય’ (Reality) ને તેના સાચા સ્વરૂપના અને તેના શાશ્વતપણાના સંદર્ભમાં સમજવાની કોશિશ થઈ છે એ તેની આગવી દેન છે.

ભારતીય તત્ત્વજ્ઞાનની વિભિન્ન વિચારધારાઓએ **‘સત્ય’** (Reality) વિશે ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણ આપ્યા છે. ન્યાય, વૈશેષિક, મીમાંસા તેમ જ મધ્વ વેદાંત માને છે કે કોઈ પણ પ્રમાણ (Instrument of knowledge) નો હેતુ નિર્પેક્ષ સત્ય (absolute real) હોય છે. નૈયાયિક અને વૈશેષિકના મતે યથાર્થ જ્ઞાનનો હેતુ **‘સત્’** (Real) છે અને યથાર્થ જ્ઞાન તેને કહેવાય જ્યારે તે પદાર્થના સાચા તત્ત્વને પ્રગટ કરે. અર્થાત્ **‘સાતત્ય’** (Reality) એ પ્રમાણ દ્વારા સ્પષ્ટ થતો પદાર્થનો વાસ્તવિક ગુણ છે. જ્યાં પ્રમાણ દ્વારા સાતત્ય પ્રગટ ન થાય તે

અવાસ્તવિક છે. જેમ વંધ્યાપુત્ર કે સસલાનાં શિંગડાં. મીમાંસા પણ આ જ વાતનો સ્વીકાર કરે છે. તે કહે છે, **'સત્'** (real) એ છે કે જે પ્રમાણ દ્વારા સિદ્ધ કરી શકાય. મધ્ય વિચારધારા પ્રમાણે કોઈ પણ પદાર્થનો ખામીરહિત અનુભવ હંમેશાં સાચો હોય છે. સસલાનાં શિંગડાંની માફક જે અસત્ છે તેનું યથાર્થ જ્ઞાન થઈ શકતું જ નથી. બૌદ્ધના અર્થ ક્રિયાકરિત્વ (Law of causal efficiency) ના સિદ્ધાંત મુજબ પ્રમાણ દ્વારા થતું યથાર્થ જ્ઞાન વ્યવહારિક (Practical) હોય છે, પરંતુ પારમાર્થિક (Trascendental) હોતું નથી. શાંકર વેદાંતની માન્યતા મુજબ અબાધિત જ્ઞાન કાલ અને સ્થલ (time and space) સાથે જોડાયેલ છે. **નિરપેક્ષ સત્ય** (Absolute Reality) તેને કહી શકાય કે જેનું ભૂતકાલ, વર્તમાન કે ભવિષ્યમાં ક્યારેય ખંડન ન કરી શકાય. (To the Adviatin all the realistic definition of the real are insufficient and contradictory explaination of truth- K. Narain) તેમના મતે જેનું ખંડન કરી શકાય તે હંમેશ 'અસત્ય' (False) છે, જ્યારે જે અબાધિત (non-contradicted) છે તે હંમેશાં 'સત્ય' જ હોય છે.

શ્રી વલ્લભાચાર્યજીએ તેમના ભાગવત પરના ભાષ્ય 'સુબોધિની'માં 'સત્ય'ની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે તે 'અબાધિત' (uncontradicted) અને 'ઈશ્વર' પરત્વે છે. તેમના વંશજ શ્રી પુરુષોત્તમજીએ પણ 'પ્રકાશ' ગ્રંથમાં કહ્યું છે- **'સત્વમ્ યથાર્થમ્'**. આમ 'પરમ તત્ત્વ' અબાધિત છે અથવા જેને અમાન્ય ન કરી શકાય અને તે વસ્તુના સાચા લક્ષણને પ્રગટ કરતું હોય.

કોઈ પણ વસ્તુનું યથાર્થ જ્ઞાન- 'પ્રમા' (Right knowledge) ત્યારે જ સાચું હોય જ્યારે તે સાચો અનુભવ કરાવી શકે; **'યથાર્થાનુભવ'** (Right knowledge is always correct or is the true experience). શ્રી વલ્લભાચાર્યજીના આવિર્ભાવ-તિરોભાવના સિદ્ધાંત (Doctrine of manifestation and concealment) મુજબ સૃષ્ટિનું પ્રત્યેક 'કાર્ય' (effect) એ બ્રહ્મ-material cause નો 'આવિર્ભાવ' છે. ઉદાહરણ રૂપે 'ઘડા'નું યથાર્થ જ્ઞાન; જ્યારે તેનો ઘડા તરીકે નાશ થાય ત્યારે તે અમાન્ય બને (contradicted) છતાં તે બ્રહ્મ રૂપે- જે 'કારણ'રૂપે અબાધિત (non-contradicted) રહે છે. જે અમાન્ય બને છે તે છે બ્રહ્મનું 'કાર્ય' (effect) or દુન્યવી આવિર્ભાવ

(temporal manifestation). (From Vallabhite point of view, nothing is really contradicted in essence; what is contradicted is only the 'effect' or the temporal manifestation of the Ultimate Reality or Brahman). ખ્યાતિવાદ (Theory of Illusion) વિશે સમજાવતાં શ્રી વલ્લભાચાર્ય સ્પષ્ટ કરે છે કે 'વિષયતા' માયાજન્ય હોઈ તે 'વિષય'- જે કેવળ બ્રહ્મ જ છે તેથી તેનાથી ભિન્ન છે. પ્રમેયરત્નાર્ણવ ગ્રંથમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે **'વિષયો ભગવાન વિષયતા માયાજન્ય ઈતિ અને ન વિષયરૂપસ્ય જગતો વિષયતાયાઃ પૃથકત્વાસ્વિકૃત'** 'જગત' એ સર્વવ્યાપ્ત (all-pervasive and immanent) બ્રહ્મનું જ સ્વરૂપ હોઈ તત્ત્વતઃ બ્રહ્મ જેટલું જ સત્ય (real) છે. જે બાધિત અથવા અમાન્ય (contradicted) છે તે 'વિષયતા' છે, માયાજનિત 'સંસાર' છે, જે અવિદ્યાના કારણે ઉત્પન્ન થાય છે. આમ તેમણે 'જગત' અને સંસાર વચ્ચેના ભેદને સ્પષ્ટ કર્યો છે, જેમાં જગત સત્ સ્વરૂપ છે અર્થાત્ 'Ultimate Reality'નું જ બીજું રૂપ છે. શ્રી વલ્લભાચાર્યના તત્ત્વદર્શીય દૃષ્ટિકોણથી સચ્ચિદાનંદ સ્વરૂપમાં સત્-ચિત્ અને આનંદ તત્ત્વો યુક્ત પરમ તત્ત્વ તે 'પુરુષોત્તમ' છે, જે જીવ અને જગત સ્વરૂપે આવિર્ભૂત થાય છે. પ્રકૃતિમાં 'સત્' તત્ત્વ અને ચૈતન્યયુક્ત આત્મામાં 'સત્' એવમ 'ચિત્' તત્ત્વો આવિર્ભૂત થાય છે, જ્યારે 'અંતર્યામી' સ્વરૂપમાં સત્-ચિત્ અને મર્યાદિત આનંદ સમાહિત હોય છે. શ્રી વલ્લભાચાર્યના મતે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ **પરમોચ્ચ તત્ત્વ**- 'Ultimate Reality' છે જેને વેદમાં **બ્રહ્મ**, સ્મૃતિમાં **પરમાત્મા** અને ભાગવતમાં **ભગવાન** તરીકે સંબોધવામાં આવ્યા છે. આ વાતની સ્પષ્ટતા તેમણે નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં કરતાં કહ્યું છે- **'વેદાન્તે ચ સ્મૃતે બ્રહ્મલિંગ ભાગવતે તથા, બ્રહ્મેતિ, પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દતે'**.

શ્રી વલ્લભાચાર્યના મતે એકમાત્ર 'શ્રીકૃષ્ણ'માં જ સત્ય અને સાતત્ય (Truth and Reality)ની સંપૂર્ણતઃ પૂર્ણતા છે, માટે જ તેને 'પૂર્ણાનંદ' અથવા 'પુર્ણ પુરુષોત્તમ' કહેવાય છે. આનો ઉલ્લેખ તેમાં શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથમાં મળે છે-

"પ્રાકૃતાઃ સકલા દેવાઃ ગણિતાનંદ કં બ્રહત્
પુર્ણાનંદો હરિસ્તસ્માત કૃષ્ણ એવ ગતિર્મમ."

ભાગવતમાં પણ આની સ્પષ્ટતા કરવામાં આવી છે- **'એતેચાંશકલાવતાર**

કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં' અર્થાત્ કેવળ શ્રીકૃષ્ણ જ સ્વયં ભગવાન (Ultimate Reality- પરમોચ્ચ તત્ત્વ) છે, બીજા દેવતાઓ- અવતારોમાં તેમનો અંશ- કલા જ પ્રગટ હોય છે.

આમ શુદ્ધાદ્વૈત વેદાંત 'પુરુષોત્તમ'- શ્રીકૃષ્ણને જ પરમોચ્ચ તત્ત્વ- Ultimate Realityના રૂપમાં સ્વીકારે છે.

◆

૧૦

બ્રહ્મનું સ્વરૂપ

(The Nature of Reality - Brahaman)

બ્રહ્મના સ્વરૂપની- તે સગુણ છે, નિર્ગુણ છે કે અન્યથા, તે વિષયક ચર્ચા કરતાં નીચેના મુદ્દા ધ્યાનમાં લેવા આવશ્યક છે.

૧. સગુણ-નિર્ગુણ બ્રહ્મ

બ્રહ્મ- ઉપનિષદ આદિ શાસ્ત્રૈક ગમ્ય **'પ્રમેય'** અર્થાત્ બ્રહ્મ એ ઉપનિષદ વગેરે શાસ્ત્રોમાં જે સ્વરૂપને જાણવાનું છે તે **'પ્રમેય'** છે.

શાસ્ત્ર- પ્રત્યક્ષ-અનુમાનાદિ પ્રમાણોથી **'અનધિગત'** તથા **'અબાધિત'** બ્રહ્મજ્ઞાન જનક હોવાથી **પ્રમાણ.** અનધિગત + અબાધિત અર્થ વિષયક જ્ઞાન તે **'પ્રમા'. અર્થાત્**- એવું જ્ઞાન જે અન્ય કોઈ સાધનથી ન મળી શકે અને તે મેળવેલું જ્ઞાન જે અન્ય કોઈ સાધનથી પાછું રદ ન કરી શકાય અથવા તેનો વિરોધ ન કરી શકાય કે ન તો તેનો છેદ ઉડાડી શકાય. **ઉદાહરણ**- જેમ અંધારામાં દોરડું લટકતું હોય તો તેને સાપ માની લેવાની ભ્રાંતિ થાય, તેથી તે સાપ છે તેવું કહેવામાં આવે, પરંતુ અજવાળુ થતાં તે દોરડું છે તે સ્પષ્ટ થાય. એટલે અગાઉનું વાક્ય કે 'તે સર્પ છે' તે રદ કરવું પડે. આમ આંખથી જે જ્ઞાન ઉત્પન્ન થયું તે પહેલાં જે ન હતું તેનું જ્ઞાન ઉત્પન્ન થતાં તે વાક્ય રદ થઈ જાય છે. તે જ પ્રમાણે શાસ્ત્ર બ્રહ્મની બાબતમાં જે વ્યાખ્યા કરે છે તેનો અન્ય વાતથી ઉચ્છેદ થઈ શકતો નથી, તેને રદ કરી શકતો નથી. તે અર્થમાં તેને પ્રમાણરૂપ સ્વીકારી શકાય.

શાસ્ત્ર વચન- (ક) **"સદૈવ સૌમ્ય! ઈદમ્ અગ્રે આસીદ્ એકમેવ અદ્વિતીયમ્,**
- તદ્ ઐક્ષત બહુસ્યાં પ્રજાયેય" (ખ)

(છાંદોગ્ય ઉપનિષદ)

ઉપરોક્ત શાસ્ત્ર વચનોમાં બ્રહ્મના વિવિધ ગુણો- સ્વરૂપ સ્પષ્ટ થાય છે અને તદનુસાર વિવિધ વાદ નિર્દિષ્ટ થાય છે.

બ્રહ્મ
સગુણ (ગુણસહિત = ગુણ + ગુણવાન) = દ્વૈત [=(ક) વચનાંશ બાધ]
નિર્ગુણ (ગુણરહિત = ~ ગુણ. ગુણવાન) = **અદ્વૈત** [=(ખ) વચનાંશ બાધ]
સ્વભિન્નગુણ રહિત + સ્વાત્મક ગુણરહિત) = **શુદ્ધાદ્વૈત** [=(ક) + (ખ) અબાધ]
(ગો. શ્રી શ્યામ મનોહરજી દ્વારા નિર્દિષ્ટ)

આમ, આદિમાં કેવળ એક જ ‘સત્ તત્ત્વ’ હતું, માત્ર એક જ બીજું નહીં, (In the begining there was only one Real Entity, one without Second), એવા ઉપરોક્ત ઔપનિષદિક કથન બધા જ અદ્વૈતવાદીઓ, શ્રી વલ્લભાચાર્ય સહિતની વિચારધારાના મૂળમાં રહેલું છે. શ્રી વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત મત બ્રહ્મના એ ‘અદ્વૈત’નો જ સ્વીકાર કરે છે જે સ્વયં કારણ (Cause) રૂપમાં તેમ જ જગત રૂપ કાર્ય (effect) તરીકે અસ્તિત્વ ધરાવે છે. અન્ય ‘અદ્વૈત’ વિચારધારા (Monism) માં કેટલીક ભિન્નતા રહેલી છે. શંકરાચાર્યના મતે પરમોચ્ચ સત્ અર્થાત્ બ્રહ્મ નિર્ગુણ, નિરાકાર, સર્વવ્યાપ્ત, વિશુદ્ધ, અવિભાજ્ય (one undifferentiated indeterminate, all- pervasive, taintless and) તત્ત્વ છે, જેનો મૂળ સ્વભાવ ‘ચૈતન્ય’ (Consciousness) છે. રામાનુજાચાર્ય બ્રહ્મને ‘ચિદાચિદ્ વિશિષ્ટ’ માને છે તો નિમ્બાર્કાચાર્ય તેના ભેદાભેદ (identity and difference)નો સ્વીકાર કરે છે.

૨. બ્રહ્મનું સ્વરૂપઃ

બ્રહ્મનું સ્વરૂપ કયા પ્રકારનું છે તે વિશે વિવિધ વિચારધારાઓ ભિન્ન ભિન્ન મત ધરાવે છે, કારણ કે બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરતી શ્રુતિઓમાં અનેક ઠેકાણે વિરોધાભાસી વચનો આવે છે. એક જગ્યાએ શ્રુતિ એમ કહે છે કે બ્રહ્મમાં બધા જ ધર્મો (attributes) રહેલા છે તો વળી બીજી શ્રુતિ તેને ધર્મવિહીન અથવા ગુણવિહીન (devoid of any attributes) કહે છે. શંકરાચાર્ય બ્રહ્મને કેવલ ‘નિર્ગુણ’ માને છે, જ્યારે રામાનુજાચાર્ય તેને કેવલ ‘સગુણ’ કહે છે. પરમ તત્ત્વને વિવિધ પ્રસ્થાનોમાં ભિન્ન ભિન્ન નામોથી સંબોધિત કરવામાં આવ્યા છે- ઉપનિષદો અને વેદાંત સૂત્રોમાં તેને ‘બ્રહ્મ’ કહ્યા છે તો ગીતા-સ્મૃતિઓમાં તેને ‘પરમાત્મા’ના નામે સંબોધિત કરવામાં આવ્યા છે, જ્યારે ‘ભાગવત’માં તેનું ‘ભગવાન’ શબ્દથી વર્ણન કરવામાં આવ્યું છે. આ જ વાતની સ્પષ્ટતા શ્રી વલ્લભાચાર્યે તેમના નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં કરી છે, જ્યાં

તેઓ કહે છે : 'વેદાન્તે ચ સ્મૃતૌ બ્રહ્મલિંગ ભાગવતે તથા, બ્રહ્મેતિ, પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દયતે.'

૩. વિવિધ મત અનુસાર પરમતત્ત્વ

- સગુણ + સાકારવાદ - શૈવ, શાકત, સ્કાન્ધ, ગાણપત્ય, સૌર, વૈષ્ણવ, ઈસાઈ, યહૂદી, માયાવાદાભિમત, પરમેશ્વર
- સગુણ + નિરાકારવાદ - ન્યાય, વૈશેષિક, ઈસ્લામ
- નિર્ગુણ + સાકારવાદ - કોઈ નહીં
- સગુણ + નિરાકારવાદ - કેવલાદ્વૈતવાદાભિમત- પારમાર્થિક બ્રહ્મ
- નિર્ગુણ + સગુણવાદ
  નિરાકાર + સાકારવાદ - જૈન, બૌદ્ધ, વાલ્લભ*.

★ શ્રી વલ્લભાચાર્યજીના મતના આ વિશેના ખુલાસા નીચે મુજબ મળે છે-

“પ્રમેયં હરિરેવ એકઃ સગુણો નિર્ગુણઃ ચસઃ” (તત્ત્વાર્થદીપનિબંધ)

“સાકાર બ્રહ્મ શુદ્ધં હિ”

“પ્રાકૃત ધર્માનાશ્રય અપ્રાકૃત નિખિલધર્મરૂપમ ઈતિ,
નિગમ પ્રતિપાદ્યં યત્ તત્ શુદ્ધં સાકૃતિ સ્તૌમિ”

(સર્વોત્તમ સ્તોત્ર)

(ગો. શ્રી શ્યામ મનોહરજી દ્વારા નિર્દિષ્ટ)

શુદ્ધાદ્વૈત મત પ્રમાણે બ્રહ્મમાં વર્તાતી ભિન્નતા (ભેદ) એ અસાધારણ અથવા વિલક્ષણ (phenominal) છે અને તે બ્રહ્મના પ્રગટ સ્વરૂપ (manifested-form) માં છે, નહીં કે તેનું સ્વાભાવિક સ્વરૂપ (nature) છે. જ્યારે બ્રહ્મ પોતાની ઈચ્છાથી સૃષ્ટિના સ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે તે 'ભેદ' સ્પષ્ટ થાય છે. પરંતુ જગતના અસ્તિત્વમાં આવ્યા પૂર્વે (Prior to the manifestation) તે માત્ર 'બ્રહ્મ'ના રૂપમાં જ રહે છે. જે સવિશેષ (determinate) છે અને અગણિત દિવ્ય તત્ત્વો (divine and transcendentle attribute) થી પરિપૂર્ણ હોય છે. તત્ત્વાર્થદીપનિબંધના શાસ્ત્રાર્થપ્રકરણમાં શ્રી વલ્લભાચાર્યજી બ્રહ્મના સ્વરૂપને સમજાવતાં સ્પષ્ટપણે કહે છે :

“સચ્ચિદાનંદ રૂપં તુ બ્રહ્મ વ્યાપકમવ્યયમ
સર્વશક્તિ સ્વતંત્ર ચ સર્વજ્ઞં ગુણવર્જિતમ્ ॥

સજાતીયવિજાતીયસ્વગતદ્વૈતવર્જિતમ્
સત્યાદિ ગુણ સાહસ્રૈ ર્યુક્તમોત્પત્તિકૈઃ સદા ॥
સર્વાધારં વ શ્યામાયમાનંદાકારમુત્તમમ્
પ્રાપંચિકપદાર્થાનાં સર્વેષાં તદ્વિલક્ષણમ્'' ॥

અર્થાત- બ્રહ્મ સચ્ચિદાનંદરૂપ, વ્યાપક, નાશરહિત, સર્વશક્તિમાન સ્વતંત્ર, સર્વજ્ઞ, પ્રાકૃતગુણરહિત છે. તે સજાતીય, વિજાતીય, સ્વગત ભેદ રહિત છે અને નિત્ય સ્વાભાવિક સત્યાદિ હજારો ગુણોથી યુક્ત છે. તે સર્વના આધારભૂત, માયાને વશ રાખનાર, આનંદાકાર, ઉત્તમ અને પ્રાપંચિક પદાર્થોના ગુણથકી વિલક્ષણ છે.

આની વિરુદ્ધ શંકરાચાર્ય બ્રહ્મને નિર્વિશેષ (attributeless) માને છે. તેને માટે તેઓ નિર્ગુણ શ્રુતિઓનો આધાર લે છે, જે બ્રહ્મને 'નિગુર્ણ' કહે છે. પરંતુ આ માન્યતાનો ઉચ્છેદ અનેક ઔપનિસદૈક કથનો દ્વારા થઈ જાય છે. નિઃશંકપણે અનેક શ્રુતિઓ બ્રહ્મના સવિશેષ- સગુણ હોવાનો નિર્દેશ કરે છે. શંકરાચાર્ય 'સગુણ બ્રહ્મ'ને બ્રહ્મનો વ્યવહારિક (empirical) ગુણયુક્ત માને છે, જે તેની ઉપાસના માટે ઉપયોગી છે, કારણ કે નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઉપાસના સંભવ બને નહીં. અહીં પ્રશ્ન થાય કે તો પછી શ્રુતિઓમાં તેમ જ વેદાંત સૂત્રોમાં જ્યાં જગતનાં ઉત્પત્તિ- સ્થિતિ અને લયના ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ રૂપ બ્રહ્મને બતાવ્યા છે તે કઈ રીતે સંભવી શકે? જે ગુણાતીત (unqualified) નિશ્ચલ (immutable) છે તે આ પરિવર્તન પામનાર સવિશેષ જગતનું કારણ કઈ રીતે બની શકે? આના સમાધાન માટે શંકરાચાર્યે બ્રહ્મના વ્યવહારિક અથવા સગુણ બ્રહ્મનો પક્ષ રજૂ કર્યો છે. આ 'અપર-બ્રહ્મ' અથવા 'ઈશ્વર' તે સર્વોચ્ચ (supreme) નિર્ગુણ અને નિરપેક્ષ (absolute) બ્રહ્મથી ઊતરતી કક્ષાનું સ્વરૂપ છે, જે માયાના કારણે અસ્તિત્વ ધરાવે છે. આમ શંકરાચાર્યના મતે નિર્ગુણ શ્રુતિઓ જે બ્રહ્મને નિર્ગુણ- નિરાકાર કહે છે તે સગુણ શ્રુતિઓ જે બ્રહ્મને સર્વજ્ઞ, સર્વશક્તિમાન ઈત્યાદિ ગુણોયુક્ત (full of infinite attributes) બતાવે છે, તેનાથી ઉચ્ચતર (superior) છે. પરંતુ શંકરાચાર્યની આ માન્યતાની બધી જ વૈષ્ણવ વિચારધારાઓએ ટીકા કરી છે, ચાહે તે રામાનુજ હોય, મધ્વાચાર્ય હોય કે વલ્લભાચાર્ય હોય.

૪. બ્રહ્મસૂત્રના ખુલાસા

બ્રહ્મસૂત્રના બીજા પાદના ત્રીજા અધ્યાયમાં પણ ઉપરોક્ત વિષયની છણાવટ કરવામાં આવેલ છે, જેના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે.

૧) એમ કહેવું ખોટું છે કે ઉપનિષદ બે પ્રકારના 'બ્રહ્મ' વિશે બતાવે છે. કારણ કે કેટલાક ઠેકાણે તો બ્રહ્મને નિર્ગુણ (devoid of attributes) અને બીજે ઠેકાણે તેને 'સગુણ' (with attributes) બતાવે છે. આ બન્ને પ્રકારનાં વર્ણન એકમાત્ર બ્રહ્મને વિશે છે. અહીં જે ભેદ વર્તાય છે તે નકારાત્મક અને હકારાત્મક રીતે કરાયેલ અભિવ્યક્તિ છે. બ્રહ્મને નિર્વિશેષ કહેવાનો અર્થ છે જાગતિક અથવા પ્રાકૃતિક ગુણોથી વિહીન અને 'સવિશેષ' કહેવાનો અર્થ છે અલૌકિક ગુણો યુક્ત.

૨) બે પ્રકારના 'બ્રહ્મ'ની કલ્પના ભ્રામક છે. કારણ કે ઉપનિષદ કહે છે કે પરમ સત્ય (બ્રહ્મ) માત્ર એક જ છે.

૩) બ્રહ્મનું દ્વૈતપણું એ માત્ર બ્રહ્મના બે પ્રકારની ગુણયુક્તતાનો નિર્દેશ કરે છે.

૪) 'સવિશેષ બ્રહ્મ એ કેવળ વિવર્ત કે આભાસ (Illusion) માત્ર છે' એ વિધાનને સ્વીકારી શકાય નહીં કારણ કે ઉપનિષદમાં ક્યાંય 'માયા'ના સિદ્ધાંતનો ઉલ્લેખ મળતો નથી.

૫) બે બ્રહ્મની સ્થિતિ સ્વીકારવાથી શંકરાચાર્યના 'અદ્વૈતવાદ'નો ઉચ્છેદ થઈ જાય છે.

૬) જે શ્રુતિઓ બ્રહ્મને 'નિર્વિશેષ' રૂપે વર્ણવે છે તે બ્રહ્મમાં રહેલ ગુણોનો અસ્વીકાર કરતી નથી પરંતુ તે નિર્દેશ કરે છે કે મનુષ્યના જ્ઞાનની સીમામાં તે સમુચિત રીતે સ્પષ્ટ થઈ શકે તેમ નથી. (They can not be fully comprehended by man with their limited knowledge)

૭) કેટલીક શ્રુતિ એક જ શ્લોકમાં 'હકારાત્મક અને નકારાત્મક' બન્ને પ્રકારનું વર્ણન કરે છે. ઉદાહરણાર્થ- શ્રુતિ કહે છે, બ્રહ્મને પગ નથી છતાં દોડે છે, હાથ નથી છતાં પકડે છે. આનાથી બ્રહ્મમાં બન્ને તત્ત્વો હોવાનો નિર્દેશ મળે છે અને તે બન્ને સાચાં જ હોય. એમ ન કહી શકાય કે શ્રુતિનો એક અંશ સાચો છે અને બીજો ખોટો. આપણે શ્રુતિને સમગ્રપણે સ્વીકાર કરવો જોઈએ અને તેને સત્ય માનવી જોઈએ.

બાદરાયણ વ્યાસજી કહે છે કે જ્યારે બ્રહ્મને નિર્ગુણ- નિરાકાર (without form and attributes) કહેવામાં આવે છે ત્યારે એમ સમજવાનું છે કે તેમાં મનુષ્ય જેવું સાધારણ- જાગતિક સ્વરૂપ કે ગુણો નથી પરંતુ દિવ્ય સ્વરૂપ અને ગુણો રહેલાં છે. જેમ ખાંડના પૂતળામાં સમગ્રપણે ખાંડ જ હોય છે તેમ બ્રહ્મનું સમગ્ર સ્વરૂપ આનંદયુક્ત છે, તે દિવ્યાનંદનું ઘનીભૂત સ્વરૂપ છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે- **'આનંદ માત્ર કરપાદ મુખોદરાદિ'**. બ્રહ્મના હાથ, પગ, મુખ, ઉદરમાં સર્વત્ર કેવળ આનંદ જ સમાવિષ્ટ છે. આમ જ્યારે શ્રુતિ સવિશેષ બ્રહ્મની વાત કરે ત્યારે તેને દિવ્ય ગુણો યુક્ત છે તેમ સમજવું જોઈએ. શ્રી વલ્લભાચાર્યજીના મતે બ્રહ્મ 'નિર્વિશેષ' એ 'સવિશેષ' છે. બન્ને વર્ણન માત્ર એક જ બ્રહ્મનું છે, જેને શ્રુતિમાં એકમાત્ર અને અદ્વિતીય 'સત્ય' (Reality) તરીકે બતાવવામાં આવ્યા છે.

શ્રી વલ્લભાચાર્યના મતે બ્રહ્મ સર્વવ્યાપક (immannent) છે અને અનુભવાતીત (transcendental) પણ છે. વિવિધ શ્રુતિવાક્યો આનો આધાર છે, જેમાં કહેવાયું છે - **'સર્વ ખલ્વિદં બ્રહ્મ'** આ સર્વ કાંઈ બ્રહ્મ છે. (All this is Brahman) 'આ બધું બ્રહ્મ સિવાય કશું જ નથી.' (All this is nothing but Brahman). બ્રહ્મ જ બધું બન્યાં છે, (Brahman became all) ઈત્યાદિ વાક્યો બ્રહ્મની સર્વ વ્યાપકતા સૂચવે છે. 'આ સર્વ કાંઈ' એટલે શ્રુતિ 'જગત' વિશે નિર્દેશ કરે છે. અર્થાત્ બ્રહ્મ જ જગત છે અને જગત એ બ્રહ્મ છે. આનો અર્થ એ થયો કે એકમાત્ર પરમોચ્ચ તત્ત્વ (Ultimate Reality) એ બ્રહ્મ છે, જે સર્જનની સ્થિતિમાં જડ-ચેતન સૃષ્ટિ રૂપે પ્રગટ થાય છે. આમ જગત જ બ્રહ્મરૂપ છે, તેનાથી અલગ કે તેનાથી પરે (beyond) નથી.

૫. બ્રહ્મની વિરુદ્ધધર્માશ્રયીતા

શ્રી વલ્લભાચાર્ય 'બ્રહ્મ'ને 'વિરુદ્ધધર્માશ્રયી' (Substratum of opposite qualities) માને છે. બ્રહ્મ સધર્મક (determinate) અને નિર્ધર્મક (indeterminate) બન્ને છે. બ્રહ્મ સર્વસામર્થ્યવાન અને સર્વગુણ સંપન્ન હોઈ તે જ્યારે રૂપ કે ગુણ ધારણ કરવું હોય ત્યારે તેમ કરવાને શક્તિ ધરાવે છે. શ્રી વલ્લભાચાર્યજી 'અણુભાષ્ય' જે બાદરાયણ વ્યાસનાં બ્રહ્મસૂત્રોની મીમાંસા છે, તેમાં જણાવે છે કે વેદમાં વર્ણવેલ સર્વ ગુણો બ્રહ્મમાં હોવા શક્ય છે, કારણ કે બ્રહ્મ સર્વશક્તિમાન (all powerful) છે. બ્રહ્મનું આ સામર્થ્ય સંદેહથી ઉપર (beyond doubt) છે. તે પોતે ઇચ્છે ત્યારે પોતાની લીલા (Sport) માટે કોઈ પણ વિશિષ્ટ રૂપ કે ગુણ ધરાવી શકે છે. બ્રહ્મનું સામર્થ્ય અનિર્વચનીય છે. તે અદ્‌ભુત અને વિવિધતાપૂર્ણ છે. આવું સામર્થ્ય ધરાવનાર બ્રહ્મની બરાબરીમાં કે તેનાથી ઉચ્ચતર કોઈ જ નથી. બ્રહ્મમાં બધા જ પ્રકારના ગુણો રહેલા છે, પરંતુ તે સર્વને તે એકસાથે પ્રગટ કરતા નથી. પ્રત્યેક વસ્તુમાં જે તે લાક્ષણિકતા (Characteristic) હોય તદનુસાર તેનું રૂપ અને ગુણ દ્વારા તે પ્રગટ થાય છે. જગતની વિવિધ વસ્તુ-પદાર્થોમાં ભિન્ન ભિન્ન રૂપ-ગુણ દેખાય છે. અને તેથી તે સર્વ ભિન્ન દેખાય છે. છતાં તે સર્વ બ્રહ્મથી ભિન્ન નથી. બધાં જ મૂળભૂત રૂપો બ્રહ્મનાં જ વિવિધ રૂપો છે. બ્રહ્મ પોતે પોતાની ઇચ્છાથી વિવિધ રૂપ-ગુણ ધારણ કરીને પ્રગટ (manifest) થાય છે. શ્રી વલ્લભાચાર્ય બધા જ ગુણો (attribute) નો આધાર (Substratum) બ્રહ્મને માને છે, ભલે તે એકબીજાથી વિરોધાભાસી કેમ ન હોય? જ્યારે આપણે એમ કહીએ બ્રહ્મ સર્વ કાંઈ છે તો તે સર્વ કાંઈમાં એકબીજાથી વિરોધી દેખાતા પદાર્થો પણ આવી જાય. આનાથી બ્રહ્મ વિરોધાભાસી નથી (He is not self contradictory), પરંતુ તે સ્વયં સંપૂર્ણપણે એક સમાન (Homogeneous entity) છે. તે સર્વસામાર્થ્યવાન હોઈ એકસાથે પરસ્પર વિરોધી ગુણો (attributes) ધરાવી શકે છે. તે પ્રકાશમાન સૂર્ય બની શકે છે, તો અંધકારમયી રાત્રી બની શકે છે. તેનામાં સારાઈ પણ પ્રગટ છે અને બુરાઈ પણ પ્રગટી શકે છે. તે સુંદર દેખાઈ શકે છે તો કદરૂપું પણ દેખાઈ શકે છે. તેનામાં પ્રેમ અને ધિક્કાર એકસાથે પ્રદર્શિત થઈ શકે છે. તે નાનામાં નાનું હોઈ શકે છે તો મોટામાં મોટું પણ હોઈ શકે છે. ભગવદ્‌ગીતામાં પણ બ્રહ્મના આ વિરૂદ્ધધર્માશ્રયીતાનો ઉલ્લેખ મળે છે. તે સ્થૂળ અને ચલ બન્ને છે. તે ગુણવાન અને ગુણાતીત છે. તે પાસે પણ છે અને દૂર પણ છે. તે અવિભાજ્ય છે, તો વિભાજ્ય પણ. તે જ્ઞાતા છે, જ્ઞાતવ્ય છે અને જ્ઞાન પણ (He is knowar, knowable and knowledge). બ્રહ્મસૂત્રમાં પણ બ્રહ્મની વિરુદ્ધધર્માશ્રયીતા સ્પષ્ટ કરવામાં આવી છે. ત્યાં સર્પનું ઉદાહરણ આપીને સમજાવવામાં આવ્યું છે કે જેમ સર્પ જમીન પર ચાલે ત્યારે તે સીધો બની જાય છે, પરંતુ એક સ્થાને બેસે ત્યારે તે પોતાનું કુંડાળું વાળી દે છે. એ બન્ને સ્થિતિમાં તે સર્પ જ હોય છે. તેમ બ્રહ્મમાં વિવિધ સ્વરૂપમાં રહેલ ભિન્ન ભિન્ન ગુણો તે બ્રહ્મના જ હોય છે. તેમાં વિવિધતા દશ્યમાન થતી હોવા છતાં તેમાં સંવાદિતા

રહેલી છે. એ પ્રમાણે બ્રહ્મના ગુણોની ભિન્નતાને શ્રી વલ્લભાચાર્યજી તેમાં રહેલ વિરૂદ્ધધર્માશ્રયીતાના સિદ્ધાંતથી સમજાવે છે. તેઓ કહે છે બ્રહ્મ વિરોધાભાસી ગુણોનો ભંડાર છે. અણુભાષ્યમાં શ્રી વલ્લભાચાર્ય બ્રહ્મની વિરુદ્ધાધર્માશ્રયીતાને બ્રહ્મનું અલંકાર માને છે. તેઓ કહે છે **વિરૂદ્ધ ધર્માશ્રયત્વન્તુ બ્રહ્મણો ભૂષણાય**'. વિવિધ ગુણધર્મો ધરાવતા જડ-ચેતન પદાર્થયુક્ત આ જગતરૂપે બ્રહ્મનું પ્રગટવું તે તેની મહાનતા અથવા મહિમા પ્રગટ કરે છે. તેઓ અણુભાષ્યમાં કહે છે, '**મહિમા એષા પુરુષસ્ય... અસ્ય એતાદશ્ય વિરુદ્ધ ધર્માશ્રયમાહાત્મ્યસ્મિન ભગવત્યેવોપાલબ્ધેઃ**' બ્રહ્મ સર્વભાવના સમર્થ્ય યુક્ત હોઈ તે ઈચ્છે તે રીતે પોતાનાં અનેક રૂપોમાં પ્રગટ થઈ શકે છે. એકબીજાથી વિરોધી ગુણોનું એકસાથે હોવું તે માનવમનના સીમિત દાયરાની બહારનું હોવા છતાં શ્રી વલ્લભાચાર્યજી બ્રહ્મના આવા સામર્થ્યને સ્વીકારતાં કહે છે- '**વિરોધસ્તુ સર્વભાવનસમર્થે બ્રહ્માણિ નાશંકનીય**'. સર્વભાવના સમર્થ બ્રહ્મમાં વિરોધી ગુણો હોવામાં કોઈ શંકાને સ્થાન નથી.

૬. સચ્ચિદાનંદ સ્વરૂપે બ્રહ્મ

ઉપનિષદોમાં બ્રહ્મની બે પ્રકારની વ્યાખ્યા અથવા વર્ણન જોવા મળે છે. (૧) અમુક શ્રુતિઓ બ્રહ્મનું '**સ્વરૂપ લક્ષણ**'- તેના સાતત્ય (real and ultimate nature) નું વર્ણન કરે છે, (૨) અમુક શ્રુતિઓ તેના '**કાર્યલક્ષણ**' અર્થાત્ તેને સૃષ્ટિના કારણ રૂપે- **ઉત્પત્તિ, સ્થિતિ અને લય**ના નિમિત્ત રૂપ વર્ણવે છે. ઉપનિષદોમાં બ્રહ્મને **સચ્ચિદાનંદ** કહ્યા છે. બૃહદારણ્યક ઉપનિષદ તેને અનંત સાતત્ય જે શુદ્ધ બૌદ્ધિક, જ્ઞાનવાન અને આનંદયુક્ત (Pure Intelligence, Knowledge, Bliss) કહે છે. તૈત્તિરીયોપનિષદમાં બ્રહ્મને સત્ય (Truth), જ્ઞાન (knowlege) અને અનંત (Infinity) કહી કેવળ આનંદરૂપ બતાવે છે. (He is Bliss). આમ વેદાંત વિચારધારા બ્રહ્મને સત્ (pure Existence), ચિત્ (Pure Consciousness) અને શુદ્ધ આનંદ (Pure Bliss) રૂપ વર્ણવે છે. શ્રી વલ્લભાચાર્ય તેમ જ અન્ય વૈષ્ણવ વિચારધારા પણ તદનુસાર બ્રહ્મના આ સ્વરૂપ લક્ષણને અનુમોદિત કરે છે અને સ્પષ્ટપણે કહે છે કે 'પુરુષોત્તમ'નું સ્વરૂપ સત્ય જ્ઞાન અને દિવ્ય આનંદયુક્ત છે. અણુભાષ્યમાં શ્રી વલ્લભાચાર્ય 'તત્તુસમન્વયાત્' સૂત્રની વ્યાખ્યા કરતાં કહે છે કે બ્રહ્મ તેના અંતર્નિહિત્ તત્ત્વને કારણે જગતનું

'સમવાયીકારણ' છે). કેમ કે તેમાં સત્, ચિત્ અને આનંદ તત્ત્વ, અસ્તિત્વ (existent), પ્રગટત્વ (revealing) અને પ્રિયત્વ (dear) ના સ્વરૂપે પ્રગટ રૂપે દશ્યમાન થાય છે. આમ, ઉત્ક્રાંતિના વાલ્લભ સિદ્ધાંત (Vallabhite theory of evolution) મુજબ બ્રહ્મના આવશ્યક ત્રણેય તત્ત્વો- સત્, ચિત્ અને આનંદ એ સૃષ્ટિના વિકાસનાં ત્રણ મૂળભૂત તત્ત્વો છે. 'સત્' તત્ત્વ જડ પદાર્થોમાં 'ચિત્' તત્ત્વ જીવસૃષ્ટિમાં અને 'આનંદ' તત્ત્વ- મર્યાદિત સ્વરૂપમાં પણ અંતર્યામીમાં પ્રગટ થાય છે. શ્રી વલ્લભાચાર્યજીના દષ્ટિકોણ મુજબ બ્રહ્મ અથવા શ્રીકૃષ્ણ સ્વતંત્ર અને સર્વ સમર્થ (independent and all-powerful) હોવાથી પોતાની ઈચ્છા માત્રથી, પોતાની લીલાર્થે પોતાનાં દિવ્ય તત્ત્વોને જગતમાં પ્રગટ કરે છે. તેઓ જગતને ભગવાનની 'આનંદમયી લીલા' તરીકે પ્રસ્તુત કરે છે.

૭. ઉપસંહાર

આમ, ઉપર કહ્યું તેમ શ્રી વલ્લભાચાર્ય બ્રહ્મને સર્વધર્મવાળું જ સ્વીકારે છે જેને માટે તેઓ બ્રહ્મસૂત્રો- **'સર્વધર્મોપપત્તેશ્ચ'**, અર્થાત્ બધા ધર્મો બ્રહ્મમાં ઘટે છે અને **'સર્વોપેતા ચ તદ્દર્શનાત્'** અર્થાત્ પરમાત્મા સર્વશક્તિવાળા છે કારણ કે તે પ્રમાણે વેદમાં જોવામાં આવે છે, ઈત્યાદિનો આધાર લે છે. પરબ્રહ્મ સર્વધર્મ વિશિષ્ટ છે, વ્યાપક, અવ્યય, સર્વશક્તિવાળું, સ્વતંત્ર, સર્વજ્ઞ અને નિર્ગુણ એટલે પ્રાકૃત ધર્મરહિત છે. છતાં તે ષડગુણો- ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યયુક્ત છે. અને તે અર્થમાં તે સગુણ પણ છે. તે કર્તૃ- ભોક્તૃ છે, અંતર્યામી, વૈશ્વાનર, આધેય અને આધાર બન્ને છે. પ્રાણભૂત છે, ભૂમન છે, અક્ષર છે, પ્રશાસક છે, સેતુ છે. વિધરણ છે, પરપુરુષ છે, પરથી પણ પર છે, પાપ દૂર કરનાર છે, જગતને કંપાવનાર છે, પરજ્યોતિ છે, જીવનો અધિષ્ઠાતા છે ત્રિવૃત્નો કરનાર છે, નામ, રૂપ અને વિકાસનો કર્તા છે અને સર્વનું અભિન્ન એવું નિમિત્ત અને ઉપાદાન કારણ છે.

બ્રહ્મ નિરાકાર પણ છે, લૌકિક-પાકૃત-આકૃતિ રહિત પણ છે; તેમ જ સાકાર, આનંદાકાર અને રસાકાર પણ છે. બ્રહ્મના બધા જ ધર્મો નિત્ય છે, સહજ છે અને સ્વાભાવિક છે.

૧૧

અક્ષરબ્રહ્મ

(Aksharbrahm)

શ્રુતિવાક્ય 'એકોહં બહુસ્યામ પ્રજાયેય' પ્રમાણે પરબ્રહ્મ પરમાત્મા (પુરુષોત્તમ)એ એકમાંથી અનેક થવાની, સૃષ્ટિ પ્રકટ કરવાની ઈચ્છા કરી ત્યારે તેમના અસીમ આનંદમય સ્વરૂપને પોતાના સ્વર્ગીય દિવ્ય સત્વ લક્ષણને તિરોહિત કરી એક અચલ વ્યાપક સ્વરૂપ ધારણ કર્યું જેમાં પરબ્રહ્મના સત્, ચિત્ અને આનંદ એ ત્રણેય ગુણધર્મો પ્રકટ રહ્યા. બ્રહ્મનું આવું આધ્યાત્મિક સ્વરૂપ તે **'અક્ષરબ્રહ્મ'** કહેવાય છે, જે પરબ્રહ્મની ઈચ્છાથી જડ-જીવાત્મક સૃષ્ટિરૂપે પરિણમે છે. આમ સૃષ્ટિને પ્રકટ કરવા માટે પરબ્રહ્મે ધારણ કરેલા વ્યાપક સર્વ કારણ-કારણરૂપને 'અક્ષરબ્રહ્મ' કહેવામાં આવે છે.

અક્ષરબ્રહ્મ એ પરબ્રહ્મનો ધર્મ (ગુણધર્મ) કે શક્તિ પણ છે અને પરબ્રહ્મનું ધામ (નિવાસસ્થાન) પણ છે. તેથી અક્ષરબ્રહ્મને બ્રહ્મનું અધિષ્ઠાન કહેવાય છે. આમ અક્ષરબ્રહ્મનો પરબ્રહ્મ સાથે ધર્મ અને ધર્મી તથા ધામ અને ધામી હોવાનો વિલક્ષણ સંબંધ છે. ધર્મ હંમેશાં ધર્મીમાં રહેતો હોય છે. જેમ ગુલાબનું ફૂલ અને તેની સુગંધ. ફલ સ્વયં ધર્મી છે જ્યારે તેની સુગંધ એ તેનો ધર્મ (ગુણ) છે. તે જ પ્રમાણે બીજું ઉદાહરણ જોઈએ તો સૂર્ય ધર્મી કહેવાય અને તેમાં રહેનારો પ્રકાશ એ તેનો ધર્મ છે. સૂર્યના પ્રકાશની માફક અક્ષરબ્રહ્મ પરબ્રહ્મમાં રહેલો જણાય છે. આપણે સૂર્યને જોઈ શકીએ છીએ જે સાકાર છે, પરંતુ ચોમેર ફેલાયેલ પ્રકાશ વ્યાપક હોઈ નિરાકાર છે. તદનુસાર ગુલાબનું ફૂલ સાકાર છે પરંતુ ચોમેર પ્રસરેલી તેની સુગંધનો કોઈ આકાર નથી હોતો. પરંતુ તેનો અનુભવ કરી શકાય છે. તે જ પ્રમાણે પરબ્રહ્મ સાકાર છે પરંતુ અક્ષરબ્રહ્મ તેની વ્યાપકતાને લીધે નિરાકાર છે.

વેદમાં આનંદમય પરબ્રહ્મનું હંસરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાં અક્ષરબ્રહ્મને હંસના પૂંછની સંજ્ઞા આપવામાં આવી છે. (શ્રુતિવાક્ય- **બ્રહ્મપુચ્છં પ્રતિષ્ઠા**). અક્ષરબ્રહ્મને બ્રહ્મના ચરણરૂપ પણ માનવામાં આવ્યું છે, તેથી જ્યારે પરબ્રહ્મ અવતાર ધારણ કરે છે ત્યારે અક્ષરબ્રહ્મ તેમના પાદરૂપ રહે છે. આમ

અક્ષરબ્રહ્મનાં અનેક રૂપ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યાં છે.

જ્ઞાનમાર્ગમાં અક્ષરબ્રહ્મની ઉપાસના કરવામાં આવે છે, જ્યારે ભક્તિમાર્ગમાં ઉત્તમ એવા પુરુષોત્તમની સેવાનું વિધાન છે. માટે જ ભગવાન ગીતામાં કહે છે, **'અક્ષરાદપિ ચોત્તમઃ'**, અર્થાત્ 'બ્રહ્મ'ની કક્ષા અક્ષરબ્રહ્મથી ઉચ્ચ છે.

નિબંધના સર્વનિર્ણય પ્રકરણમાં શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે-

"આનંદાંશ તિરોભાવઃ સત્વમાત્રેણ તત્ર હિ
મુખ્યજીવસીતઃ પ્રોક્તઃ સૃષ્ટિચ્છાવશશો હરિઃ"

અર્થાત્ ભગવાન જે સ્વરૂપ ધારણ કરીને કાર્ય કરવા ઇચ્છે છે ત્યારે તે રૂપને જ વ્યાપક બનાવે છે. ભગવાન જ્યારે જ્ઞાન દ્વારા મોક્ષ આપવા ઇચ્છે ત્યારે પુરુષોત્તમ ભગવાન પોતાના ચરણસ્થાનીય આધાર ભાગનાં ચાર સ્વરૂપ કરે છે- (૧) અક્ષરબ્રહ્મ (૨) કાલરૂપ (૩) કર્મરૂપ અને (૪) સ્વભાવરૂપ. આ ચારે સ્વરૂપમાં 'અક્ષર'નાં બે રૂપ છે- (૧) પ્રકૃતિ અને (૨) પુરુષ. અર્થાત્ પ્રકૃતિ અને પુરુષ એ બે અક્ષરબ્રહ્મનાં જ રૂપ છે, જેમાંથી પોતાની ઇચ્છા માત્રથી આનંદાંશનો તિરોભાવ કરી ભગવાન આ સૃષ્ટિને ઉત્પન્ન કરે છે. અક્ષરબ્રહ્મમાં આનંદાંશનો સર્વથા તિરોભાવ થતો નથી પરંતુ તે તિરોહિત હોય તેમ જણાય છે. વસ્તુતઃ તે આનંદમય જ છે, પરંતુ ગણિતાનંદ જેવી અનુભૂતિ થાય છે. વૈકુંઠ લોક અક્ષરનું જ રૂપ છે. અક્ષરબ્રહ્મને બ્રહ્મ, કૂટસ્થ, નિર્વિકાર, નિરાકાર, અવ્યક્ત ઇત્યાદિ નામથી વર્ણવાય છે.

પરબ્રહ્મ સૃષ્ટિનું નિર્માણ અક્ષરબ્રહ્મમાં કરે છે. આથી સૃષ્ટિના નિર્માણની શરૂઆતમાં ઉપર કહ્યું તેમ અક્ષરબ્રહ્મમાં કાળ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ અને પુરુષ એટલાં તત્ત્વો સર્વ પ્રથમ ઉત્પન્ન થાય છે. જેમ મકાન બનાવવા સિમેન્ટ, ઈંટો, રેતી વગેરેની જરૂર પડે તેમ કાળ- કર્મ- સ્વભાવાદિને સૃષ્ટિનિર્માણનાં મૂળભૂત તત્ત્વો સમજી શકાય. અક્ષરબ્રહ્મ સત્- ચિત્- આનંદાત્મક હોવાથી તેના સત્ અને ચિત્ ગુણધર્મોથી કાલ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ અને પુરુષ તત્ત્વોની ઉત્પત્તિ થાય છે, જ્યારે આનંદ તત્ત્વમાંથી અંતર્યામીની ઉત્પત્તિ થાય છે. અક્ષરબ્રહ્મની સદંશભૂત સત્ત્વ-રજસ-તમો ગુણાત્મિકા પ્રકૃતિમાંથી મહત્ તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રાઓ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ), પાંચ મહાભૂતો (આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી), પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ, કાન,નાક, જીભ અને ત્વચા), પાંચ કર્મેન્દ્રિયો

(હાથ, પગ, મોઢું, ઉપસ્થ એટલે જનનેન્દ્રિય અને પાયુ એટલે ઉત્સર્ગેન્દ્રિય) અને મન એમ કુલ ૨૩ તત્ત્વોની ઉત્પત્તિ થાય છે. ચિદંશભૂત પુરુષમાંથી અસંખ્ય જીવાત્માઓની ઉત્પત્તિ થાય છે. આને નીચેની સારણીથી સરળતાથી સમજી શકાય.


સચ્ચિદાનંદ- પરબ્રહ્મ- પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ
નિરાકાર- સર્વકારણ- કારણભૂત અક્ષરબ્રહ્મ
કાલ
કર્મ
સ્વભાવ
પ્રકૃતિ
પુરુષ
મહદ્
અહંકાર
પાંચ તન્માત્રા
દશવિધ ઈન્દ્રિયો
મન
પંચ મહાભૂત
અસંખ્ય જીવાત્માઓ
અસંખ્ય વ્યષ્ટિ-અન્તર્યામીઓ

જ્ઞાની અને ભક્તને અક્ષરબ્રહ્મની પ્રતીતિ ભિન્ન-ભિન્નરૂપે થતી હોય છે. ભક્તને તે અક્ષર તત્ત્વ પુરુષોત્તમ ધામ, વ્યાપી વૈકુંઠ વગેરેના રૂપમાં દર્શન થાય છે. જ્યારે જ્ઞાનીની દૃષ્ટિ ધામી પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સુધી પહોંચી શકતી ન હોવાથી તેને અક્ષરબ્રહ્મનું દર્શન ધામરૂપે થતું નથી, પરંતુ તેને વ્યાપક સચ્ચિદાનંદ દેશ કાલ- અપરિચ્છિન્ન, સ્વયં પ્રકાશ અને ગુણાતીત રૂપમાં પ્રતીત થાય છે. પ્રત્યેક વસ્તુનાં ત્રણ સ્વરૂપો હોય છે. તે રીતે 'પુરુષોત્તમ શ્રીકૃષ્ણ' એ બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે, જ્યારે 'અક્ષરબ્રહ્મ' એ બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે. તદનુસાર 'જગત' બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે.

* * *

૧૨

અવતારવાદ

(Notion of Incarnation)

બ્રહ્મસંહિતામાં કહ્યું છે- **'રામાદિ મૂર્તિષુ કલાનિયમેન તિષ્ઠન્નાવતાર મકરોદ ભૂવનષુ કિન્તુ, કૃષ્ણઃ સ્વયં સમભવત્પરમઃ પૂમાન યો ગોવિન્દમાદિ પુરુષં તમહં ભજામિ.'** અર્થાત્ જે રામ, નૃસિંહ અને બીજા ગૌણ અવતારોમાં હંમેશાં રહેલા છે પરંતુ જે કૃષ્ણ તરીકે ઓળખાતા મૂળ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે અને જે સ્વયં અવતારો લે છે એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન ગોવિન્દ (કૃષ્ણ)ને હું ભજું છું.

૧. 'અવતાર' એટલે શું?

વેદોમાં કહ્યું છે કે ભગવાન એક અને અદ્વિતીય છે, પણ પોતાને અનેક સ્વરૂપોમાં પ્રગટ કરે છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં અર્જુનને સંબોધીને આજ્ઞા કરે છે-

"અજોડપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોપિ સન પ્રકૃતિ સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા."

અર્થાત્ હું અજન્મા છું. મારો દિવ્ય દેહ નિર્વિકાર સ્વરૂપ છે અને ભૂત માત્રનો ઈશ્વર છું. છતાં મારી અંતરંગ શક્તિથી મારા દિવ્ય મૂળ સ્વરૂપે હું દરેક યુગમાં પ્રગટ થાઉં છું.

આ કથનમાં 'અવતારવાદ'નું મૂળ રહેલું છે. **'અવતરણમવાતારઃ'** અવતાર એટલે અવતરણ. **'વ્યાપિવૈકુંઠાદ ભગવતઃ પ્રપંચે સમાગમન'** વ્યાપી વૈકુંઠમાંથી ભગવાનનું પ્રપંચમાં (જગતમાં) પધારવું એટલે અવતાર. સર્વ વ્યાપક 'બ્રહ્મ'નું સ્વરૂપ અવ્યક્ત અગોચર રહેવાને બદલે જીવોને માટે વ્યક્ત, ઈન્દ્રિયગમ્ય થાય તે અવતાર છે.

૨. અવતારનો હેતુ

ગીતામાં ભગવાન અવતારના હેતુને સ્પષ્ટ કરવા કહે છે-

'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત

અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્
પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ્
ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે.'

અર્થાત્ જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે તેમ જ પવિત્ર જનોની- ભક્તોની રક્ષા અર્થે અને દુષ્ટોના નાશ માટે તથા ધર્મના સિદ્ધાંતોની પુનઃસ્થાપના કરવા હું પ્રત્યેક યુગમાં પ્રગટ થાઉં છું.

અહીં શંકા થઈ શકે કે પરમાત્મા જ્યારે 'અવતાર' ધારણ કરે ત્યારે અન્યત્ર તેમનો અભાવ થઈ જતો હશે તો તે સમયે જગતની વ્યવસ્થાનું સંચાલન કેવી રીતે થતું હશે? આનો ખુલાસો કઠોપનિષદ (૨-૨-૯)માં મળે છે-

અગ્નિર્યથૈકા ભુવનં પ્રવિષ્ટો, રૂપં રૂપં પ્રતિરૂપો બભુવ,
એક સ્તથા સર્વ ભૂતાન્તરાત્મા, રૂપં રૂપં પ્રતિરૂપો બહિશ્ચ.

અર્થાત્ જેમ એક જ અગ્નિ સંપૂર્ણ જગતમાં અનુપ્રવિષ્ટ થઈ અનેક રૂપોમાં દેખાય છે તે જ પ્રમાણે ચૈતન્ય સ્વરૂપ પરમાત્મા પણ અનેક રૂપોમાં દશ્યમાન થાય છે.

૩. મહર્ષિ અરવિંદનો અભિગમ

મહર્ષિ અરવિંદ કહે છે કે ધર્મની સ્થાપના જ અવતારનું એકમાત્ર ધ્યેય હોય કે નહીં. અવતાર ધારણ કરવાનું જે એક વધારે ઉચ્ચ પ્રાયોજન છે તે 'દિવ્ય કાર્ય' કરવાનું છે. દિવ્ય જન્મની અર્થાત્ અવતારની બે બાજુઓ છેઃ એક બાજુ નારાયણનું નરરૂપે અવતરવું- ઈશ્વરનું માનવતામાં અવતરણ થાય છે તે. ઈશ્વરનો માનવતામાં થયેલો એ સનાતન અવતાર છે. બીજી બાજુ નરનું નારાયણરૂપ થવું- માનવનું પ્રભુતામાં આરોહણ એ માનવનો દિવ્ય ચેતનામાં નવજન્મ છે, એ પણ અવતાર છે. અરવિંદના મતે જો નરનું નારાયણમાં ઉત્થાન થવાનું ન હોય અને પ્રભુનો માનવીમાં જે અવતાર થાય છે તે માનવીની પ્રભુતામાં આરોહણમાં સહાય કરવા માટે ન હોય તો કેવળ ધર્મનું રક્ષણ કરવા માટે અવતાર ધારણ કરવો એ એક મર્યાદિત ઘટના લાગે છે. કારણ કે કેવળ ધર્મના, ન્યાયના કે પુણ્ય અને સદાચારનાં ધોરણોનું રક્ષણ કરવું હોય તો તેઓ પોતાના સર્વશક્તિમાનપણા દ્વારા સામાન્ય સાધનોનો આશ્રય લઈને પણ કરી શકે છે. આમ પોતે અવતાર લીધા વિના આ કાર્ય મહાપુરુષો, ઋષિમુનિઓ, ધર્મગુરુઓના

જીવન અને કાર્ય દ્વારા કરી શકે છે. આમ પરમાત્મા અવતાર દ્વારા ધર્મની સ્થાપના કરે છે, તે માનવીનું દિવ્યતામાં ઊર્ધ્વગમન સાધવાના હેતુ માટે કરે છે એવો અરવિંદનો મત છે.

શ્રી અરવિંદના દૃષ્ટિકોણથી 'અવતાર' એ ઉત્ક્રાંતિ (Evolution)ની પ્રક્રિયા છે. ઉત્ક્રાંતિની પ્રક્રિયા આત્મતત્ત્વના અજ્ઞાનમાં અવતરણને કારણે થાય છે. પરંતુ આ 'સામાન્ય સ્વરૂપના અવતરણને બદલે કેટલીક વાર વિશિષ્ટ સ્વરૂપના અવતરણની આવશ્યક્તા રહે છે, એને શ્રી અરવિંદ અવતાર કહે છે. પુરાણોમાં વિષ્ણુના અવતારોનો નિમ્ન માનવકક્ષામાંથી અધિમાનસીય અતિમાનવીની કક્ષાનો ક્રમ આપવામાં આવ્યો છે. તે ઉત્ક્રાંતિની પ્રગતિશીલ પ્રક્રિયાનું એક રૂપક છે તેમ તેઓ માને છે. ક્રમશઃ **મત્સ્યાવતાર** જળચર, જળચર અને ભૂચર પ્રાણી વચ્ચેની સ્થિતિ ધરાવનાર **કુર્માવતાર**, ભૂચર પ્રાણી તરીકે **વરાહાવતાર**, પશુ અને માનવીનું મિશ્ર સ્વરૂપ ધરાવતો **'નૃસિંહાવતાર'** શારીરિક રીતે ટૂંકા કદનો છતાં પોતાનામાં ઈશ્વરનો અંશ ધરાવતો **'વામનાવતાર'**, ત્યાર બાદ રાજસી, સાત્ત્વિક અને નિર્ગુણ અવતારો તરીકે અનુક્રમે **પરશુરામ, રામચંદ્ર** અને **બુદ્ધ** થયા. આ વિકાસમાં અધિમાનસીય અતિમાનવી સ્વરૂપે **શ્રીકૃષ્ણ**નો અવતાર થયો. શ્રીકૃષ્ણ, બુદ્ધ અને કલ્કી અવતારો, આધ્યાત્મિક વિકાસના છેલ્લા ત્રણ તબક્કાઓ દર્શાવે છે.

૪. શ્રી વલ્લભાચાર્યજીના મતે 'અવતાર'

ભગવદ્ અવતારને શ્રી વલ્લભાચાર્યજી સુબોધિનીમાં આ રીતે સમજાવે છેઃ સામાન્યતઃ પ્રશ્ન થાય કે ભગવાન સર્વત્ર રહેલા છે તો તેનો અનુભવ કેમ થતો નથી? ત્યાં કહે છે કે **"તત્ર ભગવાન્ સર્વત્ર આકારઃ સચ્ચિદાનંદ રૂપઃ સર્વતઃ પાણિપાદાન્તઃ માયા જવનિકાચ્છન્નાસ્તિષ્ઠતિ"** અર્થાત્ પરબ્રહ્મ પરમાત્મા સાકાર અને સચ્ચિદાનંદ રૂપ, સર્વત્ર જેના કરચરણાદિ રહેલા છે, તે સમસ્ત વિશ્વમાં બિરાજમાન છે. પરંતુ તેમણે પોતાના સ્વરૂપને માયાના આવરણથી ઢાંકી રાખેલ છે. તેથી તેમનો અનુભવ સર્વ કોઈને થતો નથી. અહીં 'માયા' એ જીવને ભ્રમમાં નાખનારી અવિદ્યારૂપ નહીં પરંતુ ભગવાનની **'સર્વભવનસામર્થ્ય'** રૂપ શક્તિના અર્થમાં છે, જે આવરણરૂપા છે. જ્યારે એ માયાનું આવરણ હટે તેને જ **'અવતાર'** અથવા **'પ્રાગટ્ય'** કહે છે. શ્રી વલ્લભાચાર્યજી આ આવરણના ચાર

પ્રકાર સુબોધિનીમાં નિરૂપિત કરે છે-

૧) **પ્રમાણ આવરણ-** પ્રમાણ એટલે જ્ઞાનનું સાધન. આંખ, કાન વગેરે ઇન્દ્રિયો. અંતઃકરણ વેદશાસ્ત્ર ઇત્યાદિ- જ્ઞાનના સાધન અર્થાત્ 'પ્રમાણ' કહેવાય છે. એમના ઉપર કોઈ આવરણ આવી જાય તો ભગવાનનાં દર્શન કે અનુભવો થઈ શકતા નથી. માટે એને 'પ્રમાણ આવરણ' કહે છે.

૨) **વસ્તુ આવરણ-** વસ્તુ (દૃશ્ય) પર પણ આવરણ હોય છે. જેમ સરોવર જળથી વ્યાપ્ત હોય- સર્વત્ર જળ ભરેલું હોય પરંતુ ઉપર જો શેવાળ ફેલાઈ જાય તો આપણને જળ દેખાતું નથી. આમ ભગવાનના સ્વરૂપ ઉપર કોઈ આવરણ હોય તો તેના કારણે તે અનુભવમાં નહીં આવે.

૩) **જીવ આવરણ-** જીવ (દૃષ્ટા) ઉપર પણ માયારૂપ આવરણ લાગેલ હોય છે. પ્રભુના ચિદંશની શક્તિ, માયાની મોહિની શક્તિ જીવને ઢાંકી દે છે. તેથી જીવ ભગવાનનો સાક્ષાત્કાર કરી શકતો નથી. આને 'જીવ આવરણ' કહે છે.

૪) **ભગવદ્ આવરણ-** ભગવાન પોતે જ જો ભક્તને દર્શન આપવાની ઇચ્છા ન કરે તો તેમનાં દર્શન થઈ જ ન શકે એને 'ભગવદ્ આવરણ' કહેવાય.

આ પ્રકારના આવરણ જ્યારે હટે ત્યારે ભગવદ્ અનુભવ થાય તેને જ શ્રી વલ્લભાચાર્યજી 'અવતાર' કહે છે.

ભગવાનના અવતારનું પ્રયોજન ભક્ત કવિ પરમાનંદદાસજીએ નિમ્ન પદમાં ખૂબ જ સુંદર રીતે વર્ણવ્યું છે.

પદ્મ ધર્યો જન તાપ નિવારણ,
ચક્ર સુદર્શન ધર્યો કમલ કર, ભક્તન ની રક્ષા કે કારન,
શંખ ધર્યો રિપુ ઉદર વિદારન, ગદાધરી દુષ્ટન સંહારન,
ચાર ભુજા ચાર આયુધ ધરે, નારાયણ ભૂવ ભાર ઉતારન,
દીનાનાથ દયાલ જગતગુરૂ, આરતિહરન ભક્ત ચિંતામન,
પરમાનંદ દાસ કો ઠાકુર, યહ ઓસર ઓસર છાંડોજીન.

ભાગવત કહે છે, જ્યારે ભગવાન ભક્તનાં દુઃખ સહી ન શકે ત્યારે તેઓ ભક્ત પાસે પધારે છે. વ્યાપિ વૈકુંઠલોકમાંથી ભગવાનનું ભક્ત પાસે પ્રકટ થવું- પધારવું, તે 'અવતાર' છે. ચતુર્ભુજ સ્વરૂપ શ્રી નારાયણ ભગવાનનું દિવ્ય સ્વરૂપ સર્વ અવતારોનું મૂળ છે અર્થાત્ નિવાસસ્થાન છે. તેમ જ સર્વ અવતારોનું અવિનાશી

બીજ પણ છે, જેના અંશમાંથી અને અંશોના અંશમાંથી દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરેનું સર્જન થાય છે. **'દેવાનામંશાવેશવશેન પ્રાદુર્ભાવઃ'**, તે જ અવતાર.

ઉપરના પદમાં કવિ વર્ણવે છે કે ભૂમિ, માતા તથા અન્ય ભક્તોના આધિભૌતિક, આધ્યાત્મિક તેમ જ આધિ દૈવિક- એમ ત્રિવિધ તાપને, વિરહતાપને શાંત કરવા ભગવાન પ્રગટ થાય છે, એ સંકેત એમના શ્રીહસ્તમાં ધારણ કરેલા કમળ વડે થાય છે. ભક્તના રક્ષણ માટે સુદર્શન ચક્ર ધારણ કરેલ છે. ગીતામાં ભગવાન કહે છે- **'નમે ભક્તઃ પ્રણશ્યતિ'. 'સેધોષો ધાર્તરાષ્ટ્રાણાં હૃદયાનિ વ્યદારયત્'** એમ પ્રપન્ન ભક્તોને મારવા ભેગા થયેલા પ્રપંચી અસુરોને હતાશ કરી મૂકવા માટે શંખનાદ પર્યાપ્ત છે. માટે ભગવાને શ્રી હસ્તમાં શંખ ધારણ કર્યો છે. શક્તિની, સત્તાની સામર્થ્યની પ્રતીક 'ગદા'ને ધારણ કરીને દૈત્યોને હણ્યા જ નથી, એમના આસુરી સ્વભાવ અને સ્વરૂપથી તેમને મુક્ત કર્યા છે. આમ નારાયણ સ્વરૂપે ભગવાન ભક્તોની રક્ષા કાજે અવતરિત થયેલ છે.

૫. ભગવાનના વિવિધ અવતારો

ભાગવતજીમાં બતાવ્યા પ્રમાણે ભગવાને વિવિધ કાર્યો માટે ૨૪ અવતારો ધારણ કર્યા છે. તેમના બે અવતારો- એક પુરષ શરીરના સ્થૂળ અવયવો યુક્ત સર્વ લોકવિસ્તાર રૂપે જગત ભગવાનનું જ સ્વરૂપ છે, ભગવાનને પ્રાકૃત રૂપ નથી, પણ આ શુદ્ધ સત્ત્વાત્મક શરીર છે જે સર્વકાર્યમાં પ્રવૃત્ત છે, આપણે પ્રાકૃત આંખે જગત રૂપ જોઈએ છીએ, પરંતુ યોગીઓ પોતાનાં દિવ્ય જ્ઞાનનેત્રો વડે અનેક ચરણ, ઉરૂ, હસ્ત, મુખ, મસ્તક, કાન, નેત્ર, નાસિકાઓવાળા અનેક મુકુટ, વસ્ત્ર, કુંડલોથી શોભાયમાન ભગવાનના અદ્‌ભુત પુરુષરૂપનાં દર્શન કરે છે. તે સર્વ અવતારોના બીજરૂપ- આધારરૂપ- અવ્યય છે. આ ભગવાન આદિ- નારાયણ પોતાની પ્રાણીમાત્રના ક્લેશને દૂર કરનારી યોગનિદ્રા નામની શક્તિને શરીરમાં વ્યાપ્ત કરીને જલરૂપ શૈયામાં પોઢ્યા હતા. ભગવાનના નાભિ રૂપ હૃદયમાંથી કમલ ઉત્પન્ન થયું. તે ત્રૈલોક્યાત્મક નાભિકમળમાંથી બ્રહ્માજી પ્રકટ થયા. એ દ્વિતીય અવતાર.

આ બે અવતારો સિવાય ભગવાનના જે બાવીસ અવતારો થયા તે નીચે પ્રમાણે છે, ઉપરોક્ત બન્ને અવતારો સહિત કુલ ચોવીસ અવતારો ભાગવતજીમાં વર્ણવવામાં આવ્યા છે, જેમની વિવિધ લીલાઓનું વિસ્તારપૂર્વકનું વર્ણન

આપણને આ મહાપુરાણમાં નીચે મુજબ મળે છે.

૧) સનતકુમારો, જેમણે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કર્યું.

૨) વરાહ અવતાર, જે યજ્ઞાવતાર છે જેમણે પૃથ્વીનો ઉદ્ધાર કર્યો.

૩) દેવર્ષિ નારજી, જે ભક્તિનો અવતાર છે.

૪) નર અને નારાયણ, જે દિવ્ય તપનો અવતાર છે.

૫) કપિલદેવજી- સાંખ્યજ્ઞાનનો અવતાર જેમણે સાંખ્યશાસ્ત્રનું પ્રતિપાદન કર્યું.

૬) ભગવાન દત્તાત્રયજી, જે યોગનો અવતાર છે.

ઉપરોક્ત છ અવતારો ભગવાનના છ વિપ્ર અવતારો છે.

૭) શ્રી યજ્ઞાવતાર- ભગવાન સુયજ્ઞ નારાયણ. તે ધર્મનો અવતાર ગણાય છે.

૮) શ્રી ઋષભદેવજી

૯) શ્રી પૃથુરાજા

ઉપરોક્ત ત્રણ અવતારો ક્ષત્રિય સ્વભાવયુક્ત હોઈ 'ક્ષત્રિય અવતાર' કહેવાય છે.

૧૦) શ્રી મત્સ્ય અવતાર

૧૧) શ્રી કુર્મ અવતાર

૧૨) ધન્વન્તરિ અવતાર

૧૩) મોહિની અવતાર. બારમો અને તેરમો અવતાર સમુદ્રમંથન દરમ્યાન સમુદ્રમાંથી પ્રગટ થયા હતા.

ઉપરોક્ત ચાર અવતારો વૈશ્ય સ્વભાવવાળા હોઈ તેઓ 'વૈશ્યાવતાર' કહેવાયા.

૧૪) શ્રી નૃસિંહ અવતાર, જે 'કાલ'નો અવતાર છે. જેમણે પ્રહ્લાદના પિતા હિરણ્યકશ્યપુનો વધ કર્યો.

૧૫) શ્રી વામન અવતાર, જેમણે બલિરાજા પાસેથી સ્વર્ગનું રાજ્ય લઈ દેવોને પાછું આપ્યું.

૧૬) ભગવાન પરશુરામ, તે વૈશ્વાનરનો અવતાર છે, જેમણે પૃથ્વી ઉપરથી એકવીસ વખત ક્ષત્રિયોનો નાશ કર્યો

૧૭) ભગવાન વ્યાસજી જે વિષ્ણુના 'જ્ઞાનાવતાર' ગણાય છે.

૧૮) ભગવાન રામચંદ્રજી, જેઓ 'મર્યાદા પુરુષોત્તમ' કહેવાય છે.

૧૯) ભગવાન બલરામ, જેઓ શ્રીકૃષ્ણના મોટા ભાઈ હતા અને સંકર્ષણ રૂપ ગણાય છે.

૨૦) ભગવાન શ્રીકૃષ્ણ 'પૂર્ણ પુરુષોત્તમ' રૂપ અવતાર

૨૧) ભગવાન બુદ્ધ

૨૨) 'કલ્કિ' અવતાર, જેઓ કલિયુગની સંધ્યાએ વિષ્ણુયજ્ઞા નામના શંભલ ગામમાં રહેતા વૈષ્ણવ બ્રાહ્મણને ત્યાં અવતરશે.

ઉપરોક્ત સર્વ અવતારો પરમાત્માએ કોઈ ને કોઈ વિશિષ્ટ પ્રયોજનથી ધારણ કરેલા છે, જેની વિસ્તારપૂર્વકની કથા ભાગવતજીમાં આલેખાયેલી છે. તે પ્રત્યેક ભગવાનનાં સગુણ-સાકાર સ્વરૂપોની લીલા છે.

૬. અંશાવતાર- કલાવતાર- પૂર્ણાવતાર

ભાગવતજીમાં કહ્યું છે કે **'એતેચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્'** (૧-૩-૨૮) અર્થાત્ બધા અવતારો પુરુષરૂપ આદિનારાયણના અંશ- અંશાશ-કલા- આવેશ વગેરે રૂપ છે, કૃષ્ણ તો સ્વયં ભગવાન છે. એટલે કે કૃષ્ણાવતારમાં ભગવાન સ્વયં અવતારી સ્વરૂપે પ્રગટ થયા છે, જ્યારે અન્ય અવતારોમાં ભગવાનનો અંશ- કલા વિદ્યમાન હતાં. પરમકાષ્ટાપન્ન તત્ત્વ પરાત્પર પરબ્રહ્મ નિર્ગુણ, પુરુષોત્તમ પોતાના સર્વધર્મ, સર્વશક્તિ, સમસ્ત પરિકર સહિત, માયાશક્તિને સાથ લઈને સ્વેચ્છાથી પ્રકટ થયા અથવા 'અવતાર' ધારણ કર્યો તે જ શ્રીકૃષ્ણ અવતાર છે. અને તેથી તે કેવલ 'અવતાર' ન કહેવાતાં, 'અવતારી' કહેવાય છે. બ્રહ્મના સચ્ચિદાનંદ સ્વરૂપનું આનંદ તત્ત્વ શ્રીકૃષ્ણમાં પૂર્ણ રૂપેણ રહેલું હોઈ તેઓ 'પૂર્ણાનંદ' કહેવાય છે. જ્યારે અન્ય અવતારોમાં અને અનેક દેવીદેવતાઓમાં આનંદ તત્ત્વ સીમિત માત્રામાં રહેલ હોય છે, કારણ કે તેમાં ભગવાનનો અંશ કે કલા વિદ્યમાન હોય છે. માટે જ શ્રી વલ્લભાચાર્યજી તેમના 'કૃષ્ણાશ્રય' ગ્રંથમાં કહે છે-

"પ્રાકૃતાઃ સકલા દેવા, ગણિતાનંદકં બ્રહત્
પૂર્ણાનંદો હરિસ્તમાત્ કૃષ્ણએવ ગતિર્મમ."

કૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણ એ પરમોચ્ચ તત્ત્વ- સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે તેનું પ્રમાણ શ્રુતિમાં પણ પ્રાપ્ત થાય છે.

'કૃષિર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિર્વૃતિ વાચકઃ
તયોરૈક્ય પરં બ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે'

અર્થાત્ 'કૃષ્ણ' સત્તાવાચક શબ્દ છે, જ્યારે 'ણ' એ આનંદવાચક શબ્દ છે. તે બન્ને મળીને સદાનંદ પરબ્રહ્મને 'કૃષ્ણ' કહેવામાં આવે છે. કૃષ્ણાવતારમાં ભગવાનની સ્તુતિના સંદર્ભમાં કૃષ્ણને માટે જ **'સત્યવ્રતં સત્ય પરં'** શબ્દો વપરાયા છે, અર્થાત્ ત્યાં સત્યાત્મક (Ultimate Reality) ભગવાન શ્રીકૃષ્ણની જ સ્તુતિ કરી છે એ સ્પષ્ટ થાય છે. આમ 'શ્રીકૃષ્ણ' નામ પરબ્રહ્મ પરમાત્મા-પરમોચ્ચ તત્ત્વનો નિર્દેશ કરે છે અને તેથી જ તેને 'પૂર્ણાવતાર' કહેવાય છે, જ્યારે અન્ય અવતારો અંશાવતાર કે કલાવતાર કહેવાય છે.

૭. લીલાવતાર

અવતાર વખતે સ્વરૂપથી ભગવાન કૃષ્ણ ભક્તને ભક્તિનું દાન કરે છે. જ્યારે અનવતાર દશામાં પોતાની વિવિધ લીલાઓની કથા દ્વારા ભક્તિનું દાન કરે છે. તે કથાઓ ભાગવતમાં આલેખાયેલી છે.

'લીલા' પદનો પ્રયોગ ક્રીડા, રમત (Sport), વિનોદ, આનંદ, મનોરંજન, રતિક્રીડા, કેલિક્રીડા, અનાયાસ, સુગમતાપૂર્વક, દર્શન, હાવભાવ, છબિ, સૌંદર્ય, લાવણ્ય, લાલિત્ય વગેરે અર્થમાં કરવામાં આવે છે.

શ્રી વલ્લભાચાર્યજીના મતે ભગવાન જ જગદ્રુપે અવિકૃતપણે આવિર્ભાવ-તિરોભાવ રૂપ પોતાની શક્તિઓ દ્વારા 'લીલા' કરે છે. ભગવાન કૌતુકવાળા થઈને પ્રયાસ વિના જે કર્મ કરે તેને લીલા કહેવાય છે અથવા પ્રયાસ વિના હર્ષથી કરવામાં આવતી ચેષ્ટા તે 'લીલા' છે.

બ્રહ્મસૂત્રોમાં એક સૂત્ર છે- **'લોકવત્તુ લીલાકૈવલ્યમ'**. અણુભાષ્યમાં આ સૂત્રની વ્યાખ્યા કરતાં શ્રી વલ્લભાચાર્ય કહે છે કે જેમ સાંસારિક રાજા વગેરે મૃગયા વગેરે જે ખેલ કરે છે તેમાં કોઈ વિશિષ્ટ હેતુ હોતો નથી. તે જ પ્રમાણે સૃષ્ટિરચના એ ભગવાનની લીલા માત્ર છે. તેમાં કોઈ ખાસ પ્રયોજન નથી. આ ભગવદ્ લીલાઓ મોક્ષ આપનારી છે. આવા સમર્થ્ય અને સ્વરૂપના માહાત્મ્યને બતાવવા જ સૂત્રકારે અહીં 'કૈવલ્યમ્' પદનો પ્રયોગ કર્યો છે.

આ કારણથી જ 'લીલા' એને કહેવાય કે જે વગર પરિશ્રમે સ્વાભાવિક રૂપથી તથા કોઈ ખાસ ઉદ્દેશ્ય વગર સંપન્ન થાય.

શ્રી વલ્લભાચાર્યજી ભગવાનની લીલાનાં ચાર પ્રયોજનો બતાવે છે. ભગવાનની એક 'લીલા' જુદા જુદા કાર્યની પ્રવૃત્તિ કરાવનારી છે. (**એકા ભગવતો લીલા નાના કાર્ય પ્રવર્તિકા**) ભગવાન ભક્તો સાથે ભાવાત્મક- લીલાત્મક સંબંધ માટે અનેક ગુણ અને સ્વરૂપ ધારણ કરીને પ્રગટે છે અથવા **'અવતરિત'** થાય છે. ભક્તોને જે જે લીલા અને જે જે સ્વરૂપમાં ભાવ પ્રકટ થાય તે તે સ્વરૂપ ધારણ કરીને તે તે લીલા પ્રકટ કરે છે.

લીલાપ્રયોજન

(૧) **ભક્તહિત**- ભગવાન પોતાના ભક્તના હિત ખાતર વિવિધ પ્રકારની લીલા કરે છે. જીવ પોતાના અધીરાપણાને લીધે ભગવાનની કૃતિને જાણતો નથી હોતો જેથી ક્યારેક દુઃખી થાય છે પરંતુ પ્રભુ તો નિજ ભક્તોનું હિત આપમેળે જ કરે છે.

(૨) **ભક્ત સુખ**- ભક્તોને સર્વ પ્રકારે સુખ આપવા ભગવાન તેવી લીલા કરે છે.

(૩) **ભક્તિ સ્થાપન**- ભક્તોને ઉત્પન્ન કરી તેઓમાં ભક્તિનું સ્થાપન કરવા માટે ભગવાન જાત જાતની ક્રીડા કરે છે.

(૪) **નિજાનંદ**- શ્રી વલ્લભાચાર્યજી કહે છે-

'સંગ્રાહયિતુમખિલં તૈઃ ક્રીડયિતુમેવ ચ,
શક્લીકર્તુમધુના પ્રભોર્બાલચિકીર્ષિતમ્'

જેમ બાળક નિજાનંદ માટે રમે છે તેમ ભગવાનનું રમણ પણ નિજાનંદ માટે જ હોય છે. સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેવાં કાર્યો પણ ભગવાનને માટે એક ક્રીડા જ છે. સમગ્ર ચરાચર વસ્તુઓને એકઠી કરવી, એમની સાથે ક્રીડા કરવી અને પાછી એને વિખેરી નાખવી એ ભગવાનની બાળક્રીડા છે. બાલક જેમ અહંકાર અને આસક્તિ વિના રમત રમે છે તે જ પ્રમાણે ભગવાનની લીલા પણ નિર્દોષ હોય છે.

જેવા ભગવાન આનંદરૂપ છે એવી ભગવાનની લીલાઓ પણ આનંદરૂપ છે, રસમય છે. જગતને જો આપણે ભગવાનની નિર્દોષ લીલારૂપ સ્વીકારીએ તો જીવ સંસારનાં સુખ-દુઃખની લાગણીથી પર રહી શકે, કારણ કે તે ભગવાનની 'લીલા'નું એક અંગ માત્ર છે, તેના પોતાના અસ્તિત્વનો કોઈ સ્વતંત્ર હેતુ નથી.

૮. દશવિધ લીલા

શ્રી ભાગવતજીમાં ભગવાનની દશવિધ લીલાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જે નીચે પ્રમાણે છે.

૧- અશરીરી વિષ્ણુ પુરુષ શરીર સ્વીકારે તે **'સર્ગલીલા'**. આમાં પંચમહાભૂત, પાંચ તન્માત્રા, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને અંતઃકરણનું વર્ણન છે.

૨ પુરુષમાંથી બ્રહ્મા વગેરેની ઉત્પત્તિ તે **'વિસર્ગ લીલા'**. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો સિદ્ધ કરનારા પુરુષોની કથા છે.

૩. ઉત્પન્ન થયેલાઓનું તેમની મર્યાદા પ્રમાણે પાલન તે 'સ્થાનલીલા'

૪ સ્થાનમાં રહેલાઓની અભિવૃદ્ધિ માટે ભગવદ્ અનુગ્રહ તે **'પોષણલીલા'** પોષણ એટલે અનુગ્રહ. કાલ, કર્મ, સ્વભાવથી પર પ્રભુના સામર્થ્ય રૂપ કૃપાની તેમાં કથા છે.

૫. પુષ્ટોનો આચાર તે **'ઊતિલીલા'** ઊતિ એટલે કર્મવાસના. સારી, ખરાબ કે મિશ્રવાસના પ્રમાણે સૌ વર્તે છે અને તદનુસાર તેનું ફળ મળે છે.

૬. તેમાં પણ સદાચાર તે **'મન્વન્તર લીલા'**. મન્વન્તર એ સદ્ધર્મ છે. સદ્ધર્મથી કર્મવાસનાનો નાશ થાય છે.

૭. સર્વ સદાચારમાં પણ વિષ્ણુની ભક્તિ તે **'ઈશાનુકથાલીલા'**. આમાં ભગવાન અને ભગવાનને અનુસરનારા ભક્તોનાં ચરિત્ર છે.

૮ ભક્તોના પ્રપંચનો અભાવ તે **'નિરોધ લીલા'**. નિરોધ એટલે પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ.

૯. નિષ્પ્રપંચોને સ્વરૂપનો લાભ થવો તે **'મુક્તલીલા'** અને

૧૦. મુક્તોની બ્રહ્મસ્વરૂપથી સ્થિતિ તે **'આશ્રયલીલા'** અર્થાત્ જેનાથી ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તે બ્રહ્મમાં સ્થિર થવું.

પ્રથમ બે સ્કંધ તે અનુક્રમે 'અધિકારલીલા' અને 'સાધનલીલા' છે, જેમાં શ્રવણકીર્તનની પાત્રતા અને અધિકારીને સાધનરૂપ શ્રવણનો નિર્ધાર બતાવવામાં આવ્યો છે.

આમ સમગ્ર ભાગવત એ ભગવાનની અનેકાનેક 'લીલા'ઓને વિસ્તારપૂર્વક વર્ણવે છે.

* * *

૧૩

જીવ તત્ત્વ

(The Concept of Self)

‘જગત’ એ બ્રહ્મની લીલા માટેનું ક્રીડાંગણ છે. બ્રહ્મ સ્વયં જ જગતનું ઉપાદાન કારણ તેમ જ નિમિત્ત કારણ હોઈ, જગત એ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. અર્થાત્ એમ કહેવાય કે બ્રહ્મ જ પોતાની ઈચ્છાથી, પોતાના રમણ માટે- નિજાનંદ માટે જગતરૂપ બન્યા છે. બ્રહ્મ ‘સચ્ચિદાનંદ’ છે. તેમાં ‘સત્’, ‘ચિત્’, ‘આનંદ’ એ ત્રણ ઘટકો રહેલાં છે. જગતમાં જડ અથવા અચેતન પદાર્થોમાં કેવળ સત્ તત્ત્વ જ પ્રગટ રહેલ છે, જ્યારે ચિત્ તેમ જ આનંદ તત્ત્વો તિરોહિત હોય છે. તે જ પ્રમાણે જગતની ચેતન સૃષ્ટિ અથવા પ્રાણીસૃષ્ટિમાં ‘સત્’ તથા ‘ચિત્’ એ બન્ને તત્ત્વો પ્રગટ રહેલ છે, જ્યારે આનંદ અંશ તેમાંથી તિરોહિત થઈ ગયેલ છે. આ ચેતન તત્ત્વ જીવ, જીવાત્મા અથવા આત્મા તરીકે સંબોધાય છે. જીવના આવિર્ભાવની પ્રક્રિયાને વર્ણવતાં ઉપનિષદમાં કહેવાયું છેઃ ‘હું એક અનેક થઈ જાઉં (એકોહં બહુસ્યામ). બ્રહ્મની એવા પ્રકારની બહુ ભવનેચ્છા થતાં જેમ અગ્નિમાંથી અસંખ્ય તણખાઓ ઝરતાં હોય છે તેમ બ્રહ્મમાંથી અસંખ્ય અંશરૂપ જીવો પ્રગટ થયા છે. આ પ્રક્રિયાને સમજાવતાં બૃહદારણ્યક ઉપનિષદ કહે છે- ‘યથાગ્નેઃ ક્ષુદ્રા વિસ્ફુલિંગા વ્યુચ્ચરન્તિ’. આમ બ્રહ્મ પોતે જ જીવરૂપે વ્યુચ્ચરિત થતો હોઈ એટલે કે છૂટો પડતો હોઈ તે પણ જગતની માફક બ્રહ્માત્મક છે, બ્રહ્મનો જ અંશ છે. મુંડકોપનિષદ પણ આ વાતની પુષ્ટિ કરતાં કહે છે- ‘યથા સુદીપ્તાત્પાવકા દ્વિસ્ફુલિંગાઃ સહસ્રશઃ પ્રભવન્તે સરૂપાઃ છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે- ‘સર્વમ્ ખલ્વિદં બ્રહ્મ’- આ જે કાંઈ છે તે બ્રહ્મ જ છે. તેથી તદનુસાર જીવ અને બ્રહ્મમાં અભેદતા રહેલી છે. આ જ શ્રુતિના આધારે એમ કહેવાય કે બ્રહ્મ વ્યાપક (omnipresent) છે. અહીં પ્રશ્ન ઉદ્ભવે કે જો બ્રહ્મ વ્યાપક છે તો તેમાં જ વ્યુચ્ચરિત થઈ જીવો એવા કયા અબ્રાહ્માત્મક સ્થાને સ્થિત થતા હશે?, જીવ છૂટા પડી ક્યાં જતા હશે? આને આપણે સમુદ્ર અને તેના તરંગોના ઉદાહરણથી

સમજી શકીએ. જેમ સમુદ્રના તરંગો સમુદ્રમાં જ બનતા હોય છે અને સમુદ્રમાં જ વિલીન થઈ જતા હોય છે તે જ પ્રમાણે બ્રહ્માત્મક જીવ બ્રહ્મરૂપ પ્રદેશમાં અર્થાત્ બ્રહ્મમાં જ વિલીન થઈ જાય છે.

જીવ અણુરૂપ છે, અંશ છે

શાસ્ત્રમાં જીવાત્માને અણુપરિમાણ માનવામાં આવ્યો છે બ્રહ્મ વ્યાપક છે, જ્યારે જીવાત્મા અણુ-સૂક્ષ્મ-પરિછિન્ન છે. શ્રુતિઓમાં જીવને 'આરાગ્ર માત્ર' (ધાનના અગ્રભાગ બરોબર) કહ્યો છે. તેનું પરિમાણ વાળના અગ્રભાગના દસ હજારમા ભાગ જેટલું બતાવવામાં આવ્યું છે. જીવનું આટલું સૂક્ષ્મ સ્વરૂપ હોવા છતાં પ્રાણીના સંપૂર્ણ શરીરમાં તેનું ચૈતન્ય અનુભવાય છે, જેમ કોઈ બગીચામાં એક ફૂલ કોઈ એક સ્થળે હોવા છતાં તેની સૌરભ અને તેની આભા દૂર સુધી ફેલાયેલ રહે છે તે જ રીતે જીવના ચૈતન્ય ગુણની વ્યાપકતા રહેલી છે.

ગીતાજીમાં પણ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે- 'મમૈવાંશો જીવ લોકે' જીવલોકમાં મારો સનાતન અંશ જીવ થયો છે. બ્રહ્મસૂત્ર પણ કહે છે- 'અંશો, નાનાવ્યપદેશાત્ અર્થાત્ જીવાત્મા બ્રહ્મનો અંશ છે, કારણ કે શ્રુતિમાં એમ કહેવામાં આવ્યું છે કે બ્રહ્મમાંથી અનેક જીવો નીકળ્યા અને છૂટા પડ્યા. તેથી જ શ્રી વલ્લભાચાર્યજી જીવને 'અણુ' અને ભગવાનનો અંશ માને છે. આમ ભગવાન સાથે જીવનો સંબંધ અંશ-અંશીનો છે. ભગવાન 'અંશી' છે. શંકરાચાર્ય જીવને અંશ નહીં માનતા 'વિભુ' માને છે, બ્રહ્મનું જ સ્વરૂપ માને છે. છાંદોગ્ય ઉપનિષદના 'તત્ત્વમસિ' પદનો અર્થ સમજાવતાં તેઓ કહે છે- 'તત્ ત્વમ અસિ'- તે તું જ છે. અર્થાત્ જીવને સંબોધીને તેઓ એવો ખુલાસો કરે છે કે 'હે આત્મા, તે બ્રહ્મ તું જ છે.' માટે તેઓ 'આત્મા સો પરમાત્મા' કહે છે. શ્રી વલ્લભાચાર્યજી 'તત્ત્વમસિ'નો સંધિવિગ્રહ કરતાં બતાવે છે- 'તત્ત્વમ્ અસિ'. તેઓ કેવળ 'તત્ત્વમસિ'ને શાંકરમત પ્રમાણે મહાવાક્ય નહીં માનતા છાંદોગ્ય ઉપનિષદમાં આલેખાયેલા શ્વેતકેતુ ઉપાખ્યાનમાં કહેવાય એ પ્રમાણેનું સંપૂર્ણ મહાવાક્ય છે. શ્રી વલ્લભાચાર્યજીના મતે આ વાક્ય દ્વારા જીવની બ્રહ્માત્મકતા સિદ્ધ થાય છે. આની સ્પષ્ટતા શ્રી વલ્લભાચાર્યજીએ તત્ત્વાર્થદીપનિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણના એકસઠમા શ્લોકમાં કરી છે.

જીવ પ્રકાશક ચૈતન્યરૂપ છે. અર્થાત્ તેનો ચૈતન્યગુણ પ્રકાશક છે. માટે તે

તેજોમય પ્રતીત થાય છે. તેથી જીવને માટે જ્યોતિ-આત્મજ્યોતિ વગેરે શબ્દ પ્રયોગ થાય છે. તેને 'વિજ્ઞાનમય' અથવા જ્યોતિર્મય કહેવાય છે.

જીવ-અનેક, નિત્ય

જીવ અનેક છે અને નિત્ય છે. તેની ઉત્પત્તિ થતી નથી કે નાશ થતો નથી. જીવનું બ્રહ્મમાંથી અગ્નિના તણખાની માફક વ્યુચ્ચરણ થતું હોઈ તે બ્રહ્મની માફક જ શાશ્વત છે. તેનું જન્મ કે મરણ થતું નથી. એ દૃષ્ટિથી જ ગીતામાં બ્રહ્માંશ જીવને સનાતન, અજર, અમર કહેવામાં આવ્યો છે. જીવની નિત્યતા વેદ પ્રતિપાદિત છે. ઉપનિષદ કહે છે- ''અયમાત્મા અજરઃ અમરઃ'' તથા ''ન જાયતે મ્રિયતે વા કદાચિત.''

શાંકર મત પ્રમાણે જીવ અને આત્માની વ્યાખ્યા ભિન્ન છે. તદનુસાર આત્માની સત્તા પારમાર્થિક છે, જ્યારે જીવની સત્તા વ્યાવહારિક છે. આત્મા જ્યારે શરીર, મન, ઈન્દ્રિયો આદિ ઉપાધિઓથી ઘેરાયેલો હોય છે ત્યારે તે 'જીવ' બની જાય છે. આમ આત્મા જ્યારે અવિદ્યાગ્રસ્ત બને છે ત્યારે તે 'જીવ' તત્ત્વ કહેવાય છે પરંતુ જ્ઞાનના પ્રકાશ દ્વારા અવિદ્યા દૂર થતાં જીવ આત્મા સ્વરૂપ પ્રગટ થાય છે. તેથી જ શંકરાચાર્યજીના મતે છાંદોગ્ય ઉપનિષદના 'તત્ત્વમસિ'ને મહાવાક્ય ગણી તેનું અર્થઘટન તે (= બ્રહ્મ) તું (= જીવાત્મા) છે; તે પ્રમાણે કરે છે. તેમના મતે બ્રહ્મના માયા સાથેના સંબંધને પરિણામે 'ઈશ્વર'- જેને તેઓ બ્રહ્મનું વ્યાવહારિક રૂપ કહે છે અને બ્રહ્મના અવિદ્યા સાથેના સંબંધના પરિણામે તે જીવ બને છે. તેથી તેમના દૃષ્ટિબિંદુથી જીવ અને ઈશ્વર બન્ને એક રીતે જોતાં બ્રહ્મના વિવર્ત છે. એટલે કે ઈશ્વર અને જીવ બન્નેની સત્યતા વ્યાવહારિક દૃષ્ટિએ જ છે.

આમ શંકરાચાર્યજીનો મત 'ઈશ્વર' અને જીવ વિશે વલ્લભમતથી અલગ પડે છે.

જીવ જ્ઞાતા, ભોક્તા અને કર્તા છે

શ્રી વલ્લભાચાર્યજીના મતે જીવ જ્ઞાતા છે અને જ્ઞાન તેનો ધર્મ છે. જીવ ધર્મી છે, પ્રકાશક ચૈતન્ય તેનો ધર્મ છે. માટે જ ઉપર કહ્યું તેમ તેજોમય, જ્યોતિના સ્વરૂપવાળો, વિજ્ઞાનમય, પ્રકાશ છે. સૂર્ય અને સૂર્યના પ્રકાશની માફક ધર્મી અને ધર્મનો અભેદ છે. જેમ સૂર્ય કરતાં સૂર્યનો પ્રકાશ જુદો નથી

તેમ જ જ્ઞાતા જીવ કરતાં જ્ઞાન જુદું નથી.

તેઓના મતે જીવમાં બ્રહ્મત્વ અસ્તિત્વ ધરાવતું હોઈ, જ્યારે સર્વધર્મોવાળું બ્રહ્મ કર્તા અને ભોક્તા છે ત્યારે તેનો અંશ જીવ પણ બ્રહ્મના સંબંધથી કર્તા અને ભોક્તા છે. બ્રહ્મસૂત્ર પણ જીવાત્માને કર્તા અને ભોક્તા હોવાનું પ્રતિપાદન કરે છે- 'કર્તા શાસ્ત્રાર્થવત્ત્વાત્', અર્થાત જીવને ઉદ્દેશીને જ વેદમાં અભ્યુદય (આ લોકનું) અને નિશ્રેયસ (પરલોકનું) એ બે પ્રકારનાં ફળ આપનારાં કર્મ કહેવામાં આવેલાં છે. આ બ્રહ્મવાદી દૃષ્ટિકોણ છે, જ્યારે માયાવાદી શાંકરમત જીવને 'અકર્તા'- કર્તા નથી અને 'અભોક્તા' માને છે. તેમના મતે પરમાર્થતઃ જીવ કર્તા અને ભોક્તા નથી પરંતુ બુદ્ધિના સંબંધના કારણે તેનામાં કર્તૃત્વ દૃશ્યમાન થાય છે. શ્રી વલ્લભાચાર્યજીને આ અર્થઘટન માન્ય નથી કારણ કે તેમના મતે જીવનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ બ્રહ્મના સંબંધના કારણે છે તેથી તે આરોપિત ન હોતાં સહજ છે.

જીવોની અવસ્થા

જીવના ત્રણ પ્રકાર શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યા છે-

(૧) શુદ્ધજીવ (૨) બદ્ધજીવ અને (૩) મુક્તજીવ.

શુદ્ધજીવ- જીવ બ્રહ્માત્મક હોઈ, જ્યારે તે બ્રહ્મથી છૂટો પડે છે ત્યારે બ્રહ્મના સત્, ચિત્, આનંદ એ ત્રણે ગુણધર્મો તેનામાં વિદ્યમાન હોવાના કારણે તેને શુદ્ધજીવ કહેવામાં આવે છે. જેમ અગ્નિમાંથી તણખા નીકળતા હોય છે ત્યારે થોડોક સમય તેમાં અગ્નિ પ્રકટ હોય છે. તે જ રીતે બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ થતી વખતે જીવાત્મામાં સત્ અને ચિત્ ગુણધર્મોની સાથોસાથ બ્રહ્મનો આનંદ ગુણધર્મ પણ તેમાં પ્રકટ હોવાથી જ ત્યારે જીવાત્મામાં ભગવાનના ઐશ્વર્યાદિ અલૌકિક ગુણોના અંશરૂપ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય ગુણો પણ પ્રકટ રહેતા હોય છે.

ત્યાર બાદ અગ્નિમાંથી છૂટા પડ્યા પછી જેમ તણખામાંથી અગ્નિ ઓલવાઈ જાય છે. આનંદના તિરોધાન થતાંની સાથે જ જીવાત્મામાં ઐશ્વર્યાદિ ભગવાનના ષડગુણો પણ તિરોહિત થઈ જાય છે. આ બ્રહ્માંશરૂપ ચિદંશને તેનામાંથી આનંદાંશ તિરોહિત થઈ જાય ત્યારે તેને જીવ કહેવામાં આવે છે.

ઐશ્વર્યાદિ ગુણોના તિરોહિત થવાથી જીવ ઉપર અનેક વિપરીત અસરો

પડે છે:

ઐશ્વર્ય ગુણના તિરોધાન થવાથી જીવ દીન, પરાધીન બની જાય છે. વીર્ય રહિત થવાથી તે લૌકિક-પારલૌકિક અનેક ભયોથી ગ્રસ્ત થવાથી જીવ પોતાના ભયને દૂર કરવાના ઉપાય માત્રમાં જ અટવાઈ જાય છે. યશોવિહીન જીવ આત્મવિશ્વાસ ખોઈ બેસે છે અને હીનતાનો અનુભવ કરે છે. શ્રીના લુપ્ત થઈ જવાથી જીવ સૂક્ષ્મ-સ્થૂળ દેહોના આવરણ વડે ઘેરાઈ જાય છે અને તેને જન્મ, અસ્તિત્વ, વિકાસ વિપરિણામ, અપક્ષય અને મૃત્યુ એવા છ ભાવ વિકારોમાંથી પસાર થવું પડે છે. જ્ઞાનના તિરોધાનથી જીવને તેમના પરમાત્મા સાથેના સંબંધ તથા સ્વકર્તવ્ય વિશેની સ્ફુરણાનો લોપ થઈ જાય છે અને દેહાદિમાં અહંબુદ્ધિ અને અન્ય બધા પદાર્થોમાં વિપરીત જ્ઞાન ઉત્પન્ન થાય છે તથા વૈરાગ્યના તિરોધાનથી તે વિષયોમાં મળતા રાખવાવાળો વિષયાસક્ત બની જાય છે.

જીવનું વરણ

ઉપર બતાવ્યું તેમ જીવમાં ઐશ્વર્યાદિ અલૌકિક ભગવદ્ ગુણોનું તિરોધાન થયા બાદ ભગવાન જે જીવોને જે પ્રકારનું ફળ આપવા ઈચ્છે છે તે પ્રકારે તેઓનું 'વરણ' અર્થાત્ પસંદગી કરે છે. ભિન્ન ભિન્ન ફળ આપવાની ઈચ્છાથી ભગવાન જીવનું પુષ્ટિમાર્ગ, મર્યાદાભાગ કે પ્રવાહમાર્ગમાં વરણ કરે છે, કારણ કે ભગવાનને 'લીલા' માટે વિવિધ પાત્રોની આવશ્યકતા રહે છે. આમ વરણી થઈ જતાં ભગવદીઈચ્છાથી જ જીવને અવિદ્યાનો સંબંધ થાય છે અને તે 'બધ્ધ અવસ્થા'માં આવી પડે છે.

અવિદ્યા એ માયાનું જ એક કાર્ય છે. અવિદ્યાના સંબંધથી જીવને અહંતા-મમતા, જન્મ-મરણ, પાપ-પુણ્ય વગેરેનું બંધન થાય છે. આ બંધનનું કારણ જીવને પાંચ પ્રકારના અધ્યાસો દ્વારા થાય છે. 'અધ્યાસ' એટલે ભ્રમ. આ પાંચ અધ્યાસોને પંચપર્વા અવિદ્યા કહેવામાં આવે છે. તે છે- (૧) અંતઃકરણાધ્યાસ, (૨) પ્રાણાધ્યાસ, (૩) ઈન્દ્રિયાધ્યાસ, (૪) દેહાધ્યાસ અને (૫) સ્વરૂપ વિસ્મૃતિ. આ અધ્યાસોના કારણે જીવને પોતાના મૂળ સ્વરૂપની વિસ્મૃતિ થઈ જાય છે. ભગવાન સાથેના સંબંધને તે ભૂલી જાય છે અને પોતાના અંતઃકરણને, પ્રાણને, ઈન્દ્રિયોને અને દેહને જ પોતાનું સ્વરૂપ સમજી બેસે છે.

પંચ પર્વા અવિદ્યાના સંપર્ક થયા પછી જીવને સૂક્ષ્મ તથા સ્થૂળ દેહો પ્રાપ્ત

થાય છે.

સૂક્ષ્મ સ્થૂળ દેહની પ્રાપ્તિ થવાથી દેહવિશિષ્ટ જીવ જન્મ-મરણનો અનુભવ કરે છે. તેને ચોર્યાસી લાખ યોનીમાં ભટકવું પડે છે. આધિ-વ્યાધિ-ઉપાધિથી તે ઘેરાઈ જાય છે અને જન્મ-જરા-મૃત્યુના ચકરાવામાં તે ફર્યા કરે છે. પરંતુ આ જન્મ-મરણના ચક્રમાં ફરતા બધ્ધ જીવોમાંથી જે જીવનો અંગીકાર ભગવાને દૈવી સૃષ્ટિરૂપે કર્યો હોય તે જીવો ભગવાનની કૃપાથી સત્સંગ વગેરે પ્રાપ્ત થાય છે. તેઓ પંચ પર્વા વિદ્યા દ્વારા મુક્તિ મેળવી શકે છે. તે રીતે મુક્ત થયેલ જીવની 'મુક્તાવસ્થા' કહેવાય છે. એ પંચપર્વા વિદ્યા છે- (૧) વૈરાગ્ય, (૨) સાંખ્ય, (૩) યોગ, (૪) તપ અને (૫) ભક્તિ.

આમ, બ્રહ્મમાંથી અંશરૂપે વ્યુચ્ચરણ થયા પછી આનંદાંશના તિરોધાનથી લઈને જ્યાં સુધી જીવને અવિદ્યાનો સંબંધ થતો નથી ત્યાં સુધીની અવસ્થાને જીવની 'શુદ્ધ-અવસ્થા' કહેવામાં આવે છે. આ વિદ્યાના સંબંધ થવાથી જીવ જન્મ-મરણની સંસારી અવસ્થા કહેવામાં આવે છે અને જ્યારે ઉપરોક્ત પંચપર્વા વિદ્યાની પ્રાપ્તિ પછી જીવને જન્મ-મરણના ચકરાવામાંથી મુક્તિ મળી જાય છે ત્યારે તેની અવસ્થાને 'મુક્તાવસ્થા' કહેવાય છે.

જીવોના પ્રકાર

ભગવદ્ગીતામાં મુખ્યત્વે બે પ્રકારની જીવસૃષ્ટિ બતાવવામાં આવી છે- (૧) દેવી સૃષ્ટિ અને (૨) આસુરી સૃષ્ટિ.

દેવી સૃષ્ટિ : દૈવી જીવો તેને કહેવામાં આવે છે કે જેમની અંદર ભગવાને સૂક્ષ્મ સદ્વાસના સ્થાપિત કરેલી હોય, જેના કારણે તે જીવોમાં આત્મોદ્ધારના ઉપાયો યોજવાની રૂચિ અને યોગ્યતા આવતી હોય છે. આવા જીવો શાસ્ત્રોના વિધાન મુજબ અનુષ્ઠાન કરીને ભગવદ્ કૃપાથી મોક્ષ કે ભક્તિને પ્રાપ્ત કરી શકે છે.

આસુરી સૃષ્ટિ : આસુરી જીવો સૃષ્ટિલીલાના સાતત્ય માટે ભગવાને પ્રગટ કર્યા છે. તેઓ મુક્તિલીલાના અધિકારી નથી. અર્થાત્ તેવા જીવો સૃષ્ટિની સ્થિતિ પર્યંત જન્મ-મરણના ચકરાવા ફરવા માટે જ સર્જાયા છે. આસુરી જીવોને જ પ્રવાહી જીવો પણ કહેવામાં આવે છે.

શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ નામક ગ્રંથમાં જીવોના

બધા પ્રકારનું સવિસ્તાર વર્ણન કર્યું છે. તદનુસાર તેમણે દૈવી જીવોના મુખ્યત્વે બે પ્રકાર બતાવ્યા છે. (૧) પુષ્ટિ જીવ, (૨) મર્યાદા જીવ.

પુષ્ટિ જીવ : એવા જીવો જે શાસ્ત્ર દ્વારા નિષિદ્ધ એવી કોઈ બાબતમાં રુચિ ન રાખતા હોય તેમ જ શાસ્ત્રમાં બતાવેલ સ્વર્ગ-મોક્ષાદિ ફળોમાં પણ જેમની કોઈ જાતની રુચિ ન હોય; તદુપરાંત જે જીવોને ભગવાન પ્રત્યે સ્વરૂપાસક્તિ તેમ જ ભજનાસક્તિ હોય અને ભગવાનની સેવા-કથા-ભક્તિમાં જ જેઓ પોતાના જીવનની સાર્થકતા સમજતા હોય તેવા જીવોને 'પુષ્ટિજીવ' કહેવામાં આવે છે.

મર્યાદા જીવ : શાસ્ત્ર દ્વારા નિષિદ્ધ હોય તેવી કોઈ પણ બાબતમાં જેઓ રુચિ ન ધરાવતાં હોય, જેઓ પુણ્ય કર્મોની મર્યાદામાં રહીને કે શાસ્ત્રોમાં બતાવેલ સાધનો મુજબ નિષ્કામ કર્મ, જ્ઞાનોપાસના કે મર્યાદાભક્તિ દ્વારા મોક્ષ મેળવવા અભિલાષા સેવતા હોય તેવા જીવોને 'મર્યાદા જીવ' કહેવામાં આવે છે. આવા જીવો ભાગવતજીમાં વર્ણવેલ નવધા ભક્તિના પ્રકારોમાં રુચિ ધરાવતા હોય છે. અને તે ભક્તિના માધ્યમથી શાસ્ત્રમાં વર્ણવેલ વિવિધ મુક્તિ પ્રાપ્ત કરવાના અધિકારી બને છે.

પુષ્ટિ જીવોના પણ ચાર પ્રભેદ બતાવવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે-

(૧) શુદ્ધ પુષ્ટિ, (૨) પુષ્ટિ પુષ્ટિ, (૩) મર્યાદા પુષ્ટિ અને (૪) પ્રવાહ પુષ્ટિ.

શુદ્ધ પુષ્ટિ : વ્રજ ભક્તોની માફક જે જીવો ભગવાનમાં સુદઢ અને સર્વથી અધિક સ્નેહ રાખવાવાળા હોય છે અને જેને ભગવાન સાક્ષાત પ્રકટ થઈને અથવા અન્ય કોઈ પ્રકારે તે જીવ પર કૃપાવૃષ્ટિ કરે છે અને પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે તેવા જીવોને 'શુદ્ધપુષ્ટિ જીવ' કહેવામાં આવે છે. આવા જીવોને ભગવાનમાં સંપૂર્ણ પ્રીતિ હોય છે અને અહોરાત્ર કેવળ ભગવદ્ અનુસંધાનમાં જ નિમગ્ન હોય છે.

પુષ્ટિ પુષ્ટિ : આવા જીવોને ભગવદ્ કૃપાથી સત્સંગ કે યોગ્ય ગુરુ દ્વારા ભગવાનના સ્વરૂપના માહાત્મ્યનું તેમ જ ગુણધર્મોનું જ્ઞાન પ્રાપ્ત થયેલું હોય છે તેમ જ ભગવતસેવામાં ઉપયોગી હોય તેવી સર્વ બાબતોથી અવગત હોય છે. તેઓની રુચિ કેવળ ભગવત્સેવામાં જ હોય છે અને ભગવત્સેવા જ જેઓનું

કાર્ય હોય છે એવા જે જીવો ઉપર ભગવત્કૃપાની વૃષ્ટિ થાય છે તેને 'પુષ્ટિ-પુષ્ટિ જીવો' કહેવામાં આવે છે.

મર્યાદા પુષ્ટિ : જે જીવોને ઈહલૌકિક કે પરલૌકિક ફળો મેળવવામાં રુચિ હોતી નથી પરંતુ ભગવાનની પ્રત્યક્ષ સેવાની તુલનામાં ભગવાનના અલૌકિક ગુણોના શ્રવણ-કીર્તન-સ્મરણ ઈત્યાદિમાં આસક્તિ વધારે હોય છે તેવા પુષ્ટિ જીવોને 'મર્યાદા પુષ્ટિ જીવ' કહેવામાં આવે છે.

પ્રવાહ પુષ્ટિ : જેઓ ભગવાનની સેવા સંબંધી બાહ્ય કાર્યોમાં વધુપડતી રુચિ ધરાવનાર હોય પરંતુ ભગવાન પ્રત્યે અલ્પ સ્વરૂપાસક્તિ ધરાવતા હોય તેવા પુષ્ટિ જીવોને 'પુષ્ટિ પ્રવાહ જીવ' કહેવામાં આવે છે.

આસુરી અથવા પ્રવાહી જીવના પણ શાસ્ત્રોએ બે ભેદ બતાવ્યા છે- (૧) દુર્જ્ઞ અને (૨) અજ્ઞ.

ઉપરોક્ત બે પ્રકારના આસુરી જીવોમાં 'દુર્જ્ઞ જીવ' ભગવાનના દ્વેષી અને ક્રૂર હોય છે. તેઓ વારંવાર અસુર યોનિમાં જન્મ લે છે. તેઓ નિરંતર જન્મ-મરણના આવાગમનના ચકરાવામાં ફર્યા કરે છે અને પ્રલયની સ્થિતિમાં જ તેઓ બ્રહ્મમાં લીન થાય છે. 'અજ્ઞ જીવ' તેમને કહેવાય જે દુર્જ્ઞ ન હોય પણ દુર્જ્ઞ જીવોનું અનુસરણ કરનારા હોય.

જીવોના વર્ગીકરણનું સંકલિત સ્વરૂપ


જીવસૃષ્ટિ
દૈવી સૃષ્ટિ
આસુરી (પ્રવાહી) સૃષ્ટિ
પુષ્ટિ જીવ
મર્યાદા જીવ
(જ્ઞાન, કર્મ, ભક્તિ વગેરેના આધારે અનેક ભેદ)
શુદ્ધ પુષ્ટિ જીવ
મિશ્ર પુષ્ટિ જીવ
પુષ્ટિ પુષ્ટિ જીવ
મર્યાદા પુષ્ટિ જીવ
પ્રવાહી પુષ્ટિ જીવ

જીવોના પુષ્ટિ પ્રવાહ મર્યાદાના મિશ્ર ભેદથી વિચારતાં નીચે મુજબ પ્રભેદ પ્રાપ્ત થઈ શકે છે.

(૧) પુષ્ટિ-પુષ્ટિ, (૨) મર્યાદા-પુષ્ટિ, (૩) પ્રવાહ પુષ્ટિ, (૪) પુષ્ટિ મર્યાદા, (૫) મર્યાદા-મર્યાદા, (૬) પ્રવાહ મર્યાદા, (૭) પુષ્ટિ પ્રવાહ, (૮) મર્યાદા-પ્રવાહ, (૯) પ્રવાહ-પ્રવાહ.

જીવ તત્ત્વની શ્રી શંકરાચાર્ય તેમ જ શ્રી રામાનુજાચાર્યના દૃષ્ટિકોણથી સમીક્ષા-

શ્રી શંકરાચાર્યનો દૃષ્ટિકોણ- શ્રી શંકરાચાર્ય જીવ માટે કહે છે- 'જીવો બ્રહ્મૈત્ત્વનાપર:' જીવ અને બ્રહ્મમાં અભેદ છે. 'તત્ત્વમસિ' મહાવાક્યના સંદર્ભમાં પણ તેઓનું અર્થઘટન તે જ છે- 'તે તું જ છે' અર્થાત્ આત્માને સંબોધીને તેઓ કહે છે 'તું જ બ્રહ્મ છે.' 'તત્ત્વમસિ'માં તેઓના મતે 'ત્વમ્' શબ્દ જીવવાચક છે. તેઓના મતે બ્રહ્મનું પિંડસ્થરૂપ તે જીવ છે અને બ્રહ્માંડસ્થરૂપ તે ઈશ્વર છે. એ બન્ને બ્રહ્મનાં વ્યાવહારિક રૂપો છે. પારમાર્થિક નહીં. અવિદ્યા વડે બ્રહ્માત્માની જીવાત્મા રૂપે પ્રતીતિ થાય છે. જીવાત્મા વસ્તુતઃ પરમાત્મા જ છે. પ્રતીતિરૂપે જીવ અનેક છે અને તે મૂળ પરમાત્મા-પરબ્રહ્મના આભાસો કે પ્રતિબિંબ જેવા છે. શાંકરમત પ્રમાણે જીવાત્મામાં જ્ઞાન એ સ્વભાવ ધર્મ છે પરંતુ અંતઃકરણ આદિ ઉપાધિને લઈને તેનામાં જ્ઞાતાપણું, ભોક્તાપણું અને કર્તાપણું ભાસે છે, જે વાસ્તવિક નથી. તેઓ કહે છે બ્રહ્મમાં 'અહં' અથવા જ્ઞાતાનો ખ્યાલ એ કેવળ ભ્રમ છે, અવિદ્યા છે. વસ્તુતઃ બ્રહ્મમાં જ્ઞાતા જીવના ખ્યાલનો જન્મ આપનારી અવિદ્યા છે. બ્રહ્મ પર પડેલું અવિદ્યાનું આવરણ જ આત્માને જીવ રૂપે ઉત્પન્ન કરે છે. જ્ઞાનનો પ્રકાશ અવિદ્યાને દૂર કરી જીવને આત્મા રૂપે ઉજાગર કરે છે અને ત્યારે આત્મા અને પરમાત્મામાં કોઈ ભેદ રહેતો નથી. બન્ને અભિન્ન વર્તાય છે.

શ્રી રામાનુજાચાર્યનો દૃષ્ટિકોણ જીવ તત્ત્વ માટે શ્રી શંકરાચાર્યના મતથી ભિન્ન છે, જ્યારે કેટલેક અંશે તે શ્રી વલ્લભાચાર્યના દૃષ્ટિકોણને અનુરૂપ છે. તેમના મતે જીવ ચેતન સ્વરૂપ છે. તે ધર્મભૂત જ્ઞાનયુક્ત છે. જીવ એક નિત્ય, સત્ તત્ત્વ છે. તે કેવળ ચૈતન્યરૂપ નથી, તે આનંદ સ્વરૂપ પણ છે. પ્રત્યેક જીવ હકીકતમાં કર્તા તેમ જ ભોક્તા બન્ને છે. જીવ દ્રવ્ય રૂપે અણુ, છતાં જ્ઞાન

રૂપે અનંત, આનંદરૂપ, નિત્ય, અણુ, અવ્યક્ત, અચિન્ત્ય, નિરવયમ, નિર્વિકાર અને જ્ઞાનાશ્રય છે. જીવ જ્ઞાન વિના સ્વયં પ્રકાશી હોઈ તેને અ-જડ કહેલ છે. કઠોપનિષદમાં જીવને અંગુષ્ઠ માત્ર કહ્યો છે. શ્વેતાશ્વેતર ઉપનિષદમાં તેને વાળના અગ્રભાગનો પણ દશ હજારમો ભાગ કહ્યો છે. જીવમાં જે સ્વાતંત્ર્ય છે તે ઈશ્વર પ્રદત્ત છે. જીવનું ઈશ્વર દ્વારા નિયમન થાય છે. તે ઈશ્વર પર અવલંબિત છે. જીવ જે કાંઈ કરે છે તે ઈશ્વરની પ્રેરણા અનુસાર જ થાય છે. રામાનુજ મત અનુસાર જીવાત્મા એ પરમાત્માનો વાસ્તવિક અંશ (પ્રકાર) છે, અને તે અણુ પરિમાણવાળો છે. તે એક નથી પરંતુ અનેક છે.

◆

૧૪

પ્રમાણ ચર્ચા

(Theory of Knowledge)

આત્માના નવ વિશેષ ગુણોમાં જ્ઞાન જ મુખ્ય છે. જ્ઞાનના મુખ્ય બે વિભાગ કરવામાં આવે છે- (૧) સ્મૃતિ અને (૨) અનુભવ. જે સંસ્કારજન્ય છે તેને 'સ્મૃતિ' કહેવાય છે અને તેનાથી ભિન્ન જેટલાં જ્ઞાનો છે તે બધાનો 'અનુભવ'માં સમાવેશ થાય છે. અનુભવના બે પ્રકાર છે- (૧) યથાર્થ અનુભવ અને (૨) અયથાર્થ અનુભવ. યથાર્થ અનુભવમાં સાક્ષાત્કારી યથાર્થ અનુભવ એ 'પ્રત્યક્ષ જ્ઞાન' છે, જ્યારે પરોક્ષ યથાર્થ અનુભવમાં અનુમાન જ્ઞાન, ઉપમાન જ્ઞાન અને શબ્દજ્ઞાનનો સમાવેશ થાય છે.

વસ્તુમાં જે રૂપ હોય તે રૂપ જો અનુભવમાં ભાસે તો તે 'યથાર્થ અનુભવ' કહેવાય, પરંતુ વાસ્તવિક રૂપથી અતિરિક્ત અનુભવ થાય તો તે યથાર્થ અનુભવ ન હોય. યથાર્થ અનુભવ અથવા 'યથાર્થ જ્ઞાન'ને **'પ્રમા'** કહેવાય છે. યથાર્થ અનુભવનું જે સાધન હોય તેને પ્રમા-કરણ અર્થાત્ **'પ્રમાણ'** કહેવાય. જેને યથાર્થ જ્ઞાન થાય તેને **પ્રમાતા** કહેવામાં આવે છે. જે વિષયનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે અથવા જેનો યથાર્થ અનુભવ કરી શકાય તેને **'પ્રમેય'** કહેવાય છે. આમ યથાર્થ અનુભવ (= પ્રમા)નું જે સાધકતમ કારણ છે તેને પ્રમાણ ગણવામાં આવ્યું છે. આ યથાર્થ અનુભવને **'પ્રમાણનું ફળ'** કહેવામાં આવે છે.

આપણા બધા જ અનુભવો યથાર્થ નથી હોતા તેનું કારણ એ છે કે અનુભવ ઉત્પન્ન કરનાર જે કારણો છે તે જ કારણો અનુભવગત યથાર્થતાના ઉત્પાદક નથી હોતાં. અનુભવનાં ઉત્પાદક કારણોમાં ગુણ હોય તો અનુભવમાં યથાર્થતા ઉત્પન્ન થાય છે, જ્યારે અનુભવમાં ઉત્પાદક કારણોમાં દોષો હોય તો અનુભવમાં અયથાર્થતા ઉત્પન્ન થાય છે. આપણે અનુભવ થયા પછી તે અનુભવના આધારે પ્રવૃત્તિ કરીએ છીએ. તે પ્રવૃત્તિ જો સફળ થાય તો આપણને ભાન થાય છે કે આપણને થયેલો અનુભવ યથાર્થ હતો, અન્યથા તેને અયથાર્થ અનુભવ કે અયથાર્થ જ્ઞાન કહેવાય. ઉદાહરણ રૂપે રણમાં દૂર પાણી દેખાય

ત્યારે આપણે જો પાણી ભરવા જઈએ ત્યારે ત્યાં પાણી મળે તો તે આપણો અનુભવ અથવા જ્ઞાન યથાર્થ છે તેમ કહેવાય. પરંતુ 'મૃગજળ' ને પાણી સમજી ત્યાં ગયા પણ વાસ્તવમાં પાણી ન મળે ત્યારે તે યથાર્થ જ્ઞાન કહેવાય નહીં. આમ આપણી પ્રવૃત્તિની સફળતા કે અસફળતાના આધારે યથાર્થ જ્ઞાનની કસોટી થાય છે.

પ્રમાણોની સંખ્યાઃ

વિભિન્ન ભારતીય દાર્શનિકો અલગ અલગ પ્રમાણોનો સ્વીકાર કરે છે. ચાર્વાક એક જ પ્રમાણને માને છે. તે છે **પ્રત્યક્ષ.** બૌદ્ધ અને વિશેષિકો બે પ્રમાણો સ્વીકારે છે - **પ્રત્યક્ષ** અને **અનુમાન.** સાંખ્ય આ બે પ્રમાણ ઉપરાંત **'શબ્દ'** પ્રમાણને પણ માને છે. જ્યારે નૈયાયિકો તેમાં ચોથું પ્રમાણ **'ઉપમાન'**નો ઉમેરો કરે છે. પ્રભાકર મીમાંસકો તદુપરાંત **'અર્થાપત્તિ'** પ્રમાણને સ્વીકારે છે, જ્યારે ભાટ્ટ મીમાંસકો અને વેદાંતીઓ છઠ્ઠું પ્રમાણ 'અભાવ' અથવા **'અનુપલબ્ધિ'**નો પણ સ્વીકાર કરે છે. આમ પ્રમાણોની કુલ સંખ્યા ઉપરોક્ત છ માનવામાં આવે છે. શ્રી વલ્લભાચાર્ય 'શબ્દપ્રમાણ'નો સ્વીકાર કરતાં નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહે છે-

"વેદાઃ શ્રીકૃષ્ણ વાક્યાનિ વ્યાસ સુત્રાણિ ચૈવહિ
સમાધિ ભાષા વ્યાસસ્ય, પ્રમાણં તચ્ચતુષ્ટયમ્."

પ્રમાણ દ્વારા પ્રમેયની પ્રમિતી (યથાર્થ જ્ઞાન) પ્રમાતાને થાય છે. ઉદાહરણઃ **હું ચક્ષુથી ઘડો દેખું છું.'** અહીં 'હું' થી **'પ્રમાતા'** સૂચિત થાય છે, 'દેખું છું' થી ચાક્ષુષ પ્રત્યક્ષ જ્ઞાન રૂપ **'પ્રમિતી'** સૂચિત થાય છે, 'ચક્ષુથી' થી ચાક્ષુષ પ્રત્યક્ષ જ્ઞાનરૂપ પ્રમિતીનું **'પ્રમાણ'** સૂચિત થાય છે અને 'ઘડો'થી ચાક્ષુષ પ્રત્યક્ષ જ્ઞાનરૂપ પ્રમિતીનો વિષય **'પ્રમેય'** સૂચિત થાય છે.

નોંધ : પ્રમાણોની વિસ્તૃત વ્યાખ્યા શુદ્ધાદ્વૈત વેદાંત ભાગ-૧માં કરવામાં આવી છે. (પેજ ૯૦-૧૦૦) માટે અહીં તેનો વિસ્તાર કરવામાં આવ્યો નથી. શુદ્ધાદ્વૈત વેદાંતમાં શબ્દપ્રમાણની મહત્તા હોઈ તેનું વિસ્તારપૂર્વક વિવેચન કરવાનો પ્રયાસ કર્યો છે.

શબ્દપ્રમાણઃ

'આપ્તવચન' શબ્દપ્રમાણ છે, આગમ પ્રમાણ છે. આપ્તવચન દ્વારા

આપણને જે જ્ઞાન થાય તેને **'શબ્દબોધ'** યા **'શાબ્દિપ્રમા'** કહેવાય. આપ્તવચનથી આપણને યથાર્થ જ્ઞાન થાય છે. ન્યાસ સૂત્રમાં કહ્યું છે, **'આપ્તોઃ પદેશઃ શબ્દઃ'** જેના શબ્દો વિશ્વાસપાત્ર હોય એવી સત્યનિષ્ઠ, સત્યવક્તા વ્યક્તિને **'આપ્ત'** કહેવાય. શ્રુતિકાર, ઋષિમુનિઓ, ધર્મપ્રવર્તકો વગેરેને 'આપ્ત' માનવામાં આવે છે. તેવી વ્યક્તિની નિઃસ્વાર્થતા તેમ જ તેમના કથનની યથાર્થતાના આધારે નિર્ણય કરી શકાય કે કોને 'આપ્તજન' કહી શકાય.

વેદ :

વેદ અપૌરુષેય છે. બ્રહ્મસૂત્ર, ભાગવત ભગવાનના જ્ઞાનાવતાર વ્યાસજીએ રચેલ ગ્રંથ છે અને ગીતા એ પરમાત્મા શ્રીકૃષ્ણની સ્વયંની વાણી છે. માટે જ શ્રી વલ્લભાચાર્યજીએ 'બ્રહ્મ'ના સ્વરૂપને સમજાવવા આ ચાર ગ્રંથોને 'શબ્દપ્રમાણ'ના રૂપમાં ગ્રહણ કર્યા છે.

શ્રોતેન્દ્રિય ગ્રાહ્ય વિષય 'શબ્દ' છે. શબ્દના બે પ્રકાર છે- **ધ્વન્યાત્મક** (inarticulate) અને **વર્ણાત્મક** (articulate). જે શબ્દ કેવળ ધ્વનિરૂપ છે. જેમાં અક્ષરો (વર્ણો) પ્રસ્ફુટિત નથી હોતા તે શબ્દ 'ધ્વન્યાત્મક' ગણાય; જેમ કે ઢોલનો અવાજ. જે શબ્દ કંઠ, તાલુ, વગેરેના સંયોગથી જન્મે છે અને જેમાં વર્ણો પ્રસ્ફુટિત હોય છે તે શબ્દો 'વર્ણાત્મક' ગણાય છે. જેનાથી કોઈ અર્થવિશેષનો બોધ થાય તે 'સાર્થક' ગણાય- જેમ કે ઘટ, પટ, ગાય વગેરે. જેનાથી કોઈ અર્થવિશેષનો બોધ ન થાય તે નિરર્થક ગણાય, જેમ નાનું બાળક બોલે ત્યારે તેનાં ઉચ્ચારણો.

વૈદિક સાહિત્યમાં **'શબ્દબ્રહ્મ'**ના સ્વરૂપને સમજાવવામાં આવ્યું છે. જેમાં વિવિધ પ્રકારના ધ્વનિ, સ્વર-વ્યંજન ઈત્યાદિ પ્રસ્ફુરિત થાય છે, જે આગમ સાહિત્યમાં પણ જોવા મળે છે, જ્યારે નિર્ગુણ બ્રહ્મ-વાણી અને તેના અર્થ (speech and its meaning) ના સ્વરૂપે વિશ્વમાં વ્યાપ્ત થાય છે, તેને 'શબ્દ બ્રહ્મ' કહેવામાં આવે છે. બ્રહ્મનું આ સ્વરૂપ શાશ્વત અને પારમાર્થિક છે, જેને દિવ્ય વાણી અથવા વેદ કહેવામાં આવે છે. શ્રી વલ્લભવંશજ પુરુષોત્તમજીના ગ્રંથ 'પ્રસ્થાન રત્નાકર'માં આની સ્પષ્ટતા કરતાં કહ્યું છેઃ મૂળમાં 'નાદ' અથવા ધ્વનિ એ અવ્યક્ત રૂપે હતાં. તે ખૂબીપૂર્વક મનોમય રૂપે વિચારોમાં વિવિધ વર્ણો-અક્ષરોના સ્વરૂપે પ્રગટ થયા, જેણે પાછળથી 'વેદ'નું સ્વરૂપ ધારણ કર્યું.

આમ વેદ એ '**નાદ**' અર્થાત્ વિજય વાણી જેને '**સ્ફોટ**' કહેવાય છે, તેનું વ્યક્ત સ્વરૂપ છે.

આ 'નાદ' અથવા સ્ફોટમાંથી ચાર સ્તરની દિવ્ય વાણી પ્રગટ થઈ છે જેને **પરા, પશ્યન્તિ, મધ્યમા** અને **વૈખરી** કહેવાય છે, જેના સુષુમ્ના માર્ગનાં ચાર સ્થાન છે- અનુક્રમે- મૂલાધાર, હૃદય, ગળું અને મુખ. જ્યારે 'શબ્દબ્રહ્મ' અર્થાત્ વેદને વર્ણો, શબ્દ અને પદો (વાક્યો)ના સ્વરૂપે પ્રગટ કરવામાં આવે છે ત્યારે તે બ્રહ્મનાં ત્રણ તત્ત્વો- સત્- (existence) ચિત્ (consciousness) અને આનંદ (bliss) સાથે તાદાત્મ્ય સાધે છે. નાદ તેના મૂળ સ્વરૂપે અને વાણીના આધાર રૂપે બ્રહ્મ સાથે તાદાત્મ્ય હોવાથી તેમાં છ ધર્મો- વ્યાપકતા (pervasiness), સૂક્ષ્મતા (subtiness), નિત્યત્વ (eternity), પરિચ્છિન્નત્વ (limitedness), અનંતરૂપત્વ (infinity of forms) અને બહુરૂપત્વ (plurality) પ્રગટ થાય છે. નાદમાં પ્રગટ થતા આવા વિરુદ્ધ ધર્મો- વ્યાપકતા અને સીમિતતા ઈત્યાદિથી શ્રી વલ્લભાચાર્યજીના બ્રહ્મની 'વિરુદ્ધ ધર્માશ્રયતા'ના સિદ્ધાંતને પુષ્ટિ મળે છે.

શ્રી પુરુષોત્તમજી પ્રસ્થાન રત્નાકર ગ્રંથમાં સ્પષ્ટ કરે છે કે વાણીનાં ત્રણ aspects - વર્ણ (letters), પદ (words), અને વાક્ય (sentence) પણ શાશ્વત હોઈ પ્રત્યેક રીતે હેતુપૂર્ણ છે. તેથી તેઓ કહે છે કે વર્ણ, શબ્દ અને વાક્ય શાશ્વત (eternal) હોઈ તે બ્રહ્મના વેદાત્મક રૂપમાં વ્યાપક હોવાથી અર્થપૂર્ણ છે. શ્રી વલ્લભાચાર્યના મતે 'શબ્દ'નું અખંડત્વ અને વિભાગત્વ એ તેમના 'વિરુદ્ધ ધર્માશ્રયત્વ'ના સિદ્ધાંતનો પાયો છે. આપણા દ્વારા બોલાતું પ્રત્યેક વાક્ય વાસ્તવમાં (in reality) ભગવદ્ વાક્ય છે. ભગવાનની દિવ્યલીલામાં આપણા દ્વારા પ્રગટ થાય છે અને તેથી જ ચાહે તે વૈદિક હોય કે લૌકિક, પ્રત્યેક વાક્ય ભગવદ્ વાણીનું સ્વરૂપ છે.

ઉપરોક્ત માપદંડથી આપણે સમજી શકીએ કે યથાર્થ (valid) અને અયથાર્થ (invalid) વાણી વચ્ચેનો ભેદ ભૂંસાઈ જાય છે, જે ભૂલભરેલું છે અર્થાત્ ખોટું છે. આના ખુલાસા રૂપે શ્રી વલ્લભાચાર્ય કહે છે કે વાસ્તવમાં મનુષ્યમાં રહેલ ખામીઓ (defects) જેવી કે ભ્રમ (delusion), પ્રમાદ (mental laziness), વિપ્રલીપ્સા (infatuation) અને કર્ણપટાવ (inefficacy of senses) ના

કારણે 'વાક્ય'ની યથાર્થતા દોષયુક્ત (vitiated) બને છે, તેથી ઈશ્વર તેની દિવ્ય લીલામાં શબ્દોના લૌકિક અર્થોને ગુપ્ત કરી દે છે અને વર્ણો, શબ્દો અને વાક્યોના વ્યવહારિક અર્થને જ પ્રગટ કરે છે. અંતતોગત્વા વેદો અને શબ્દ તેની સ્વાભાવિક ક્ષમતા (inherent potency) ના કારણે બ્રહ્મનું અને તેની દિવ્ય લીલાઓનું વર્ણન કરે છે.

વેદની ઋચાઓમાં કેટલીક નિર્ગુણ છે, જ્યારે કેટલીક સગુણ છે. શંકરાચાર્યના મતે નિર્ગુણ શ્રુતિ સગુણ શ્રુતિઓ કરતાં ઉચ્ચતર (superior) હોઈ તેને જ સ્વીકારવી જોઈએ. શ્રી વલ્લભાચાર્ય વૈદિક શબ્દોનો તોડ-મરોડ કે તેને માન્ય-અમાન્ય કરવાથી સંપૂર્ણ રીતે વિરુદ્ધ છે. તેમના મતે બધાં જ વેદ- શબ્દો-વાક્યો કે અર્થવાદ જે વેદના કર્મકાંડ તેમ જ જ્ઞાનકાંડ વિભાગોમાં કહેવામાં આવ્યા છે તે બધા જ એકસરખા માન્ય (valid) છે અને તેમાં અમુકને મુખ્ય અને બીજાને ગૌણ માનવાનું કોઈ જ કારણ નથી. સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ સહિત સંપૂર્ણ રીતે વેદો- તેના કર્મકાંડ અને જ્ઞાનકાંડના વિભાગો સહિત સ્વીકારવા જોઈએ અને તેના દ્વારા જ પરમ તત્ત્વના સાતત્યને (ultimate nature of Truth)ને સમજવું જોઈએ. તેમના મતે કર્મ-મીમાંસા એ જ્ઞાનમીમાંસા વિરોધી કે પ્રતિસ્પર્ધી નથી બલ્કે એકબીજાની પૂરક અને પરસ્પર મદદકર્તા છે.

આમ 'વેદ' એ સ્વતઃ પ્રમાણ છે અને તેથી શ્રી વલ્લભાચાર્ય તેને 'શબ્દ પ્રમાણ' રૂપ સ્વીકારે છે. તેમના મતે પ્રેમયરૂપ બ્રહ્મનું નિરૂપણ તેના દ્વારા સચોટ રૂપે કરી શકાય છે.

સ્મૃતિ :

ઋષિમુનિઓએ વેદની ઋચાઓ દ્વારા જે અનુભૂતિ કે સાક્ષાત્કાર (realization and experiance of Truth revealation) તેની સ્મૃતિના આધારે જે શાસ્ત્રોમાં આલેખન કર્યું તેને **'સ્મૃતિ'** કહેવામાં આવે છે. કઈ સ્મૃતિઓ માન્ય (Valid) હોઈ શકે તે વિશે શ્રી વલ્લભાચાર્ય તેમ જ શંકરાચાર્ય, મધ્વાચાર્ય, રામાનુજાચાર્ય ઇત્યાદિ એક માપદંડ સ્વીકારે છે કે તે સ્મૃતિશાસ્ત્રો વેદની વાણીને અનુરૂપ અને સંમત હોવાં જોઈએ. બધી જ સ્મૃતિઓને વેદતુલ્ય ન માની શકાય કારણ કે તે મનુષ્યો દ્વારા તેમની સ્મૃતિમાં સંઘરાયેલું જ્ઞાન છે, જે માનવ બુદ્ધિ

અને યાદશક્તિની સીમિતતા તેમ જ ખોટા અર્થઘટનથી ખામીયુક્ત હોઈ શકે છે. માટે જ શ્રી વલ્લભાચાર્ય ભગવદ્ ગીતાને સંપૂર્ણપણે સ્વીકારે છે, જ્યારે પાશુપત સ્મૃતિ વગેરેનો સ્વીકાર કરતા નથી.

ભગવદ્ ગીતા સ્વયં ભગવાન શ્રીકૃષ્ણની વાણી અને શિક્ષા હોઈ તે વેદતુલ્ય છે. તદુપરાંત વ્યાસજી રચિત બ્રહ્મસૂત્રો તેમ જ ભાગવત પુરાણની 'સમાધિ ભાષા'નો પણ માન્ય શાસ્ત્રો (valid scriphices) હોઈ શ્રી વલ્લભાચાર્ય પ્રમાણ તરીકે સ્વીકારે છે. મુખ્યત્વે તેઓ 'વેદ'ને જ મુખ્ય પ્રમાણરૂપ ગણે છે કારણ કે તેના દ્વારા જ પારમાર્થિક પરમ સત્ય (Transcendental Ultimatel Reality) ને જાણી શકાય; આમ છતાં સ્મૃતિ ઈત્યાદિ બીજાં પવિત્ર શાસ્ત્રો (બ્રહ્મસૂત્રો- ગીતા- ભાગવત) પણ વેદની વાણીને અનુરૂપ હોઈ તેને તેઓ પ્રમાણ તરીકે સ્વીકાર કરે છે. તેઓ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહે છે કે **"ઉત્તરં પૂર્વ સંદેહવારકં પરિકિર્તિતમ્, અવિરુદ્ધ તુ યત્ત્વસ્ય પ્રમાણં તચ્ચનાન્યથા, એતદ્વિરુદ્ધં યત્સર્વં ન તન્માનં કથંચન."**

અર્થાત્ ઉત્તર પ્રમાણ પૂર્વ પ્રમાણના સંદેહની નિવૃત્તિ કરનાર કહેલું છે. શ્રુતિવાક્યમાં સંદેહ ઉત્પન્ન થાય તેનો ખુલાસો ગીતા દ્વારા પ્રાપ્ત થાય. ગીતાના સંદેહનો ખુલાસો બ્રહ્મસૂત્રો આપી શકે છે અને તેમાં પણ કોઈ શંકા રહે તો ભાગવત પુરાણ તેનું નિવારણ કરી શકે છે. આ ચાર પ્રમાણોથી જે શાસ્ત્રો અવિરુદ્ધ છે તે પ્રમાણ છે. આ ચાર પ્રમાણોથી જે વિરુદ્ધ હોય તે તેમના મતે કદી પણ પ્રમાણ નથી.

આમ શ્રી વલ્લભાચાર્યજીના મતે બ્રહ્મને સમજવા કે બ્રહ્મવિદ્યાની ચર્ચા કરવામાં પ્રમાણરૂપ ઉપરોક્ત ચાર શાસ્ત્રોને 'શબ્દપ્રમાણ' તરીકે સ્વીકાર કરવાં જોઈએ, કારણ કે 'પ્રત્યક્ષ' કે 'અનુમાન' પ્રમાણની કેટલીક મર્યાદાઓ રહે છે. જેવી કે ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત કરેલું જ્ઞાન હંમેશાં શુદ્ધ કે નિર્ભેળ હોતું નથી, તે મર્યાદિત હોય છે; ઈન્દ્રિયો દ્વારા અનુભવેલી બાબત કે ઘટના ક્યારેક ખોટી ઠરી શકે છે. ખાસ કરીને બ્રહ્મ અચિન્ત્ય અને અલૌકિક હોવાના કારણે સામાન્ય ઈન્દ્રિયો દ્વારા તે અનુભવાતીત છે.

૧૫

કાર્ય-કારણ ભાવ

(Doctrine of Cause and effect)

વેદની વિવિધ ઋચાઓ, ચાહે તે નાસદીય સૂક્ત હોય, હિરણ્યગર્ભસૂક્ત હોય કે પુરુષસૂક્ત હોય, સૃષ્ટિના અસ્તિત્વ વિશેના ચિંતનનો ભારતીય દષ્ટિકોણ તે પ્રગટ કરે છે. એકમાંથી અનેક થવાની વિચારધારા વલ્લભ વેદાંતના મૂળમાં રહેલ છે અને તેને 'શુદ્ધાદ્વૈત'ના પરિપેક્ષમાં સમજવા માટે 'કારણ' અને 'કાર્ય' (Cause and effect)ના આપસી સંબંધ વિશે સમજવું જરૂરી છે.

ન્યાયશાસ્ત્રમાં તત્ત્વદર્શીય દષ્ટિકોણથી કારણ (Cause) અને કાર્ય (effect)ના આપસી સંબંધનો વિચાર કરવામાં આવ્યો છે. તદનુસાર કારણ (Cause)એ નિયત (invariable) બિનશર્તી (unconditional) તાત્કાલિક (Immediatiate) અને આવશ્યક પુરોગામી અથવા પૂર્વવર્તી (antecedent) વસ્તુ કે બાબત છે, જ્યારે કાર્ય (effect) એ કારણ પછી ઘટનારી કે નીપજનારી વસ્તુ કે બાબત છે. સરલ ભાષામાં આનો અર્થ એ થાય કે **'કારણ'** એટલે જે નિયમિત રીતે કાર્યની પહેલાં બને અથવા અસ્તિત્વ ધરાવે અને **'કાર્ય'**ને ઉત્પન્ન કરવા માટે જે આવશ્યક હોય તે. 'માટી' અને 'ઘડા'નું ઉદાહરણ લઈએ તો માટી એ 'કારણ' છે અને તેમાંતી ઉત્પન્ન થતો 'ઘડો' એ 'કાર્ય' છે. ઘડાના અસ્તિત્વમાં આવ્યા પહેલાં માટીનું અસ્તિત્વ આવશ્યક છે. માટીનું જ નહીં પરંતુ તેની સાથે કુંભાર અને તેનાં ઓજારો- ચાકડો, દંડો ઇત્યાદિ પણ કારણ છે જેના દ્વારા માટી 'ઘડા'ના સ્વરૂપે અસ્તિત્વમાં આવે છે.

વિવિધ ભારતીય દર્શનો ઉપરના ઉદાહરણમાં 'માટી'ને **'ઉપાદાનકારણ'** (Material Cause) અને કુંભાર અને તેનાં ઓજારોને **'નિમિત્તકારણ'** (Efficient Cause) કહે છે. વલ્લભીય તત્ત્વદર્શનમાં માટીને **'સમવાયીકારણ'** (Inherent Cause) અને કુંભાર-ચાકડો ઈત્યાદિને **'નિમિત્તકારણ'** (Instrumental Cause) કહેવામાં આવે છે. **સમવાયીકારણ એટલે જેમાં**

ઘડારૂપી કાર્ય (effect) અસ્તિત્વ ધરાવે છે, અર્થાત્ માટીમાં ઘડાનું અસ્તિત્વ મૂળભૂત રીતે રહેલું જ છે, જે તેમાંથી પરિવર્તન પામી પ્રગટ (Manifest) થાય છે. ઉપાદાન કારણ (Material Cause) માંથી નિમિત્તકારણ (Instrument Cause) દ્વારા ઉત્પન્ન થતું કાર્ય (effect) હંમેશાં પરિછિન્ન (Limited and determined in character) હોય છે. પરંતુ બ્રહ્મમાંથી બ્રહ્મ દ્વારા ઉત્પન્ન થતું જગત 'અપરિછિન્ન' (Limitless and undetermined) છે. તેથી બ્રહ્મને 'સમવાયીકારણ' (Inherent Cause) કહેવું ઉચિત છે. (According to Shri Vallabhacharya, the term 'samvayi- karana' correctly represents and explains the character of the causality of Brahman as propounded in upanishadic texts.)

હવે આપણે કારણોના પ્રકાર જોઈએ-

૧. ઉપાદાન કારણ:

ઉપાદાન કારણ (Material Cause) જે સમવાયીકારણનું જ એક રૂપ (aspects) છે તેના બે પ્રકાર છે- (૧) **પરિણામી ઉપાદાન** અને (૨) **વિવર્ત-ઉપાદાન.** પરિણામ ઉપાદાનના પણ બે પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૧) **વિકૃત પરિણામી** અને (૨) **અવિકૃત પરિણામી.**

(૧) પરિણામી ઉપાદાન કારણ- જ્યારે 'કારણ' સ્વયં 'કાર્ય' રૂપે પરિણામ પામે તેને પરિણામી ઉપાદાન કહેવાય. ઉદાહરણ રૂપે માટીના ઘડાના સ્વરૂપે, સોનાનું ઘરેણા સ્વરૂપે, દૂધનું દહીં સ્વરૂપે ઈત્યાદિ જેમાં માટી, સોનું કે દૂધના કારણ સ્વરૂપમાંથી અનુક્રમે ઘડો, ઘરેણાં કે દહીંના 'કાર્ય સ્વરૂપમાં પરિવર્તિત થાય છે તેને **પરિણામી ઉપાદાન** કારણ કહેવામાં આવે છે. અહીં કારણમાં રહેલ સત તત્ત્વ (Reality) માં કોઈ બદલાવ થતો નથી. આ પરિવર્તન (Transformation) એ વાસ્તવિક (Real) હોય છે.

પરિણામી ઉપાદાનના બે પ્રકાર હોઈ શકે.

(અ) અવિકૃત પરિણામ. આ પ્રકારના પરિવર્તન (transformation)માં ઉપાદાન કારણના મૂળભૂત તત્ત્વનું 'કાર્ય' રૂપે પરિવર્તિત થવા છતાં કોઈ બદલાવ આવતો નથી. જેમ સોનામાંથી ઘરેણાં બનાવવામાં આવે ત્યારે તેમાં સોનાનું તત્ત્વ જેમનું તેમ રહે છે, અને તેથી ઘરેણાને ગાળી નાખતાં પુનઃ તે

સોનાની લગડીના અસલ સ્વરૂપમાં આવી જાય છે. તે જ પ્રમાણે માટીમાંથી ઘડો ઘડવામાં આવે અને તે ઘડો ભાંગી નાખતા તે માટીના લોંદાના રૂપમાં પુનઃ આવી જાય છે. આમ 'કારણ'માંથી 'કાર્ય'માં પરિવર્તન થવા છતાં મૂળ તત્ત્વમાં કોઈ પ્રકારનો 'વિકાર' આવતો નથી. માટે આવા 'પરિણામ'ને **'અવિકૃત પરિણામ'** કહેવાય છે.

(બ) વિકૃત પરિણામ: જ્યારે દૂધને જમાવી દહીં બનાવવામાં આવે ત્યારે દૂધ અને દહીં અર્થાત્ કારણ અને કાર્ય બન્ને વાસ્તવિક હોવા છતાં દહીંને ફરીથી દૂધના રૂપમાં પરિવર્તિત કરી શકાતું નથી. કારણ કે તેમાં 'વિકાર' આવી ગયો હોય છે. દૂધ અને દહીં બન્નેનાં રૂપ અને ગુણ ભિન્ન હોય છે. આમ દૂધ એ 'પરિણામી કારણ' છે અને તે 'કાર્ય'રૂપ દહીંમાં પરિણમતાં તેમાં વિકાર આવી જતો હોવાથી આવા પરિણામને **'વિકૃત પરિણામ'** કહેવાય છે.

(૨) વિવર્ત ઉપાદાન: 'ઉપાદાન કારણ'ના આ પ્રકારમાં 'કાર્ય રૂપે જે પ્રગટ થાય છે તે 'કારણ'ની વાસ્તવિકતા (Reality)થી ભિન્ન હોય છે. અહીં વાસ્તવિક પરિવર્તન થતું નથી પરંતુ 'કારણ' કાર્ય રૂપે પરિણમિત થયેલ હોવાનો ભાસ થાય છે. ઉદાહરણ રૂપે રાત્રીના અંધકારમાં રજ્જુને સર્પ રૂપે દેખાવું, અથવા ચળકતી છીપમાં ચાંદી હોવાનો ભાસ થવો તે વાસ્તવિક પરિવર્તન (Tranformation) નથી પરંતુ તે 'કારણ'નો 'કાર્ય'માં બદલાવ થયો હોવાનો આભાસ માત્ર હોય છે. રજ્જુનું સર્પ રૂપે પ્રગટ થવું તે 'વિવર્ત' અથવા ભ્રાંતિ માત્ર છે, વાસ્તવિક (Real) નથી. માટે આવા ઉપાદાન કારણને **'વિવર્ત ઉપાદાન'** કહેવાય છે.

'પરિણામી ઉપાદાન કારણ' અને 'વિવર્ત ઉપાદાન કારણ', જે 'પરિણામવાદ' અને 'વિવર્તવાદ'ના મૂળમાં રહેલ છે તેમાં નીચે મુજબનો તફાવત છે.

(૧) 'વિવર્તવાદ'માં 'કાર્ય'એ અવાસ્તવિક પરિવર્તન (Unreal transformation) છે, જ્યારે 'પરિણામવાદ'માં કારણનું કાર્ય રૂપે વાસ્તવિક (Real) પરિવર્તન થાય છે.

(૨) વિવર્તવાદમાં 'કાર્ય' (effect)નો દેખાવ (appearance) કારણના ગુણને અસર કરતો નથી. જ્યારે 'વિકૃત પરિણામવાદ'માં 'કાર્ય' (effect) રૂપે પરિણમિત વસ્તુ, 'કારણ' (Cause) ના ગુણથી ભિન્ન હોય છે. (જેમ

રજ્જુનું સર્પ દેખાવું તેનાથી રજ્જુના ગુણમાં કોઈ ફેરફાર થતો નથી, પરંતુ દૂધમાંથી દહીં રૂપ પરિવર્તિત થનાર કાર્ય અને કારણ રૂપ દૂધના ગુણો ભિન્ન હોય છે.)

૨. નિમિત્તકારણ (Efficient Cause or Instrumental Cause)

સમવાયીકારણ (Inherant Cause) અથવા ઉપાદાન કારણ (Material Cause) ઉપરાંત, તેને કાર્ય (Effect) રૂપે પરિવર્તિત થવા માટે જે અન્ય સાધનોની જરૂર પડે છે તેને **નિમિત્તકારણ** કહેવાય છે. ઉદાહરણ તરીકે માટીમાંથી 'ઘડો' બનાવવા માટે ઉપાદાનકારણ 'માટી' ઉપરાંત કુંભાર અને ચાકડો, દંડો ઇત્યાદિ ઓજારોની જરૂર પડે છે. તે જ પ્રમાણે સોનામાંથી ઘરેણાં બનાવવા માટે સોની તથા તેનાં ઓજારોની આવશ્યકતા હોય છે. આ અતિરિક્ત આવશ્યકતાઓને **'નિમિત્તકારણ'** કહેવામાં આવે છે.

૩. કાર્ય (Effect)_

કારણ (Cause) જ્યારે પરિણામ પામી નવું રૂપ ધારણ કરે છે તેને 'કાર્ય' (effect) કહેવામાં આવે છે. 'માટી'માંથી તે જ્યારે ઘડા રૂપે પરિવર્તિત થાય છે અથવા સોનું જ્યારે ઘરેણાંનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે ઘડા અથવા ઘરેણાંને 'કાર્ય' (effect) કહેવામાં આવે છે.

૪. જગત- બ્રહ્મનું અવિકૃત પરિણામ

શ્રી વલ્લભાચાર્યજીના મતે 'જગત' એ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. તે સત્ય (Real) છે અને શાશ્વત (eternal) છે, બ્રહ્મના સદાંશનો આવિર્ભાવ (manifestation) છે. તે બ્રહ્મની બહુ થવાની સહજ ઇચ્છામાંથી ઉદ્ભવ્યું છે. શ્રુતિમાં કહ્યું છે- **'એકોહં બહુસ્યામ્ પ્રજાયેય'**. તે માટે બ્રહ્મ જે સર્વવ્યાપક (immanent) અને સર્વોત્કૃષ્ટ (transcendent) પરમ સત્ય (Reality) છે તે સ્વયં જ ઉપાદાન અથવા સમવાયી કારણ અને નિમિત્ત કારણ બન્ને છે. આ તથ્યના આધારે શ્રી વલ્લભાચાર્યજીએ અવિકૃત પરિણામવાદનો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે. તેમના મતે જગત એ 'બ્રહ્મ'નું વાસ્તવિક પરિવર્તન (real tranrformation) અથવા 'પરિણામ' છે.

એક વસ્તુમાંથી બીજા સ્વરૂપમાં પરિણમિત (transform) થવું તેને 'પરિણામ' પામવું કહેવાય. 'કાર્ય-કારણ'ના સામાન્ય નિયમ પ્રમાણે કાર્ય,

કારણમાં પૂર્વનિહિત હોવા છતાં સામાન્યતઃ બન્ને એકબીજાથી ભિન્ન લાગે છે. કારણના અંશતઃ અથવા પૂર્ણતઃ બદલાવ આવવાથી તે કાર્યરૂપમાં પરિણમે છે. આવા પરિણામ (modification) બે પ્રકારના હોઈ શકે છે. (૧) વિકૃત પરિણામ (૨) અવિકૃત પરિણામ.

વિકૃત પરિણામ-

જ્યારે કારણમાંથી કાર્યમાં રૂપાંતરિત થતાં કાર્યના રૂપ, ગુણ ઈત્યાદિ સર્વે ગુણધર્મો (characteristics) સંપૂર્ણપણે બદલાઈ જાય અને પુનઃ કાર્યકારણ સ્વરૂપે પ્રગટ ન થઈ શકે એવા પરિણામને **'વિકૃત પરિણામ'** કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે દૂધમાંથી દહીં બનવું. અહીં દૂધ કારણ છે અને દહીં કાર્ય છે. દૂધમાંથી જ રૂપાંતરિત થઈ દહીં બને છે. પરંતુ દહીં બનતાં દૂધના મૂળભૂત ગુણોમાં બદલાવ આવી જાય છે. તે ઘટ્ટ બને છે અને તેમાં ખટાશ આવી જાય છે. વળી પુનઃ દહીંમાંથી દૂધના મૂળ સ્વરૂપમાં તે આવી શકતું નથી. કેમ કે કારણમાંથી કાર્યમાં પરિવર્તિત થતાં તેમાં વિકાર ઉત્પન્ન થાય છે. આ પ્રકારના પરિણામને 'વિકૃત પરિણામ' કહેવામાં આવે છે.

અવિકૃત પરિણામ-

જ્યારે કારણમાંથી કાર્યરૂપે પરિણમિત થતાં કારણનાં મૂળભૂત તત્ત્વ કાર્યમાં અકબંધ રહે છે, તે બદલાતાં નથી; એવા પરિણામને **'અવિકૃત પરિણામ'** કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે સોનું અને સોનાનાં ઘરેણાં. અહીં સોનું એ કારણ છે અને તેમાંથી ઘડવામાં આવતાં વિવિધ ઘરેણાં- બંગડી, ચેન, વીંટી, હાર ઈત્યાદિ તે કાર્ય છે. આ ઘરેણાંનાં નામ-રૂપ બદલાઈ જવા છતાં તેમાં સોનાનું મૂળભૂત તત્ત્વ જેમનું તેમ રહે છે. તેમાં સોનાના ગુણધર્મો (characteristics) અકબંધ રહે છે, બદલાતાં નથી. ઘરેણાંને ગાળી નાખતાં તે પાછાં સોનાના મૂળ સ્વરૂપમાં પરત આવી શકે છે. અર્થાત્ સોનામાંથી ઘરેણાના સ્વરૂપે બદલાવા છતાં તેમાં વિકાર આવતો નથી. આ પ્રકારના પરિણામને **'અવિકૃત પરિણામ'** કહેવામાં આવે છે.

બ્રહ્મ અને જગત વિશે વિચારતાં શ્રી વલ્લભાચાર્યજીના મતે જગત એ 'બ્રહ્મનું અવિકૃત પરિણામ' છે. ઉપર કહ્યું તેમ પૂર્વમાં 'બ્રહ્મ' એકમાત્ર 'સત્' હતું (એકમેવાદ્વિતીયમ્), જે નિજ લીલાર્થે સ્વેચ્છાથી અનેક નામ- રૂપ ધારણ

જગત રૂપે પ્રગટ (manifest) થયું, અર્થાત્ કારણ રૂપ બ્રહ્મ કાર્યરૂપ 'જગત્' તરીકે પરિણમિત થયા. જગતના વિવિધ પદાર્થોમાં અનેક નામ-રૂપ ધારણ કરવા છતાં તેમાં બ્રહ્મનો 'સદાંશ' અકબંધ રહે છે, તેમાં કોઈ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો નથી. તેથી પ્રલયના સમયે જગત પુનઃ બ્રહ્મ સ્વરૂપે પરિણમિત થઈ જાય છે. માટે જ શ્રી વલ્લભાચાર્યજી તત્ત્વાર્થદીપનિબંધમાં કહે છેઃ **'પ્રપંચો ભગવત્કાર્યઃ'** પ્રપંચ અર્થાત્ જગત એ ભગવદ્ કાર્ય છે, બ્રહ્મનું કાર્ય છે.

આમ ઉપરોક્ત અવિકૃત પરિણામવાદના સિદ્ધાંત અનુસાર બ્રહ્મ જ જગતનું કારણ હોઈ બ્રહ્મની માફક જ તે સત્ય હોય અને તેથી શંકરાચાર્યના મતાનુસાર તે બ્રહ્મનું વિવર્ત માત્ર કે મિથ્યા છે તેવો વિચાર ટકી શકતો નથી. સાંખ્યદર્શનના સત્કાર્યવાદના સિદ્ધાંત મુજબ કાર્યકારણમાંથી પરિણમિત થવા પહેલાં જ તેમાં અસ્તિત્વ ધરાવતું હોઈ સત્કારણનું પરિણામ સત્કાર્ય જ હોય તે શ્રી વલ્લભાચાર્યજીના અવિકૃત પરિણામવાદની પુષ્ટિ કરે છે.

તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે- **"યતો વા ઈમાનિ ભૂતાનિજાયન્તે યેન જાતાનિ જીવન્તિ યત્ પ્રયત્યભિસંવિશન્તિ, તદ્વિજિજ્ઞાસસ્વ, તદ્બ્રહ્મ"** અર્થાત્- જેનાથી આ બધા ભૂતો (જીવો) ઉત્પન્ન થાય છે, જેના આધારે જીવે છે અને અંતકાળે જેમાં પ્રવેશે છે એટલે કે લીન થઈને તેની સાથે એકાત્મભાવને પામે છે તેને વિશેષરૂપે જાણવું જોઈએ કારણ કે તે જ બ્રહ્મ છે. આ શ્રુતિવાક્ય સ્પષ્ટ કરે છે કે બધા જાગતિક પદાર્થો બ્રહ્મમાંથી જ અસ્તિત્વમાં આવ્યા છે, તેના કારણે જ તેમની સ્થિતિ (existance) રહેલી છે અને અંતે તેમાં જ લીન થાય છે. આમ, જગતરૂપ કાર્યનું ઉપાદાન કારણ બ્રહ્મ જ છે અને પુનઃ તેમાં જ વિલીન થઈ જાય છે. અર્થાત્ બ્રહ્મરૂપ બની જાય છે. તે જગતને બ્રહ્મનું અવિકૃત પરિણામ પુરવાર કરે છે કારણ કે જો તેમાં કોઈ પ્રકારની વિકૃતિ આવતી હોય તો પુનઃ વિલીનીકરણ સંભવ બની શકે નહીં. વળી છાંદોગ્ય ઉપનિષદનું વાક્ય **'તત્તેજો અસૃજત્'** સ્પષ્ટ કરે છે કે બ્રહ્મ કેવલ ઉપાદાન કારણ જ નહીં પરંતુ નિમિત્ત કારણ પણ છે. આમ, બ્રહ્મ જગતનું ઉપાદાન તેમ જ નિમિત્ત, બન્ને કારણ હોવાની સાથે તેનાથી અલગ-ભિન્ન નથી, બન્ને એક જ છે માટે બ્રહ્મને જગતનું **'અભિન્નનિમિત્તોપાદાન કારણ'** કહેવાય છે.

ઉપર સોનું અને સોનાના ઘરેણાના ઉદાહરણથી સમજાવ્યું તેમ બ્રહ્મ

જગતરૂપે પરિણમવા છતાં તે વ્યાપકરૂપે જગતમાં નિહિત રહે છે અને જ્યારે સ્વેચ્છાથી બ્રહ્મ પોતાની લીલા સમેટી લેવાનો નિર્ણય કરે ત્યારે જગતને પોતાનામાં સમાવિષ્ટ કરી લે છે અથવા 'જગત' તેના મૂળ સ્વરૂપમાં આવી જાય છે. આ બાબતને સમજાવવા ઉપનિષદે કરોળિયાનું ઉદાહરણ આપ્યું છે. જેમ કરોળિયો પોતાના મોંમાંથી લાળ કાઢી પોતાની આસપાસ જાળું રચે છે અને જ્યારે તે ઇચ્છે ત્યારે જાળાને પાછું પોતાનામાં સમાવિષ્ટ કરી લે છે. આવી જ પ્રક્રિયા બ્રહ્મના જગત સ્વરૂપે પ્રગટ થવામાં અને નિજેચ્છાથી પ્રલય વખતે પુનઃ જગતને પોતાનામાં સમાવિષ્ટ કરી લેવામાં થાય છે.

૫. આવિર્ભાવ - તિરોભાવ

શ્રી વલ્લભાચાર્યજીની વિચારધારા મુજબ કાર્ય-કારણ ભાવના મૂળમાં તેમનો **'આવિર્ભાવ- તિરોભાવ'**નો સિદ્ધાંત રહેલો છે. તે તેમના **'બ્રહ્મવાદ'**નું હાર્દ છે.

સાંખ્યદર્શનના 'સત્કાર્યવાદ'ના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે. જે શ્રી વલ્લભાચાર્યજીના 'આવિર્ભાવ-તિરોભાવ'ના સિદ્ધાંતને અનુમોદિત કરે છે.

(૧) પ્રત્યેક 'કારણ' (Cause)માં 'કાર્ય' (effect) પૂર્વનિહિત હોય છે. અર્થાત 'કાર્ય'નું 'કારણ'માં અસ્તિત્વ પહેલેથી જ હોય છે, માટે 'કાર્ય'ની ઉત્પત્તિ એ નવીન નથી. **'ન અસતઃ સત્ જાયતે'** અથવા અસત્માંથી સત્ ઉત્પન્ન થઈ શકતું નથી.

(૨) 'કાર્ય' (effect) અને 'કારણ' (Cause) વચ્ચે એકરૂપતા (identical) હોય છે.

(૩) 'કાર્ય' (effect)નું અસ્તિત્વ શાશ્વત (eternal) હોય છે.

(૪) 'કારણ' (Cause) નું મૂળભૂત તત્ત્વ (Substance) 'કાર્ય' (effect) માં હોય છે અર્થાત્ 'કારણ' સ્વયં જ કાર્ય રૂપમાં પરિણામ પામે છે.

(૫) 'જગત' એ 'પ્રકૃતિ'નું પરિણામ છે અર્થાત્ તે શાશ્વત (eternal) હોઈ તેનું જ પરિવર્તન (transformation) છે. (i.e. it is a transformation of uncaused cause).

જોકે નૈયાયિકોએ પોતાના 'અસત્કારણવાદ'ના સિદ્ધાંત મુજબ સાંખ્યના ઉપરોક્ત **'સત્કાર્યવાદ'**ના વિરોધ કર્યો છે, પરંતુ વલ્લભવેદાંતના 'આવિર્ભાવ-

તિરોભાવ'ના સિદ્ધાંતનું આ 'સત્કાર્યવાદ' સાથે ઘણું સામ્ય છે. કારણ કે શ્રી વલ્લભાચાર્યે પણ આ 'સત્કાર્યવાદ'નો સ્વીકાર કર્યો છે.

શ્રી વલ્લભાચાર્યજીના મતે 'આવિર્ભાવ' અને 'તિરોભાવ' એ બ્રહ્મની બે શક્તિઓ છે. આની વ્યાખ્યા કરતાં લેખકાર શ્રી પુરુષોત્તમજી કહે છે : **"આવિઃ પ્રકટં ભાવયતિ, ઉપાદાનાન્તઃ સ્યૈં કાર્ય બહિઃ પ્રકટં કરોતિ યા નિમિત્તગતા ઉપાદાન ગતા શક્તિઃ સા 'આવિર્ભાવ' પદવાચ્યા; એવં તિરો અપ્રકટં ભાવયતિ, બહિષ્ઠં કાર્ય ઉપાદાનાન્તઃ સ્થાપયતિ યા શક્તિઃ નાશકગતા સા 'તિરોભાવ' શબ્દવાચ્યા."** અર્થાત્ 'નિમિત્તકારણ (Instrumental Cause) દ્વારા ઉપાદાનકારણ (Material Cause)માં રહેલ તત્ત્વનું 'કાર્ય' (effect)ના બાહ્ય રૂપમાં પ્રગટ થવું તેને **'આવિર્ભાવ'** અને કાર્ય (effect) ના બાહ્ય સ્વરૂપને પુનઃ 'કારણ'ના રૂપે પોતાની નાશ કરવાની (destroyer) શક્તિના દ્વારા પ્રસ્થાપિત કરવું તે **'તિરોભાવ'** છે.

છાંદોગ્ય ઉપનિષદમાં પણ 'આવિર્ભાવ- તિરોભાવ' શબ્દોનો ઉલ્લેખ મળે છે. જ્યાં કહ્યું છે **'આત્મતા આવિર્ભાવ તિરોભાવૌ.'**

સાંખ્યનો 'સત્કાર્યવાદ' 'જગત'ના અસ્તિત્વ માટે પ્રકૃતિને મૂલકારણ માને છે; તે માટે 'ઈશ્વર'ના કોઈ મહત્ત્વને તે સ્વીકારતો નથી, જ્યારે શુદ્ધાદ્વૈત વિચારધારા બ્રહ્મને જ 'જગત'ના નિર્માણ અર્થે 'પ્રગટીકરણ' માટે કારણરૂપ માને છે. તદુપરાંત સાંખ્ય મુજબ પ્રકૃતિ પોતે જ વિવિધ કાર્ય (effect) રૂપમાં પરિણમિત થાય છે, જ્યારે શુદ્ધાદ્વૈત સિદ્ધાંત મુજબ બ્રહ્મ જગતરૂપી 'કાર્ય' (effect) સ્વરૂપે પ્રગટ (manifest) થાય છે અને 'પ્રલય'ની સ્થિતિમાં તે અપ્રગટ બને છે અથવા તિરોહિત થઈ જાય છે.

'આવિર્ભાવ-તિરોભાવ'ના સિદ્ધાંતને સમજવા પૂર્વે આપણે ન્યાયમત પ્રમાણે 'અભાવ'ના સ્વરૂપને સમજીએ. 'ભાવ' એટલે કોઈ વસ્તુનું હોવું, અસ્તિત્વ ધરાવવું અથવા તેની સત્તા કે હયાતી હોવી. ઉદાહરણ તરીકે જ્યારે આપણે કહીએ કે 'અહીં ઘડો છે' ત્યારે તે ઘડાના અસ્તિત્વ કે ભાવને સૂચિત કરે છે. કોઈ વસ્તુના ન હોવાને, તેની અસત્તા કે અનસ્તિત્વને **'અભાવ'** કહેવાય છે, જેમ કે 'ઘડા'નું નષ્ટ થવું. ન્યાયમત 'અભાવ'ના સિદ્ધાંત દ્વારા જગતનું નિરૂપણ કરે છે. તેમના મતે સૃષ્ટિની શરૂઆતમાં જગતનો 'અભાવ' હતો. પ્રલયની

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. P 775

પ્રક્રિયા વ[illegible] શે. શ્રી વલ્લભાચાર્ય ન્યાયમત દ્વારા સ્થાપિત અભાવનો સિદ્ધાં[illegible] નથી, કારણ કે અવિનાશી સત્ય બ્રહ્મ પોતે જ જગતરૂપે પરિણમ્યા હોવાથી જગતનું પણ અવિનાશી સત્ય હોવું સ્વાભાવિક છે, અને જો જગત સત્ય હોય તો જગત કે જાગતિક પદાર્થોનો નાશ અથવા અભાવ કેવી રીતે થઈ શકે? આથી તેમના મતે જગતનો 'અભાવ' થતો જ નથી. આમ ન્યાયમતની ભાષામાં સૃષ્ટિના અસ્તિત્વમાં આવ્યા પહેલાં જગતનો અભાવ હતો તેમ કહેવું યોગ્ય નથી.

સૃષ્ટિના અસ્તિત્વ પૂર્વે કે પ્રલય પછી જગતના અનસ્તિત્વને શ્રી વલ્ભાચાર્ય 'આવિર્ભાવ- તિરોભાવ'ના સિદ્ધાંતના આધારે સમજાવે છે. ઉપર કહ્યું તેમ આવિર્ભાવ અને તિરોભાવ એ બે બ્રહ્મની શક્તિઓ છે. તેના કારણે બ્રહ્મ ઈચ્છે ત્યારે જગતરૂપે પ્રગટ થાય છે, જેને જગતનો 'આવિર્ભાવ' થયો તેમ કહેવાય. પુનઃ પ્રલયના સમયે બ્રહ્મ જગતને પોતાનામાં સમાવી લે છે એટલે તે અપ્રગટ બને છે. તેને જગતનો 'તિરોભાવ' થયો તેમ કહેવાય. આમ વાલ્લભ મત પ્રમાણે વસ્તુની નવીન ઉત્પત્તિ થતી નથી પણ તેનો 'આવિર્ભાવ' થાય છે. તે જ પ્રમાણે વસ્તુનો નાશ પણ થતો નથી પરંતુ તે 'તિરોભાવ' થાય છે. કારણ રૂપ બીજમાંથી કાર્ય રૂપે વૃક્ષનું વિકસવું તે એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં આવવું, અર્થાત્ આવિર્ભાવ થયો તેમ કહેવાય.

બ્રહ્મ સચ્ચિદાનંદ છે અર્થાત તેમાં સત્ + ચિત + આનંદ એમ ત્રણ તત્ત્વો રહેલાં છે. સત એટલે હોવું (being-existence) ચિત્ એટલે ચૈતન્ય (Consciousness) અને આનંદ (Bliss). જ્યારે બ્રહ્મને સૃષ્ટિનું સર્જન કરવાની ઈચ્છા થાય ત્યારે પોતાના ચિત અને આનંદ તત્ત્વને તિરોહિત કરી પોતે જડ પદાર્થો રૂપ બને છે અને કેવળ આનંદ તત્ત્વને તિરોહિત કરવાથી પ્રાણીસૃષ્ટિ અથવા જીવસૃષ્ટિ અસ્તિત્વમાં આવે છે. આમ જડ-ચેતન પદાર્થોયુક્ત સૃષ્ટિનો આવિર્ભાવ થાય છે. આમ શ્રી વલ્લભાચાર્યજીના મત પ્રમાણે 'આવિર્ભાવ- તિરોભાવ' જે બ્રહ્મનાં શાશ્વત ધર્મો (eternal attributes) છે, તેના દ્વારા વસ્તુનું બ્રહ્મની ઈચ્છા મુજબ પ્રગટ થવું (to manifest) અને છુપાઈ જવું અથવા તિરોહિત (Conceal) થઈ જવું એવી પ્રક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે કેવળ બ્રહ્મનું સાતત્ય જ શાશ્વત નથી, પરંતુ

તે સૃષ્ટિમાં જે સ્વરૂપે પોતાને પ્રગટ કરે છે, ચાહે તે વર્તમાનમાં હોય, ભૂતકાળમાં હોય કે ભવિષ્યમાં, તે સર્વ પણ શાશ્વત જ છે. (Not only the Reality of Brahman is permanent and eternal but all forms in which HE manifests HIMSELF in creation, in all times, past, present and future, are also eternal) શ્રુતિ કહે છે: **'સર્વં ખલુ ઈદં બ્રહ્મ'** શ્રીમદ ભાગવતમાં પણ કહ્યું છે કે: ભૂતકાળમાં જેનું અસ્તિત્વ હતું, જે વર્તમાન છે અને જેનું અસ્તિત્વ ભવિષ્યમાં પણ હશે તે સર્વ કાંઈ 'બ્રહ્મ' છે અને આમ સૃષ્ટિ જે ત્રણેય કાળમાં અસ્તિત્વ ધરાવે છે, તે બ્રહ્મનું કાર્ય (aspect or effect of Brahm) છે. આવો જ ઉલ્લેખ ઋગવેદના પુરુષસુક્તમાં પણ પ્રાપ્ત થાય છે. **'પુરુષૈવેદમ્ સર્વમ્ યદ્ ભૂતમ્ યચ્ચભાવ્યમ્'**

નોંધ: કાર્યકારણ ભાવની પાયાગત સમજ માટે જુઓ: 'શુદ્ધાદ્વૈત વેદાંત' ભાગ-૧ (પે. ૧૦૧-૧૧૪)

* * *

૧૬

મુક્તિ મોક્ષ
(Liberation)

ભારતીય સાધનાપ્રણાલી મોક્ષલક્ષી છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો મનુષ્ય માટે આવશ્યક બતાવવામાં આવ્યા છે. તેમાં 'મોક્ષ'નું સ્થાન અંતિમ ચરણરૂપ છે. 'મોક્ષ' એટલે જન્મ-મરણના ચકરાવામાંથી મુક્ત થવું, સંસારના દુઃખમાંથી છુટકારો મેળવી કાયમી શાશ્વત આનંદની પ્રાપ્તિ કરવી, અર્થાત્ જીવની 'બદ્ધ' અવસ્થામાંથી 'મુક્ત' થવું. તેને 'મુક્તિ' પણ કહેવાય છે. વિભિન્ન દર્શનોમાં 'મોક્ષ' વિશે ચિંતન કરવામાં આવ્યું છે. જોકે તેની વ્યાખ્યા કે ઉપાય પ્રત્યેક દર્શનમાં અલગ અલગ બતાવવામાં આવ્યા છે.

અવૈદિક દર્શનોમાં મોક્ષ

અવૈદિક દર્શનોમાં ચાર્વાક દર્શનમાં તો મોક્ષનું કે મુક્તિનું સ્થાન જ નથી. પ્રત્યક્ષ પ્રમાણને સ્વીકારનારું આ દર્શન એવી કોઈ પારલૌકિક સ્થિતિ કે અવસ્થાની માન્યતા ધરાવતું જ નથી, જ્યારે જૈન તથા બૌદ્ધદર્શનમાં મોક્ષની વિચારધારા અથવા નિર્વાણની અવસ્થાને સ્વીકારવામાં આવી છે.

હિન્દુ દાર્શનિકોના મત પ્રમાણે આત્માનું પરમાત્મામાં વિલીન થઈ જવું તે 'મોક્ષ' છે. જ્યારે જૈન મત આવા કોઈ અતિરિક્ત પરમાત્મામાં માનતો ન હોવાથી તેમાં વિલીન થવાના વિચારને કોઈ અવકાશ નથી. તેમના મતે આત્મા જ્યારે શારીરિક બંધનથી મુક્તિ મેળવે છે ત્યારે તે ઊર્ધ્વગામી બની લોકાકાશના અંતે પહોંચે છે (સંસારી દશાવાળા જીવો જેમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય પામે છે તેને 'લોકાકાશ' કહે છે) અને શાશ્વત સુખ પામે છે. ચિત્તની રાગાદિ અવસ્થાએ સંસાર છે અને તેની રાગાદિ રહિતતા એ મોક્ષ છે. મોક્ષ કાંઈ ઉત્પન્ન થનારી વસ્તુ નથી. માત્ર કર્મબંધનથી છૂટા થવું એ જ આત્માનો મોક્ષ છે: જેમ વાદળાનું આવરણ ખસી જવાથી દેદીપ્યમાન સૂર્ય પ્રકાશે છે, તેમ કર્મનાં આવરણો ખસી જવાથી આત્માના સકળ ગુણો પ્રકાશે છે; આનું નામ જ મોક્ષ છે.

જૈન મતાનુસાર મોક્ષની પ્રાપ્તિ મનુષ્ય-શરીર દ્વારા જ થાય છે. દેવતાઓ પણ દેવગતિમાંથી મુક્તિ પામી શકતા નથી. મોક્ષની અવસ્થામાં જીવને અનંત ચતુષ્ટ્ય એટલે કે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ પ્રાપ્ત થાય છે. જૈન ધર્મમાં પણ જીવનનું પરમ ધ્યેય મોક્ષ અર્થાત્ મુક્તિ મેળવવાનું છે જે સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન અને સમ્યક ચારિત્રજ્ઞ- એ 'રત્નત્રય' દ્વારા મેળવી શકાય છે. બૌદ્ધ દર્શન 'નિર્વાણ' પ્રાપ્ત કરવાની હિમાયત કરે છે. અંતે તે જીવનનું અંતિમ ધ્યેય છે. 'નિર્વાણ'નો અર્થ છે તૃષ્ણાઓનું બુઝાઈ જવું. મનુષ્યના હૃદયમાં 'હુંપણું' અને રાગદ્વેષ વગેરે જે દુવૃત્તિઓ સળગે છે તેનું બુઝાઈ જવું તે 'નિર્વાણ' છે. બૌદ્ધ મત પ્રમાણે સમ્યકજ્ઞાન (પ્રજ્ઞા) વિના મુક્તિના પંથે આગળ કૂચ કરી શકાતી નથી. અર્થાત્ મુક્તિના પંથનો આરંભ પ્રજ્ઞાથી થાય છે. તદુપરાંત આર્ય અષ્ટાંગ માર્ગનું અનુસરણ પણ જરૂરી મનાયું છે. જ્યારે આર્ય અષ્ટાંગ માર્ગ દ્વારા નિર્વાણની પ્રાપ્તિ થાય છે ત્યારે પંચસ્કંધનો નિરંતર ચાલતો પ્રવાહ સદાને માટે અલોપ થઈ જાય છે- જેમ તેલ કે વાટ ખૂટતાં દીવો હોલવાઈ જાય છે. 'મોક્ષ' એ અક્ષરશઃ મનુષ્યના વ્યક્તિત્વનું શમન બની જાય છે.

વેદાંત દર્શનમાં મોક્ષ

વેદાંત દર્શન મુજબ મોક્ષ અથવા મુક્તિનું સ્વરૂપ આનાથી ભિન્ન છે. શંકરાચાર્યના મતે આત્મા, શરીર અને મન જોડે પોતાપણાનો સંબંધ રાખે તે બંધન છે. અર્થાત્ શરીરની જોડે આત્માની આસક્તિ થવી એ બંધન છે. આત્મા સ્વભાવથી જ નિત્ય, શુદ્ધ, ચૈતન્ય, મુક્ત અને અવિનાશી છે; પરંતુ અજ્ઞાનને વશ થઈ તે બંધનમાં ફસાય છે. જેથી તે અશાંતિ અને અજંપાનો ભોગ બને છે. (Ignorance is the root cause of all evils). તેમના મતે 'મોક્ષ' મેળવવા માટે અવિદ્યાનો અંત લાવવો જરૂરી છે, જેને માટે જ્ઞાન અતિ આવશ્યક છે. માટે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે. શંકરાચાર્યના મતે મોક્ષ એ કોઈ નવી પ્રાપ્ત કરવાની અવસ્થા નથી, પણ આત્માનું સહજ સ્વરૂપ જ છે, અને તેથી તેને સિદ્ધ કરવા માટે કોઈ સાધન યા ઉપાય આવશ્યક હોઈ શકે નહીં. આ વાત સમજાવવા વેદાંતી સોનાના હારનું ઉદાહરણ આપી કહે છે કે જેમ હાર ગળામાં પહેરેલો હોય પરંતુ તે ભૂલી જઈ તેને આમતેમ બહાર શોધતાં તે

મળે નહીં. જ્યારે અન્ય કોઈ તેને અવગત કરે કે હાર તો તેના ગળામાં જ છે, તો તે પ્રસન્નતા અનુભવે છે. મુક્તિની પણ આવી જ સ્થિતિ છે. જીવ તો સ્વભાવથી જ મુક્ત છે. મુક્તિ ન તો પ્રાપ્ત છે કે ન તો ઉત્પાદ્ય છે, પરંતુ અજ્ઞાનવશ જીવ એ ભૂલી જઈ તેને બહાર શોધતો ફરે છે. ગુરુના ઉપદેશ વડે અજ્ઞાન દૂર થવાથી અને વિવેકજ્ઞાન પ્રાપ્ત થવાથી તે પ્રસન્ન થાય છે અને પરિણામે તે સચ્ચિદાનંદ બ્રહ્મમાં એકતા અનુભવે છે. તે જ તેની આનંદમય સ્થિતિ છે. અજ્ઞાનનું આવરણ દૂર થવાથી પૂર્ણ જ્ઞાન પ્રકાશે છે અને અંતે સાધક બ્રહ્મૈક્ય અનુભવે છે આનું નામ જ 'મોક્ષ' છે.

રામાનુજાચાર્યના સિદ્ધાંત મુજબ 'મુક્તિ' ભગવાન નારાયણના અનુગ્રહથી પ્રાપ્ત થાય છે. વેદ વિદિત કર્મો દ્વારા ચિત્ત શુદ્ધિ થાય છે, જેનાથી બ્રહ્મ-જિજ્ઞાસારૂપ જ્ઞાન ઉત્પન્ન થાય છે, પરંતુ 'મુક્તિ'નું મુખ્ય કારણ 'ભક્તિ' છે. કર્મ અને જ્ઞાન ભક્તિના ઉદય માટે સહાયક બને છે. તેઓ ભક્તિ એટલે પ્રપત્તિ- શરણાગતિને માને છે. ભગવાન જ આપણી એકમાત્ર ગતિ એટલે કે ગંતવ્ય સ્થાન છે, એમ માની ભગવાનનું શરણ સ્વીકારવું એ શરણાગતિ છે. તેમના મતે મુક્તાવસ્થામાં આત્મા પરમાત્મા સમાન થઈ જાય છે, પરંતુ તેમની 'એકાત્મ' સ્થિતિ બનતી નથી, જે માન્યતા શંકરાચાર્યની છે. તે બ્રહ્મ નહીં પરંતુ બ્રહ્મરૂપ થઈ જાય છે. મુક્ત-અવસ્થામાં જીવ સર્વજ્ઞ થઈ જવાથી તેના સંકલ્પો સત્ય જાય છે. તે વૈકુંઠમાં ભગવાનનો દાસ બની જાય છે અને તે જ મુક્તિનું સર્વોચ્ચ સ્વરૂપ છે.

મધ્વાચાર્ય ભગવાનના અનુગ્રહ દ્વારા જ મોક્ષપ્રાપ્તિમાં માને છે. જેઓના મતે મોક્ષના ચાર પ્રકાર છે- (૧) કર્મક્ષય, (૨) ઉત્ક્રાન્તિ, (૩) અર્ચિરાદિ માર્ગ અને (૪) ભોગ. ભોગરૂપ મોક્ષના પણ ચાર પ્રકાર બતાવ્યા છે- (૧) સાલોક્ય, (૨) સામીપ્ય, (૩) સારૂપ્ય અને (૪) સાયુજ્ય. જેમાં સાયુજ્ય એ સર્વશ્રેષ્ઠ મુક્તિનો પ્રકાર છે, જેમાં જીવ ભગવાનમાં પ્રવેશ કરી તેમના શરીરથી આનંદનો ઉપભોગ કરે છે.

નિમ્બાર્કાચાર્યના મતે જેના ઉપર ભગવાન દયાની વૃષ્ટિ કરે છે તે જ તેમના મતે આકૃષ્ટ થાય છે. જીવ ભગવાનની શરણમાં જાય ત્યારે તે પ્રપન્ન થાય છે અને તેમના પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે, ત્યારે તેમાં રાગાત્મિકા ભક્તિનો

ઉદય થાય છે. મુક્તાવસ્થામાં જીવનાં દુ:ખોનો સંપૂર્ણતઃ અને કાયમી ધોરણે અંત આવી જાય છે.

મોક્ષ વિશે શ્રી વલ્લભાચાર્યનો દૃષ્ટિકોણ

શ્રી વલ્લભાચાર્ય કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણેય વેદ પ્રતિપાદિત માર્ગનો સ્વીકાર કરે છે. વેદોક્ત કર્મના અવલંબનથી જીવ સ્વર્ગાદિ લોક પ્રાપ્ત કરે છે, પરંતુ તેનું પુણ્ય ક્ષીણ થતાં પુનઃ મૃત્યુલોકમાં તેને આવવું પડે છે, જ્યારે જ્ઞાની મોક્ષપ્રાપ્તિ કરે છે ત્યારે તે અક્ષર બ્રહ્મમાં લીન થઈ જાય છે; તેને સાયુજ્ય મુક્તિ મળે છે, તેનો પુનર્જન્મ થતો નથી. મુક્તિ એટલે અપુનર્ભવ, પુનર્જન્મ ન થવો. જન્મમૃત્યુને જંજાળ માનીને જ્ઞાનીઓ, યોગીઓ એમાંથી મુક્ત થવા ઇચ્છતા હોય છે, જ્યારે ભગવદ્ ભક્તો તો વારંવારની સેવા કરવા સ્મરણ અને સત્સંગનો લ્હાવો લેવા પુનઃ પુનઃ જન્મ માગ્યો છે. **'હરિના જન તો મુક્તિ ન માગે.'**

શ્રી વલ્લભાચાર્યજીના મતે મર્યાદા માર્ગીય ભક્તિથી પણ સાયુજ્ય મુક્તિ મળે છે; મુક્તિ એટલે ભગવાનમાં લય. ભક્તોને તો ભગવાનનાં દર્શન કરવાં છે, તેમની લીલાનાં દર્શન કરવાં છે, તેઓ ભગવાનના લીલાધામમાં જ વાસ ઇચ્છે છે. તેઓ વૈકુંઠની અપેક્ષા સેવતા નથી. માટે જ ભક્ત કવિએ ગાયું છે-

"કહા કરુ વૈકુંઠ હી જાઈ?
જહાં નહિં નંદ જહાં ન જશોદા જહાં ન ગોપી ગ્વાલ અરુ ગાઈ,
જહાં ન જલ જમુનાકો નિર્મલ, ઔર કદમન કી છાંઈ
પરમાનંદ પ્રભુ ચતુર ગ્વાલિની, વ્રજ રસ તજિ મેરી જાય બલાઈ."

શ્રીભાગવતમાં કહેવામાં આવ્યું છે "મારો ભક્ત મારી સેવા છોડી સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારુપ્ય કે એકત્વરૂપ મુક્તિ લેવા તૈયાર હોતા નથી.' તે કથન પુષ્ટિમાર્ગીય ભક્તિના સંદર્ભમાં કહેવાયું છે. કારણ કે સાયુજ્યની સ્થિતિમાં બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય છે, પરંતુ ભગવદ્ સન્મુખતા, ભગવદ્ લીલાનો આનંદ પ્રાપ્ત થતો નથી. **'બ્રહ્માનંદે પ્રવિષ્ટાનાં ન ભક્તિવિલાસઃ'** ભગવદ્લીલાનો અનુભવ કે તે રસની અનુભૂતિ તો પૃથક રહેવાની સ્થિતિમાં જ સંભવે છે. બ્રહ્માનંદની સ્થિતિમાં આત્માનો પરમાત્મામાં લય થઈ જતો હોવાથી તેનું સાયુજ્ય 'સ્વરૂપાન્તઃ પાત' હોઈ તે બ્રહ્મભાવની પ્રાપ્તિ કરે છે. પુષ્ટિભક્ત એવા

સાદૃશ્ય કે સાયુજ્યની અપેક્ષા રાખવાને બદલે 'નિત્ય લીલાન્તઃ પાત'ની અભિલાષા સેવે છે. અર્થાત્ ભગવાનની રસમયી નિત્ય લીલામાં પ્રવેશ ઈચ્છે છે. પુષ્ટિમાર્ગીય ભક્તને ગોપીજનોની માફક સર્વ ઈન્દ્રિયો, અંતઃકરણ તથા સ્વરૂપથી પણ આનંદનો અનુભવ થાય છે. માટે જ શ્રી વલ્લભાચાર્ય પોતાના ચતુઃશ્લોકી ગ્રંથમાં પુષ્ટિમાર્ગીય મોક્ષ સમજાવતાં કહે છે- **"અતઃ સર્વાત્માના શશ્વત ગોકુલેશ્વર પાદયોઃ, સ્મરણં, ભજનં ચાપિ ન ત્યાજ્યં ઈત મે મતિ."**

શ્રી વલ્લભાચાર્યે ભગવદ્ સેવાનાં ત્રણ ફલ બતાવ્યાં છે- (૧) અલૌકિક સામર્થ્ય, (૨) સાયુજ્ય અને (૩) વૈકુંઠ આદિમાં ભગવદ્ સેવોપયોગી દેહ. પુષ્ટિમાર્ગીય જીવો માટે તો ફલ સ્વયં ભગવાન છે, જે નિત્ય લીલામાં પ્રવેશથી જ પ્રાપ્ત થાય છે. 'સેવાફલ વિવરણમાં તેઓ કહે છે- **"અલૌકિક સામર્થ્યં સાયુજ્યં સેવોપયોગી દેહો વૈકુન્ઠાદિષુ'**

ભગવાનની નિત્ય લીલામાં પ્રવેશનાં અનેક રૂપ હોય છે. કેટલાક જીવ ભક્ત સ્વરૂપે જ તેમાં પ્રવેશ પામે છે. જ્યારે કેટલાક ગાય, અન્ય પશુ, પક્ષી, વૃક્ષ ઈત્યાદિના રૂપમાં પ્રવિષ્ટ થાય છે. એ સર્વનો દેહ અલૌકિક હોય છે. તેમના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને જીવમાં ભગવદાનંદ પ્રગટ થવાથી તેઓ આનંદાત્મક પુરુષોત્તમાત્મક ફલનો અનુભવ કરે છે. આ રીતે પુષ્ટિમાર્ગીય જીવ ફલ દશામાં ભગવાનના પરિકરનામાં કોઈ અન્યતમ સ્થાન પ્રાપ્ત કરે છે. કયા રૂપે ભક્તને એ પ્રાપ્તિ થાય છે તે માટે ભગવાનની ઈચ્છા જ નિયામક હોય છે, તેનો કોઈ નિયમ હોતો નથી.

મોક્ષ દશામાં જીવ બ્રહ્મની સાથે બધી કામનાઓનો ભોગ કરે છે. રસાત્મક પ્રભુના રસનો, તેમના આનંદનો ઉપભોગ કરવો તે જ મોક્ષ છે. બ્રહ્મવિદ આ રીતે બ્રહ્મત્વની પ્રાપ્તિ કરે છે. આનંદના ઉપભોગમાં જીવ જ મુખ્ય ભોક્તા હોય છે છતાં જોકે તે બ્રહ્મની સાથે જોડાયેલ રહે છે. મુક્ત જીવનો દેહ નવીન અલૌકિક રહે છે. તેને રસાત્મક પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ થાય છે. અલૌકિક સામર્થ્ય યુક્ત જીવને આ દશામાં ઐશ્વર્યાદિ ભગવદ્ ધર્મ પ્રાપ્ત થાય છે.

મુક્ત જીવના કર્મનો ક્ષય થઈ જવાથી તેને જન્મમરણના ચકરાવામાં પુનઃ ફરવું પડતું નથી- એ શ્રુતિ સિદ્ધાંત છે તો મુક્ત જીવ કયા શરીરથી બ્રહ્મની

સાથે કામનાઓનો ભોગ કરતો હશે તે પ્રશ્નનો ખુલાસો કરતાં શ્રી વલ્લભાચાર્ય કહે છે કે અપુનરાવૃત્તિની વાતનો સંબંધ જગતમાં પુનર્જન્મ ન હોવાના તથ્યથી છે. મુક્ત આત્માનો આવિર્ભાવ તો ભગવાનના અનુગ્રહ વશ તેમની નિત્ય લીલામાં થાય છે. ભગવાનની નિત્ય લીલા પ્રપંચથી આલિપ્ત-ભિન્ન છે. પરબ્રહ્મ બ્રહ્મલોક, લીલા તથા મુક્તાત્માનો દેહ એ સર્વ કાંઈ અલૌકિક અને અપ્રાકૃત છે. મુક્ત જીવનો દેહ સત્ય, જ્ઞાન અને આનંદાત્મક હોય છે. ભગવાનનો જે જીવ પર અનુગ્રહ થાય છે, તદનુસાર તે દેહ ધારણ કરી ભગવદાનંદ, લીલા સુખની અનુભૂતિ કરે છે. ભગવાન દ્વારા અંગીકૃત પુષ્ટિજીવ ભગવાન દ્વારા પ્રાપ્ત થયેલ અલૌકિક શરીરથી ભગવદ્-આનંદનો અનુભવ કરે છે.

મુક્તિના પ્રકાર

મુક્તિના બે પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૧) જીવન મુક્તિ અને (૨) વિદેહ મુક્તિ.

જીવન દરમિયાન જ મુક્તાવસ્થાનો આનંદ પ્રાપ્ત કરવો તેને **'જીવનમુક્તિ'** કહેવામાં આવે છે. જ્યારે આ પંચ મહાભૂતના શરીરમાંથી મુક્ત થયા બાદ મુક્તિના આનંદની ઉપલબ્ધિને **'વિદેહ મુક્તિ'** કહેવાય છે. શ્રી વલ્લભાચાર્ય જીવન મુક્તિની અવસ્થાનો સ્વીકાર કરે છે. જ્ઞાનમાર્ગીય જીવન મુક્તિ સગુણ ભક્તિ છે, પરંતુ ભક્તિ માર્ગીય (પુષ્ટિ ભક્તિ) જીવન મુક્તિ નિર્ગુણ છે. જ્યારે ભગવાનની કૃપાથી ભક્તના મનમાં એવી ભાવના ઉત્પન્ન થાય કે 'હું ભગવાનથી વિખૂટો પડી ગયો છું, ભગવાન મને ક્યારે મળશે?' આવી ઉત્કૃષ્ટ ભાવના ભક્તમાં પ્રગટ થવાથી તે ભગવત્-વિરહની પ્રચંડ અગ્નિમાં અંદર તથા બાહર સંતપ્ત થવાથી તેનો અહંતા-મમતાત્મક સંસાર તો નષ્ટ થઈ જાય છે, સાથે તેને બાહ્ય પ્રપંચની પણ સંપૂર્ણપણે વિસ્મૃતિ થઈ જાય છે. આ વિપ્રયોગની રસાત્મક સ્થિતિ છે. આ સ્થિતિમાં રસસ્વરૂપ ભગવાન ભક્તના હૃદયમાં આવિર્ભૂત થાય છે અને તેના હૃદયમાં સ્થિત થઈ પોતાની વિવિધ લીલાઓની રસાત્મક અનુભૂતિ કરાવે છે. આવી વિલક્ષણ અને અનિર્વચનીય રસાનુભૂતિની સ્થિતિને 'જીવનમુક્તિ' કહેવામાં આવે છે. આવી રસાત્મક સ્થિતિનો સંકેત શ્રી વલ્લભાચાર્યે સુબોધિનીના આરંભમાં **'નમામિ હૃદયે શેષે**

લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ - લક્ષ્મીસહસ્ત્ર લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્’ એ પ્રસિદ્ધકારિકામાં કર્યો છે. ભગવદ્ અનુગ્રહના કારણે પુષ્ટિસ્થ જીવના સર્વ દોષો નષ્ટ થઈ જાય છે. તેના બધા પ્રતિબંધો સમાપ્ત થઈ જાય છે. તેનાં પ્રારબ્ધ કર્મોનો નાશ થાય છે અને તે નિરંતર ભગવાનમાં જ નિરુદ્ધ રહે છે. આવી રસાત્મક અવસ્થા - જીવનમુક્તિ દ્વારા ભક્તને જીવતાં જ આનંદની સ્થિતિ પ્રાપ્ત થાય છે. જ્યારે તેનો દેહ છૂટે છે ત્યારે આવા ભક્તને વિભિન્ન લોકોની યાત્રા કરતાં ક્રમિક મક્તિની અવસ્થાઓ પાર ન કરતાં તે તત્કાળ ભગવાનની નિત્ય લીલામાં સ્થાન પ્રાપ્ત કરે છે અને ભગવત્ પ્રદત્ત આનંદમય વિગ્રહ દ્વારા લીલા રસનો આસ્વાદ માણે છે, જે વિદેહ મુક્તિનો પ્રકાર છે. આમ, પુષ્ટિભક્ત આ જીવનમાં જ લીલારસમાં નિમગ્ન રહે છે અને આ લોક છોડ્યા પછી પણ ભગવાનની નિત્યલીલામાં સ્થાન પ્રાપ્ત કરે છે. તે આલોકમાં પણ મુક્ત છે અને દેહ છૂટ્યા પછી પણ મુક્ત છે, તે શાશ્વત ભગવદ્-આનંદમાં મગ્ન રહે છે.

ભગવદ્-સેવોપયોગી અલૌકિક સામર્થ્યની પ્રાપ્તિ જીવનમુક્તિ છે પરંતુ વૈકુંઠાદિ લોકોમાં ભગવદ્ સેવોપયોગી દેહ પ્રાપ્ત કરી સાયુજ્ય-લાભ મેળવવો તે ‘વિદેહ મુક્તિ’ છે. શ્રી વલ્લભાચાર્ય પુષ્ટિભક્તની જીવનમુક્તિને ‘ભજનોપયોગી તનુનવત્વ’ માને છે, પરંતુ તેની વિદેહમુક્તિ પણ તેમના મતે ભજનોપયોગી તનુનવત્વ છે.

ક્રમમુક્તિ અને સદ્યોમુક્તિઃ

શ્રી વલ્લભાચાર્યે વિદેહમુક્તિ અંતર્ગત સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ એમ બે પ્રકારની મુક્તિનો ઉલ્લેખ કર્યો છે. ક્રમમુક્તિ તત્ત્વવેત્તાઓની થાય છે. ‘અણુભાષ્ય’માં તેઓ કહે છે- **‘અગ્નિહોત્રાદિ કર્મભિશ્ચિત્તશુધ્ધાવુપાસનાભિર્જ્ઞાતો ધ્યે ક્રમ મુકત્યધિકારી હિ તત્તલ્લોકં ગત્વા ભુકત્યાન્તે બ્રહ્મ પ્રાપ્નો તિ’**. જ્યારે ક્રમશઃ વેદ પ્રતિપાદિત અગ્નિહોત્રાદિ કર્મોથી જ્ઞાનનો ઉદય થાય છે અને જ્ઞાની જ્ઞાનનિષ્ઠા સંપન્ન થઈ જાય છે, ત્યારે તે જ્ઞાની મૃત્યુ પછી અગ્નિ, વાયુ, વરુણ, ઈન્દ્ર વગેરે લોકોમાં જઈ ત્યાં શુભ કર્મોના ફળભોગની અંતમાં બ્રહ્મને પ્રાપ્ત કરે છે. આ ક્રમમુક્તિનો પ્રકાર છે.

જ્ઞાનીને સદ્યોમુક્તિ પણ થઈ શકે છે. પરંતુ પુષ્ટિભક્તિ-માર્ગીય ભક્તની

મુક્તિ તત્કાળ થાય છે. ભગવદ્ કૃપાથી તેને ભોગવ્યા વગરનાં પ્રારબ્ધ કર્મોને ભોગવવાની આવશ્યકતા રહેતી નથી; અને તેથી વિભિન્ન લોકોમાં વિચરણ કરવાની પણ જરૂરિયાત રહેતી નથી. શ્રી વલ્લભાચાર્ય અણુભાષ્યમાં આનો ખુલાસો કરે છે- **'પુષ્ટિમાર્ગીયાણાં ભક્તાનામુભિયોઃ પ્રારબ્ધા પ્રારબ્ધયોર્ભોગં વિનૈવ નાશો ભવતિ'**. મર્યાદામાર્ગીય ભક્ત વેદ-મર્યાદા અનુસાર જીવનયાપન કરતાં કરતાં નવધા ભક્તિનું નિષ્ઠાપૂર્વક આચરણ કરે છે. તેના દેહનો લય પંચમહાભૂતોમાં થાય છે ત્યારે તેને ઉપરોક્ત ચાર પ્રકારની મુક્તિઓમાંથી ઇચ્છિત મુક્તિ પ્રાપ્ત થાય છે. તેને સાયુજ્યમુક્તિ પણ મળી શકે છે, પરંતુ તેને ભગવાનની પુષ્ટિ લીલાનો રસ પ્રાપ્ત થતો નથી.

સગુણ મુક્તિ અને નિર્ગુણ મુક્તિઃ

શ્રી વલ્લભાચાર્ય નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહે છે- **"ભજનં સર્વ દેવેષુ ફલસિધ્ધયૈ તથાપિતુ, આદિમૂર્તિઃ કૃષ્ણ એવ સેવ્યઃ સાયુજ્ય કામ્ય યા"**.

ભગવાનના કોઈ પણ રૂપનું ભજન- સેવન કરવાથી ભક્તને સંબંધિત ફલની પ્રાપ્તિ થાય છે. ભગવાનનાં અંશભૂત દેવી-દેવતાઓની ઉપાસનાનું ફળ નિશ્ચિત હોય છે. તેનાથી પ્રાપ્ત થતું ફલ સીમિત અને નશ્વર હોય છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ જ સર્વફળ દાતા અને પૂર્ણ ફળદાતા છે. માટે ભગવાન પાસે સાયુજ્યની કામના કરવાવાળા ભક્તે તો ભગવાન શ્રીકૃષ્ણની જ સેવા કરવી જોઈએ. શ્રીકૃષ્ણની સેવા દ્વારા તેને સાયુજ્ય રૂપા નિર્ગુણ મુક્તિ પ્રાપ્ત થાય છે. જ્યારે અન્ય દેવતાઓ જે અંશ કલારૂપ છે તેની સેવા-પૂજાથી ભક્તને સગુણ મુક્તિ મળે છે.

જ્ઞાનમાર્ગમાં જોકે જ્ઞાનનો વિષય અક્ષરબ્રહ્મ નિર્ગુણ છે છતાં જ્ઞાનમાર્ગ સગુણ છે કારણ કે જ્ઞાનની ઉત્પત્તિ સત્વગુણથી થાય છે. માટે જ્ઞાનમાર્ગથી પ્રાપ્ત થતી મુક્તિ અને જ્ઞાનીની જીવન મુક્તિ પણ અક્ષર બ્રહ્મ વિષયક હોવાથી સાત્ત્વિક અર્થાત્ સગુણ જ છે. ભગવાન શ્રીકૃષ્ણની સાથે સાયુજ્ય એ જ નિર્ગુણ મુક્તિનો પ્રકાર છે. જે જ્ઞાનિઓની સાધનાનું પર્યવસાન બ્રહ્મભાવમાં થઈ જાય છે તેમની જીવનમુક્તિ અને વિદેહમુક્તિ એ બન્ને સગુણ અર્થાત્ સાત્ત્વિકી છે પરંતુ જો જ્ઞાની બ્રહ્મભાવ ઉત્પન્ન થયા પછી પણ ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરે તો તે નિર્ગુણ છે. આ વાતની સ્પષ્ટતા શ્રી વલ્લભાચાર્ય નિબંધમાં કરતાં

8775

કહે છે- **"નિર્ગુણા મુક્તિરસ્માધ્ધિ સગુણા સાઽન્યસેવયા, જ્ઞાનેઽપિ સાત્ત્વિકી મુક્તિઃ જીવન્મુક્તિરથાપિવા, જ્ઞાની ચેદ ભજતે કૃષ્ણં તસ્માન્ના સત્યધિકઃ પરઃ."**

શ્રી વલ્લભાચાર્યના મતે કેવળ જ્ઞાન નિર્ગુણ હોવું સ્વીકૃત નથી. જે કેવળ જ્ઞાની છે તે સાત્ત્વિક અર્થાત્ સગુણ છે, પરંતુ જો જ્ઞાની ભક્તિયુક્ત હોય તો તે નિર્ગુણ છે. તેમના મતે પુરુષોત્તમની પ્રાપ્તિ કેવળ ભક્તિ માર્ગ દ્વારા જ સંભવી શકે છે, જ્ઞાનમાર્ગથી તો અક્ષર તત્ત્વની ઉપલબ્ધિ શક્ય બને છે.

નોંધ : 'મુક્તિ' વિશેની વિશેષ માહિતી 'શુદ્ધાદ્વૈત વેદાંત ભાગ-૧'ના બારમા પ્રકરણ (પેજ-૧૫૫-૧૬૪)માં આપવામાં આવી છે.

◆